ॐ

શ્રીમદ્ રાજચંદ્ર

# જીવનકળા


લેખક

શ્રી બ્ર. ગોવર્ધનદાસજી B.A.



શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ

અગાસ

**પ્રકાશક**

ભુલાભાઈ વનમાળીદાસ પટેલ, પ્રમુખ
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટેશન અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ — ૩૮૮ ૧૩૦ (ગુજરાત)

**મુદ્રક**

શિવસન પ્રિન્ટર્સ
૧૩૨ફુટ રીંગ રોડ,
નારણપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૩

**પ્રાપ્તિસ્થાન**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટેશન અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ - ૩૮૮ ૧૩૦
(ગુજરાત)
ટેલીફોન : ૦૨૬૯૨ - ૨૮૧૭૭૮
ફેક્સ : ૦૨૬૯૨ - ૨૮૧૩૭૮

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ-સંચાલિત
શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ,
હાથી બિલ્ડિંગ, એ / ૧૮, બીજે માળે,
ભાંગવાડી, ૪૪૮ કાલબાદેવી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૨
ટેલીફોન : ૦૨૨ - ૨૨૦૬૯૨૩૪

**ચૌદમી આવૃત્તિ** પ્રત ૩૦૦૦ વિક્રમ સંવત ૨૦૬૮ ઈસ્વીસન ૨૦૧૨

પડતર કિંમત : રૂા. ૪૦/- વેચાણ કિંમત : રૂા. ૫/-

તમે કોઈ પ્રકારે આ પુસ્તકની આશાતના કરશો નહીં,
તેને ડાઘ પાડશો નહીં, ફાડશો નહીં, બગાડશો
નહીં તેમજ નીચે જમીન પર મૂકશો નહીં.

સર્વાધિકાર સુરક્ષિત : આ ગ્રંથના કોઈ અંશને મૂળરૂપમાં કે અનુવાદિત રૂપમાં કે કોઈ ચિત્રપટને છાપવાનું કામ પ્રકાશકની અનુમતિ સિવાય કોઈ વ્યક્તિ કે સંસ્થા કરી શકશે નહીં.

# અર્પણ-પત્રિકા

"અહો! અહો! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર,
શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન."

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णाः
त्रिभुवनमुपकारश्रेणिभिः पूरयन्तः।
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः?

જેનાં મન, વચન અને કાયામાં પુણ્યરૂપી અમૃત ભરેલું છે; જે ત્રણે લોકને ઉપકારની પરંપરા વડે પૂરી દે છે; અન્યના પરમાણુ જેવડા ગુણોને પણ જે પર્વત જેવડા ગણી સદા પોતાના હૃદયમાં વિકસાવે છે તેવા સંતો જગતમાં કેટલાક હોય?

આવા વિરલ સલૂણા સંત શ્રીમદ્ લઘુરાજ મહારાજનો યોગ આ મનુષ્યભવનું સફળપણું થવામાં ઉત્તમ નિમિત્તરૂપ બન્યો હોવાથી તથા જેમની છત્રછાયામાં આ 'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા'ની સંકલનારૂપ શુભ કાર્ય શરૂ થઈ પૂર્ણ થયું હોવાથી, તેમ જ શ્રીમદ્ રાજચંદ્રના આત્મજ્ઞાનનો વારસો પામી અનેક આત્માઓને આત્મજ્ઞાનનો રંગ લગાડવામાં એંશી વર્ષની પક્વ વય થઈ ગયા છતાં પ્રબળ પુરુષાર્થમાં પ્રવર્તતા હોવાથી તેમના જ યોગબળે તૈયાર થયેલ 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' રૂપ આ પ્રયત્ન-પુષ્પ તેમની સેવામાં આત્મઅર્પણ ભાવે સાદર સમર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લિ૦

તે પ્રત્યુપકાર વાળવા સર્વથા અસમર્થ, સદા આભારી,
સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક,
દાસાનુદાસ
**બ્રહ્મચારી બાળ ગોવર્ધન**

# પરિચય

આ પુસ્તકની એક વિશેષતા છે.

શ્રીમદ્ રાજચંદ્ર આત્મપ્રતીતિ કરી પરમાત્મદર્શન પામ્યા.

તેમના જીવનકાળમાં સંસર્ગમાં આવનારામાંથી કેટલાકને તેમની ચમત્કારી લબ્ધિઓનો પરિચય થયો હતો. કોઈ કોઈને તેમણે આત્મ-પ્રતીતિ કરાવી હતી; કોઈને આત્મરૂપ કર્યા હતા. શ્રી લલ્લુજી મહારાજ-લઘુરાજ નામે પ્રસિદ્ધ તેમના આત્મજ્ઞાનના વારસદાર થયા હતા.

તેમનાં અનેક વર્ષો તપશ્ચર્યા અને ધ્યાનમાં વ્યતીત થયાં. સાંપ્રદાયિકોએ તેમનો ત્યાગ કર્યો. અનેક પરિષહો તેમને સહન કરવા પડ્યા. સીમમાં જતા આવતા ખેડૂતો તથા પાટીદાર બાઈઓ પાસેથી તેમને ભિક્ષા મળતી. તેમણે 'ધર્મલાભ' આ ભદ્રિક જનોને આપવા માંડ્યો. અને તેમાંથી અનેક 'બૂજ્યા'; અનેક લલ્લુજી મહારાજના અન્તેવાસી થઈ રહ્યા; આમાંથી અગાસ આશ્રમનો જન્મ થયો.

શ્રી લઘુરાજ સ્વામી શ્રીમદ્‌ના અનન્ય ભક્ત હતા; તેમની ગુરુભક્તિ ચમત્કારી હતી. 'આ સંસારમાં એક આત્મા જ સાચો છે', એ દેશનાનો સતત પ્રવાહ એમના તરફથી વહ્યા કરતો હતો. તેમણે પરમ કરુણાથી કેટલાયે સંશયગ્રસ્ત આધુનિકોને 'આત્મા છે' એવી ઝાંખી કરાવી હતી. તેમની ભાવનાનો પ્રવાહ અપ્રતિહત હતો.

આ મહાત્માના અંતેવાસી બ્રહ્મચારી શ્રી ગોવર્ધનભાઈએ આ પુસ્તક લખી તેમની સમક્ષ વાંચી સંભળાવ્યું હતું. પૂજ્યપાદ શ્રી લઘુરાજ સ્વામીએ તેને કસોટીએ કસી મંજૂર કર્યું હતું.

આ પુસ્તકની એ વિશેષતા છે.

**રસિકલાલ છો. પરીખ**

---

# લેખકના બે બોલ

(આવૃત્તિ બીજી)

શ્રીમદ્ રાજચંદ્ર રવજીભાઈના જીવન સંબંધી પ્રથમ પુસ્તક ''સાક્ષાત્ સરસ્વતી'' સં. ૧૯૪૩માં તેમની હયાતીમાં પ્રસિદ્ધ થયું હતું. તેમના મિત્ર વિનયચંદ્ર પોપટલાલ દફ્તરીએ તે તૈયાર કરેલું હતું. તેની પછી શ્રીમદ્ રાજચંદ્રે પોતે સ્વાત્મવૃત્તાંતરૂપ ૧૩ વર્ષ સુધીની પોતાની ચર્યા સં. ૧૯૪૬માં લખી છે. 'સાક્ષાત્ સરસ્વતી'ની બે બીજી આવૃત્તિઓ ઈ. સ. ૧૯૨૧માં અમદાવાદના મુમુક્ષુ વર્ગ તરફથી પ્રસિદ્ધ થઈ હતી. શ્રીમદ્‌ના દેહોત્સર્ગ પછી સં. ૧૯૬૫માં ઝવેરી માણેકલાલ ઘેલાભાઈએ ''શ્રીમાન્ રાજચંદ્રજીનું આધ્યાત્મિક જીવન'' નામનો તેઓશ્રીની જયંતી વખતે એક નિબંધ વાંચેલો, તે પણ પ્રસિદ્ધ થયેલો છે. ત્યાર પછી જયંતીઓ ઊજવાતી તેમાં ગાંધીજી, આનંદશંકર ધ્રુવ, કાકા કાલેલકર વગેરે વિદ્વાનોનાં ભાષણો થતાં, તેનો એક સંગ્રહ પ્રસિદ્ધ થયો છે.

''શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા''ની ઉત્પત્તિ પણ સં. ૧૯૯૧ની જયંતીના નિમિત્તે થઈ છે. ભાઈ ગોપાળદાસ જીવાભાઈ પટેલની સૂચનાથી નિબંધરૂપે લખવા શરૂ કરેલ, પછી પુસ્તકરૂપે છપાવવાની તેમની ધારણા થવાથી તેમની સૂચના પ્રમાણે કંઈક વિસ્તારપૂર્વક પાછળનો ભાગ લખાયો. પાછળથી તેમનો વિચાર એ નિબંધમાંથી કંઈક લઈ જયંતી વગેરેનાં વ્યાખ્યાન સહિત ''શ્રીમદ્‌ની જીવનયાત્રા'' પ્રસિદ્ધ કરવાનો થયો. તે પ્રમાણે તે ગ્રંથ સં. ૧૯૯૧માં પ્રસિદ્ધ થયો.

ભાદરણ શ્રીમદ્ રાજચંદ્ર મંદિરની સ્થાપનાના મહોત્સવ પ્રસંગે મુમુક્ષુઓને ભેટ આપવા સં. ૧૯૯૪માં 'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા' ની પ્રથમ આવૃત્તિ 'પ્રસ્થાન કાર્યાલય' દ્વારા પ્રસિદ્ધ થઈ. ત્યાર પછીનાં છ વર્ષમાં ઘણા મુમુક્ષુઓને તે ઉપયોગી જણાયાથી આ બીજી આવૃત્તિ 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ' દ્વારા પ્રગટ થાય છે.

તેમાં ‘‘મુંબઈ નિવાસકાળના કેટલાક પ્રસંગો’’ નામે દશમું પ્રકરણ, નવી માહિતી મળી તે પ્રમાણે ઉમેરેલું છે અને બાકીના પ્રસંગોમાં ઘટતો આવશ્યક ફેરફાર કર્યો છે. મુખ્ય ક્રમ તો પહેલી આવૃત્તિ પ્રમાણે જ રાખેલો છે. મુંબઈના પ્રસંગો જેવા જ વવાણિયા, વસો, ખંભાત, ઈડર, હડમતાલા, મોરબી આદિના પ્રસંગો પણ વિશેષતા દર્શાવે તેવા છે, પણ તે ભવિષ્યની આવૃત્તિમાં બનવા યોગ્ય છે; હાલના સંયોગોમાં આટલાથી સંતોષ માનવા યોગ્ય છે.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ
સં. ૨૦૦૦, જેઠ વદ ૮, બુધ

**બ્રહ્મચારી ગોવર્ધનદાસ**

---

# પ્રકાશકીય

(ચૌદમી આવૃત્તિનું નિવેદન)

**પૂજ્યશ્રી બ્રહ્મચારીજી બોધામૃતમાં જણાવે છે, ‘‘કૃપાળુદેવની ‘જીવનકળા’ પહેલી વાંચવી. જેની આપણે ભક્તિ કરીએ છીએ, તેનું જીવન જાણીએ તો આપણને ભાવ થાય.’’** (બો.૧-પૃ.૪૮૬).

**‘‘શ્રીમદ્ રાજચંદ્ર ‘જીવનકળા’ વાંચી હોય તોપણ ફરી વાંચવા ભલામણ છેજી. તે મહાપુરુષે આ કળિકાલના મુખમાં પેઠેલા આપણા જેવા જીવોને બચાવવા જે અથાગ પુરુષાર્થ અલ્પવયમાં કરેલો છે તેનું દિગ્દર્શન તેમાં યથાશક્તિ થયેલું છેજી.’’** (બો.૩-પૃ.૨૬૬).

અત્યાર સુધીમાં આ ગ્રંથની કુલ ૪૬,૫૦૦ પ્રતોનું તેર આવૃત્તિમાં મુદ્રણ થઈ ચૂક્યું છે અને હવે ચૌદમી આવૃત્તિનું પુનર્મુદ્રણ થઈ રહ્યું છે, એ જ એની ઉપયોગીતા સૂચવે છે. આ આવૃત્તિમાં અવતરણો પછી કૌંસમાં જે આંક મૂકેલા છે, તે ‘શ્રીમદ્ રાજચંદ્ર’ ગ્રંથના પત્રાંક છે, તેમજ આ આવૃત્તિમાં કોઈ સ્થળે શબ્દફેર લાગે તો તે દ્વિતીય અને તૃતીય આવૃત્તિને અનુસરીને છે.

આ ગ્રંથના અભ્યાસ દ્વારા સર્વે મુમુક્ષુભાઈ-બહેનોની આધ્યાત્મિક ભૂખ ઊઘડે, પરમકૃપાળુદેવ પ્રત્યે ભાવની વૃદ્ધિ થાય અને આત્મશ્રેય સાધે એજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

**— પ્રકાશક**

---

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | મંગલ વચન | ૧ |
| ૧ | સ્વ-વૃત્તાંત | ૪ |
| ૨ | જાતિસ્મરણજ્ઞાન | ૧૦ |
| ૩ | કુમાર-કાળ | ૨૦ |
| ૪ | ન્યાયાધીશ ઉપર નિષ્કામ ઉપકાર | ૨૩ |
| ૫ | સ્ત્રીનીતિ બોધક | ૩૦ |
| ૬ | મોક્ષમાળા-બાલાવબોધ | ૩૭ |
| ૭ | ભાવનાબોધ | ૭૪ |
| ૮ | અવધાન | ૮૭ |
| ૯ | વીશ વર્ષની વય સુધીની લેખનપ્રવૃત્તિ | ૧૦૨ |
| ૧૦ | ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ | ૧૧૬ |
| ૧૧ | મુંબઈ નિવાસકાળના કેટલાક પ્રસંગો | ૧૨૪ |
| ૧૨ | અમદાવાદના ઓળખીતાઓમાંથી યથાર્થ ઓળખનાર | ૧૪૧ |
| ૧૩ | ભગતના ગામના ભક્તશિરોમણિ શ્રી સોભાગ્યભાઈ | ૧૪૭ |
| ૧૪ | ખંભાતના મુમુક્ષુજનો | ૧૫૪ |
| ૧૫ | 'સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે' | ૧૬૦ |
| ૧૬ | મુંબઈમાં મુનિસમાગમ | ૧૬૭ |
| ૧૭ | સુરત-કઠોરનો સમાગમ | ૧૭૩ |
| ૧૮ | ચરોતર પ્રદેશમાં વિચરવું | ૧૭૯ |
| ૧૯ | વડવા સ્થાને સમાગમ | ૧૮૨ |
| ૨૦ | શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર | ૧૯૧ |
| ૨૧ | ચરોતરમાં પુનરાગમન | ૨૧૪ |
| ૨૨ | ઈડરના પહાડ ઉપર | ૨૩૫ |
| ૨૩ | ભાષાંતરો અને વિવેચનો | ૨૫૨ |
| ૨૪ | અંતિમ ચર્યા | ૨૫૭ |
| ૨૫ | શ્રીમદ્‌ની સત્શિક્ષા | ૨૭૫ |
| ૨૬ | શ્રીમદ્‌ના સ્મારકો | ૩૧૭ |
| ૨૭ | અંતિમ પ્રશસ્તિ | ૩૨૩ |

## સ્વાત્મવૃત્તાંત

ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઊલસી, મટ્યો ઉદયકર્મનો ગર્વ રે. ધન્ય૦ ૧

ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે;
ઓગણીસસેં ને બેતાળીસે, અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે. ધન્ય૦ ૨

ઓગણીસસેં ને સુડતાળીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા, નિજસ્વરૂપ અવભાસ્યું રે. ધન્ય૦ ૩

ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે એક રંચ રે. ધન્ય૦ ૪

વધતું એમ જ ચાલિયું, હવે દીસે ક્ષીણ કાંઈ રે;
ક્રમે કરીને રે તે જશે, એમ ભાસે મનમાંહીં રે. ધન્ય૦ ૫

યથાહેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે. ધન્ય૦ ૬

આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે. ધન્ય૦ ૭

અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે. ધન્ય૦ ૮

—શ્રીમદ્ રાજચંદ્ર
(હા૦ નોંધ ૧-૩૨)

---

ૐ

# શ્રીમદ્ રાજચંદ્ર
# જીવનકળા

## મંગલ-વચન

**જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.**
**દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;**
**તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.**
**પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;**
**જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.**

— શ્રીમદ્ રા

જે મહાપુરુષની વિશ્વવિહારી પ્રજ્ઞા હતી, અનેક જન્ ારાધેલો જેનો યોગ હતો એટલે જન્મથી જ યોગીશ્વર જેવી ારપરાધી વૈરાગ્યમય દશા હતી, અલ્પ વયમાં આત્મજ્ઞાનનો દય થયો હતો, સ્મરણશક્તિ જેની અદ્ભુત હતી અને સર્વ ત્યે જેનો વિશ્વવ્યાપી પ્રેમ હતો, એવા આશ્ચર્યની મૂર્તિ હાત્માનું અચિંત્ય માહાત્મ્ય ક્યાં અને આ અલ્પમ તિભારહિત સામાન્ય વાચા ક્યાં! ક્યાં ઝળહળતા સૂર્યનું તેજ ાં આગિયાનું અજવાળું! આમ અણછાજતું છતાં છાબડામાં ાજુ મેરુપર્વત મૂકી સામેના છાબડામાં સરસવનો દાણો મૂકી તુ રવા જેવું સાહસ હું આરંભું છું તે હાસ્યપાત્ર છે, છતાં જગ ાવહાર કોઈ ને કોઈ પ્રકારે કરવો પડે છે. જેમ બીજનો

બતાવવા આકાશને અડે તેવી લાંબી આંગળી કોઈની પાસે નથી તોપણ માત્ર અંગુલી-નિર્દેશથી તે દિશા દર્શાવી જોના દૃષ્ટિ ચંદ્ર પ્રત્યે વળે તેમ કરીએ છીએ, તેમ આ અલ્પ પ્ર શ્રીમદ્ રાજચંદ્રના પ્રતાપ પ્રત્યે દૃષ્ટિ દેનારને ઉપયોગી નિ અને મારી વૃત્તિ મહાત્મા પુરુષનાં પ્રભાવશાળી વચનોમાં તેના યોગસ્ફુરિત ચરિત્રમાં રહે એ શુભ આશયથી અણજુ કાર્ય માથે લેવાની ધૃષ્ટતા કરું છું. 'સર્વતોભદ્ર'-સ્વપરહિત કાર્યની પ્રતીતિ થયા પછી આ કલમ પકડી છે તેમ છતાં, અયોગ્યતાથી એ મહાપુરુષરૂપી ચંદ્રની પ્રભામાં કલંકરૂપ ભાસું તો ઠીક એ ભાવનાથી તે જ્ઞાનીપુરુષના ચરણકમ અહંભાવ અર્પણ કરી તેની કૃપારૂપ કિરણોમાં અભેદભાવે ફરી નમસ્કાર કરું છું.

"मत्वेति नाथ तव संस्तवनं मयेदम्
आरभ्यते तनुधियापि तव प्रभावात्‌ः ।
चेतो हरिष्यति सतां नलिनीदलेषु
मुक्ताफलद्युतिमुपैति ननूदबिंदुः ॥७॥
आस्तां तव स्तवनमस्तसमस्तदोषम्
त्वत्संकथाऽपि जगतां दुरितानि हन्ति ।
दूरे सहस्त्रकिरणः कुरुते प्रभैव
पद्माकरेषु जलजानि विकासभांजि ॥८॥"

श्री मानतुंगाचार्य—भक्तामर

ભાવાર્થ– હે નાથ! તારું સ્તવન અનેક ભવનાં પાપનો કરનાર છે એમ માનીને, અલ્પ બુદ્ધિ હોવા છતાં તારા પ્રભા

મંગલ વચન

આલંબનથી આ તારી સ્તુતિ શરૂ કરું છું તે – કમલિનીપત્ર પ
ડેલું જળબિંદુ પણ મનોહર મોતીની શોભા ધારણ કરે છે, તે
ત્પુરુષોના ચિત્તની પ્રસન્નતાનું કારણ તારા પ્રભાવથી બનશે

સમસ્ત દોષોને દૂર કરે તેવું સ્તવન તો શું, પણ તા
થા પણ ત્રણે લોકના લોકોનાં કષ્ટોને કાપી નાખે છે; સહ
કેરણોવાળો સૂર્ય દૂર રહો, માત્ર તેની અરુણોદયની પ્રભા
રોવરમાંના કમળોનો વિકાસ કરવા સમર્થ છે.

---

# ૧

# સ્વ-વૃત્તાંત

નિદ્રામાંથી જાગતાં કોઈ આળસ મરડીને બેઠો થાય
ઘરમાં ચોરી થયાનાં ચિહ્ન જોતાં સંભ્રમમાં પડી જાય તેમ, ઈ
૧૮૫૭ના સંક્ષોભકાળને એક દસકો વીત્યા પછી હિંદમાં સં
સુધારો, દેશની આબાદી, કેળવણી અને ધર્મોધ્ધારનાં
વાવવાની શરૂઆત થતી હતી. તે જાગૃતિકાળમાં, પૂર્વમાં બંગ
રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદના પ્રયત્નોનાં મૂળ જ
હતાં. ઉત્તરમાં આર્યસમાજ અને સ્વામી રામતીર્થની તૈયા
થતી હતી. દક્ષિણમાં પેશ્વાઈનાં તાજાં સ્મરણોમાં લોક
બાળગંગાધર ટિળક અને ગોપાલકૃષ્ણ ગોખલે ઊછરતા
મહાત્મા ગાંધીજીના જન્મ પહેલાં એક વર્ષે વવાણિયા બંદર ન
કાઠિયાવાડના એક શાંત રમણીય ગામના વણિક કુટુંબમાં
૧૯૨૪ના કાર્તિક સુદ ૧૫ને રવિવારે શ્રીમદ્ રાજચંદ્રનો
થયો હતો. તેમના પિતાનું નામ મહેતા રવજીભાઈ પંચાણ
હતું અને તેમનાં માતાનું નામ દેવબાઈ હતું. કળિકાળ
શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની જન્મતિથિને દિવસે-કાર્તિકી પૂર્ણિ
આ મહાત્માએ પણ જન્મ લીધો હતો. એ જ વર્ષમાં આત્મ
ચિદાનંદજી મહારાજનો દેહ છૂટ્યાના સમાચાર સાંભળ્યા છે.

શ્રીમદ્‌ના પિતામહ શ્રીકૃષ્ણના ભક્ત હતા. ભક્તિ
જળનો પ્રવાહ એ કુટુંબરૂપી સરોવરમાં અસ્ખલિત વહ્યા ક

ામાં ઊંચા આકાશમાંની મનોહર સંધ્યાના રંગ કે ઇંદ્રધનુષ્ય
ંગ સરોવરના નિર્મળ જળમાં પ્રતિબિંબ પામે તેમ શ્રીમદ્
ાતુશ્રી દેવબાઈ જૈન સંસ્કારો લાવ્યાં હતાં. વવાણિયાનાં બી
ાણિક કુટુંબો પણ જૈનધર્મને અનુસરતાં હતાં. તે સર્વ સંસ્કાર
મેશ્રણ કોઈ અજબ રીતે ગંગા-યમુનાના સંગમની પેઠે આપ
ાળમહાત્માના હૃદયમાં રેલાતું હતું. પોતાની પ્રૌઢ વાણી
ાવીસ વર્ષની વયે આ બાળવયનું વર્ણન 'સમુચ્ચય વયચ
ામના લેખમાં પોતે કર્યું છે તે જ અહીં ઉતારી લઉં છું :

## સમુચ્ચય વયચર્યા

"સંવત ૧૯૨૪ના કાર્તિક સુદિ ૧૫, રવિએ મારો જ
ોવાથી આજે મને સામાન્ય ગણતરીથી બાવીસ વર્ષ પૂરાં થ
ાવીસ વર્ષની અલ્પવયમાં મેં અનેક રંગ આત્મા સંબંધમાં,
ંબંધમાં, વચન સંબંધમાં, તન સંબંધમાં અને ધન સંબંધ
ીઠા છે. નાના પ્રકારની સૃષ્ટિરચના, નાના પ્રકારનાં સંસ
ોજાં, અનંત દુઃખનું મૂળ, એ બધાંનો અનેક પ્રકારે મને અનુ
ાયો છે. સમર્થ તત્ત્વજ્ઞાનીઓએ અને સમર્થ નાસ્તિકોએ જે
વેચારો કર્યા છે તે જાતિના અનેક વિચારો તે અલ્પવયમાં
રેલા છે. મહાન ચક્રવર્તીએ કરેલા તૃષ્ણાના વિચાર અને
નેઃસ્પૃહી મહાત્માએ કરેલા નિઃસ્પૃહાના વિચાર મેં કર્યા
અમરત્વની સિદ્ધિ અને ક્ષણિકત્વની સિદ્ધિ ખૂબ વિચારી
અલ્પવયમાં મહત વિચારો કરી નાખ્યા છે. મહત વિચિત્રતા
ાપ્તિ થઈ છે. એ સઘળું બહુ ગંભીર ભાવથી આજે હું દૃષ્ટિ
ોઉં છું તો પ્રથમની મારી ઊગતી વિચારશ્રેણી, આત્મદશા

આજને આકાશ-પાતાળનું અંતર છે; તેનો છેડો અને આનો કોઈ કાળે જાણે મળ્યો મળે તેમ નથી. પણ શોચ કરશો કે એ બધી વિચિત્રતાનું કોઈ સ્થળે લેખન-ચિત્રણ કર્યું છે કે કંઈ ન તો ત્યાં એટલું જ કહી શકીશ કે લેખન-ચિત્રણ સઘળું સ્મૃ ચિત્રપટમાં છે. બાકી પત્ર-લેખિનીનો સમાગમ કરી જગ દર્શાવવાનું પ્રયત્ન કર્યું નથી. યદિ હું એમ સમજી શકું છું વયચર્યા જનસમૂહને બહુ ઉપયોગી, પુનઃ પુનઃ મનન કરવા યે અને પરિણામે તેઓ ભણીથી મને શ્રેયની પ્રાપ્તિ થાય તેવી પણ મારી સ્મૃતિએ તે પરિશ્રમ લેવાની મને ચોખ્ખી ના હતી, એટલે નિરુપાયતાથી ક્ષમા ઇચ્છી લઉં છું. પારિણ વિચારથી તે સ્મૃતિની ઇચ્છાને દબાવી, તે જ સ્મૃતિને સમજાવ વયચર્યા ધીરે ધીરે બનશે તો અવશ્ય ધવળ-પત્ર પર મૂક તોપણ સમુચ્ચય વયચર્યા સંભારી જઉં છું :–

સાત વર્ષ સુધી એકાંત બાળવયની રમત-ગમત સેવી એટલું મને તે વેળા માટે સ્મૃતિમાં છે કે વિચિત્ર કલ્પ કલ્પનાનું સ્વરૂપ કે હેતુ સમજ્યા વગર – મારા આત્મામાં કરતી હતી. રમત-ગમતમાં પણ વિજય મેળવવાની અને રાજે જેવી ઊંચી પદવી મેળવવાની પરમ જિજ્ઞાસા હતી. પહેરવાની, સ્વચ્છ રાખવાની, ખાવાપીવાની, સૂવા-બેસવ બધી વિદેહી દશા હતી; છતાં [૧]હાડ ગરીબ હતું. એ દશા બહુ સાંભરે છે. અત્યારનું વિવેકી જ્ઞાન તે વયમાં હોત તો મોક્ષ માટે ઝાઝી જિજ્ઞાસા રહેત નહીં. એવી નિરપરાધી હોવાથી પુનઃ પુનઃ તે સાંભરે છે.

---

૧. રડી પડે તેવું અંતઃકરણ

# સ્વ- વૃત્તાત

સાત વર્ષથી અગિયાર વર્ષ સુધીનો કાળ કેળવણી લેવા
હતો. આજે મારી સ્મૃતિ જેટલી ખ્યાતિ ભોગવે છે, તેટલી ખ્ય
ભોગવવાથી તે કંઈક અપરાધી થઈ છે; પણ તે કાળે નિરપરા
સ્મૃતિ હોવાથી એક જ વાર પાઠનું અવલોકન કરવું પડતું હ
છતાં ખ્યાતિનો હેતુ નહોતો, એટલે ઉપાધિ બહુ ઓછી હતી. સ્મ
એવી બળવત્તર હતી કે જેવી સ્મૃતિ બહુ જ થોડા મનુષ્યોમાં
કાળે, આ ક્ષેત્રે હશે. અભ્યાસમાં પ્રમાદી બહુ હતો. વાતડાહ
રમતિયાળ અને આનંદી હતો. પાઠ માત્ર શિક્ષક વંચાવે તે જ વે
વાંચી તેનો ભાવાર્થ કહી જતો. એ ભણીની નિશ્ચિંતતા હતી.
વેળા પ્રીતિ—સરળ વાત્સલ્યતા—મારામાં બહુ હતી; સર્વથી એક
ઇચ્છતો; સર્વમાં ભ્રાતૃભાવ હોય તો જ સુખ, એ મને સ્વાભાવિ
આવડ્યું હતું. લોકોમાં કોઈ પણ પ્રકારથી જુદાઈના અંકુરો જો
કે મારું અંતઃકરણ રડી પડતું. તે વેળા કલ્પિત વાતો કરવાની
બહુ ટેવ હતી. આઠમા વર્ષમાં મેં કવિતા કરી હતી, જે પાછળ
તપાસતાં સમાપ હતી.

અભ્યાસ એટલી ત્વરાથી કરી શક્યો હતો કે જે માણસે
પ્રથમ પુસ્તકનો બોધ દેવો શરૂ કર્યો હતો, તેને જ ગુજરા
કેળવણી ઠીક પામીને તે જ ચોપડીનો પાછો મેં બોધ કર્યો હ
ત્યારે કેટલાક કાવ્યગ્રંથો મેં વાંચ્યા હતા. તેમ જ અનેક પ્રકાર
બોધગ્રંથો—નાના—આડાઅવળા મેં જોયા હતા; જે પ્રાયે
સ્મૃતિમાં રહ્યા છે. ત્યાં સુધી મારાથી સ્વાભાવિક રીતે ભદ્રિકપણું
સેવાયું હતું; હું માણસજાતનો બહુ વિશ્વાસુ હતો; સ્વાભાવિ
સૃષ્ટિરચના પર મને બહુ પ્રીતિ હતી.

મારા પિતામહ કૃષ્ણની ભક્તિ કરતા હતા. તેમની તે વયમાં કૃષ્ણકીર્તનનાં પદો મેં સાંભળ્યાં હતાં; તેમ જ જુદા અવતારો સંબંધી ચમત્કારો સાંભળ્યા હતાં, જેથી ભક્તિની સાથે તે અવતારોમાં પ્રીતિ થઈ હતી, અને રામદ નામના સાધુની સમીપે મેં બાળલીલામાં કંઠી બંધાવી હતી; કૃષ્ણનાં દર્શન કરવા જતો; વખતોવખત કથાઓ સાંભ વારંવાર અવતારો સંબંધી ચમત્કારમાં હું મોહ પામતો અને પરમાત્મા માનતો, જેથી તેનું રહેવાનું સ્થળ જોવાની જિજ્ઞાસા હતી. તેના સંપ્રદાયના મહંત હોઈએ, સ્થળે ચમત્કારથી હરિકથા કરતા હોઈએ અને ત્યાગી હોઈએ તો મજા પડે? એ જ વિકલ્પના થયા કરતી; તેમ જ કોઈ વૈ ભૂમિકા જોતો કે સમર્થ વૈભવી થવાની ઇચ્છા થતી. 'પ્રવીણસ નામનો ગ્રંથ તેવામાં મેં વાંચ્યો હતો; તે વધારે સમજ્યો ન છતાં સ્ત્રી સંબંધી નાના પ્રકારનાં સુખમાં લીન હોઈએ નિરુપાધિપણે કથા કથન શ્રવણ કરતા હોઈએ તો કેવી અ દાયક દશા, એ મારી તૃષ્ણા હતી. ગુજરાતી ભાષાની વ માળામાં જગતકર્તા સંબંધી કેટલેક સ્થળે બોધ કર્યો છે તે મ થઈ ગયો હતો, જેથી જૈન લોકો ભણી મારી બહુ જુગુપ્સા બનાવ્યા વગર કોઈ પદાર્થ બને નહીં, માટે જૈન લોકો મૂખ તેને ખબર નથી. તેમ જ તે વેળા પ્રતિમાના અશ્રદ્ધાળુ લો ક્રિયા મારા જોવામાં આવતી હતી, જેથી તે ક્રિયાઓ મ લાગવાથી હું તેથી બીતો હતો, એટલે કે તે મને પ્રિય નહોતી.

જન્મભૂમિકામાં જેટલા વાણિયાઓ રહે છે, તે બ

ળશ્રદ્ધા ભિન્ન ભિન્ન છતાં કંઈક પ્રતિમાના અશ્રદ્ધાળુને જ લગ
તી, એથી મને તે લોકોનો જ પાનારો હતો. પહેલેથી સમ
ાક્તિવાળો અને ગામનો નામાંકિત વિદ્યાર્થી લોકો મને ગણત
ાથી મારી પ્રશંસાને લીધે ચાહીને તેવા મંડળમાં બેસી મા
ાપળશક્તિ દર્શાવવા હું પ્રયત્ન કરતો. કંઠીને માટે વારંવાર તે
ારી હાસ્યપૂર્વક ટીકા કરતા; છતાં હું તેઓથી વાદ કરતો અ
ામજણ પાડવા પ્રયત્ન કરતો. પણ હળવે હળવે મને તેમ
તિક્રમણ સૂત્ર ઇત્યાદિક પુસ્તકો વાંચવા મળ્યાં; તેમાં
વેનયપૂર્વક સર્વ જગતજીવથી મિત્રતા ઇચ્છી છે, તેથી મારી પ્રી
માં પણ થઈ અને પેલામાં પણ રહી. હળવે હળવે આ પ્રસ
ધ્યો. છતાં સ્વચ્છ રહેવાના તેમજ બીજા આચાર-વિચાર
ષ્ણવના પ્રિય હતા અને જગતકર્તાની શ્રદ્ધા હતી. તેવામાં કં
ટી ગઈ, એટલે ફરીથી મેં બાંધી નહીં. તે વેળા બાંધવા
ાંધવાનું કંઈ કારણ મેં શોધ્યું નહોતું. આ મારી તેર વર્ષ
યની ચર્ચા છે. પછી હું મારા પિતાની દુકાને બેસતો અને મા
ક્ષરની છટાથી કચ્છ-દરબારને ઉતારે મને લખવા મ
ોલાવતા ત્યારે હું ત્યાં જતો. દુકાને મેં નાના પ્રકારની લીલાલ
રી છે. અનેક પુસ્તકો વાંચ્યાં છે; રામ ઇત્યાદિકનાં ચરિત્રો
વિતાઓ રચી છે; સંસારી તૃષ્ણાઓ કરી છે; છતાં કોઈને
ોછો-અધિકો ભાવ કહ્યો નથી, કે કોઈને મેં ઓછું-અધિકું તો
ીધું નથી, એ મને ચોક્કસ સાંભરે છે.''(૮૯)

# ૨

# જાતિસ્મરણજ્ઞાન

"જેમ બાલ્યાવસ્થાને વિષે જે કાંઈ જોયું હોય અ
અનુભવ્યું હોય તેનું સ્મરણ વૃદ્ધાવસ્થામાં કેટલાકને થાર
કેટલાકને ન થાય, તેમ પૂર્વભવનું ભાન કેટલાકને રહે ને કેટલ
ન રહે. ન રહેવાનું કારણ એ છે કે પૂર્વ દેહ છોડતાં બાહ્ય પદા
વિષે જીવ વળગી રહી મરણ કરે છે અને નવો દેહ પામી તેમ
આસક્ત રહે છે. તેને પૂર્વપર્યાયનું ભાન રહે નહીં; આથી ઉ
રીતે પ્રવર્તનારને એટલે અવકાશ રાખ્યો હોય તેને પૂર્વનો
અનુભવવામાં આવે છે"(વ્યા.સાર-૨/૬-૧)

" 'જાતિસ્મરણજ્ઞાન' એ મતિજ્ઞાનનો ભેદ છે... પૂર્વપ
(દેહ) છોડતાં મૃત્યુ આદિ વેદનાના કારણને લઈને, નવો
ધારણ કરતાં ગર્ભાવાસને લઈને, બાલપણામાં મૂઢપણાને લ
અને વર્તમાન દેહમાં અતિ લીનતાને લઈને પૂર્વપર્યાયની સ
કરવાનો અવકાશ જ મળતો નથી; તથાપિ જેમ ગર્ભાવાસ
બાલપણું સ્મૃતિમાં રહે નહીં તેથી કરી તે નહોતા એમ નથી,
ઉપરનાં કારણોને લઈને પૂર્વપર્યાય સ્મૃતિમાં રહે નહીં તેથી
તે નહોતા એમ કહેવાય નહીં. જેવી રીતે આંબા આદિ વૃક્ષ
કલમ કરવામાં આવે છે તેમાં સાનુકૂળતા હોય તો થાય છે, તેમ
પૂર્વપર્યાયની સ્મૃતિ કરવાને ક્ષયોપશમાદિ સાનુકૂળતા (યોગ

હોય તો 'જાતિસ્મરણજ્ઞાન' થાય. પૂર્વ સંજ્ઞા કાયમ હોવી જોઈ
અસંજ્ઞીનો ભવ આવવાથી 'જાતિસ્મરણજ્ઞાન' ન થાય.''

(વ્યા.સાર-૨/૬

ઉપરના 'સમુચ્ચય વયચર્યા'ના લેખમાં જાતિસ્મરણજ્ઞાન
પોતે ઉલ્લેખ કર્યો નથી અને પછીના લખાણોમાં પણ તે વિ
વિશેષ વિસ્તૃત ચર્ચા કરી નથી તોપણ મિત્રો સાથેના વાર્તાલાપમ
કે સીધો પ્રશ્ન પૂછનારને જાતિસ્મરણજ્ઞાન પોતાને હતું તે ક્ય
અને કેવા પ્રસંગે પ્રગટ થયેલું અને વર્ધમાનતાને પામ્યું તે વિષે
ભાઈ સાથે થયેલી વાતચીત સપ્રમાણ લાગવાથી નીચે જણાવી

ભાઈ પદમશી ઠાકરશી કચ્છના વાણિયા સંવત ૧૯૪
શ્રીમદ્‌ના સમાગમમાં આવેલા, તેમણે એક વખતે મુંબઈ
ભૂલેશ્વર શાક મારકીટ પાસેના દિગંબર દેરાસરમાં શ્રીમદ્‌ને
પૂછેલો કે આપને જાતિસ્મરણજ્ઞાન છે એમ મેં સાંભળ્યું છે,
વ્યાજબી છે?

તેઓશ્રીએ ઉત્તરમાં જણાવ્યું : ''હા, એવું કાંઈક છે;
આધારે આમ કહેવાણું છે.''

પદમશીભાઈએ ફરી પ્રશ્ન કર્યો : ''આપને જાતિસ્મ
કેટલી ઉમ્મરે અને કેવી રીતે થયું?''

શ્રીમદે ઉત્તર આપ્યો : ''અમે સાત વર્ષની વયના હ
ત્યારે શ્રી વવાણિયામાં અમીચંદ નામના ગૃહસ્થ હતા; તેઓ ભ

---

* કલ્યાણજીભાઈને કહેલું કે અમને નવસો ભવનું જ્ઞાન
ભીમજીભાઈને શ્રીમદે પોતાના પૂર્વ ભવ સંબંધી સવિસ્તર કહેલું
તમારો તો અમારા ઉપર ઉપકાર છે. — દામજીભાઈ

કલ્યાણજીભાઈ જેવા કદાવર, રૂપાળા, ગુણી હતા. અમારા તેઓ વહાલ રાખતા. તેઓને સર્પ ડસ્યો તેથી તત્કાળ ગુ ગયા; એમ વાત સાંભળી અમે પિતામહ પાસે ઘેર આવ્યા. ગુ જવું એટલે શું તે અમે જાણતા નહોતા. પિતામહને અમે કે અમીચંદ ગુજરી ગયા કે? પિતામહે વિચાર્યું—એ વાતની ચ ખબર પડશે તો ભય પામશું. એ કારણથી પિતામહે કીધું કે કરી લે (જમી લે) વગેરેથી એ વાત ભુલાવવા ઘણી યુક્તિઓ કરી પણ અમે ગુજરી જવા વિષે આ પહેલી જ વ સાંભળેલ હોવાથી તે સમજવાની તીવ્ર જિજ્ઞાસા થયેલ, ફરી ફરી તે જ સવાલ કરતા રહ્યા. પછી પિતામહે કીધું : તે વાત ખરી છે.'

અમે પૂછ્યું કે 'ગુજરી જવું એટલે શું?'

પિતામહે કીધું : 'તેમાંથી જીવ નીકળી ગયો, અને હ હાલી, ચાલી, બોલી શકે નહીં; કે ખાવું, પીવું કશું કરી શકે માટે તેને તળાવ પાસેના મસાણમાં બાળી આવશે.'

અમે થોડી વાર ઘરમાં આમતેમ ફરી છૂપી રીતે ત ગયા. ત્યાં પાળ ઉપરના બે શાખાવાળા બાવળ ઉપર ચઢી તો ખરેખર! ચિતા બળતી હતી. કેટલાક માણસો આસ બેઠેલા જોયા. તે વખતે અમને વિચાર થયો કે આવા માણ બાળી દેવો એ કેટલી ક્રૂરતા? આમ શા માટે થયું? વગેરે વિ કરતાં પડદો ખસી ગયો.'' આટલું કહીને તે તરત ઊભા થ

પદમશીભાઈએ કહ્યું : ''સાહેબજી, એ વિષે હજી હું વ જાણવા માગું છું.''

શ્રીમદે ટૂંકામાં પતાવતાં કહ્યું : ''પછી શ્રી જૂનાગઢનો ર
જોયો ત્યારે ઘણો વધારો થયો. હવે ચાલો.''

વિચારવાન જીવને ક્રોધાદિ કોઈ પ્રકૃતિની પરવશતાને લક્ષ
ઘણું સહન કરવું પડ્યું હોય, કે કોઈ ઇષ્ટવિયોગના કે પ્રિયજન
મરણપ્રસંગો અનેક વાર વેઠવા પડ્યા હોય, કે મહાવ્યાધિ
પ્રસંગો આવી પડ્યા હોય તેની સ્મૃતિ લાવી સંસારનો વિચ
કરે તો આ અનિત્ય પદાર્થો ઉપરની આસક્તિ ઓછી થઈ જ
છે; મમત્વ, મોહ મોળાં પડે છે અને અજર, અમર અને નિ
એવા આત્મપદાર્થનો નિર્ણય કરવા વૃત્તિ જાગે છે. તો પ
જેને અનેક ભવમાં આધિ, વ્યાધિ, ઉપાધિ તથા જન્મ, જ
મરણનાં દુઃખ વેઠેલાં સ્મૃતિમાં તાજાં થયા હોય; નરક અ
ગતિનાં અકથ્ય દુઃખોની સ્મૃતિ જાગી હોય; તથા પરિભ્રમણ
કારણો પૂર્વભવે સત્પુરુષો પાસે પ્રત્યક્ષ સાંભળ્યાં હોય તે સ
ઉપદેશ જેને સ્મૃતિમાં પ્રત્યક્ષ ભાસતો હોય તેને જન્મ, જ
મરણનો ત્રાસ કેટલો વર્તે તથા પૂર્વભવે જાણેલો અને આરાધે
મુક્તિનો માર્ગ આરાધવા કેટલી તત્પરતા રહે તે આપ
કલ્પનામાં આવવું પણ મુશ્કેલ છે.

બાળપણાનાં એક કાવ્યમાં શ્રીમદે લખ્યું છે :—

**અવળાં પણ સવળાં થશે, ઠોકર વાગ્યે ઠીક;**
**તપ્યા લોહને ટીપતાં, સુધરી જશે અધિક.**

ક્રોધાદિ સ્વભાવવાળા અનેક જીવો પશ્ચાતાપ થતાં કે યો
સમજણ લાગી જતાં નાનપણમાં સારા કહેવાતા સાથીઓ કર
વિશેષ સારા નીવડ્યા છે.

જાતિસ્મરણજ્ઞાન શ્રીમદ્‌ને સાત વર્ષે પ્રાપ્ત થયું અને વૈ વધવા લાગ્યો. તે 'અપૂર્વ અનુસાર' આવ્યો એમ સં. ૧૯૫ લખેલા નીચેના કાવ્યમાં પોતે જણાવે છે :

**ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે**
**દશ વર્ષે રે ધારા ઊલસી, મટ્યો ઉદય કર્મનો ગર્વ રે**
**ધન્ય૦ ૧**
**ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે**
**ઓગણીસસેં ને બેતાળીસે, અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે**
**ધન્ય૦ ૨**

વળી એ જ અભિપ્રાયનું એક કાવ્ય સં. ૧૯૪૫માં લ તેમાં પોતે જણાવે છે :

**"સુખકી સહેલી હે, અકેલી ઉદાસીનતા"**
**અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.**

**લઘુવયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;**
**એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ? ૧**

**જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;**
**વિના પરિશ્રમ તે થયો, ભવ શંકા શી ત્યાંય? ૨**

**જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત;**
**તેમ તેમ ભવ શંકના, અપાત્ર અંતર જ્યોત. ૩**

**કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર;**
**પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર. ૪**

સં. ૧૯૪૯ કાર્તિક વદ ૧૨ના એક પત્રમાં પોતે જ છે :– " 'પુનર્જન્મ છે–જરૂર છે. એ માટે 'હું' અનુભવથ કહેવામાં અચળ છું.' એ વાક્ય પૂર્વભવના કોઈ જોગનું સ્ થતી વખતે સિદ્ધ થયેલું લખ્યું છે. જેને, પુનર્જન્માદિ ભાવ કર્

ો 'પદાર્થ'ને, કોઈ પ્રકારે જાણીને તે વાક્ય લખાયું છે.'' (૪૨

સં. ૧૯૪૬, પ્રથમ ભાદરવા સુદ ૬ના પત્રમાં પૂર્વભ
સ્મરણનું સમર્થન કરે છે, તે પત્ર :–

''પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં ક
ાણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મ
ાચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને
ુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો ન
ા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જ
ારિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હો
મને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ ર
ડરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદ
ડરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી? બીજા જીવો પર
ોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્ય
ડરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું? અર્થાત્ એ
ાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમ
ડરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું ન
જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રી આદિક) તે અનંતવ
છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથ
ોના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે
ેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એ
ીતિભાવ કાં થયો? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કા
ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસ
દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો? અર્થાત્ એવા દે
એવા રૂપે જન્મવું પડ્યું! અને તેમ કરવાની તો ઇચ્છા નહ
કહો એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્મા પરત્વે જુગુપ્સા
આવતી હોય? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું? જે જે પૂર્વના ભવાંતરે ભ્રાંતિ
ભ્રમણ કર્યું. તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ
છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દ
આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ ક
જે દૃઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ
પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અ
ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય
એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય
સુધી, એમ દૃઢતા છે તેનું કેમ કરવું? કદાપિ કોઈ
તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જ
રહીએ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશ
બેસી તેનું પોષણ પામીએ? ત્યારે હવે કેમ કરવું?

'ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિ
સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિ
સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તે
આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર
અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાં સુધી હે જીવ! છૂટકો નથી.'

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે અને તે યથાયોગ્ય લાગે

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કા
સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુ
સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કા
સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચ
(આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે
હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધભાવે લીનતા સિવાય કંઈ ન
જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્
વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાત
અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્ય
વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

'એ કંઈ ખોટું છે?' શું?

પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ ત

લઈ શકાય.

એ પણ આશ્ચર્યકારક છે.

અત્યારે એ જ. ફરી યોગવાઈએ મલીશું.

એ જ વિજ્ઞાપન.'' (૧૨૮)

વળી સં. ૧૯૪૯ના ચૈત્ર સુદ ૧ના એક પત્રમાં કહે છે કે

''જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ વ્યક્તવ્યપણે
પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો

તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમ
કરીએ છીએ.

પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારનાં ફ
સત્પુરુષને વિષે જેનાં વચનથી ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થં
વચનને નમસ્કાર કરીએ છીએ.

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત
પુરુષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચળ શ્રદ્ધા ઉ
થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે, તે
પ્રાપ્ત થવા અર્થે, યોગાદિક અનેક સાધનોનો બળવાન પ
કર્યે છતે, પ્રાપ્તિ ન થઈ, તે જીવ જે વડે સહજ પ્રાપ્ત થાય છે,
કહેવા વિષે જેનો ઉદ્દેશ છે, તે તીર્થંકરનાં ઉદ્દેશવચનને નમ
કરીએ છીએ.''(૪૩૬)

તેમ સં. ૧૯૪૯ના શ્રાવણ વદ ૫ ના પત્રમાં લખ્યું છે કે

''પૂર્વકાળમાં જે જે જ્ઞાનીપુરુષના પ્રસંગો વ્યતીત થ
તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે; તે શ્રવણને, શ્ર
કર્તાને, અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ ન
આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુ
વાણી અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો કે માર્ગાનુસારી જ્ઞાનીપુ
સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છ
અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને
ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે; અને બીજી બ

આવાં ક્ષેત્ર, આવા લોકપ્રવાહ, આવા ઉપાધિજોગ અને બી
બીજા તેવા તેવા પ્રકાર જોઈ વિચાર મૂર્ચ્છાવત્ થાય
ઈશ્વરેચ્છા !''(૪૬૫)

આમ જાતિસ્મરણજ્ઞાનથી પૂર્વભવના સ્મરણથી પોત
થયેલો અનુભવ પ્રકાશ્યો છે.

આ સિવાય બીજા કેટલાક પત્રોમાં પણ પોતે પૂર્વભવ
જોગનું સ્મરણ થયાનો ઉલ્લેખ કર્યો છે.

**'ભાવનાબોધ'** સંવત ૧૯૪૨માં લખેલો તેની શરૂઆત
શ્રીમદ્ લખે છે :

''ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જ્વ
આત્માઓનો સ્વતઃવેગ વૈરાગ્યમાં ઝંપલાવું એ છે. બાહ્ય દૃષ્ટિ
જ્યાં સુધી ઉજ્જ્વળ આત્માઓ સંસારના માયિક પ્રપંચમાં દશ
છે ત્યાં સુધી, તે કથનની સિદ્ધતા ક્વચિત્ દુર્લભ છે; તોપ
સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરતાં એ કથનનું પ્રમાણ કેવળ સુલ
છે, એ નિઃસંશય છે.''(ભાવનાબોધ)

લઘુવયથી આ વૈરાગ્ય અને વિવેકની પ્રાપ્તિથી જે તત્ત્વબો
થયો તેનું મુખ્ય કારણ જાતિસ્મરણજ્ઞાન ગણવા યોગ્ય છે.
ભવની અપેક્ષાએ તો તે પાંચપંદર વર્ષના બાળક ગણાય, પ
પાછળના ભવની સ્મૃતિના પ્રતાપે અનેક વર્ષોના અનુભવ
રંગાયેલી એ પુરુષની વાણી બહુ વિચારવા યોગ્ય, લક્ષમાં લે
યોગ્ય છે.

## ૩

# કુમાર-કાળ

## અદ્ભુત શક્તિઓનો આવિર્ભાવ

જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થવા યોગ્ય આત્માની નિમ અથવા સ્મરણશક્તિની પ્રબળતા પૂર્વે આરાધેલા યોગનું ફળ અનુસંધાન સાબિત કરે છે. બાળવયથી વિનય, વાક્ચ તર્કશક્તિ અને વૈરાગ્યને લઈને ગામમાં તેમજ આખી શાવ વિદ્યાર્થીઓમાં તે પ્રિય થઈ પડ્યા હતા. એક જ વખત વાંચ કે સાંભળવાથી તેમને અક્ષરેઅક્ષર યાદ રહેતું એવી તીવ્ર સ્મ શક્તિ હતી, તેના પરિણામે તેમને ગોખવું શું તેની ખબ નહોતી; સાડાસાત વર્ષની વયે શાળામાં પ્રવેશ કર્યો. એક માસ થયો નહીં હોય તેટલામાં હસતાં-રમતાં આંક પૂરા કર્યા. બે જેટલી મુદતમાં સાતે ચોપડીઓનો અભ્યાસ પૂરો કર્યો. જે વિદ્યાર્થીએ એમને પહેલી ચોપડીની શરૂઆત કરાવેલી, તેને સાતે ચોપડીઓ પૂરી કરીને પહેલી ચોપડી પૂરી કરાવી આટલી ટૂંકી મુદતમાં અભ્યાસ પૂરો થયો તે અજબ સ્મ શક્તિનો પ્રભાવ છે. વિદ્યાર્થીઓને શિક્ષક તરફ સામાન્ય પ્રેમ ઓછો હોય છે; ભય, અણગમો અને અકળામણ ઉ કરાવનાર શિક્ષક ગણાય છે પરંતુ શ્રીમદ્ બધા વિદ્યાર્થીઓનું લેસન લેતા અને શિક્ષક તો બેસી જ રહેતા; છતાં બધા વિદ્યાર્થીઓનો તેમના ઉપર અત્યંત પ્રેમ રહેતો.

એક વખત શિક્ષકે શ્રીમદ્‌ને ઠપકો આપ્યો એટલે બ
દિવસે પોતે શાળામાં ન ગયા. બીજા છોકરાઓએ જાણ્યું
રાયચંદભાઈ શાળાએ ગયા નથી એટલે તમામ છોકરાઓ તેમ
પાસે ગયા. તે બધા છોકરાઓને લઈને ખેતરમાં દૂર ગ
પોતાની પાસે બોર હતાં તે બધા વિદ્યાર્થીઓને વહેંચ્યાં. આમ બ
ખેતરમાં હતા તેથી શાળામાં શિક્ષક ગયા ત્યારે કોઈ વિદ્ય
જણાયો નહીં, તેનું કારણ વિચારતાં શિક્ષકને લાગ્યું
રાયચંદભાઈને ગઈ કાલે ઠપકો દીધો હતો તેથી બધા તેમની પ
હશે. તપાસ કરતાં ખેતરમાં બધા છે એમ જાણી શિક્ષક ખેતર
ગયા અને રાયચંદભાઈને નમી પડ્યા અને ફરી હવે કોઈ દિ
કાંઈ કહીશ નહીં એમ કહીને બધાને સમજાવી શાળામાં તેડી ગ

આઠ વર્ષની ઉમ્મરથી કવિતા રચવાની તેમણે શરૂઆત
હતી. પહેલે વર્ષે ૫૦૦૦ કડીઓ તેમણે રચેલી કહેવાય છે.
વર્ષની વયે તેમણે પદ્યમાં રામાયણ અને મહાભારત નાનાં ન
લખ્યાં હતાં, અને દસ વર્ષની વયે તો એમના વિચારો પુ
ઉમ્મરના અનુભવીને છાજે તેવા હતા. નવું નવું શીખવાની,
નવું સાંભળવાની, નવું નવું મનન કરવાની અને નવું નવું સુ
ભાષણ કરવાની એમની ઉત્કટ ઇચ્છા એ દસ વર્ષની વયમાં
પાર હતી. કવિત્વશક્તિ, સ્મરણશક્તિ, વક્તાપણું અને સદ્‌ગુ
લઈને નાની વયમાં અજબ શક્તિશાળી ગણાતા હતા. અગિ
વર્ષની વયથી એમણે ચોપાનિયામાં લેખ લખવા માંડ્યા હ
અને ઈનામી નિબંધોમાં યોગ્ય ઈનામો પણ સંપાદન કર્યાં હ
સ્ત્રીકેળવણીની ઉપયોગિતા વિષે એક નિબંધ પણ લખ્યો હતો

બાર વર્ષની વયે ત્રણ દિવસમાં ઘડિયાળ ઉપર ત્ર
કડીઓ લખી હતી. તેર વર્ષની વયે તેઓ અંગ્રેજી ભા
અભ્યાસ કરવા રાજકોટ ગયા. અંગ્રેજી અભ્યાસ કેટલો અને ક
વખતમાં થયો હતો તેની કોઈ સહાધ્યાયી કે શિક્ષક તર
માહિતી મળી શકી નથી. એક વખતે કચ્છના દીવાન મણિ
જશભાઈએ શ્રીમદ્‌ને કચ્છ તરફ પધારવા વિનંતી કરી હત
ઉપરથી તે કચ્છ તરફ પધાર્યા હતા. ત્યાં ધર્મ સંબંધી
ભાષણ કર્યું હતું. કચ્છના લોકો પ્રશંસા કરતા કે આગળ
આ છોકરો મહાપ્રતાપી યશવાળો થશે.

તેર વર્ષની વયથી એમણે નિયમથી ખાનગીમાં નવા
વિષયોનો અભ્યાસ કરવા માંડ્યો હતો અને પંદર વર્ષની
સુધીમાં ઘણા વિષયો સંબંધી વિચક્ષણ જ્ઞાન એમણે પ્રાપ્ત કર્યું

## ૪

# ન્યાયાધીશ ઉપર નિષ્કામ ઉપકાર

કચ્છ - કોડાયના રહીશ શા. હેમરાજભાઈ તથા નલિય
રહીશ શા. માલસીભાઈ એ બન્ને જણાએ સાંભળ્યું કે વવાણિય
નિવાસી કવિરાજ રાજચંદ્રભાઈ મહાબુદ્ધિશાળી છે; નાની વય
અવધાનો કરે છે. તેથી તેમને મળવું એમ વિચાર કરી બન્ને જ
સાંઢણી ઉપર સવાર થઈ વવાણિયા તરફ રવાના થ
વવાણિયામાં તપાસ કરતાં જણાયું કે તે તો મોરબી ગયા છે. એ
તેઓ પણ મોરબી તરફ રવાના થયા.

શ્રીમદ્ મોરબી આવ્યા અને પોતાના મોસાળમાં રાજક
જવાનો તેમનો વિચાર હતો તેથી મોરબીના ભાઈઓએ સ
સાથની તપાસ કરી તો ખબર મળ્યા કે મોરબીના ન્યાયાધ
ધારસીભાઈ રાજકોટ જવાના છે; તેથી તેમને પૂછવામાં આવ્યું
તમે આ રાયચંદભાઈને રાજકોટ સાથે તેડી જશો ? રાજકોટ તે
મોસાળે તેમને જવું છે. ધારસીભાઈએ હા પાડી અને પોતાની સ
તેમને રાજકોટ તેડી ગયા.

ભાઈ હેમરાજ મોરબી આવ્યા ત્યારે તપાસ કરતાં ખ
મળી કે તે તો રાજકોટ ગયા છે; તેથી પોતે પણ રાજકોટ જવું એ
વિચાર કરી તે પણ રાજકોટ તરફ રવાના થયા.

ધારસીભાઈને શ્રીમદ્ સાથે માર્ગમાં વાતચીતનો પ્રસંગ પ્ર
થતાં તેમને આશ્ચર્ય ઉત્પન્ન થયું કે આટલી લગભગ દસ વર્ષ
વયમાં આ છોકરો કેવો ચાલાક છે ! મોટી ઉમ્મરના માણસો પ

જે વાતો ન કરી શકે તેવી બુદ્ધિની વાતો સાંભળી ધારસીભા
એમ થયું કે શી આ છોકરાની બુદ્ધિ છે! તેમના ગુ
આકર્ષાઈને ધારસીભાઈ બોલ્યા : ''રાયચંદભાઈ, રાજકો
અમારી સાથે જ તમે રહેજો.''

ત્યારે શ્રીમદે કહ્યું : ''ના, મારા મોસાળે રહીશ.''

ધારસીભાઈએ ઘણો આગ્રહ કર્યો ત્યારે શ્રીમદે કહ્
''તમારે ત્યાં આવતો જઈશ, પણ રહેવાનું તો મોસાળમાં જ થશે

શ્રીમદ્ રાજકોટ પહોંચ્યા એટલે મોસાળમાં ગયા; ત
તેમના મામાએ પૂછ્યું : ''તમે કોની સાથે આવ્યા?''

શ્રીમદે કહ્યું : ''ધારસીભાઈ સાથે આવ્યો છું.''

બન્ને મામાએ જાણ્યું કે ધારસીભાઈ અત્રે આવ્યા છે;
તેમને ઠેકાણે કરી દેવા એવી પ્રપંચની વાતો માંહોમાંહે તે ક
લાગ્યા. જમતાં જમતાં શ્રીમદે તે સાંભળ્યું તેથી અનુમાન કર્યું કે
ભાઈઓ ધારસીભાઈને મારી નાખવાના વિચાર કરે છે; તો
તેમને ત્યાં જઈ આ મોટો ઉપકાર કરવાનો પ્રસંગ ચૂકવો ન
તેમને ચેતાવી દેવા જોઈએ. એવો વિચાર કરીને જમ્યા પછી
ધારસીભાઈને ત્યાં ગયા.

શ્રીમદે ધારસીભાઈને પૂછ્યું : ''ધારસીભાઈ, તમારે મ
મામાઓ સાથે કંઈ સંબંધ છે?''

ધારસીભાઈએ પૂછ્યું : ''કેમ?''

શ્રીમદે કહ્યું : ''હું પૂછું છું.''

ત્યારે ધારસીભાઈએ કહ્યું : ''સગપણસંબંધ નથી, પણ
સંબંધી ખટપટ ચાલે છે.''

શ્રીમદે કહ્યું : “તેમ છે તો તમારે સાવચેતીમાં રહેવું, કેમ
તમારે માટે તેઓ ઉપાય શોધતા હતા. લાગ ફાવે તો ઠેકાણે ક
દેવાની વાત કરતા હતા. માટે તે વિષે પ્રમાદી ન થવું.”

ધારસીભાઈએ પૂછ્યું : “પણ તમે એ કેમ જાણ્યું કે મ
માટે તેઓ આમ કરવા ધારે છે?”

શ્રીમદે ઉત્તર દીધો : “હું જમતો હતો ત્યારે બહાર હું સાંભ
એટલા મોટા સાદે તે વાતો કરતા હતા અને હું કોની સાથે આવ્યો
તેમણે મને પૂછ્યું ત્યારે મેં તમારું નામ આપ્યું હતું. તે ઉપર
તેમણે તે પ્રસંગે વાત ઉપાડી હતી.”

ધારસીભાઈએ પૂછ્યું : “ પણ તમારા દેખતાં તેવી વાતો
કેમ કરે?”

શ્રીમદે કહ્યું : “આ નાનો બાળ છે, આને એ બાબતની
સમજણ પડવાની છે? એમ જાણી તે વાતો કરતા હતા. એ
તમને કહેવા-ચેતાવવા માટે આવ્યો છું.”

ધારસીભાઈના મનમાં થયું કે અહો! આ બાળકમાં કેટ
ઉપકારબુદ્ધિ! મોટા માણસને પણ ન સૂઝે તેવો મહા ઉપકાર
બાળક કરે છે! સારું થયું કે હું એમને તેડી લાવ્યો. ધન્ય
આ બાળ મહાત્માને! ધન્ય મારાં ભાગ્ય કે એમનો મને સ
થયો! એમ વિચારી તે ઘણો આનંદ પામ્યા.

શ્રીમદ્‌માં અદ્‌ભુત શક્તિઓ હતી; જ્ઞાન નિર્મળ હતું તે
તેમને જ્ઞાનમાં જણાયું કે બે કચ્છના ભાઈઓ સાંઢણી ઉપર સવ
થઈ લાંબી મુસાફરી કરતા આવે છે; એટલે તેમણે ધારસીભાઈ

પૂછ્યું : “બે જણ કચ્છથી આવનાર છે, તેમનો ઉતારો તમારે
રાખશો ?”

ધારસીભાઈએ કહ્યું : “હા, ખુશીથી મારે ત્યાં તેમનો ઉ
રાખજો, હું તેમને માટે સર્વ બંદોબસ્ત કરીશ.”

પછી નિશ્ચિંત થઈ શ્રીમદ્ તે કચ્છી ભાઈઓને આવ
માર્ગ તરફ સામા ગયા. દૂરથી હેમરાજભાઈએ અટકળ ક
સામે આવે છે તે રાયચંદ નામનો છોકરો તો નહીં હોય ?

નજીક આવ્યા એટલે શ્રીમદે તેમને નામ દઈને બોલા
“કેમ હેમરાજભાઈ ? કેમ માલસીભાઈ ?”

તે બન્નેને વિચાર થયો કે આપણાં નામ એ ક્યાંથી જાણે
કોઈને આપણે ખબર તો આપી નથી ?

બન્નેએ આશ્ચર્ય પામીને કહ્યું : “તમે જ રાયચંદભાઈ છે
તમે કેમ જાણ્યું કે અમે અત્યારે જ આ જ માર્ગે આવીએ છીએ

તેના ઉત્તરમાં શ્રીમદે જણાવ્યું : “આત્માની અનંત શક્તિ
છે, તે વડે અમે જાણીએ છીએ.”

પછી ધારસીભાઈને ઉતારે ગયા, ત્યાં ધારસીભ
નહાવા, ધોવા વગેરેની બધી તજવીજ કરી. કચ્છના ભા
મનમાં સમજી ગયા હતા કે આમને આપણે કાશીએ ભણવા
જવા આવ્યા છીએ પણ આટલી શક્તિવાળાને શું ભણવાનું
હશે ?

જમી રહ્યા પછી ધારસીભાઈને તે કચ્છના ભાઈઓએ વિ
કરી, કે અમારે રાયચંદભાઈ સાથે ખાનગી વાત કરવી છે

એકાંત સ્થળ અમને મળશે? ત્યારે તેમણે તેવું સ્થાન બતાવ્યું. એકાંત સ્થાનમાં શ્રીમદ્‌ની સાથે તેઓ બેઠા.

પ્રથમ અવધાન સંબંધી તેમણે સાંભળેલું, તે જોવા તેમ વિનંતી કરી, તે શ્રીમદે સ્વીકારી એટલે તેમણે 'સંઘપટ્ટક' નામ ગ્રંથમાંથી ગાથા તે લેતા આવ્યા હતા, તેના અક્ષરો આડાઅવ રીતે શ્રીમદ્‌ને સંભળાવ્યા, તે યાદ રાખી તેમણે આખો શ્લ બોલી બતાવ્યો, તેથી બન્ને ચકિત થઈ ગયા.

એ બન્ને કચ્છના ભાઈઓના મનમાં એમ થયું કે આમ આપણે કાશીએ શું લઈ જવા? છતાં જે માટે આવ્યા છીએ માટે પ્રયત્ન તો કરવો; પછી જેમ થવાનું હશે, તેમ થશે. આપ નો સ્પષ્ટ હેતુ કહી બતાવવો. પછી તેમણે કહ્યું : "આપ ભણાવવા માટે કાશી લઈ જવા માટેની વિનંતી કરવા અમે આવ છીએ. માટે આપ કાશી ચાલો. આપના કુટુંબને માટે તેમ આપને માટે ખાવાપીવા વગેરે સર્વ સગવડ, પગાર વગેરે ક કરીશું પણ આપ અમારી સાથે ચાલો તો મોટો ઉપકાર થાય આમ અનેક લાલચો વગેરે આપવા માટે કહ્યું; છતાં તેમણે પાડી અને જણાવ્યું કે અમારાથી આવવાનું નહીં બને; એટલે તે મનમાં સમજી ગયા કે પ્રથમથી જ અનુમાન કરેલું કે આપ ધારણા પાર પડે તેમ નથી અને તેમ જ બન્યું. એ તો ભણેલા છે; કાશી જઈ તેમને કંઈ વિશેષ શીખવું પડે તેમ નથી.

પછી ધારસીભાઈ પાસે તેઓ ગયા ત્યારે ધારસીભાઈ બન્નેને એકાંતમાં જણાવ્યું કે રાયચંદભાઈ સાથે થયેલી વ મને કહેવા લાયક હોય તો કહો. ત્યારે હેમરાજભાઈ બોલ્યા

"છુપાવવા જેવી કોઈ પણ વાત નથી. પણ અમારી જે ધારણા તે પાર ન પડી."

ધારસીભાઈએ પૂછ્યું : "કેમ પાર ન પડી?" ઉત્તરમાં તેમણે ઉપર બનેલો પ્રસંગ કહી બતાવ્યો, તથા વિશે જણાવ્યું : "અમે જણાવ્યું નહોતું તોપણ પોતાની મેળે આવ્યા, અમને અમારા નામથી બોલાવ્યા, અહીં બધી તૈ કરાવી, આ કોઈ આશ્ચર્યકારી મહાપુરુષ છે."

તે સાંભળી ધારસીભાઈને પણ પ્રથમ તો આનંદ આશ્ચર્ય લાગ્યું કે અહો! રાયચંદભાઈ ભૂલ કરે છે કે આટલી સગવડ કરી આપે છે છતાં હા કેમ કહેતા નથી? તેમણે જોઈએ. પણ પછીથી એમને પણ સમજાયું કે જે વ્યક્તિ અ નાની ઉંમરમાં આવી અજબ શક્તિ ધરાવે છે તેને ભણવું શું હોય? વળી એમની ગંભીરતા પણ કેટલી છે કે સાગ પેઠે સર્વ સમાવી શકે છે, લગાર માત્ર પણ છલકાતા નથી; એમના જ્ઞાનાદિ ગુણની મહત્તા તેમને ભાસી; તેથી પોતાની જોડે તેમને ગાદી ઉપર બેસારતા, તેને બદલે જ્ય આ મહાપુરુષ છે એમ લાગ્યું એટલે પોતાના આસ ગાદીતકિયે શ્રીમદ્‌ને બેસારતા અને પોતે તેમની વિનયભાવથી બેસતા; પૂજ્યભાવ ધારણ કરી વિનય સાચ અને જેમ જેમ શ્રીમદ્‌નો સમાગમ પાછળની જિંદગીમાં વ ગયો તેમ તેમ વિશેષ માહાત્મ્ય તેમને લાગ્યું હતું તથા સદ્‌ગુરુ તરીકે માની તેમનું શરણ સ્વીકાર્યું હતું.

શ્રીમદ્‌ને પાછું વવાણિયા જવાનો વિચાર થયો ત્યારે

માટે મોસાળમાંથી મીઠાઈનો એક ડબો ભાથા માટે ભરી આ
હતો. તે લઈને તથા બધાંની રજા લઈને ચાલ્યા. ભ
ધારસીભાઈને પણ મળીને તેમની રજા લઈને ચાલ્યા. પોત
પાસે ભાડાના પૈસા નહોતા. તેથી એક કંદોઈને ત્યાં એ ભ
વેચીને ભાડા જેટલા પૈસા મેળવ્યા; પણ ધારસીભાઈ સ
આટલું બધું ઓળખાણ થયું હતું છતાં કાંઈ પણ માગણી ન ક
કે ઉછીના પૈસા પણ ન લીધા. 'પુત્રનાં લક્ષણ પારણામ
જણાય' એવી કહેવત છે તે પ્રમાણે તેમનામાં આટલી નિઃસ્પૃહ
આટલી નાની ઉંમરે પણ ઊગી નીકળી હતી. સમજુ ગૃહસ્થ
પેઠે તેમનો સિદ્ધાંત હતો કે–

**"મર જાઉં માગું નહીં, અપને તનકે કાજ;**
**પરમારથકે કારણે માગું, ન સમજું લાજ."**

કચ્છના ભાઈઓની સગવડ યથાયોગ્ય થાય તે મ
ધારસીભાઈને વિનંતી કરી તેમની આગતાસ્વાગતા સાચવી, પ
પોતાને થોડા ભાડાના પૈસા જોઈતા હતા તોપણ તે ખાતર હ
લાંબો કરી દીનતા કરી નહીં.

## ૫

# સ્ત્રીનીતિ બોધક

( ગરબાવળી )

સં. ૧૯૪૦માં બહાર પડેલ 'સ્ત્રીનીતિ બોધક વિ
પહેલો' શ્રીમદ્‌નાં સોળ વર્ષ પહેલાં લખેલાં લખાણોમાંનું
પુસ્તક છે. તેના મુખપૃષ્ઠ ઉપર ભુજંગી છંદની એક કડી છે.

"થવા દેશ આબાદ સૌ હોંશ ધારો,
ભણાવી ગણાવી વનિતા સુધારો;
થતી આર્ય-ભૂમિ વિષે જેહ હાનિ,
કરો દૂર તેને તમે હિત માની."

સ્ત્રીકેળવણીની આમ સૂચના કરી, સંસાર-સુધારાની પ્રે
રૂપે સ્ત્રી કેળવણી વિષે નીચેનો મનહર છંદ પ્રથમ પાને પ
છાપેલો છે :

"કુધારે કરેલો બહુ, હુમલો હિંમત ધરી,
વધારે વધારે જોર, દરશાવિયું ખરે;
સુધારાની સામી જેણે, કમર કસી છે હસી,
નિત્ય નિત્ય કુસંપ જે, લાવવા ધ્યાને ધરે;
તેને કાઢવાને તમે, નાર-કેળવણી આપો,
કુચાલો નઠારા કાઢો, બીજા જે બહુ નડે;
રાયચંદ પ્રેમે કહે, સ્વદેશી સુજાણ જનો,
દેશહિત કામ હવે, કેમ નહીં આદરે?"

પચાસ પાનાંના પુસ્તકને શોભે તેવી નાની બેત્રણ પા
પ્રસ્તાવના બહુ સુંદર રીતે લખી છે. સ્ત્રીકેળવણી વધતી

ોની સાથે વાંચવાનો શોખ વધે, તેને માટે સ્ત્રીઓને યોગ્ય સ
ુસ્તકો લખવા વિદ્વાનોને વિનંતી કરી, જૂના વિચારના લોકો
ત્રીકેળવણી સામે મુકાતા આક્ષેપો દૂર કર્યા છે. તે વખતે છપાયે
ત્રીઓને વાંચવા યોગ્ય પાંચ-સાત પુસ્તકોનાં નામ આપ્યાં
ત્રીઓ નહીં સુધરવાનું કારણ બાળલગ્ન, કજોડાં અને વહેમ
અજ્ઞાન છે એમ જણાવી બાળલગ્નની હાનિ વિચારવા વિનંતી ક
છે. ત્રણ ભાગમાં 'સ્ત્રીનીતિબોધક' લખવા વિચાર રાખી આ પ્ર
ભાગ બહાર પાડ્યો છે. થોડી કિંમત રખાય અને ઘણા લાભ લ
ાકે એ હેતુથી ચાર આનામાં પ્રથમ વિભાગ પ્રસિદ્ધ કર્યો છે.

હાલ શાળાઓમાં બાળ-ગરબાવળી ચાલે છે તે પ્રકારનું
ુસ્તક છે. પરંતુ બે-ત્રણ ચોપડી ભણી ઊઠી ગયેલી મો
ઉમ્મરની બહેનોને પણ વાંચવું ગમે તેવી સરળ ભાષા ર
ઉપયોગી વિષયો વિષે તેમાં પદ્યો છે. સ્ત્રીઓમાં ગવા
ાગમાં-ગીત, ધોળ, ગરબાની પદ્ધતિ પ્રમાણે ચાર ભાગ પ
ુસ્તક છાપ્યું છે. પહેલા ભાગમાં ઈશ્વરપ્રાર્થના, ભક્તિ ર
ઉપકાર ઉપરાંત ક્ષણભંગુર દેહ, માતાએ પુત્રીને દીધે
શિખામણ, વખત નકામો ન ગુમાવવો, ઉદ્યમ અને ઉદ્યમ
ાયેલાં કામ વિષે ગરબીઓ છે.

બીજા ભાગમાં વિદ્યા, કેળવણીના ફાયદા, કેળવણી, અભ
ત્રીને ધિક્કાર, સુગ્રંથ વાંચવા વિષે, સારી શીખ સુણવા વિ
ારબીઓ છે.

ત્રીજા ભાગમાં સુધરવા વિષે, સદ્‌ગુણ સજવા વિષે, સુની
ધારવા વિષે, સત્ય વિષે, પરપુરુષ અને વ્યભિચાર - ત્યાગ વિ
ારબીઓ છે.

અને ચોથા ભાગમાં સદ્‌ગુણી સજ્જની તથા સદ્‌બોધશતક

કવિ નર્મદાશંકરના સુધારાનો જુસ્સો અને કવિ દલ રામની સરળ નીતિના લખાણોનું મિશ્રણ આ નાના પુસ્ત સુંદર રીતે દેખાય છે. પહેલી જ ગરબીમાં પ્રાર્થના કરેલી છે કે

**"દેશહિત દયાળુ કરાવ, નમું તને હેતે રે,**
**જેથી ઊપજે આનંદ ભાવ, નમું તને હેતે રે."**

ગરબી ૨૨મી માં લખે છે :

**"ડાટ કૃષ્ણ-ગીતથી જેમ છે વળ્યો રે લોલ,**
**એથી વધી વ્યભિચાર ક્લેશ તો ભળ્યો રે લોલ."**

ગરબી ૧૯મી માં 'સુધરવા' વિષે લખે છે :

**"સહુ સંપીને સાથે નારીઓ, ભરો વનિતા કેરો સમાજ-**
**સુધરજે સ્નેહથ**
**તમે વાતો કરો સુધર્યા તણી, વળી કરજો સુધારા કાજ -**
**દુષ્ટ ધારા નડ્યા આ દેશને, જેથી પડતી થઈ છે બે'ન -**
**જેથી કુસંપ તો વધી ગયો, હરી લીધું સુખ ને ચેન -**

પંદર વર્ષ જેટલી વયમાં પણ ભાષા ઉપર સારો હોવાથી અને સ્વાભાવિક કવિત્વ હોવાથી પ્રાસ કે યમક તાણીખેંચીને પ્રયત્ન કરેલો પણ જણાતો નથી. પાણીના પ્રવ પેઠે ભાષા ભાવને અનુસરી વહે છે દાખલા તરીકે :

**"કેવળ પૈસામાં નહિ ચિત્ત જ જોડવું,**
**તેમ ન કરવો ઝાઝો કો દી લોભ જો;**
**સંસારી મુસાફરીમાં ફરીને જવું,**
**નહિ કરનારો એનો કોઈ થોભ જો. ક્ષણભં**

ક્ષણભંગુર જાણીને, તું તો દેહને,
ભજજે બે'ની ભાવ ધરી ભગવાન જો;
નથી ભરોંસો પળનો એમ જ જાણજે,
માટે મિથ્યા કરજે મા તોફાન જો. ક્ષણભંગુર

"હિમ્મત-કિમ્મત હર્ષે તે પિછાણતી,
આળસ ન મળે જેને કાંઈ અંગ જો;
વખત નકામો કો દી જાવા દે નહીં,
કીધો જેણે વે'મ તણો બહુ ભંગ જો. સજ્જની
સજ્જની સારીનાં સુલક્ષણ સાંભળી,
તેવી થાવા કરજે રૂડાં કામ જો;
સદ્ગુણી થાવાનું જે કો ઇચ્છશે,
શાણી નારી જાણો તેનું નામ જો. સજ્જની

છેલ્લું કાવ્ય 'સદ્બોધ-શતક' છે તે સ્ત્રીઓના નીતિશ
સમાન છે. તેમાં સંપ, નીતિ, ધીરજ, હિમ્મત, સ
નિષ્કપટપણું, ભક્તિ, દેશદાઝ, સુધારો, ઉદ્યમ, કુસંગનો ત્યા
વિદ્યા, ગર્વનો ત્યાગ, પરપુરુષ ત્યાગ, નાસ્તિકતાનો ત્યાગ, દ
ધર્મપ્રેમ, ગ્રંથલેખન, ખર્ચ ઘટાડવું, ક્ષમા, પુણ્ય, નમ્રતા, વિન
સજ્જનીનો સંગ, મૂરખ નારીનો ત્યાગ, જુગારનો ત્યા
મરણનો વિચાર, જ્ઞાનમાર્ગની શોધ, પતિભક્તિ, પાત્રદા
પરમાર્થપ્રેમ, વાંચન વધારવા ભલામણ વગેરે વિષયો ટૂંકા
સ્મરણ રાખવા ધોળમાં ગાયા છે.

"ઉપાય ઘટતા આદરો, દેશહિતને કામ;
દેશનું હિત ન ધારશે, તે મૂરખનું નામ.
વિશ્વપિતા વંદન કર
દેશ તણી સેવા કરો, ધરો પ્રીતિ ને ભાવ;
મમતા આણી નેહથી, લહો એટલો લ્હાવ. વિશ્

પુરુષ પર એ નર્કની, જાણો ખાણ જરૂર;
એવા ક્ષણિક સુખમાં, કેમ બનો ચકચૂર. વિ
ગર્વ નહીં ઉર આણતાં, બની કો દી શ્રીમંત;
કો દિન આવશે નાર ઓ! એહ લક્ષ્મીનો અંત. વિ
રાખવી તો દયા દિલમાં, હે! શાણી ગુણવાન;
'દયા જ ધર્મનું મૂળ છે' કહેવત સત્ય પ્રમાણ. વિ
વિવેક રાખી વર્તજો, ગુણ તણી થઈ જાણ;
ગરીબ જનોને આપજો, રૂડી રીતે માન. વિ
વિનય વિષે હું શું કહું, એ તો ગુણ અમૂલ્ય;
નથી ગુણ બીજો અરે! નારી! એની તુલ્ય. વિ
જીભ જુઓ નરમાશથી, રહી છે વચ્ચે દાંત;
ક્રોધ કરે જો કારમી, માર ખાય ધરી ખાંત. વિ
સજ્જની રત્ન સમાન છે, મણિ પારસ છે એહ;
લોઢું કંચન થાય છે, તે તો જાણો તેહ. વિ
ગંગા સમાન સુસંગ છે, ખરું દઉં છું ચિત્ર;
સુમિત્ર સુખ શું વર્ણવું? કળા પરમ પવિત્ર. વિ
કાળ ગતિ તો મોટી છે, નહિ એને દરકાર;
આવ્યે ઘડી નહિ મૂકશે, માટે કરો વિચાર. વિ
તર્કટ કરશે કો કદી, આપે તેવો લાભ;
પુણ્ય કરે તો તેમને, મળશે સત્-ધર્મ-આભ. વિ
નવરી બેસી રહીશ નહિ, કારણ વખત અમૂલ્ય;
સોનું પણ નહિ આવશે, કો દી એની તુલ્ય. વિ
સજ્જનીના પગ પૂજજે, એથી થાશે ઠીક;
મૂળ અનીતિનાં વાઢશે, કાઢી બુદ્ધિ અઠીક. વિ
નાથ કેરી સેવા સજો, એ તીરથનું સ્થાન;
મોહિત થાવું ન મૂરખી, બહુ થાજે ગુણવાન. વિ

**પરમારથ કરવા સદા, ધારો ઉર ઉમંગ;**
**ઈશ્વર પ્રીતિ મેળવો, કરો સદા સત્સંગ. વિ**
**વાંચન-વ્યસન વધારજે, રાખી લીલું* જ્ઞાન;**
**વાંચ્યાથી કહું છું થશે, ડાહી તું વિદ્વાન. વિ**
**લક્ષણ સારાં રાખીને, કરો રૂડેરાં કામ;**
**સજ્જનમાં વખણાઓ તો, તો જ સજ્જની નામ. વિ**

હાલ આ પુસ્તકની છાપેલી પ્રત મળી શકતી નથી[1] 
પચાસ વર્ષ પહેલાંનાં આ સમાજને અતિ ઉપયોગી પુસ્તકનો ક
પરિચય વાંચનારને કરાવવાના હેતુથી વિસ્તૃત અવત
ટાંકવામાં સંકોચ રહેવા છતાં જરૂર જણાયાથી તેમ કર્યું છે.
'સ્ત્રીનીતિ- બોધક'ની ફરી આવૃત્તિ જો બહાર પડે તો મ
ઉમ્મરે ભણવાનું શરૂ કરનાર સ્ત્રીઓને અત્યંત ઉપયોગી ની
એમ લાગે છે.

હાલ કન્યાશાળાઓમાં ચાલતી પં. નવલરામ લક્ષ્મીરા
બાળગરબાવળી કરતાં ભાષા સરળ અને સ્ત્રી-સ્વભાવને અનુ
તથા નીતિના ધોરણથી લખાયેલ 'સ્ત્રીનીતિબોધક' પુસ્તક મા
પિતાએ પોતાની પુત્રીને, ભાઈએ પોતાની બહેનને અને પ
પોતાની ધર્મપત્નીને તથા સગાંવહાલાંએ મંગળ પ્રસંગ
કન્યાઓને અને વાંચતાં શીખવાની ભાવનાવાળી કે થોડુંક ભણે
યુવાન સ્ત્રીઓને ભેટ આપવા લાયક છે.

પાછળના બે ભાગ લખાયા જણાતા નથી. આ પ્રથમ ભ

---

* પ્રમાદ અને અહંકારથી જ્ઞાન સુકાઈ જાય છે—શુષ્કજ્ઞાન ગ
છે; વિનય અને ભક્તિના રસસિંચનથી જ્ઞાનનાં મૂળ હૃદયમાં 
ઊતરે છે અને જ્ઞાન લીલું રહે છે.—લેખક

૧ 'સુબોધસંગ્રહ' નામનો ગ્રંથ આ આશ્રમ તરફથી પ્રસિ
થયેલ છે. તેમાં આ 'સ્ત્રીનીતિબોધક' ગરબાવળી છાપવામાં આવી

જોતાં એમ અનુમાન થાય છે કે જો બન્ને ભાગ લખાયા હો
સ્ત્રીસાહિત્યમાં અગ્રભાગ ભજવે તેવા ગ્રંથો શ્રીમદે લખ્યા હ

'સ્ત્રીનીતિબોધક'ને અંતે જાહેર ખબરમાં લખેલું
"કાવ્યમાળા એ નામનું એક સુનીતિબોધક પુસ્તક મેં
તૈયાર કરેલું છે, જેની અંદર એકસો ને આઠ કાવ્યો છે અને
ચાર ભાગ પાડેલા છે. તેનું કદ બસો પૃષ્ઠનું થશે. અગ
ગ્રાહક થનાર પાસે રૂ. ૦-૧૦-૦ લેવામાં આવશે..... નીતિ
પુસ્તકોનો ફેલાવો થવાનો આધાર પ્રજા પર રહે છે."
કાવ્યમાળા પ્રસિદ્ધ થઈ છે કે નહીં તેની માહિતી મળી
લખેલી નકલ પણ મળી શકી નથી.

કોઈને એમ પ્રશ્ન થાય કે નીતિનાં પુસ્તકો લખવાની
મહાપુરુષને શી જરૂર હતી? આત્મઅનુભવ વિષે કે ધર્મના
મુદ્દા વિસ્તારથી સમજાવવાની શરૂઆત કેમ ન કરી?
સમાધાન શ્રીમદ્‌ના સંવત ૧૯૫૦ ચૈત્ર વદ ૧૪ના
નીચેના લખાણમાં પ્રાપ્ત થાય છે :–

"જે મુમુક્ષુ જીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તે
અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ. નહ
ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે.

દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં સાંગોપાંગ ન્યાયસંપન્ન
તેનું નામ નીતિ છે. એ નીતિ મૂકતાં પ્રાણ જાય એવી દશા
ત્યાગ, વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે, અને તે જ
સત્પુરુષનાં વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્‌ભુત સામર્થ્ય, માહ
અને રહસ્ય સમજાય છે; અને સર્વ વૃત્તિઓ નિજપણે વર્ત
માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય છે."(૪૯૬)

૬

# મોક્ષમાળા બાલાવબોધ

જેમ ગંગા નદી ઊંચા હિમાલય પર્વતના સરોવર અ
રણાંનાં પાણીના પ્રવાહોને વહાવતી પથ્થરોના સમૂહમાં થઈ
નેક આશ્રમો, ગામડાં, ગુરુકુળો અને શહેરો તથા વન ઉપવ
ને ક્ષેત્રોને ઉપકાર કરતી સપાટ પ્રદેશમાં મોટા પટ સહિ
મુના આદિ નદીઓમાં ભળી સાગરમાં જઈને સમાય છે તે
ીમદ્ રાજચંદ્રની પ્રજ્ઞા પૂર્વે આરાધેલા અનેક મહાપુરુષો
પદેશામૃતના સંચયના સરોવરમાંથી ઉદ્ભવી અનેક વિષય
ંથોના વાંચનનો સાર સંગ્રહી અનેક મુશ્કેલીઓ વટાવી
ોતાના પરિચિત-અપરિચિત નરનારીઓ, બાળક-યુવાન-વૃ
સ્તકાલય, શાળાઓ, શિક્ષકો અને અનેક જમાનાની પ્રજ
પકાર કરતી વિશાળ અનુભવ પ્રગટ કરતી મોક્ષમાર્ગને ઉપયો
રાગ્ય, વિવેક અને ઉપશમને વિસ્તારતી આત્માની અન
ક્તિઓના નિધાનરૂપ મોક્ષમાં સમાય છે.

વાંચન, સ્મરણ, વિચાર, નિર્ધાર અને તેનો વારંવ
ભ્યાસ, ભાવનારૂપ પરિણમાવવાથી જે અનુભવના આનંદ
દ્ધિ પોતાને પ્રગટતી તેની વાનગીરૂપ ખાનગી નોંધ, પત્ર
સ્તક આકારે પ્રગટ થતાં અન્ય જીવોને લાભ થતો, તે
ખાણોનો સંગ્રહ 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તકમાં થયેલો છે. તે
થમ પ્રસિદ્ધ થયેલી 'પુષ્પમાળા' છે. સોળ વર્ષ પહેલાં
ખાણોમાં એ ગણાય છે.

'સ્ત્રીનીતિ બોધક'માં અનીતિ દૂર થાય અને નીતિ, સદ પ્રત્યે પ્રેમ થાય તે પ્રકારે સત્ય, શીલ, ઉદ્યમ આદિ વિષ વિસ્તાર મર્યાદિત પ્રમાણમાં કર્યો છે અને આ 'પુષ્પમાળ સૂત્રાત્મક વાક્યોની શૈલીથી ઘણો અર્થ ટૂંકાં વાક્યોમાં સમા પ્રકારે ૧૦૮ બોલ લખ્યા છે. તે વાક્યો વાંચનારની બાહ્ય રોકી પોતાને આજે કે હવે પછી શું કરવું ઘટે તે વિચારમાં તેવાં છે; અને નીતિ, વ્યવહારની સાથે ધર્મ પ્રત્યે વૃત્તિ વાળે છે. વાંચનારની વિચારશક્તિ ઉત્તેજિત કરી, શબ્દસમૂહ પ રહેલા અર્થ અને પરમાર્થના પ્રદેશમાં પ્રવેશ કરવાની પ્રેરણ એવાં ટૂંકાં પણ તીક્ષ્ણ બાણની પેઠે ઊંડાં ઊતરી જાય તેવ વાક્યો છે. આ વાક્યો છપાયેલાં હોવાથી એક વાર વાંચી જ પણ વિચારવાન મનુષ્યને તેનું મહત્ત્વ જણાયા વિના નહી એટલે તેમાંથી અવતરણ આપવા કરતાં માત્ર વાંચવાની ભલ કરીને વિરમું છું. છેલ્લા ૧૦૮મા બોલમાં પોતે જ જણાવ્યું "લાંબી ટૂંકી કે ક્રમાનુક્રમ ગમે તે સ્વરૂપે આ મારી ક પવિત્રતાનાં પુષ્પોથી છવાયેલી માળા પ્રભાતના વખત સાયંકાળે અને અન્ય અનુકૂળ નિવૃત્તિએ વિચારવાથી મંગળ થશે. વિશેષ શું કહું ?"(૨/૧૦૮)

'મોક્ષમાળા' વિષે સં. ૧૯૫૫માં શ્રીમદે પોતે જણાવ્યું

"મોક્ષમાળા અમે સોળ વરસ અને પાંચ માસની ઉ ત્રણ દિવસમાં રચી હતી. ૬૭મા પાઠ ઉપર શાહી ઢોળાઈ તે પાઠ ફરી લખવો પડ્યો હતો, અને તે ઠેકાણે 'બહુ પુણ્ય પુંજથી'નું અમૂલ્ય તાત્ત્વિક વિચારનું કાવ્ય મૂક્યું હતું.

જૈનમાર્ગને યથાર્થ સમજાવવા તેમાં પ્રયાસ કર્યો છે. જિનો
ાર્ગથી કંઈ પણ ન્યૂનાધિક તેમાં કહ્યું નથી. વીતરાગમાર્ગ
આબાલ-વૃદ્ધની રુચિ થાય, તેનું સ્વરૂપ સમજાય, તેનું બ
ૃદયમાં રોપાય તેવા હેતુએ બાલાવબોધરૂપ યોજના તેની
છે.... તે શૈલી તથા તે બોધને અનુસરવા પણ એ નમૂનો આ
છે. એનો 'પ્રજ્ઞાવબોધ' ભાગ ભિન્ન છે તે કોઈ કરશે.

એ છપાતાં વિલંબ થયેલ તેથી (અગાઉથી થયેલા) ગ્રાહકો
આકુળતા ટાળવા 'ભાવનાબોધ' ત્યાર પછી રચી ઉપહાર
ગ્રાહકોને આપ્યો હતો....

ઝાઝા, લાંબા લેખથી કંઈ જ્ઞાનની, વિદ્વતાની તુલના
ાય, પણ સામાન્યપણે જીવોને એ તુલનાની ગમ નથી.''(ઉ.નોંધ

સં. ૧૯૫૬માં 'મોક્ષમાળા'ની બીજી આવૃત્તિના પ્રસંગે પ
્રકાશકને સૂચના કરી છે :—

ૐ

''મોક્ષમાળામાં શબ્દાંતર અથવા પ્રસંગ વિશેષમાં ક
ાક્યાંતર કરવાની વૃત્તિ થાય તે કરશો. ઉપોદ્ઘાત અ
લખવાની વૃત્તિ હોય તે લખશો. જીવનચરિત્રની વૃત્તિ ઉપશ
કરશો.

ઉપોદ્ઘાતથી વાચકને, શ્રોતાને અલ્પ અલ્પ મતાંતરની વૃ
વિસ્મરણ થઈ જ્ઞાનીપુરુષોના આત્મ-સ્વભાવરૂપ પરમધર્મ
વિચાર કરવાની સ્ફુરણા થાય એવો લક્ષ સામાન્યપણે રાખશ
સહજ સૂચના છે. શાંતિ.''(૯૨૧)

'' 'મોક્ષમાળા'ના પાઠ અમે માપી માપીને લખ્યા છે. ફ
આવૃત્તિ અંગે સુખ ઊપજે તેમ પ્રવર્તો. કેટલાંક વાક્ય નીચે લ

દોરી છે, તેમ કરવા જરૂર નથી. શ્રોતા-વાંચકને બનતાં આપણા અભિપ્રાયે ન દોરવા લક્ષ રાખવું. શ્રોતા-વાંચકમાં પો મેળે અભિપ્રાય ઊગવા દેવો. સારાસાર તોલ કરવાનું વાંચ શ્રોતાના પર છોડી દેવું. આપણે તેમને દોરી તેમને પોતાને શકે એવા અભિપ્રાયને થંભી ન દેવો.''(ઉ. નોંધ-૨૪)

એક પ્રૌઢ અનુભવી કેળવણીકાર જેમ પોતાની પહે જમાનાનો વિચાર કરી પૂર્વે થઈ ગયેલા કેળવણીકારોના અ લક્ષમાં લઈ, પોતાના જમાનાની જરૂરિયાતો તથા જમાનાઓની જરૂરિયાતો ઉપર પહોંચે તેટલી દીર્ઘદૃષ્ટિ માનવ સ્વભાવને લક્ષમાં લઈને માર્ગદર્શક ગ્રંથો ગૂંથે તથા શિ પદ્ધતિ યોજે, તેથી પણ વિશેષ યોગ્યતા અને વિશેષ દીર્ઘદૃ શ્રીમદે મોક્ષમાળાની યોજના વિચારી તેની શરૂઆત કરી સામાન્ય કેળવણી લઈ શાળામાંથી ઊઠી ગયેલાં કે વિશેષ કેળ પામેલાં નરનારીઓ તથા જેમણે લખવા વાંચવાનો પણ અભ્યા કર્યો હોય તેમ છતાં વિચાર કરી શકે તેવાં શક્તિ નરનારીઓની વિચારશક્તિનો પ્રવાહ કઈ દિશામાં વ હિતકારી છે? શું વિચારવાથી પોતાને અને પરને ઉપકારી તે ગાળી શકે? મનુષ્યજન્મની મહત્તા અને સફળતા સમજવા સાધવા તેમણે કેમ વર્તવું? મનુષ્યભવ પામેલો હારી જવાય ભૂલવણીનાં ક્યાં સ્થાનકો છે અને તે કેમ તજવા? આદિ પ્રશ્નોના ઉકેલરૂપે કે મનુષ્યધર્મ અથવા આત્મધર્મની ઓળ કરાવવા મોક્ષમાળાની તેઓએ સંકલના વિચારી ત્વરાથી શરૂઆત કરી ત્રણ દિવસમાં જ પ્રથમ પુસ્તક તૈયાર

જનસમાજને તેનો લાભ લેવા જાહેર કરેલું; તેનો લાભ લે
અગાઉથી ગ્રાહકો પણ મળી આવેલાં, પણ તે જમાન
છાપખાનાંની અનુકૂળતા હાલના જેટલી નહીં તથા અન્ય પરાધ
પ્રસંગોને વશ પુસ્તક છપાતાં ઢીલ થઈ અને લગભગ બસો પાન
પુસ્તક છપાઈને તૈયાર થઈ જતાં ઘણો વખત લાગશે તેથી ગ્રાહ
અધીરા સ્વભાવથી અકળાશે એમ પોતાને સમજાયાથી પચ
પાનાનું એક નવું પુસ્તક રચી 'ભાવનાબોધ' નામે પ્રથમ પ્રસિ
કરી અગાઉથી મદદ કરનાર ગ્રાહકોને ભેટ તરીકે આપ્યું. સ
સત્તર વર્ષની ઉમ્મરમાં કેટલી કાર્યકુશળતા તથા જવાબદાર
ભાન તેમને હતું તેનો આ અચૂક પુરાવો છે.

શાળાનાં પાઠ્યપુસ્તકો તરીકે વાંચી જવાનું કે ભણી જવ
આ પુસ્તક નથી. પણ પરીક્ષા જીવન ઉપર અસર કરે છે ત
વિશેષ મહત્ત્વનું અને જીવનની સફળતાનું સાધન હોવાથી,
મનન નિદિધ્યાસન કરી પોતાના દોષો દેખી તે દોષો ટાળવામાં
પુસ્તક દ્વારા શી મદદ મળી શકે એમ છે તે વિચારી જી
સુધારવાના સાધન તરીકે વાપરવાની ભલામણ આપતાં
'શિક્ષણપદ્ધતિ અને મુખમુદ્રા' નામ રાખી પ્રથમ પ્રસ્તાવના લ
છે, તે શિક્ષકોએ, માબાપોએ અને વિચારવાન અભ્યાસીઓ
બહુ વિચારવા યોગ્ય છે :

"મધ્યસ્થતાથી એમાં તત્ત્વજ્ઞાન અને શીલ બોધવાનો ઉ
છે. આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો મુખ્ય હેતુ ઊછરતા બાળ યુવ
અવિવેકી વિદ્યા પામી આત્મસિદ્ધિથી ભ્રષ્ટ થાય છે તે ભ્રષ
અટકાવવાનો પણ છે. બહુ ઊંડા ઊતરતાં આ મોક્ષમાળા મોક્ષ
કારણરૂપ થઈ પડશે!

પાઠક અને વાંચક વર્ગને મુખ્ય ભલામણ એ છે
શિક્ષાપાઠ પાઠે કરવા કરતાં જેમ બને તેમ મનન કરવા;
તાત્પર્ય અનુભવવાં, જેમની સમજણમાં ન આવતાં હોય તે
જ્ઞાતા શિક્ષક કે મુનિઓથી સમજવા, અને એ યોગવાઈ ન હો
પાંચ સાત વખત તે પાઠો વાંચી જવા. એક પાઠ વાંચી ગયા
અર્ધ ઘડી તે પર વિચાર કરી અંતઃકરણને પૂછવું કે શું ત
મળ્યું? તે તાત્પર્યમાંથી હેય (તજવા યોગ્ય), જ્ઞેય (જાણવા યો
અને ઉપાદેય (આદરવા યોગ્ય) શું છે? એમ કરવાથી આખો
સમજી શકાશે. હૃદય કોમળ થશે; વિચારશક્તિ ખીલશે અને
તત્ત્વ પર રૂડી શ્રદ્ધા થશે. આ ગ્રંથ કંઈ પઠન કરવારૂપ
મનન કરવારૂપ છે. અર્થરૂપ કેળવણી એમાં યોજી છે. તે યો
**'બાલાવબોધ'** રૂપ છે. **'વિવેચન'** અને **'પ્રજ્ઞાવબોધ'**
ભિન્ન છે; આ એમાંનો એક કકડો છે; છતાં સામાન્ય તત્ત્વરૂપ

(મોક્ષમાળા-શિક્ષણપધ્ધતિ અને મુખ

કોઈ પણ ઉપયોગી પુસ્તક માટે આ ઉત્તમ શિખામણ
હેય, જ્ઞેય અને ઉપાદેયની કસોટી ઉપર ચઢાવીને ચોપા
માસિક કે અન્ય ગ્રંથમાળાઓ વાંચવાની ટેવ જો વાંચકને પ
જીવનનો અમૂલ્ય વખત નિરર્થક અક્ષરો ઉકેલવામાં જતો
બચી જાય અને જેમાંથી વિશેષ ગ્રહણ કરવા યોગ્ય લાગે તે
વખતનો ઉપયોગ અવશ્ય થાય.

મોક્ષમાળાનો પ્રથમ પાઠ પણ "વાંચનારને ભલામણ"
તેમાં પણ પોતે જણાવ્યું છે :

"કેટલાંક અજ્ઞાન મનુષ્યો નહીં વાંચવા યોગ્ય પુસ્તકો વાં
પોતાનો વખત ખોઈ દે છે, અને અવળે રસ્તે ચઢી જાય છે.

લોકમાં અપકીર્તિ પામે છે, તેમ જ પરલોકમાં નીચ ગતિ
જાય છે.....

તમે કોઈ પ્રકારે આ પુસ્તકની અશાતના કરશો નહીં,
ફાડશો નહીં, ડાઘ પાડશો નહીં કે બીજી કોઈ પણ રીતે બિગા
નહીં. વિવેકથી સઘળું કામ લેજો. વિચક્ષણ પુરુષોએ કહ્યું છે
વિવેક ત્યાં જ ધર્મ છે.

તમને એક એ પણ ભલામણ છે કે, જેઓને વાંચતાં
આવડતું હોય, અને તેની ઇચ્છા હોય તો આ પુસ્તક અનુક્રમે
વાંચી સંભળાવવું.....

તમારા આત્માનું આથી હિત થાય, તમને જ્ઞાન, શાંતિ
આનંદ મળે, તમે પરોપકારી, દયાળુ, ક્ષમાવાન, વિવેકી
બુદ્ધિશાળી થાઓ એવી શુભ યાચના અર્હત્ ભગવાન કને
આ પાઠ પૂર્ણ કરું છું.''(શિ.પા. ૧)

બાળપ્રસ્તાવના, આશિષ અને સૂચનારૂપે પ્રથમ
જણાવી, આ ગ્રંથના પાયારૂપ ''સર્વમાન્ય ધર્મ'' નામે ઉ
કાવ્યમાં દયાનું સ્વરૂપ કે ''એ ભવતારક સુંદર રાહ'' બતાવ્યો
અને ઊંડો વિચાર કરવા પણ સૂચના આપી છે. ''તત્ત્વરૂપથી
ઓળખે, તે જન પહોંચે શાશ્વત સુખે.''

જ્ઞાનીપુરુષોનાં વચનોમાં અપૂર્વ ચમત્કાર રહેલો છે;
આત્માને જાગ્રત કરનાર છે. કોઈ જીવ એક જ વાક્ય
આત્મજ્ઞાન પામ્યા છે. અષ્ટાવક્રે જનકવિદેહીને 'બ્રહ્મ સત્યં, જ
મિથ્યા' એટલું જ જણાવતાં 'પેંગડે પગ અને બ્રહ્મ ઉપદેશ'
કહેવત પ્રમાણે તેમને આત્મસ્વરૂપ સમજાતાં વાર ન લાગી

કોઈને માટે અનેક ગ્રંથોના ઉપદેશની જરૂર પડે છે. તેમ યોગ્ય આત્માને 'દયા ધર્મનું મૂળ છે' કે 'અહિંસા પરમ ધર્મ' એમ વિચારતાં આત્મધર્મનું ઓળખાણ થઈ જાય. તેવું કાવ્ય અત્યંત મહત્વનું છે.

કોઈ વિચારવાન જીવોને આ જગતની વિચિત્રતા વિચ પણ આત્મજ્ઞાન થયું છે. વર્તમાન સ્થિતિનો વિચાર પૂર્વભવનું સ્મરણ થયું છે, અને તેથી પહેલાં હતો, હાલ છે અનંતકાળ સુધી રહેશે એવા શાશ્વત આત્માનું અસ્તિત્વ ઓળખાણ થયું છે. તે વિચારમાં પ્રેરવા ''કર્મના ચમત્કાર'' ત્રીજો પાઠ બાળકોને સમજાય તેવી સરળ છતાં અસર ભાષામાં—જીવ બાંધેલાં કર્મ ભોગવે છે—એ વિષે યોજ્યો છે.

બાંધેલાં કર્મથી જીવ છૂટી શકે છે અને સર્વ કર્મથી મુક્ત મોક્ષ પ્રાપ્ત કરવાનું પ્રથમ સાધન મનુષ્યદેહ છે. તેની આત્મધર્મ આરાધવાથી છે, પણ મનુષ્યની આકૃતિથી વાંદરાને પણ મનુષ્યને મળતી આકૃતિ છે વગેરે ઉપદેશથી મહાપુરુષો અલ્પ વયમાં પણ આત્માને ઓળખી મનુષ્ય-સફળ કરી ગયા છે, માટે મરણ આવતા પહેલાં ચેતી જવા ''માનવદેહ'' નામનો પાઠ ચોથો મૂક્યો છે.

દૃષ્ટાંત અને કથાઓથી ઉપદેશની ઊંડી છાપ પડે છે. પણ હિતકારી ગોળી ગોળે વીંટાળીને ખવરાવવાથી રુચિ બાળકો ખાઈ જાય છે, તેમ શાસ્ત્રોમાં પણ ઉત્તમ સિ સમજાવવા કથાનકોનો ઉપયોગ થયેલો છે. 'ઉત્તરાધ્ય નામના જૈન શાસ્ત્રમાં શ્રેણિક નામના મહારાજાને અ

મુનિના સમાગમે આત્મપ્રકાશક બોધથી આત્મજ્ઞાન પ્રાપ્ત થયું
ે વાત છે. તે વાત આજના જમાનાનાં યુવાન-યુવતીઅ
આકર્ષક લાગે તેવી ભાષા અને શૈલીથી ત્રણ પાઠમાં વણ
સમ્યક્દર્શન કે આત્મજ્ઞાન માટે મનુષ્યદેહ ઉપરાંત આત્મજ્ઞ
ગુરુના ઉપદેશની જરૂર છે તે સિદ્ધ કર્યું છે. ''ભાવનાબો
પ્રથમ છપાવ્યો છે તે ગ્રંથમાં પણ અશરણ ભાવન
ઉદાહરણમાં આ જ કથા પોતે મૂકેલી છે.

જેણે નરકનું આયુષ્ય બાંધ્યું હતું એવા શ્રેણિક રાજાને
સદ્‌ગુરુનો યોગ થતાં ભાવ ફરી ગયા અને આત્માનું ઓળખ
થયું તથા જીવનની દિશા બદલાઈ જતાં શ્રી મહાવીર સ્વામ
યોગે એવા ધર્મભાવમાં રંગાઈ ગયા કે નરકમાં જઈ આવી આવ
કલ્પમાં તે પોતે તીર્થંકર બની અનેક ભવ્ય જીવોના ઉદ્ધારક બન

જેમ રત્નની પરીક્ષામાં ભૂલથાપ કોઈ ખાઈ જાય, તો હજ
કે લાખો રૂપિયાનું નુકસાન સહન કરવું પડે છે તેમ ગુરુને ગ્ર
કરવામાં ભૂલ આવે તો ધર્મને નામે ધાડ પડે. માટે સદ્‌દેવ
સદ્‌ધર્મનું સ્વરૂપ સમજાવનાર ગુરુ સત્-સ્વરૂપ એટલે આત્મ
પુરુષ હશે તો તરવાનો માર્ગ હાથ આવશે, એમ જાણી પછ
ચાર પાઠમાં સદ્‌દેવનું માહાત્મ્ય, સદ્‌ગુરુની યોગ્યતા અને મહ
તથા સદ્‌ધર્મનું સ્વરૂપ સંક્ષેપમાં દર્શાવ્યું છે.

ધર્મ એ ગહન વિષય છે. પરંતુ તેમાં પ્રવેશ કરના
મહત્વની બાબતો તરફ લક્ષ દોરવવા પૂરતા આ પાઠ લખેલા
પરંતુ જેમ જેમ જીવની યોગ્યતા વધે તેમ તેમ તેનો વિશેષ વિ
કરી શકે. તેમ છતાં આ ત્રણ તત્ત્વ-દેવ, ગુરુ અને ધર્મનું સ્વ

યથાર્થ જાણવાથી જ સત્‌ધર્મમાં પ્રવેશ થશે તથા આત્મ
ગુરુના બોધ વિના યથાર્થ સ્વરૂપે ત્રણે તત્ત્વો સમજાવાં મુશ્કે
એટલું પણ દૃઢતાથી સમજાય તો તેવા ગુરુની શોધમાં આત
જીવ રહે અને અન્ય કાર્યો કે અન્ય પ્રસંગોમાં બધું જીવન
જવા ન દે, એ લક્ષથી ટૂંકામાં ત્રણે તત્ત્વની માત્ર રૂપરેખા દ
છે. 'પ્રજ્ઞાવબોધ'ની સંકલનામાં આ ત્રણે તત્ત્વનો વિશેષ વિ
દર્શાવવાનો અભિપ્રાય રાખ્યો લાગે છે.

પછી સત્યધર્મની પ્રાપ્તિ જેને થઈ છે તે ગૃહસ્થ કેવી
વર્તે તો ઉત્તમ ગતિ પામે તે વિષે સૂત્રાત્મક પણ સુંદર માર્ગ
પાઠ લખ્યો છે.

જિનેશ્વરની ભક્તિ વિષે બે પાઠ અને ભક્તિ વિષે
કાવ્ય લખ્યું છે. તેમાંનો પ્રથમનો પાઠ સંવાદરૂપે લખેલ
અને સત્‌દેવ કોને કહેવા તે વિષે ચર્ચા કરીને "શુદ્ધ સચ્ચિદ
સ્વરૂપ અનંત સિદ્ધની ભક્તિથી તેમ જ સર્વ દૂષણરહિત,
મલહીન, મુક્ત, નીરાગી, સકળ ભય રહિત, સર્વજ્ઞ, સર્વ
જિનેશ્વર ભગવાનની ભક્તિથી આત્મશક્તિ પ્રકાશ પામે
(શિ.પા. ૧૩) એમ સાબિત કર્યું છે.

તેર વર્ષ સુધીની "સમુચ્ચય વયચર્યા"માં પોતે જણાવ
કે પ્રથમ જગતકર્તામાં શ્રદ્ધા હતી, પછી જન્મભૂમિના જૈ
સંસર્ગથી તથા પ્રતિક્રમણાદિ પુસ્તકોના વાંચનથી જિનેશ્વર
ઉપર પણ શ્રદ્ધા થઈ હતી. પછીના કાળમાં વૈરાગ્ય અને વિચ
બળે એક જિનેશ્વર દેવ ઉપર શ્રદ્ધા દૃઢ થયેલી અને
શિવ, વિષ્ણુ આદિ દેવોની ભક્તિ મોક્ષ આપે તેવી લાગતી

એવી માન્યતા થયેલી સ્પષ્ટ આ પાઠમાં તેમણે દર્શાવી
મોક્ષમાળામાં પાઠ ૬૦, ૯૭ અને ૧૦૬માં પણ એ માન્યતા ક
વિચારોથી થઈ છે તેનું કંઈક બ્યાન આપેલું છે તે નીચેના ઉત
વાંચવાથી સ્પષ્ટ સમજાય તેમ છે :–

"બીજા ધર્મમતોમાં તત્ત્વજ્ઞાન સંબંધી યથાર્થ સૂક્ષ્મ વિચ
નથી. કેટલાક જગત્કર્તાનો બોધ કરે છે; પણ જગત્કર્તા પ્રમ
વડે સિદ્ધ થઈ શકતો નથી."(શિ.પા. ૬૦)

"પવિત્ર જૈનદર્શનને નાસ્તિક કહેવરાવવામાં તેઓ
દલીલથી મિથ્યા ફાવવા ઇચ્છે છે કે જૈનદર્શન આ જગતના ક
પરમેશ્વરને માનતું નથી; અને જે પરમેશ્વરને નથી માનતા તે
નાસ્તિક જ છે. આ વાત ભદ્રિકજનોને શીઘ્ર ચોંટી રહે છે. કા
તેઓમાં યથાર્થ વિચાર કરવાની પ્રેરણા નથી. પણ જો એ ઉપર
એમ વિચારવામાં આવે કે જૈન જગતને ત્યારે અનાદિ અનંત
છે તે ક્યા ન્યાયથી કહે છે? જગત્કર્તા નથી એમ કહેવામાં એ
નિમિત્ત શું છે? એમ એક પછી એક ભેદરૂપ વિચારથી તે
જૈનની પવિત્રતા પર આવી શકે. જગત રચવાની પરમેશ્વ
અવશ્ય શી હતી? રચ્યું તો સુખદુઃખ મૂકવાનું કારણ શું હ
રચીને મોત શા માટે મૂક્યું? એ લીલા બતાવવી કોને હત
રચ્યું તો ક્યા કર્મથી રચ્યું? તે પહેલા રચવાની ઇચ્છા કાં નહોત
ઈશ્વર કોણ? જગતના પદાર્થ કોણ? અને ઇચ્છા કોણ? રચ્યું
જગતમાં એક જ ધર્મનું પ્રવર્તન રાખવું હતું; આમ ભ્રમણ
નાખવાની અવશ્ય શી હતી? કદાપિ એ બધું માનો કે
બિચારાની ભૂલ થઈ! હશે! ક્ષમા કરીએ, પણ એવું દોઢડહા

ક્યાંથી સૂઝ્યું કે એને જ મૂળથી ઉખેડનાર એવા મહાવીર
પુરુષોને જન્મ આપ્યો? એના કહેલા દર્શનને જગતમાં વિદ્યમ
આપી? પોતાના પગ પર હાથે કરીને કુહાડો મારવાની એને
અવશ્ય હતી? એક તો જાણે એ પ્રકારે વિચાર અને બાકી
પ્રકારે એ વિચાર કે જૈનદર્શનપ્રવર્તકોને એનાથી કંઈ દ્વેષ હતો
જગત્કર્તા હોત તો એમ કહેવાથી એઓના લાભને કંઈ
પહોંચતી હતી? જગત્કર્તા નથી, જગત અનાદિ અનંત છે
કહેવામાં એમને કંઈ મહત્તા મળી જતી હતી? આવા
વિચારો વિચારતાં જણાઈ આવશે કે જેમ જગતનું સ્વરૂપ
તેમજ તે પવિત્ર પુરુષોએ કહ્યું છે. એમાં ભિન્નભાવ કહેવા
લેશ માત્ર પ્રયોજન નહોતું. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુની રક્ષા
પ્રણીત કરી છે, એક રજકણથી કરીને આખા જગતના વિચારો
સર્વ ભેદે કહ્યા છે, તેવા પુરુષોનાં પવિત્ર દર્શનને નાસ્તિક કહે
કઈ ગતિને પામશે એ વિચારતાં દયા આવે છે!''(શિ.પા. ૯

''પ્રશ્ન :— આટલું તો મને લાગે છે કે મહાવીર
જિનેશ્વરનું કથન ન્યાયના કાંટા પર છે; પરંતુ જગત્કર્તાની
ના કહે છે, અને જગત અનાદિ અનંત છે એમ કહે છે તે
કંઈ કંઈ શંકા થાય છે કે આ અસંખ્યાત દ્વીપસમુદ્ર યુક્ત
વગર બનાવ્યે ક્યાંથી હોય?

ઉત્તર :— આપને જ્યાં સુધી આત્માની અનંત શક્તિની
પણ દિવ્ય પ્રસાદી મળી નથી ત્યાં સુધી એમ લાગે છે;
તત્ત્વજ્ઞાને એમ નહીં લાગે. 'સમ્મતિતર્ક' ગ્રંથનો આપ અ
કરશો એટલે એ શંકા નીકળી જશે.

પ્રશ્ન :– પરંતુ સમર્થ વિદ્વાનો પોતાની મૃષા વાતને ૧
દૃષ્ટાંતાદિકથી સૈદ્ધાંતિક કરી દે છે; એથી એ ત્રુટી શકે નહીં; ૧
સત્ય કેમ કહેવાય?

ઉત્તર :– પણ આને કંઈ મૃષા કથવાનું પ્રયોજન નહોતું, સ
પળભર એમ માનો કે, એમ આપણને શંકા થઈ કે એ ક
મૃષા હશે તો પછી જગત્કર્તાએ એવા પુરુષને જન્મ પણ
આપ્યો? નામબોળક પુત્રને જન્મ આપવા શું પ્રયોજન હતું?
વળી એ સત્પુરુષો સર્વજ્ઞ હતા; જગત્કર્તા સિદ્ધ હોત તો સ
કહેવાથી તેઓને કંઈ હાનિ નહોતી.''(શિ.પા. ૧૦૬)

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર સં. ૧૯૫૨ માં રચ્યું તેમાં પણ ૫
ઈશ્વર વિષે જણાવ્યું છે :

**''કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;**
**અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ.''**

ભાવાર્થ– ''જગતનો અથવા જીવોનાં કર્મનો ઈશ્વર કર્તા ક
છે નહીં; શુદ્ધ આત્મસ્વભાવ જેનો થયો છે તે ઈશ્વર છે, અને
જો પ્રેરક એટલે કર્મકર્તા ગણીએ તો તેને દોષનો પ્રભાવ થ
ગણાવો જોઈએ; માટે ઈશ્વરની પ્રેરણા જીવના કર્મ કરવામાં ૧
કહેવાય નહીં.

જો ઈશ્વરાદિ કર્મના વળગાડનાર હોય તો તો જીવ નામ
વચ્ચે કોઈ પણ પદાર્થ રહ્યો નહીં, કેમ કે પ્રેરણાદિ ધર્મે કરીને
અસ્તિત્વ સમજાતું હતું, તે પ્રેરણાદિ તો ઈશ્વરકૃત ઠર્યાં, અથ
ઈશ્વરના ગુણ ઠર્યાં; તો પછી બાકી જીવનું સ્વરૂપ શું રહ્યું કે
જીવ એટલે આત્મા કહીએ? એટલે કર્મ ઈશ્વરપ્રેરિત નહીં ૧
આત્માનાં પોતાનાં જ કરેલાં હોવા યોગ્ય છે.''(આત્મસિદ્ધિ-ગાથા ૭

"જિનેશ્વરની ભક્તિ—ભાગ ૨" અને "ભક્તિનો ઉપદે એ બન્ને પાઠમાં ગદ્યપદ્ય દ્વારા, ઉત્તમ નિમિત્તના સંયોગે આ ભાવ ઉલ્લાસ પામે છે અને તેનું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે, તે વિવેચન છે.

લક્ષ્મી, મહાન કુટુંબ, પુત્ર અને અધિકારની પ્રાપ્તિને મહત્તા માને છે. તેમાં મહત્તાને બદલે લઘુતા છે એમ સા કરી, આત્માની મહત્તા તો સત્યવચન, દયા, ક્ષમા, બ્રહ્મ પરોપકાર અને સમતામાં રહી છે તે દર્શાવવા 'ખરી મહત્ત પાઠ લખ્યો છે.

"જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત" વાક્યની યથાર્થતા દર્શાવતું ભરત ચક્રવર્તીના ભાઈ બાહુબ દૃષ્ટાંત ટૂંકામાં "બાહુબળ" નામના પાઠમાં આપ્યું છે.

પછી "ચાર ગતિ" અને "સંસારને ચાર ઉપમા" વિષે પાઠ આપી સંસાર દુઃખમય અને અસાર છે એમ ઉપ વૈરાગ્યમાં પ્રવેશ કરાવ્યો છે અને તે વૈરાગ્યની વૃદ્ધિ થાય "બાર ભાવના" વિષે સંક્ષિપ્ત વિવેચન છે. આ જ પાઠનો વિ કરી દૃષ્ટાંતો અને પ્રમાણશિક્ષાથી વિશેષ વિવેચન "ભાવનાબોધ" નામના લઘુ ગ્રંથની રચના કરી છે.

કાયોત્સર્ગ એટલે કાયાની ઉપેક્ષા કરી આત્મસ્વરૂ રહેવાની પ્રતિજ્ઞા અમુક કાળ સુધી કરવી અને તેમાં કેવી દ રાખવી તેનું દૃષ્ટાંત "કામદેવ શ્રાવક"ના પાઠમાં આપ્યું છે હાલના શ્રાવકોની ધર્મદૃઢતા એક પાઈ જેવા લાભ માટે ધર્મ કાઢે તેવી છે તેનો ખેદ પ્રગટ કર્યો છે.

લૉર્ડ બેકનના નિબંધોની સ્મૃતિ કરાવે તેવો ''સત્ય'' વિ
પાઠ છે તેમાં વસુરાજા અસત્ય બોલવાથી અધોગતિ પામ્યો તે
કથા પણ આપી છે.

''સત્સંગ'' વિષે જે નિબંધના રૂપમાં લખાણ છે તેવું અંગ્રે
સાહિત્યમાં ક્યાંય પણ મળી શકે તેવું નથી.

''પરિગ્રહને સંકોચવો'' એ વિષે બહુ અસરકારક રી
વિચારવા યોગ્ય સૂચનાઓ સહિત સુભૂમ ચક્રવર્તીનું દૃષ્ટાંત આ
પરિગ્રહની અનિષ્ટતા દર્શાવી છે તથા પરિગ્રહ એ પાપનું મ
છે, પાપનો પિતા છે, એમ સાબિત કર્યું છે.

''તત્ત્વ સમજવું'' એ પાઠમાં પોપટ પેઠે મુખપાઠે શા
કરે, પણ અર્થ ન સમજે તે ઉપર હાસ્યોત્પાદક દૃષ્ટાંત સાથે તત્
વિચાર કરનારને સુખ, આનંદ, વિવેક અને પરિણામે મહદ્
ફળ થાય છે તે વિષે અતિ મહત્વની સૂચના કરી છે.

''યત્ના'' વિષેના પાઠમાં ગૃહસ્થે ગૃહકાર્યાદિમાં કાળ
રાખીને કામ કરવાથી ઘણી જીવહિંસા બચે છે, તે ઉપરાંત
લોકમાં અસ્વચ્છતા, અગવડ, અનારોગ્યતા આદિ દૂર થાય
અને પરલોકમાં દુઃખદાયી મહાપાપનાં ફળ ભોગવવાં પડતાં ન
ઇત્યાદિ અનેક વ્યવહારુ સૂચનાઓ સહિત ટૂંકામાં ઘણું લખ્યું

''રાત્રિભોજન''ના પાઠમાં રાત્રિભોજનનો નિષેધ ધ
શાસ્ત્રમાં અને આયુર્વેદ વગેરે વૈદક શાસ્ત્રોમાં કેમ કરેલો છે તે
કારણો આપી ''ચારે પ્રકારના આહાર રાત્રિને વિષે ત્યાગવ
મહદ્ ફળ છે'' એ જિનવચનનું સમર્થન કર્યું છે.

''સર્વ જીવની રક્ષા'' વિષે બે પાઠ લખ્યા છે. 'દયા એ

ધર્મનું સ્વરૂપ છે' એ વિષે અનેક ધર્મોમાં વર્ણન હોવા દયાનું સૂક્ષ્મ સ્વરૂપ મહાવીર ભગવાને નિરૂપણ કર્યું છે તેના અનુયાયીઓ ચાહીને જીવ હણવાની લેશ ઇચ્છા કરતા તેનું કારણ ખરું ધર્મતત્ત્વ કે તેની શ્રદ્ધા કે તેનો થોડો અંશ વગેરે પ્રથમ ભાગમાં જણાવી બીજા ભાગમાં શ્રેણિક રા માંસાહારી સામંતોને માંસાહારનો ત્યાગ કરાવે તેવી બુદ્ધિ અભયકુમાર પ્રધાને યોજેલી ઉત્તમ યુક્તિની કથા આપેલી અને એવી શુભેચ્છા દર્શાવી છે ''એમ જ તત્ત્વબોધને યૌક્તિક ન્યાયથી અનાર્ય જેવા ધર્મમતવાદીઓને આપવાનો વખત મળે તો આપણે કેવો ભાગ્યશાળી!''(શિ.પા.

''પ્રત્યાખ્યાન'' એટલે અમુક વસ્તુ ભણી ચિત્ત ન એમ તત્ત્વથી સમજી હેતુપૂર્વક નિયમ કરવો. નિયમ પાળ પ્રતિજ્ઞાથી મનને શુભ રાહમાં પ્રવર્તાવવાની શક્તિ પ્રાપ્ત થાય તે એકાગ્ર, વિચારશીલ અને વિવેકી બને છે વગેરે લાભ દર્શ નિયમરહિત દશામાં પાળેલા સદાચાર કેવા શિથિલ હોય છે સમજ ''પ્રત્યાખ્યાન'' પાઠમાં આપી છે.

''વિનય વડે તત્ત્વની સિદ્ધિ છે'' એ પાઠમાં શ્રેણિક રા વિદ્યા લેવા ચંડાળને સિંહાસન પર બેસાડી પોતે સામા રહ્યા ત્યારે ચંડાળ પાસેથી વિદ્યા પ્રાપ્ત થઈ એ વિસ્તૃત કથા વિનય તત્ત્વ પામવામાં પ્રથમ જરૂરનો ગુણ જણાવ્યો છે.

''સુદર્શન શેઠ'' નામના તેત્રીસમા પાઠમાં એક પત્ પાળનાર સુદર્શન શેઠના ઉપર મોહ પામેલી અભયા રા તેને ચળાવવા કરેલા સર્વ પ્રયત્નો વ્યર્થ થયા ત્યારે તેના આરોપ મૂકી તેને ફાંસીએ ચઢાવવાનો હુકમ કરાવ્યો,

બ્રહ્મચર્યના પ્રભાવથી શૂળી ફીટીને તેનું ઝળહળતું સોન
સિંહાસન થયું એ કથા આપેલી છે.

પછીના પાઠમાં બ્રહ્મચર્ય વિષે સુંદર કાવ્ય છે તેની છેલ્લી ક

**"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન !"**

"નમસ્કારમંત્ર" પાઠમાં પંચપરમેષ્ઠીનાં નામસહિત પાં
પૂજ્ય પદના સ્મરણથી તેમના સ્વરૂપ, ગુણ આદિનો વિ
થતાં આત્મકલ્યાણ થાય છે વગેરે કારણો આપીને એ મંત્ર
અવશ્ય કરીને વિમળભાવે જાપ કરવો એવી ભલામણ કરી દ

"અનાનુપૂર્વી" પાઠમાં પિતા-પુત્રના સંવાદરૂપે નમસ્
મંત્રમાં ચિત્ત એકાગ્ર કરી નિર્જરા કરવાના સાધન ત
'અનાનુપૂર્વી'ના કોષ્ટકોવાળી નાની ચોપડીનો જૈનો ઉપયોગ
છે તેનો પરમાર્થ સમજાવ્યો છે.

"સામાયિક વિચાર" ત્રણ પાઠમાં વિસ્તારથી જણાવ્યા
સામાયિક એટલે સમભાવથી ઉત્પન્ન થતો જ્ઞાન દર્શન ચારિત્ર
મોક્ષમાર્ગનો લાભ, એવો અર્થ જણાવી દશ મનના,
વચનના, અને બાર કાયાના એમ બત્રીસ દોષોના અર્થ
ભાગમાં જણાવી, ત્રીજા ભાગમાં નિર્દોષ સામાયિક વિધિપૂ
કરવા સવિસ્તર સૂચના સહિત પ્રેરણા કરી છે.

"પ્રતિક્રમણ વિચાર" પાઠમાં જે જે દોષ થયા હોય તે
પછી એક અંતરાત્માથી જોઈ જવા અને તેનો પશ્ચાતાપ કરી
દોષથી પાછું વળવું તેનું નામ પ્રતિક્રમણ કહેવાય છે, એવો
જણાવી રૂઢિ માર્ગે થતી જૈનોની આ આવશ્યક ક્રિયામાં કે

માહાત્મ્ય છે તે જણાવી છેવટે ભલામણ કરી છે કે જેમ બને પ્રતિક્રમણ ધીરજથી, સમજાય એવી ભાષાથી, શાંતિથી, મ એકાગ્રતાથી અને યત્નાપૂર્વક કરવું.

"ભિખારીનો ખેદ" નામની વાર્તા બે પાઠમાં અ સ્વપ્ન સમાન આ સંસાર અનિત્ય અને ચપળ છતાં મો પ્રાણીઓ તેમાં સુખ માને છે પણ પરિણામે ખેદ, દુર્ગતિ પશ્ચાતાપ પામે છે એવી શિખામણ આપી છે. તથા અ અવિનાશી, અખંડ અને નિત્ય છે એવો ઉપદેશ કર્યો છે.

"અનુપમ ક્ષમા" નામના પાઠમાં સમભાવથી રાખનાર મનુષ્ય ભવસાગર તરી જાય છે એ દર્શાવવા વાસુદેવના નાના ભાઈ ગજસુકુમારની ઉત્તમ ક્ષમાની કથા છે. છેવટે જણાવ્યું છે કે "તત્ત્વજ્ઞાનીઓનાં વચન છે કે, અ માત્ર સ્વસદ્ભાવમાં આવવો જોઈએ; અને તે આવ્યો તો હથેળીમાં જ છે."(શિ.પા. ૪૩)

"રાગ" નામના પાઠમાં ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થ અટકાવનાર, ભગવાન મહાવીરના અંગોપાંગ, વર્ણ, વાણી, ઇત્યાદિ પરનો મોહ હતો એ વિષે કથાનો પ્રસંગ જણાવી, સં ઉપર પામર પ્રાણીઓનો રાગ અનંત દુઃખનું કારણ દર્શાવી નિર્ણય કર્યો છે : "જ્યાં રાગ નથી ત્યાં દ્વેષ નથી; આ સિદ્ધાંત છે. રાગ તીવ્ર કર્મબંધનનું કારણ છે; એના ક્ષ આત્મસિદ્ધિ છે."(શિ.પા. ૪૪)

"સામાન્ય મનોરથ" નામના કાવ્યમાં સ્વરૂપના વિ સહિત બાર વ્રત અંગીકાર કરી જ્ઞાન, વિવેક, વિચારની

કરવાની તથા નવ તત્ત્વનો ઉત્તમ બોધ દર્શાવવાની ભાવ
સહિત મોક્ષમાર્ગમાં પ્રવર્તવાનો મનોરથ દર્શાવ્યો છે.

''કપિલ મુનિ''ની કથા ત્રણ પાઠમાં આપી તૃષ્ણ
કનિષ્ઠતા તથા અનંતતા જણાવી, તેના ત્યાગથી સંતોષ
કલ્પવૃક્ષ દ્વારા કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થાય છે એવો ઉપ
કરતી સુંદર કથા કહી છે.

''તૃષ્ણાની વિચિત્રતા'' વિષે કાવ્ય દ્વારા તૃષ્ણા, મમ
જંજાળ, વય વધે તેમ વધતી જાય છે પણ શાંત થતી નથી
વાત સુંદર મનહર સુભાષિત પદ્યમાં સમજાવી છે.

''પ્રમાદ''નો પાઠ નિબંધના રૂપમાં ઉત્તરાધ્યયન સૂત્ર
દ્રુમપત્ર' અધ્યયનના સારરૂપ અસરકારક શૈલીથી લખાયો
'અતિ વિચક્ષણ પુરુષો સંસારની સર્વોપાધિ ત્યાગીને અહોર
ધર્મમાં સાવધાન થાય છે, પળનો પણ પ્રમાદ કરતા ન
વિચક્ષણ પુરુષો અહોરાત્રના થોડા ભાગને પણ નિરં
ધર્મકર્તવ્યમાં ગાળે છે, અને અવસરે અવસરે ધર્મકર્તવ્ય કરતા
છે. પણ મૂઢ પુરુષો નિદ્રા, આહાર, મોજશોખ અને વિકથા તે
રંગરાગમાં આયુ વ્યતીત કરી નાખે છે. એનું પરિણામ તે
અધોગતિરૂપ પામે છે.... એક પળ વ્યર્થ ખોવાથી એક ભવ હ
જવા જેવું છે એમ તત્ત્વની દૃષ્ટિએ સિદ્ધ છે!''(શિ.પા. ૫૦)

''વિવેક એટલે શું?'' એ પાઠ ગુરુ-શિષ્યના સંવાદ
વિવેક એ જ ધર્મનું મૂળ અને ધર્મરક્ષક છે' તે સમજાવવા લ
છે. તેમાં ગુરુ વિવેકનો સૂક્ષ્મ પણ સુંદર અર્થ સમજાવે છે
'સંસારનાં સુખો અનંતીવાર આત્માએ ભોગવ્યાં છતાં તેમ

હજુ પણ મોહિની ટળી નહીં, અને તેને અમૃત જેવો ગણ્ય
અવિવેક છે; કારણ સંસાર કડવો છે; કડવા વિપાકને આ
તેમજ વૈરાગ્ય જે એ કડવા વિપાકનું ઔષધ છે, તેને
ગણ્યો; આ પણ અવિવેક છે. જ્ઞાનદર્શનાદિ ગુણો અ
અદર્શને ઘેરી લઈ જે મિશ્રતા કરી નાંખી છે તે ઓળખી
અમૃતમાં આવવું, એનું નામ વિવેક છે.''(શિ.પા. ૫૧)

"જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો?" એ પાઠમાં
એકાંત દુઃખમય, અવ્યવસ્થિત, ચળવિચળ અને અનિત્ય
મોહિનીને લીધે પતંગિયું દીવામાં પડે તેમ સંસારમાં જીવ
રહ્યો છે તે જણાવવા ચક્રવર્તી અને ભૂંડ બન્નેને ભોગની આ
અનેક રૂપે સરખી વર્ણવી છે. છેવટે જણાવે છે :—

"ભોગ ભોગવવામાં પણ બન્ને તુચ્છ છે; બન્નેનાં શરી
માંસાદિકનાં છે. સંસારની આ (ચક્રવર્તીની) ઉત્તમોત્તમ
આવી રહી ત્યાં આવું દુઃખ, ક્ષણિકતા, તુચ્છતા, અંધપ
રહ્યું છે તો પછી બીજે સુખ શા માટે ગણવું જોઈએ? એ
નથી, છતાં સુખ ગણો તો જે સુખ ભયવાળાં અને ક્ષણિક
દુઃખ જ છે. અનંત તાપ, અનંત શોક, અનંત દુઃખ
જ્ઞાનીઓએ આ સંસારને પૂંઠ દીધી છે તે સત્ય છે. એ
પાછું વાળી જોવા જેવું નથી, ત્યાં દુઃખ, દુઃખ ને દુઃખ
દુઃખનો એ સમુદ્ર છે.

વૈરાગ્ય એ જ અનંત સુખમાં લઈ જનાર ઉત્કૃષ્ટ ભો
છે.''(શિ.પા. ૫૨)

"મહાવીર શાસન" જેવા વિશાળ વિષયને એક પાઠ
અદ્ભુત શૈલીથી સાગરને ગાગરમાં સમાવે તેમ સમાવ્યો
જન્મથી નિર્વાણ સુધીની મહાવીર-જીવનની રૂપરેખા દે
૨૧,૦૦૦ વર્ષ સુધી ધર્મતીર્થ પ્રવર્તનાર જણાવ્યું છે.

"જૈન સમુદાયમાં પરસ્પર મતભેદ બહુ પડી ગયા
પરસ્પર નિંદાગ્રંથોથી જંજાળ માંડી બેઠા છે. વિવેક વિચારે મધ્ય
પુરુષો મતમતાંતરમાં નહીં પડતાં જૈન શિક્ષાનાં મૂળ તત્ત્વ
આવે છે; ઉત્તમ શીલવાન મુનિઓ પર ભાવિક રહે છે, અને સ
એકાગ્રતાથી પોતાના આત્માને દમે છે.... આપણે ક્યાં તત્ત્વ
વિચાર કરીએ છીએ? ક્યાં ઉત્તમ શીલનો વિચાર કરી
છીએ? નિયમિત વખત ધર્મમાં ક્યાં વ્યતીત કરીએ છીએ
ધર્મતીર્થના ઉદય માટે ક્યાં લક્ષ રાખીએ છીએ? ક્યાં દાઝ
ધર્મતત્ત્વને શોધીએ છીએ?........ પણ તત્ત્વને કોઈક જ જાણે
જાણ્યા કરતાં ઝાઝી શંકા કરનારા અર્ધદગ્ધો પણ છે; જાણ
અહંપદ કરનારા પણ છે; પરંતુ જાણીને તત્ત્વના કાંટામાં તોળન
કોઈક વિરલા જ છે... ટૂંકામાં કહેવાનું કે આપણે આપ
આત્માના સાર્થક અર્થે મતભેદમાં પડવું નહીં. ઉત્તમ અને શ
મુનિનો સમાગમ, વિમળ આચાર, વિવેક, દયા, ક્ષમા, સ
સેવન કરવું. મહાવીરતીર્થને અર્થે બને તો વિવેકી બોધ કા
સહિત આપવો. તુચ્છ બુદ્ધિથી શંકિત થવું નહીં, એમાં આ
પરમ મંગળ છે, એ વિસર્જન કરવું નહીં."(શિ.પા. ૫૩)

"અશુચિ કોને કહેવી?" એ પાઠમાં, બ્રહ્મચર્યની નવ વાડ
ભગવાને સ્નાન કરવાની ના કહી છે તેનો ખુલાસો સંવાદ
સ્પષ્ટ દર્શાવ્યો છે :–

"શરીરની મલિનતાને અશુચિ કહેવી એ વાત વિચારપૂર્વક નથી. શરીર પોતે શાનું બન્યું છે એ તો વિચાર રક્ત, પિત્ત, મળ, મૂત્ર, શ્લેષ્મનો એ ભંડાર છે. તે પર ત્વચા છે; છતાં એ પવિત્ર કેમ થાય? વળી સાધુએ એવું સંસારી કર્તવ્ય કર્યું ન હોય કે જેથી તેઓને સ્નાન કર આવશ્યકતા રહે... નાહવાથી અસંખ્યાતા જંતુનો વિ કામાગ્નિની પ્રદીપ્તતા, વ્રતનો ભંગ, પરિણામનું બદલવું, એ સ અશુચિ ઉત્પન્ન થાય છે અને એથી આત્મા મહા મલિન થાય પ્રથમ એનો વિચાર કરવો જોઈએ... આત્માની મલિનતા અશુચિ છે.... સમજણપૂર્વક અશુચિ ટાળવી જ જોઈએ. જૈન એક્કે પવિત્ર દર્શન નથી; અને તે અપવિત્રતાનો બોધ કરતું પરંતુ શૌચાશૌચનું સ્વરૂપ સમજવું જોઈએ." (શિ.પા. ૫૪)

"સામાન્ય નિત્યનિયમ" પાઠમાં આખા દિવસમાં ધ ગૃહસ્થે પાળવા યોગ્ય સદાચાર ટૂંકામાં જણાવ્યો છે. તે "સૂક્ષ્મ વિચ અને તેમ પ્રવર્તવાથી એ વિશેષ મંગળદાયક થશે." (શિ.પા. ૫૫)

"ક્ષમાપના" એ ગદ્યપ્રાર્થનાનો પાઠ છે. દરરોજ આત જીવે તે પાઠ ભણવા યોગ્ય છે. તેમાં પોતાના દોષો અ લઘુતાથી ભગવાનની સમક્ષ રજૂ કરી પોતાનું અનાથપણું દ છે તથા ભગવાનનું, ભગવાને કહેલા ધર્મનું અને તેમના મુ શરણ ગ્રહણ કરી, સર્વ પાપથી મુક્ત થવાની અભિલાષા પાપનો પશ્ચાત્તાપ કરી, સૂક્ષ્મ વિચારથી ઊંડાં ઊતરી ભગવ સ્વરૂપના વિચારથી પોતાના સ્વરૂપની ખાત્રી કરી, ભગ કહેલાં તત્ત્વોમાં નિઃશંક થવાની અને ભગવાને કહેલા મા અહોરાત્ર રહેવાની વૃત્તિ યાચી છે. અંતે પશ્ચાત્તાપથી કર્મ

ાપની ક્ષમા ઇચ્છી છે. હજારો નરનારીઓ આ પાઠ મુખ
કરી દરરોજ નિયમિતપણે પ્રાર્થના કરે છે, એવો ઉત્તમ આ પાઠ

"વૈરાગ્ય એ ધર્મનું સ્વરૂપ છે." એ પાઠમાં સત્ય
તરફ વાંચનારનું લક્ષ કરાવવા કંઈક પરીક્ષક બુદ્ધિ જાગ્રત થ
ને પ્રકારે ટૂંકામાં અસરકારક ઉપદેશ છે. "અનેક ધર્મમતો
જગતમાં ચાલે છે, તે સંબંધી અપક્ષપાતે વિચાર કર
આગળથી આટલું વિચારવું અવશ્યનું છે કે, જ્યાં સ્ત્રી
ભોગવવાનો ઉપદેશ કર્યો હોય, લક્ષ્મીલીલાની શિક્ષા આપી હો
રંગ, રાગ, ગુલતાન અને એશઆરામ કરવાનું તત્ત્વ બતાવ્યું
ત્યાંથી આપણા આત્માની સત્ શાંતિ નથી. કારણ એ ધર્મ
ગણીએ તો આખો સંસાર ધર્મમતયુક્ત જ છે.... તત્ત્વજ્ઞાન
દૃષ્ટિએ આત્મા સંસારમાં વિષયાદિક મલિનતાથી પર્યટન કરે
તે મલિનતાનો ક્ષય વિશુદ્ધ ભાવજળથી હોવો જોઈએ. અર્હંત
કહેલાં તત્ત્વરૂપ સાબુ અને વૈરાગ્યરૂપી જળથી ઉત્તમ આચાર
પથ્થર પર રાખીને આત્મવસ્ત્રને ધોનાર નિર્ગ્રંથ ગુરુ છે. અ
જો વૈરાગ્યજળ ન હોય તો બધાં સાહિત્યો કંઈ કરી શકતાં ન
માટે વૈરાગ્યને ધર્મનું સ્વરૂપ કહી શકાય. યદિ અર્હંતપ્રણીત ત
વૈરાગ્ય જ બોધે છે, તો તે જ ધર્મનું સ્વરૂપ એમ ગણવું."(શિ.પા.

"ધર્મના મતભેદ" વિષે ત્રણ પાઠમાં પ્રશ્નોત્તર રૂપે પરી
બુદ્ધિ કેળવાય તેવી ચર્ચા કરેલી છે. વેદાંત, સાંખ્ય, બૌ
ન્યાયમત, વૈશેષિક, શક્તિપંથ, વૈષ્ણવ, ઇસ્લામી, ક્રાઈસ્ટ મત
ઉપદેશકો પોતાનું કહેલું સત્ય અને બાકીના બધા અસ
કુતર્કવાદી છે એમ માની યોગ્ય અયોગ્ય ખંડન કરે છે; ત્

આપણે શો વિચાર કરવો? અનેક ધર્મના મતભેદનું કારણ તેનું સમાધાન એમ છે કે "એ ધર્મમતવાળાઓની જ્યાં બુદ્ધિની ગતિ પહોંચી ત્યાં સુધી તેમણે વિચારો કર્યા. અનુમાન અને ઉપમાદિક આધાર વડે તેઓને જે કથન સિદ્ધ જણા પ્રત્યક્ષરૂપે જાણે સિદ્ધ છે એવું તેમણે દર્શાવ્યું. જે પક્ષ લીધો મુખ્ય એકાંતિક વાદ લીધો; ભક્તિ, વિશ્વાસ, નીતિ, જ્ઞાન કે એમાંના એક વિષયને વિશેષ વર્ણવ્યો, એથી બીજા માનવા વિષયો તેમણે દૂષિત કરી દીધા. વળી જે વિષયો તેમણે વર્ણ સર્વ ભાવભેદે તેઓએ કંઈ જાણ્યા નહોતા, પણ પોતાની બુદ્ધિ અનુસારે બહુ વર્ણવ્યા. તાર્કિક સિદ્ધાંત દૃષ્ટાંતા સામાન્ય બુદ્ધિવાળા આગળ કે જડભરત આગળ તેઓએ કરી બતાવ્યો. કીર્તિ, લોકહિત, કે ભગવાન મનાવાની આ એમાંની એકાદિ પણ એમના મનની ભ્રમણા હોવાથી અ ઉદ્યમાદિકથી તેઓ જય પામ્યા. કેટલાકે શૃંગાર અને સાધનોથી મનુષ્યનાં મન હરણ કર્યાં. દુનિયા મોહિનીમાં તો ડૂબી પડી છે; એટલે એ લહેરી દર્શનથી ગાડરરૂપે થઈને તે રાજી થઈ તેનું કહેવું માન્ય રાખ્યું. કેટલાકે નીતિ તથા વૈરાગ્યાદિ ગુણ દેખી તે કથન માન્ય રાખ્યું. પ્રવર્તકની બુદ્ધિ કરતાં વિશેષ હોવાથી તેને પછી ભગવાનરૂપ જ માની કેટલાકે વૈરાગ્યથી ધર્મમત ફેલાવી પાછળથી કેટલાંક સુખશી સાધનનો બોધ ખોસી દીધો. પોતાનો મત સ્થાપન કરવાની ભ્રમણાએ અને પોતાની અપૂર્ણતા ઇત્યાદિક ગમે તે કાર બીજાનું કહેલું પોતાને ન રુચ્યું એટલે તેણે જુદો જ રાહ કા

આમ અનેક મતમતાંતરની જાળ થતી ગઈ. ચાર પાંચ પે
એકનો એક ધર્મ પાળ્યો એટલે પછી તે કુળધર્મ થઈ પડ્યો. સ
સ્થળે સ્થળે થતું ગયું.''(શિ.પા. ૫૯)

''વેદ સિવાયના બીજા મતોના પ્રર્વતકો, એમના ચરિ
વિચારો ઇત્યાદિક વાંચવાથી અપૂર્ણ છે એમ જણાઈ આવે
.... વર્તમાનમાં જે વેદો છે તે ઘણા પ્રાચીન ગ્રંથો છે તેથી તે મ
પ્રાચીનપણું છે. પરંતુ તે પણ હિંસાએ કરીને દૂષિત હોવાથી અ
છે, તેમજ સરાગીનાં વાક્ય છે એમ સ્પષ્ટ જણાય છે.

જે પૂર્ણ દર્શન વિષે અત્રે કહેવાનું છે તે જૈન એ
વીરાગીના સ્થાપન કરેલા દર્શન વિષે છે. એના બોધદાતા સ
અને સર્વદર્શી હતા. કાળભેદ છે તો પણ એ વાત સૈદ્ધાં
જણાય છે. દયા, બ્રહ્મચર્ય, શીલ, વિવેક, વૈરાગ્ય, જ્ઞાન, ક્રિય
એના જેવાં પૂર્ણ એક્કેએ વર્ણવ્યાં નથી. તેની સાથે શ્
આત્મજ્ઞાન, તેની કોટિઓ, જીવનાં ચ્યવન, જન્મ, ગતિ, વિગ
યોનિદ્વાર, પ્રદેશ, કાળ, તેનાં સ્વરૂપ એ વિષે એવો સૂક્ષ્મ બોધ
કે જે વડે તેની સર્વજ્ઞતાની નિઃશંકતા થાય.... તેઓના કેટલ
સિદ્ધાંતો એવા સૂક્ષ્મ છે કે, જે એકેક વિચારતાં આખી જિંદગી
જાય તેવું છે... બહુ મનનથી સર્વ ધર્મમત જાણી પછી તુલ
કરનારને આ કથન અવશ્ય સિદ્ધ થશે.''(શિ.પા. ૬૦)

''સુખ વિષે વિચાર'' બહુ મનન કરવા યોગ્ય કથા
પાઠમાં યોજી, મહાપુરુષના જીવનની છાપ જેમ વાંચક વર્ગ ઉ
અજબ પડે તેમ લખી છે. એક ગરીબ બ્રાહ્મણ 'કેવું સુખ દેવ પ
માગવું' તે શોધવા પ્રવાસ કરી થાકી ગયો પણ કોઈ ખરો સુ

જણાયો નહીં. છેવટે દ્વારિકાના એક મહા ધનાઢ્યને ત્યાં
ચઢ્યો અને તેને સુખી જોઈ નિશ્ચય કરે છે કે હવે તપ કરી
હું માગું તો આ મહા ધનાઢ્ય જેવું જ સઘળું માગું, બીજી ચ
કરું નહીં. એ વિચાર સાંભળી તે ધનાઢ્યે જણાવ્યું કે "
સિદ્ધાંત આવો છે કે જગતમાં કોઈ સ્થળે વાસ્તવિક સુખ
જગત દુઃખથી કરીને દાઝતું છે. તમે મને સુખી જુઓ છો
વાસ્તવિક રીતે હું સુખી નથી.''(શિ.પા.૬૨) એમ કહી પોતાનું વૃ
તેને જણાવે છે; તેમાં સંસારની અનેક વિટંબનાઓમાં કોટ્ય
ધનનો નાશ થતાં થયેલાં દુઃખ, કુટુંબીઓના વિયોગનાં
દુઃખ, ફરી પરદેશનાં દુઃખ વેઠી ધન કમાવા કરેલા પુરુ
તેની સાથે કરવાં પડેલાં પાપ અને સહન કરેલાં દુઃખ, કુટુંબી
વિયોગ વડે વગર દમડીએ જાવે જે વખતે તે ગયો તે વખ
સ્થિતિ, અજ્ઞાન દૃષ્ટિએ આંખમાં આંસુ આવે તેવી વ
જણાવ્યું કે "આ વખતે પણ ધર્મમાં લક્ષ રાખ્યું હતું. દિવ
અમુક ભાગ તેમાં રોકતો હતો, તે લક્ષ્મી કે એવી લાલચે
પરંતુ સંસારદુઃખથી એ તારનાર સાધન છે એમ ગણીને, મો
ભય ક્ષણ પણ દૂર નથી; માટે એ કર્તવ્ય જેમ બને તેમ કરી
એ મારી મુખ્ય નીતિ હતી. દુરાચારથી કંઈ સુખ નથી; મનની
નથી; અને આત્માની મલિનતા છે. એ તત્ત્વ ભણી મેં મારું
દોરેલું હતું.''(શિ.પા.૬૩) પછી પોતાની સમૃદ્ધિ તથા વર્તમાન સુખ
સદાચારના નિયમો બ્રાહ્મણને જણાવી કહ્યું : "હું બહુ વિ
વિચારી વ્યાપાર વહીવટ કરતો હતો. તોપણ મારે આરંભોપ
અનીતિ અને લેશ પણ કપટ સેવવું પડ્યું નથી, એમ તો નથ

અનેક પ્રકારનાં આરંભ અને કપટ મારે સેવવાં પડ્યાં હતાં. અ
જો ધારતા હો કે દેવોપાસનથી લક્ષ્મી પ્રાપ્ત કરવી. તો તે જો પુ
ન હોય તો કોઈ કાળે મળનાર નથી. પુણ્યથી લક્ષ્મી પ
મહારંભ, કપટ અને માનપ્રમુખ વધારવાં તે મહાપાપનાં કારણ
પાપ નરકમાં નાંખે છે. પાપથી આત્મા, પામેલો મહાન મનુષ્ય
એળે ગુમાવી દે છે....લક્ષ્મીની અને તે વડે આખા સંસાર
ઉપાધિ ભોગવવી તે હું ધારું છું કે વિવેકી આત્માને માન્ય
હોય.... જેમ આપની ઇચ્છા હોય તેમ કરો, આપ વિદ્વાન છો,
વિદ્વાનને ચાહું છું. આપની અભિલાષા હોય તો ધર્મધ્યાન
આસક્ત થઈ સહકુટુંબ અહીં ભલે રહો.''(શિ.પા. ૬૫)

પછી પોતાના સામાન્ય વિચારો તે બ્રાહ્મણને કહે છે :

''જેઓ કેવળ લક્ષ્મીને ઉપાર્જન કરવામાં કપટ, લોભ
માયામાં મૂંઝાયા પડ્યા છે તે બહુ દુઃખી છે. તેનો તે પૂ
ઉપયોગ કે અધૂરો ઉપયોગ કરી શકતા નથી, માત્ર ઉપાધિ
ભોગવે છે. તે અસંખ્યાત પાપ કરે છે. તેને કાળ અચાનક લ
ઉપાડી જાય છે. અધોગતિ પામી તે જીવ અનંત સંસાર વધ
છે. મળેલો મનુષ્યદેહ એ નિર્મૂલ્ય કરી નાખે છે જેથી તે નિરં
દુઃખી જ છે.

જેણે પોતાનાં ઉપજીવિકા જેટલાં સાધનમાત્ર અલ્પારંભ
રાખ્યાં છે, શુદ્ધ એક પત્નીવ્રત, સંતોષ, પરમાત્માની રક્ષા, ય
નિયમ, પરોપકાર, અલ્પરાગ, અલ્પદ્રવ્યમાયા અને સત્ય તે
શાસ્ત્રાધ્યયન રાખ્યું છે, જે સત્પુરુષોને સેવે છે, જેણે નિર્ગ્રંથત
મનોરથ રાખ્યો છે, બહુ પ્રકારે કરીને સંસારથી જે ત્યાગી જે

છે, જેના વૈરાગ્ય અને વિવેક ઉત્કૃષ્ટ છે તે પવિત્રતામાં સુખ કાળ નિર્ગમન કરે છે.

સર્વ પ્રકારના આરંભ અને પરિગ્રહથી જેઓ રહિત છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જેઓ અપ્રતિબં વિચરે છે, શત્રુ-મિત્ર પ્રત્યે જે સમાન દૃષ્ટિવાળા છે અને આત્મધ્યાનમાં જેમનો કાળ નિર્ગમન થાય છે, અથવા સ્વા ધ્યાનમાં જે લીન છે, એવા જિતેન્દ્રિય અને જિતકષાય તે નિ પરમ સુખી છે.

સર્વ ઘનઘાતી કર્મનો ક્ષય જેમણે કર્યો છે, ચાર કર્મ પ જેનાં પડ્યાં છે, જે મુક્ત છે, જે અનંતજ્ઞાની અને અનંતદ તે તો સંપૂર્ણ સુખી જ છે, મોક્ષમાં તેઓ અનંત જીવનના સુખમાં સર્વ-કર્મ-વિરક્તતાથી વિરાજે છે.

આમ સત્પુરુષોએ કહેલો મત મને માન્ય છે. પહેલો તો ત્યાજ્ય છે. બીજો હમણાં માન્ય છે; અને ઘણે ભાગે એ કરવાનો મારો બોધ છે. ત્રીજો બહુ માન્ય છે. અને ચોથ સર્વમાન્ય અને સચ્ચિદાનંદસ્વરૂપ જ છે...

જે વિવેકીઓ આ સુખ સંબંધી વિચાર કરશે તેઓ બહુ અને આત્મશ્રેણીની ઉત્કૃષ્ટતાને પામશે. એમાં કહેલાં અલ્પા નિરારંભી અને સર્વમુક્ત લક્ષણો લક્ષપૂર્વક મનન કરવા જેવ જેમ બને તેમ અલ્પારંભી થઈ સમભાવથી જનસમુદાયના ભણી વળવું. પરોપકાર, દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતાનું કરવું એ બહુ સુખદાયક છે. નિર્ગ્રંથતા વિષે તો વિશેષ કહેવા નથી. મુક્તાત્મા તો અનંત સુખમય જ છે.'' (શિ.પા. ૬૬)

"અમૂલ્ય તત્ત્વવિચાર" નામના કાવ્યમાં મનુષ્યભવ
ુર્લભતા દર્શાવી તે વ્યર્થ વહી ન જાય, કાલ્પનિક સુખ શોધવા
ોક્ષસાધન રહી ન જાય તે વિષે ચેતવણી આપી છે; સંસાર
લક્ષ્મી, અધિકાર, કુટુંબ પરિવારની વૃદ્ધિને મહાભાગ્ય માનવા
ાવે છે અને તે માટે આખો મનુષ્યભવ હારી જાય છે તે
વિચાર કરવા સૂચના જણાવી આત્મિક આનંદ ગમે ત્યાં
ાપ્ત કરવા સૂચવ્યું છે. આત્મવિચાર ઊગે તેવો વિચાર પ્રેર
જણાવે છે :

**"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં."**

કોઈ આત્મઅનુભવી પુરુષના વચન ઉપર વિશ્વાસ કરવા
આત્મસ્વરૂપ પ્રાપ્ત થાય છે એમ જણાવી, છેલ્લી બે લીટી હૃદય
લખી રાખવા યોગ્ય લખી છે :

**"રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,**
**સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો."**

(શિ.પા.

"જિતેન્દ્રિયતા" પાઠ નિબંધના રૂપે મનને વશ કરવા
બહુ ઉપયોગી સૂચનાઓ સહિત લખાયેલો છે.

"મન અકસ્માત્ કોઈથી જ જીતી શકાય છે. નહીં
અભ્યાસ કરીને જ જિતાય છે. એ અભ્યાસ નિર્ગ્રંથતામાં બહુ
શકે છે; છતાં ગૃહસ્થાશ્રમે સામાન્ય પરિચય કરવા માગીએ
તેનો મુખ્ય માર્ગ આ છે કે, તે જે દુરિચ્છા કરે તેને ભૂલી જવી;
કરવું નહીં. તે જ્યારે શબ્દ-સ્પર્શાદિ વિલાસ ઇચ્છે ત્યારે આપ

નહીં. ટૂંકામાં આપણે એથી દોરાવું નહીં પણ આપણે એને દ
અને દોરવું તે પણ મોક્ષમાર્ગમાં. જિતેન્દ્રિયતા વિના સર્વ પ્રક
ઉપાધિ ઊભી જ રહી છે. ત્યાગે ન ત્યાગ્યા જેવો થાય
લોકલજ્જાએ તેને સેવવો પડે છે. માટે અભ્યાસે કરીને પણ
જીતીને સ્વાધીનતામાં લઈ અવશ્ય આત્મહિત કરવું.''(શિ.પા.

''બ્રહ્મચર્યની નવ વાડ'' એ પાઠમાં બ્રહ્મચર્યરૂપી એક
ઝાડ અને તેને રક્ષા કરનારી નવ વિધિઓ તેને નવ વાડનું
આપી આચાર પાળવામાં વિશેષ સ્મૃતિ રહી શકે એવી સર
કરી છે.

''સનત્કુમાર''નું ચરિત્ર અશુચિભાવના દર્શાવવા બે પ
લખ્યું છે. સનત્કુમાર ચક્રવર્તીનું રૂપ જોવા બે દેવો સ્વર્ગ
આવ્યા હતા, જોઈને આનંદ પામ્યા, પરંતુ પૂર્વનાં પાપને
તથા આ કાયાના મદ સંબંધી મેળવણ થવાથી બે ઘ
ચક્રવર્તીની કાયા ઝેરમય થઈ ગઈ. ''કાયાનો આવો પ્રપંચ જ
સનત્કુમારને અંતઃકરણમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો.... આવી ને
અશુચિ સ્ત્રી, પુત્ર, મિત્રાદિનાં શરીરમાં રહી છે. એ
મોહમાન કરવા યોગ્ય નથી, એમ બોલીને તે છ ખંડની પ્ર
ત્યાગ કરીને ચાલી નીકળ્યા. સાધુરૂપે જ્યારે વિચરતા હતા
મહારોગ ઉત્પન્ન થયો. તેના સત્યત્વની પરીક્ષા લેવાને કોઈ
ત્યાં વૈદરૂપે આવ્યો. સાધુને કહ્યું : હું બહુ કુશળ રાજવૈદ
તમારી કાયા રોગનો ભોગ થયેલી છે; જો ઇચ્છા હોય તો ત
હું તે રોગને ટાળી આપું, સાધુ બોલ્યા : 'હે વૈદ! કર્મરૂપી
મહોન્મત્ત છે; એ રોગ ટાળવાની તમારી જો સમર્થતા હોય

મલે મારો એ રોગ ટાળો. એ સમર્થતા ન હોય તો આ રોગ
રહ્યો'... મળ, મૂત્ર, નરક, હાડ, માંસ, પરુ અને શ્લેષ્મથી
બંધારણ ટક્યું છે, ત્વચાથી માત્ર જેની મનોહરતા છે, તે કાય
મોહ ખરે! વિભ્રમ જ છે!''(શિ.પા. ૭૧)

''બત્રીસ યોગ'' આત્માને ઉજ્જવળ કરવા માટે બત્ર
બોલ આ પાઠમાં જણાવ્યા છે. એકેક યોગ અમૂલ્ય છે. સઘ
સંગ્રહ કરનાર પરિણામે અનંત સુખને પામે છે. જેમકે
મમત્વનો ત્યાગ કરવો, ગુપ્ત તપ કરવું, સમકિત શુદ્ધ રાખ
શુદ્ધ કરણીમાં સાવધાન થવું, આપત્તિ કાળે પણ ધર્મનું દૃઢ
ત્યાગવું નહીં, મરણકાળે આરાધના કરવી ઇત્યાદિ.

''મોક્ષસુખ'' નામના પાઠમાં શાસ્ત્રાધારે એક કથા લખી
'ભગવાનને ગૌતમસ્વામીએ મોક્ષના અનંત સુખ વિષે પ્રશ્ન ક
ત્યારે ભગવાને ઉત્તરમાં કહ્યું : ગૌતમ! એ અનંત સુખ! હું જ
છું; પણ તે કહી શકાય એવી અહીં આગળ કંઈ ઉપમા ન
જગતમાં એ સુખના તુલ્ય કોઈ પણ વસ્તુ કે સુખ નથી.''(શિ.પા.

એક ભીલે રાજાને વનમાં પાણી પાયાથી તેના પર પ્રસ
થઈને રાજનગરમાં તેને રાજા લઈ ગયો અને અનેક વસ્તુ
ખાવાની, જોવાની, સૂંઘવાની તેને આપી, પણ સગાંવહ
સાંભરતાં તે છાનોમાનો વનમાં જતો રહ્યો, ત્યાં તેનાં સગ
પૂછ્યું : તું ક્યાં હતો?

ભીલે કહ્યું : 'બહુ સુખમાં. ત્યાં મેં બહુ વખાણવા લા
વસ્તુઓ જોઈ.'

કુટુંબીઓએ ફરી પૂછ્યું : 'પણ તે કેવી? તે તો અમને ક

ભીલ કહે : 'શું કહું, અહીં એવી એક્કે વસ્તુ જ નથી.' વસ્તુઓ—શંખલા, છીપ, કોડા બતાવી તેમણે વારંવાર પૂછ્યું તે કહી શક્યો નહીં; તેમ અનુપમેય મોક્ષને, સચ્ચિદ સ્વરૂપમય નિર્વિકારી મોક્ષનાં સુખના અસંખ્યાતમા ભાગને યોગ્ય ઉપમા અપાય તેવું અહીં કોઈ સુખ નથી. ક્ષણિક સંબંધી વિચાર આડે સત્સુખનો વિચાર આવી શકતો નથી.

"ધર્મધ્યાન" વિષે ત્રણ પાઠમાં ચાર ભેદ, ચાર લક્ષણો, આલંબન અને ચાર અનુપ્રેક્ષા એમ સોળ પ્રકારે હિતકારી ઉપયોગી વર્ણન કર્યું છે. "એ ધ્યાન વડે કરીને આત્મા મુ ભાવમાં નિરંતર પ્રવેશ કરે છે.... એમાંના કેટલાક સમજવાથી તપ, શાંતિ, ક્ષમા, દયા, વૈરાગ્ય અને જ્ઞાનનો બહુ ઉદય થશે."(શિ.પા. ૭૬)

"જ્ઞાન સંબંધી બે બોલ" નામના ચાર પાઠમાં ની પ્રશ્નોની ચર્ચા ટૂંકામાં વિચારણાની વૃદ્ધિ થાય તે પ્રકારે કરી 

(૧) જ્ઞાનની શી આવશ્યક્તા છે ?

(૨) જ્ઞાનપ્રાપ્તિના કંઈ સાધન છે ?

(૩) તેને અનુકૂળ દ્રવ્ય, દેશ, કાળ, ભાવ છે ?

(૪) તે ક્યાં સુધી અનુકૂળ છે ?

(૫) વિશેષ વિચારમાં એ જ્ઞાનના ભેદ કેટલા છે ?

(૬) જાણવારૂપ છે શું ?

(૭) એના વળી કેટલા ભેદ છે ?

(૮) જાણવાનાં સાધન ક્યાં ક્યાં છે ?

(૯) કઈ કઈ વાટે તે સાધનો પ્રાપ્ત કરાય છે ?

(૧૦) એ જ્ઞાનનો ઉપયોગ કે પરિણામ શું છે ?

"પંચમકાળ" નામના પાઠમાં આ કળિકાળમાં કેવું વર્તન ભરતક્ષેત્રે થવું જોઈએ તેને માટે સત્પુરુષોએ કેટલાક વિચ જણાવ્યા છે. તે અનુસાર પ્રત્યક્ષ આપણી નજરે જણાય ત પડતીની નિશાનીઓ ગણાવી છે. છેવટે જણાવ્યું છે કે "પં કાળનું આવું સ્વરૂપ જાણીને વિવેકી પુરુષો તત્ત્વને ગ્રહણ કર કાળાનુસાર ધર્મતત્ત્વશ્રદ્ધા પામીને ઉચ્ચગતિ સાધી પરિણામે મ સાધશે. નિર્ગ્રંથ પ્રવચન, નિર્ગ્રંથ ગુરુ ઇત્યાદિ ધર્મતત્ત્વ પામવા સાધનો છે. એની આરાધનાથી કર્મની વિરાધના છે."(શિ.પા. ૮

"તત્ત્વાવબોધ" વિષે ૧૭ પાઠ લખી તેમાં નવ તત્ત્વ સ્વરૂપ જાણવાની જરૂર જણાવતાં લખે છે : "નિર્ગ્રંથપ્રવચનનો જે સૂક્ષ્મ બોધ છે, તે તત્ત્વની દૃષ્ટિએ નવ તત્ત્વમાં સમાઈ જ છે; તેમજ સઘળા ધર્મમતોના સૂક્ષ્મ વિચાર એ નવતત્ વિજ્ઞાનના એક દેશમાં આવી જાય છે. આત્માની જે અ શક્તિઓ ઢંકાઈ રહી છે તેને પ્રકાશિત કરવા અર્હંત ભગવાન પવિત્ર બોધ છે. એ અનંત શક્તિઓ ત્યારે પ્રફુલ્લિત થઈ શકે જ્યારે નવતત્ત્વ વિજ્ઞાનમાં પારાવાર જ્ઞાની થાય."(શિ.પા. ૮૩)

વર્તમાન સ્થિતિ વર્ણવતાં તેઓ જણાવે છે :

"મહાવીર ભગવંતના શાસનમાં બહુ મતમતાંતર પડી ગ છે, તેનું મુખ્ય આ એક કારણ પણ છે કે તત્ત્વજ્ઞાન ભણી ઉપાસક વર્ગનું લક્ષ ગયું. માત્ર ક્રિયાભાવ પર રાચતા રહ્યા; પરિણામ દૃષ્ટિગોચર છે. વર્તમાન શોધમાં આવેલી પૃથ્વી વસતિ લગભગ દોઢ અબજની ગણાઈ છે; તેમાં સર્વ ગચ્છ મળીને જૈન પ્રજા માત્ર વીશ લાખ છે. એ પ્રજા તે શ્રમણોપા

છે. એમાંથી હું ધારું છું કે નવતત્ત્વને પઠનરૂપે બે હજાર પ
પણ માંડ જાણતા હશે; મનન અને વિચારપૂર્વક તો આંગ
ટેરવે ગણી શકીએ તેટલા પુરુષો પણ નહીં હશે.... એ નવ
વિચાર સંબંધી પ્રત્યેક મુનિઓને મારી વિજ્ઞપ્તિ છે કે વિવેક
ગુરુગમ્યતાથી એનું જ્ઞાન વિશેષ વૃદ્ધિમાન કરવું; એથી તે
પવિત્ર પંચ મહાવ્રત દૃઢ થશે; જિનેશ્વરનાં વચનામૃતના અ
આનંદની પ્રસાદી મળશે; મુનિત્વઆચાર પાળવામાં સરળ
પડશે; જ્ઞાન અને ક્રિયા વિશુદ્ધ રહેવાથી સમ્યક્ત્વનો ઉદય
પરિણામે ભવાંત થઈ જશે.''(શિ.પા. ૮૪) ''નવ તત્ત્વ એટલે તેનું
સામાન્ય ગૂંથનયુક્ત પુસ્તક હોય તે નહીં; પરંતુ જે જે સ્થળે
વિચારો જ્ઞાનીઓએ પ્રણીત કર્યા છે તે તે વિચારો નવતત્ત્વ
અમુક એક બે કે વિશેષ તત્ત્વના હોય છે.''(શિ.પા. ૮૫)

એક સમર્થ વિદ્વાન સાથે શ્રીમદ્‌ને નિર્ગ્રંથ પ્રવ
ચમત્કૃતિ વિષે વાતચીત થયેલી, તેમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌ
'ઉપન્નેવા' 'વિઘનેવા' 'ધુવેવા' - એ લબ્ધિવાક્યને અનુસાર
ઉત્પન્ન થાય છે, જીવ નાશ પામે છે, અને જીવ નિત્ય કે ધ્રુ
એમ હા પાડીને પછી જીવ ઉત્પન્ન નથી થતો, જીવ નાશ
પામતો અને જીવ ધ્રુવ નથી એમ હા પાડતાં અઢાર દોષ
છે એમ તે વિદ્વાને વિસ્તારથી જણાવ્યું તેની સ્યાદ્વાદ દ્વારા
રીતે 'હા' અને 'ના' પાડતાં છતાં કોઈ દોષ ન આવે તે વિષે
ચર્ચા થોડા વિચારે પણ સમજાય તેવી સરળતાથી ત્રણ ચાર પ
કરી છે અને ન્યાયના ગ્રંથોમાં પ્રવેશ કરવા યોગ્ય સંસ્કારો
અને શ્રોતાને પડે તે શૈલીથી તે પાઠ લખાયા છે. ઉ
તત્ત્વાવબોધના પાઠો કેવા ઉદ્દેશથી લખ્યા છે તે પોતે જણાવે

“જે જે હું કહી ગયો તે તે કંઈ કેવળ જૈનકુળથી જ
ામેલા પુરુષને માટે નથી, પરંતુ સર્વને માટે છે, તેમ આ
ને:શંક માનજો કે હું જે કહું છું તે અપક્ષપાતે અને પરમ
ુદ્ધિથી કહું છું.

તમને જે ધર્મતત્ત્વ કહેવાનું છે, તે પક્ષપાત કે સ્વાર્થ બુદ્ધિ
કહેવાનું મને કંઈ પ્રયોજન નથી. પક્ષપાત કે સ્વાર્થથી હું ત
અધર્મતત્ત્વ બોધી અધોગતિને શા માટે સાધું? વારંવાર
મને નિર્ગ્રંથનાં વચનામૃતો માટે કહું છું, તેનું કારણ
વચનામૃતો તત્ત્વમાં પરિપૂર્ણ છે, તે છે... જૈનમત પ્રવર્તકોએ
કંઈ ભૂરશી દક્ષણા આપી નથી; તેમ એ મારા કંઈ કુટુંબપરિવ
ણ નથી કે એ માટે પક્ષપાતે હું કંઈ પણ તમને કહું. તે
અન્યમતપ્રવર્તકો પ્રતિ મારે કંઈ વૈરબુદ્ધિ નથી કે મિથ્યા
ંડન કરું. બન્નેમાં હું તો મંદમતિ મધ્યસ્થરૂપ છું. બહુ
નનથી અને મારી મતિ જ્યાં સુધી પહોંચી ત્યાં સુધી
વેચારથી હું વિનયથી એમ કહું છું કે, પ્રિય ભવ્યો! જૈન જેવું એ
ૂર્ણ અને પવિત્ર દર્શન નથી; વીતરાગ જેવો એક્કે દેવ ન
રીને અનંત દુ:ખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શન
કલ્પવૃક્ષને સેવો... આમ કહેવાનું કારણ શું? તો માત્ર તે
પરિપૂર્ણતા, નીરાગિતા, સત્યતા અને જગતહિતસ્વિતા.”(શિ.પા. ૯૪-

“પરંતુ જગત મોહાંધ છે, મતભેદ છે ત્યાં અંધારું
મમત્વ કે રાગ છે ત્યાં સત્ય તત્ત્વ નથી...

હું એક મુખ્ય વાત તમને કહું છું કે જે મમત્વરહિતની
ચાયની છે. તે એ છે કે ગમે તે દર્શનને તમે માનો; ગમે

પછી તમારી દૃષ્ટિમાં આવે તેમ જૈનને કહો, સર્વ દર્શનનાં શ
તત્ત્વને જુઓ, તેમ જૈનતત્ત્વને પણ જુઓ. સ્વતંત્ર આ
શક્તિએ જે યોગ્ય લાગે તે અંગીકાર કરો. મારું કે બીજા ગમે
ભલે એકદમ તમે માન્ય ન કરો પણ તત્ત્વને વિચારો.''(શિ.પા.

''સમાજની અગત્ય'' વિષેના પાઠમાં અંગ્રેજોનો ઉ
અને એ ઉત્સાહમાં અનેકનું મળવું એ તેમના વિજયનું
દૃષ્ટાંતરૂપે આપી ધર્મની ઉન્નતિ માટે એકત્ર થવા પ્રેરણા
પોતે જણાવે છે :—

''કળાકૌશલ્યો શોધવાનો હું અહીં બોધ કરતો
પરંતુ સર્વજ્ઞ ભગવાનનું કહેલું ગુપ્ત તત્ત્વ પ્રમાદસ્થિતિમાં
પડ્યું છે, તેને પ્રકાશિત કરવા તથા પૂર્વાચાર્યોનાં ગૂંથેલાં
શાસ્ત્રો એકત્ર કરવા, પડેલા ગચ્છના મતમતાંતરને ટાળવા
ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા એક મહાન સમાજ સદાચ
શ્રીમંત અને ધીમંત બન્નેએ મળીને સ્થાપન કરવાની અવશ્
એમ દર્શાવું છું. પવિત્ર સ્યાદ્વાદ મતનું ઢંકાયલું તત્ત્વ પ્રસિ
આણવા જ્યાં સુધી પ્રયોજન નથી, ત્યાં સુધી શાસનની ઉ
પણ નથી... મહાન સમાજના અંતર્ગત ઉપસમાજ સ્થા
મતમતાંતર તજી, વાડામાં બેસી રહેવા કરતાં એમ
ઉચિત છે. હું ઇચ્છું છું કે તે કૃત્યની સિદ્ધિ થઈ જૈનાંત
મતભેદ ટળો, સત્ય વસ્તુ ઉપર મનુષ્યમંડળનું લક્ષ આવો;
મમત્વ જાઓ!''(શિ.પા. ૯૯)

''મનોનિગ્રહનાં વિઘ્ન'' નામના પાઠમાં અઢાર પાપસ્થ
ક્ષય કરવામાં પણ વિઘ્નકર્તા તથા આત્મસાર્થકતા અટકાવતા
અઢાર બોલ ગણાવ્યા છે અને તે ત્યાગવા પ્રેરણા કરી છે.

"સ્મૃતિમાં રાખવા યોગ્ય મહાવાક્યો" એ દશ અનુભવપૂ
હિતકારી વાક્યોનો વિચારવા યોગ્ય પાઠ છે.

"વિવિધ પ્રશ્નો" નામના પાંચ પાઠ પ્રશ્નોત્તર રૂપે નિગ્ર
વચનની સિદ્ધાંત પ્રવેશિકાની ગરજ સારે તેવા છે. તે ઉપર
અન્ય દર્શનોના વ્રત અને માન્યતાની કંઈક સરખામણી પણ તે
છે.

"જિનેશ્વરની વાણી" એ કાવ્ય, શાસ્ત્ર વાંચતાં પહે
મંગળાચરણમાં બોલવા યોગ્ય મનોહર ભાષામાં મનહર છંદ
લખેલું છે.

"પૂર્ણમાલિકા મંગલ" એ છેલ્લું કાવ્ય અંતિમ મંગલરૂપ
કડીમાં લખેલું રહસ્યપૂર્ણ સમાપ્તિદર્શક છે.

## ૭

# ભાવનાબોધ

'મોક્ષમાળા' સં. ૧૯૪૦ માં લખાઈ અને સંવત ૧૯
માં છપાઈને બહાર પડી. આટલો ચાર વર્ષનો વિલંબ થાય
હોવાથી સં. ૧૯૪૨ માં જ 'ભાવનાબોધ' મોક્ષમાળા પછી લ
છતાં તે વર્ષમાં પ્રસિદ્ધ થયો, અને મોક્ષમાળાના અગાઉથી થ
ગ્રાહકોને ભેટ તરીકે મોકલવામાં આવ્યો હતો. ગ્રંથ ટૂંકો
વૈરાગ્યથી ભરપૂર છે અને કથાઓ દ્વારા ભાવનાઓનું
આપેલું હોવાથી ચિત્તાકર્ષક અને ઊંડી અસર કરે
આનંદદાયક બન્યો છે. પાત્રતા પામવાનું અને ક્રોધાદિ કષાય
કરવાનું આ ગ્રંથ ઉત્તમ સાધન છે.

ટૂંકા ઉપોદ્‌ઘાતમાં ખરું સુખ, મહાત્માઓનો બોધ
ખાસ કરીને મહાવીરનો માનવા યોગ્ય બોધ તથા મોક્ષને
એ સર્વનો ઉપદેશ છે એમ જણાવી, મોક્ષમાળામાં '
ભાવના' વિષે લખેલો પાઠ મૂક્યો છે. પછી બન્ને ગ્રંથોનું પ્રય
ટૂંકામાં બહુ સુંદર રીતે દર્શાવ્યું છે.

"ઉત્તમ તત્ત્વજ્ઞાન અને પરમ સુશીલનો ઉપદેશ કર
પુરુષો કંઈ ઓછા થયા નથી; તેમ આ ગ્રંથ કંઈ તેથી ઉત્ત
સમાનતારૂપ નથી; પણ વિનયરૂપે તે ઉપદેશકોનાં ધુ
પ્રવચનો આગળ કનિષ્ઠ છે. આ પ્રમાણભૂત છે કે પ્ર
પુરુષની સમીપ અનુચરનું અવશ્ય છે; તેમ તેવા ધુરંધર

ઉપદેશબીજ રોપાવા, અંતઃકરણ કોમલ કરવા આવા ગ્રંથ
પ્રયોજન છે.

...... તત્ત્વજ્ઞાન તેમજ સુશીલની પ્રાપ્તિ માટે અને પરિણ
અનંત સુખ તરંગ પ્રાપ્ત કરવા માટે જે જે સાધ્ય સાધનો શ્રમ
ભગવંત જ્ઞાતપુત્રે પ્રકાશ્યાં છે, તેનો સ્વલ્પતાથી કિંચિત્ તત્ત્વસંગ
કરી, તેમાં મહાપુરુષોનાં નાનાં નાનાં ચરિત્રો એકત્ર કરી
ભાવનાબોધ અને આ મોક્ષમાળાને વિભૂષિત કરી છે. તે
વિદગ્ધમુખમંડનં ભવતુ.' ''

પ્રથમ **'અનિત્યભાવના'**માં 'ભિખારીનો ખેદ' નામ
મોક્ષમાળાનો પાઠ મૂકી છેવટે પ્રમાણશિક્ષા આપી સ્વપ્ન ચ
સંસાર બન્ને શોકમય અને ચપળ સાબિત કરી બુદ્ધિમાન પુર
આત્મશ્રેય શોધે છે એમ ઉપદેશ્યું છે.

બીજી **'અશરણભાવના'**ના દૃષ્ટાંતમાં પણ મોક્ષમાળામાં
અનાથી મુનિ અને શ્રેણિક રાજાની કથા આપી ''સંસારમાં છવ
રહેલી અનંત અશરણતાનો ત્યાગ કરી સત્ય શરણરૂપ ઉ
તત્ત્વજ્ઞાન અને પરમ સુશીલને સેવો અંતે એ જ મુક્તિ
કારણરૂપ છે'' એમ દર્શાવ્યું છે.

ત્રીજી **'એકત્વભાવના'** વર્ણવી છે. તેમાં નમિરાજર્ષિ ચ
વિપ્રના વેષે આવેલા શક્રેન્દ્રનો સંવાદ આપ્યો છે, ઇન્દ્રે અનેક રી
પરીક્ષા કરી જોઈ પણ નમિરાજર્ષિનો વૈરાગ્ય અને સુદૃઢતા જોઈ
તે આનંદ પામ્યો તથા સ્તુતિ કરવા લાગ્યો : ''હે મહાયશસ્વ
મોટું આશ્ચર્ય છે કે તેં ક્રોધને જીત્યો. આશ્ચર્ય, તેં અહંકાર
પરાજય કર્યો. આશ્ચર્ય, તેં માયાને ટાળી. આશ્ચર્ય, તેં લોભ વ

કીધો. આશ્ચર્ય, તારું સરળપણું. આશ્ચર્ય, તારું નિર્મમત્વ. આ
તારી પ્રધાન ક્ષમા. આશ્ચર્ય, તારી નિર્લોભતા.''

પ્રમાણશિક્ષામાં શુદ્ધ અને અખંડ વૈરાગ્યના વેગ
નમિરાજનાં વચનોનો સાર લખ્યો છે : ''હે વિપ્ર! તું જે
વસ્તુઓ મારી છે, એમ કહેવરાવે છે તે તે વસ્તુઓ મારી
હું એક જ છું, એકલો જનાર છું; અને માત્ર પ્રશંસનીય એક
જ ચાહું છું.'' તે એકત્વ શાથી પામ્યા તે દર્શાવતું નમિર
ચરિત્ર ટૂંકામાં પ્રમાણશિક્ષામાં આપ્યું છે; તે અનાથી મુ
ચરિત્રને મળતું વૈરાગ્યપ્રેરક અને ચેતાવનાર છે. તેનો સાર
જ કડીમાં છેવટે આપ્યો છે :

**''રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી,**
**બૂઝયો ત્યાં કકળાટ કંકણતણો, શ્રોતી નમિ ભૂપતિ;**
**સંવાદે પણ ઇંદ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,**
**એવા એ મિથિલેશનું ચરિત આ, સંપૂર્ણ અત્રે થયું.**

શ્રી દત્તાત્રયે કરેલા ચોવીસ ગુરુમાં જે કન્યાએ કંક
ખડખડાટ દૂર કરવા એક સિવાય બાકીનાં બધાં દૂર
હતાં તે કથાની સ્મૃતિ આપે તેવી તથા તત્ત્વજ્ઞાની રાજર્ષિ
વિદેહીની મિથિલા નગરી દેવની માયાથી બળતી દેખાઈ
મારું કંઈ બળતું નથી એમ માની નિશ્ચિંત રહ્યા અને ઋ
માળા, પોથી કે પથારી લેવા દોડ્યા હતા તે દૃષ્ટાંતને મ
'ઉત્તરાધ્યયન' નામના જૈનશાસ્ત્રમાંથી લીધેલી અને સંસ્ક
સુંદર નમિરાજર્ષિની આ કથા છે.

ચોથી **'અન્યત્વભાવના'** વર્ણવી તેના દૃષ્ટાંતમાં
ચક્રવર્તીનો વૈભવ દર્શાવી, સર્વાંગે શોભિતા શણગાર છતાં હ

એક આંગળીમાંથી વીંટી નીકળી પડી તેથી આંગળી અ
જણાઈ. ભરતેશ્વરને તે વૈરાગ્યની ઉત્પત્તિનું નિમિત્ત બન્યું
કેવી વિચારણાથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ તેનું આબેહૂબ
આપ્યું છે :—

"અહોહો! કેવી વિચિત્રતા છે કે ભૂમિમાંથી ઉત્પન્ન થયે
વસ્તુને ટીપીને કુશળતાથી ઘડવાથી મુદ્રિકા બની; એ મુદ્રિકા
મારી આંગળી સુંદર દેખાઈ; એ આંગળીમાંથી મુદ્રિકા નીક
પડતાં એથી વિપરીત દેખાવ દીધો; વિપરીત દેખાવથી અશોભ્ય
અને અડવાપણું ખેદરૂપ થયું. અશોભ્ય જણાવવાનું કારણ મ
વીંટી નહીં એ જ ઠર્યું કે? જો વીંટી હત તો તો એવી અશોભા
ન જોત. એ મુદ્રિકા વડે મારી આ આંગળી શોભા પામી;
આંગળી વડે આ હાથ શોભે છે; અને એ હાથ વડે આ શ
શોભા પામે છે. ત્યારે એમાં હું શોભા કોની ગણું? અ
વિસ્મયતા! મારી આ મનાતી મનોહર કાંતિને વિશેષ દીપ્ત કર
તે મણિ-માણિક્યાદિના અલંકારો અને રંગબેરંગી વસ્ત્રો ઠર્યાં.
કાંતિ મારી ત્વચાની શોભા ઠરી; એ ત્વચા શરીરની ગુપ્તતા ઢ
સુંદરતા દેખાડે છે; અહોહો! આ મહા વિપરીતતા છે! જે શરી
હું મારું માનું છું તે શરીર તે માત્ર ત્વચા વડે, તે ત્વચા કાંતિ
અને તે કાંતિ વસ્ત્રાલંકાર વડે શોભે છે. ત્યારે શું મારા શરીરની
કંઈ શોભા નહીં જ કે? રુધિર, માંસ અને હાડનો જ કેવળ
માળો કે? અને એ માળો તે હું કેવળ મારો માનું છું. કેવી ભૂ
કેવી ભ્રમણા! અને કેવી વિચિત્રતા છે! કેવળ હું પરપુદ્ગલ
શોભાથી શોભું છું. કોઈથી રમણીકતા ધરાવતું શરીર તે મ

મારું કેમ માનવું? અને કદાપિ એમ માનીને હું એમાં મમત્વ
રાખું તે પણ કેવળ દુઃખપ્રદ અને વૃથા છે. આ મારા આત્માન
શરીરથી એક કાળે વિયોગ છે! આત્મા જ્યારે બીજા દેહને ધ
કરવા પરવરશે ત્યારે આ દેહ અહીં રહેવામાં કંઈ શંકા નથી
કાયા મારી ન થઈ અને નહીં થાય ત્યારે હું એને મારી મા
કે માનું એ કેવળ મૂર્ખતા છે. જેનો એક કાળે વિયોગ થવાન
અને જે કેવળ અન્યત્વભાવ ધરાવે છે તેમાં મમત્વપણ
રાખવું? એ જ્યારે મારી થતી નથી ત્યારે મારે એનું થ
ઉચિત છે? નહીં, નહીં, એ જ્યારે મારી નહીં ત્યારે હું એનો
એમ વિચારું, દૃઢ કરું અને પ્રવર્તન કરું, એમ વિવેકબુ
તાત્પર્ય છે. આ આખી સૃષ્ટિ અનંત ચીજથી અને અનંત પદા
ભરી છે; તે સઘળા પદાર્થ કરતાં જેના જેટલી કોઈ પણ વસ્
મારી પ્રિયતા નથી; તે વસ્તુ તે મારી ન થઈ; તો પછી બીજ
વસ્તુ મારી હોય? અહો! હું બહુ ભૂલી ગયો. મિથ્યા મ
લથડી પડ્યો. તે નવયૌવનાઓ, તે માનેલા કુળદીપક પુત્ર
અઢળક લક્ષ્મી, તે છ ખંડનું મહાન રાજ, એ મારાં નથી. એ
લેશમાત્ર પણ મારું નથી. એમાં મારો કિંચિત્ ભાગ નથી
કાયાથી હું એ સઘળી વસ્તુઓનો ઉપભોગ લઉં છું, તે ભોગ્ય
જ્યારે મારી ન થઈ, ત્યારે બીજી મારી માનેલ વસ્તુ—સ
કુટુંબી ઇત્યાદિક—મારાં શું થનાર હતાં? નહીં, કંઈ જ નહ
મમત્વભાવ મારે જોઈતો નથી! એ પુત્ર, એ મિત્ર, એ કલત્ર
વૈભવ અને એ લક્ષ્મીને મારે મારાં માનવાં જ નથી! હું
નહીં ને એ મારાં નહીં! પુણ્યાદિક સાધીને મેં જે જે વસ્તુ

કરી તે તે વસ્તુ મારી ન થઈ, એ જેવું સંસારમાં કયું ખેદમય ¦ મારાં ઉગ્ર પુણ્યત્વનું પરિણામ આ જ કે? છેવટે એ સઘળ વિયોગ જ કે? પુણ્યત્વનું એ ફળ પામીને એની વૃદ્ધિને માટે જે પાપ કર્યાં તે તે મારા આત્માએ ભોગવવાં જ કે? તે એકલાએ જ કે? એમાં કોઈ સહિયારી નહીં જ કે? નહીં, ન એ અન્યત્વભાવવાળા માટે થઈને હું મમત્વભાવ દશ આત્માનો અન્‌હિતૈષી થઈ એને રૌદ્ર નરકનો ભોક્તા કરું એ ક્યું અજ્ઞાન છે? એવી કઈ ભ્રમણા છે? એવો ક્યો અવિવેક ત્રેસઠ શલાકાપુરુષોમાંનો હું એક ગણાયો; ત્યાં આવાં કૃત્ય ટ શકું નહીં, અને પ્રાપ્ત કરેલી પ્રભુતાને ખોઈ બેસું, એ કેવળ અયુ છે. એ પુત્રોનો, એ પ્રમદાઓનો, એ રાજવૈભવનો અને વાહનાદિક સુખનો મારે કશો અનુરાગ નથી! મમત્વ નથી!

વૈરાગ્યનું રાજરાજેશ્વર ભરતના અંતઃકરણમાં આવું ચિ પડ્યું કે તિમિરપટ ટળી ગયું. શુક્લધ્યાન પ્રાપ્ત થયું. અશેષ બળીને ભસ્મીભૂત થયાં!!! મહા દિવ્ય અને સહસ્ર કિરણથી અનુપમ કાંતિમાન કેવળજ્ઞાન પ્રગટ થયું.''

પાંચમી **'અશુચિભાવના'**માં સનત્કુમાર ચક્રવર્તીનું દૃષ્ મોક્ષમાળામાં આપ્યું છે તે છે. પ્રમાણશિક્ષામાં કાયા અશુચિ ભંડાર છે એમ જણાવ્યું છે, છતાં મનુષ્યદેહને સર્વ દેહોત્તમ કહે યોગ્ય છે તે શાને લીધે? તો કે એનાથી સિદ્ધગતિની સિદ્ધિ 'મેધાવી પુરુષો નિરંતર એ માનવત્વનો આમ જ મર્મ પ્રકાશે વિવેકબુદ્ધિના ઉદય વડે મુક્તિના રાજમાર્ગમાં પ્રવેશ કરાય અને એ માર્ગમાં પ્રવેશ એ જ માનવદેહની ઉત્તમતા છે. તો

સ્મૃતિમાન થવું યથોચિત છે કે, તે દેહ કેવળ અશુચિમ
અશુચિમય જ છે. એના સ્વભાવમાં અન્યત્વ નથી.''

છઠ્ઠી **'સંસારભાવના'** વર્ણવી છે. તેમાં સંસારનું સ્વરૂપ
તેમાંથી મુક્ત થયેલા બલશ્રી નામના રાજકુમાર જે મૃગાપુત્ર
પ્રસિદ્ધ છે તેમનું ચરિત્ર આપ્યું છે. ''એ યુવરાજ ગૃહસ્થાશ્ર
રહ્યા છતાં સંયતિના ગુણને પામ્યા હતા; એથી કરીને દમ
એટલે યતિમાં અગ્રેસર ગણાવા યોગ્ય હતા.'' 'ઉત્તરાધ્ય
શાસ્ત્ર'ને આધારે આ ચરિત્ર સંસારનું સ્વરૂપ અને તેથી
થવાનો માર્ગ દર્શાવી ઊંડો વિચાર કરવા પ્રેરે તેવી રીતે વિસ્ત
લખાયું છે. મહેલમાં રહીને નગરના ચોકમાં ''મહા તપ,
નિયમ, મહા સંયમ, મહા શીલ અને મહા ગુણના ધામરૂપ
શાંત તપસ્વી સાધુને ત્યાં તેણે (મૃગાપુત્રે) જોયા........ તે મુ
મૃગાપુત્ર નીરખી નીરખીને જુએ છે. એ નિરીક્ષણ ઉપરથી તે
બોલ્યા : હું જાણું છું કે આવું રૂપ મેં ક્યાંક દીઠું છે. અને
બોલતાં બોલતાં તે કુમાર શોભનિક પરિણામને પામ્યા. મો
ટળ્યું ને ઉપશમતા પામ્યા. જાતિસ્મૃતિજ્ઞાન પ્રકાશિત થયું. પૂ
જાતિની સ્મૃતિ ઊપજવાથી તે મૃગાપુત્ર, મહા રિદ્ધિના ભો
પૂર્વના ચારિત્રના સ્મરણને પણ પામ્યા. શીઘ્રમેવ તે વિષયને
અણરાચતા થયા; સંયમને વિષે રાચતા થયા. માતાપિતાની સ
આવીને તે બોલ્યા કે 'પૂર્વભવને વિષે મેં પાંચ મહાવ્રતને સાંભ
હતાં. નરકને વિષે જે અનંત દુઃખ છે તે પણ મેં સાંભળ્યાં
તિર્યંચને વિષે જે અનંત દુઃખ છે તે પણ મેં સાંભળ્યાં હતાં
અનંત દુઃખથી ખેદ પામીને હું તેનાથી નિવર્તવાને અભિલાષી

ું. સંસારરૂપી સમુદ્રથી પાર પામવા માટે હે ગુરુજનો! મને
ાંચ મહાવ્રત ધારણ કરવાની અનુજ્ઞા દો.'

કુમારનાં નિવૃત્તિથી ભરેલાં વચનો સાંભળીને માતાપિત
ભોગ ભોગવવાનું આમંત્રણ કર્યું. આમંત્રણવચનથી ખેદ પામ
ૃગાપુત્ર એમ કહે છે કે 'અહો માત! અને અહો તાત!
ભોગોનું તમે મને આમંત્રણ કરો છો તે ભોગ મેં ભોગવ્યા.
ભોગ વિષફળ—કિંપાક વૃક્ષનાં ફળની ઉપમાથી યુક્ત
ભોગવ્યા પછી કડવા વિપાકને આપે છે. સદૈવ દુઃખોત્પત્તિ
કારણ છે. આ શરીર છે તે અનિત્ય અને કેવળ અશુચિમય
અશુચિથી ઉત્પન્ન થયું છે; જીવનો એ અશાશ્વત વાસ છે; અ
દુઃખનો હેતુ છે; રોગ, જરા અને ક્લેશાદિકનું એ શર
ભાજન છે; એ શરીરને વિષે હું કેમ રતિ કરું? બાળપણે
શરીર છાંડવું છે કે વૃદ્ધપણે એવો જેનો નિયમ નથી, એ શર
પાણીના ફીણના બુદબુદ જેવું છે એવા શરીરને વિષે સ્નેહ
યોગ્ય હોય? મનુષ્યત્વમાં એ શરીર પામીને કોઢ, જ્વર વ
વ્યાધિને તેમ જ જરા, મરણને વિષે ગ્રહાવું રહ્યું છે. તેમાં હું
કેમ બાંધું?

જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગનું દુઃખ, મરણનું દુઃ
કેવલ દુઃખના હેતુ સંસારને વિષે છે. ભૂમિ, ક્ષેત્ર, આવા
કંચન, કુટુંબ, પુત્ર, પ્રમદા, બંધવ એ સકલને છાંડીને માત્ર ક્લે
પામીને આ શરીરથી અવશ્યમેવ જવું છે. જેમ કિંપાક વૃક્ષ
ફળનું પરિણામ સુખદાયક નથી, એમ ભોગનું પરિણામ પ
સુખદાયક નથી. જેમ કોઈ પુરુષ મહાપ્રવાસને વિષે અન્નજ
અંગીકાર ન કરે એટલે કે ન લે અને ક્ષુધા-તૃષાએ કરીને દુઃ

થાય તેમ ધર્મના અનાચરણથી પરભવને વિષે જતાં તે
દુઃખી થાય; જન્મ-જરાદિકની પીડા પામે. મહાપ્રવાસમાં પર
જે પુરુષ અન્નજળાદિક લે તે પુરુષ ક્ષુધાતૃષાથી રહિત થઈ સુ
પામે, એમ ધર્મનો આચરનાર પુરુષ પરભવ પ્રત્યે પર
સુખને પામે; અલ્પ કર્મરહિત હોય; અશાતા વેદનીય રહિત
હે ગુરુજનો! જેમ કોઈ ગૃહસ્થનું ઘર પ્રજ્વલિત થાય
ત્યારે તે ઘરનો ધણી અમૂલ્ય વસ્ત્રાદિકને લઈ જઈ
વસ્ત્રાદિકને છાંડી રહેવા દે છે, તેમ લોક બળતો દેખીને
વસ્ત્રરૂપ જરા મરણને છાંડીને અમૂલ્ય આત્માને તે બળતાથી
આજ્ઞા આપો એટલે હું ) તારીશ.'

મૃગાપુત્રનાં વચન સાંભળીને શોકાર્ત્ત થયેલાં
માતાપિતા બોલ્યાં : 'હે પુત્ર! આ તું શું કહે છે? ચારિત્ર પા
બહુ દુર્લભ છે. ક્ષમાદિક ગુણને યતિએ ધરવા પડે છે, રા
પડે છે; યત્નાથી સાચવવા પડે છે. સંયતિએ મિત્રમાં અને શ
સમભાવ રાખવો પડે છે; સંયતિને પોતાના આત્મા ઉપર
પરાત્મા ઉપર સમબુદ્ધિ રાખવી પડે છે; અથવા સર્વ જગત
સરખો ભાવ રાખવો પડે છે. એવું એ પ્રાણાતિપાતવિરતિ
વ્રત, જીવતાં સુધી, પાળતાં દુર્લભ તે પાળવું પડે છે.........
એમ પાંચે મહાવ્રત, રાત્રિભોજન ત્યાગ, ક્ષુધા આદિ બા
પરિષહ સહન કરવાં કેટલાં કઠણ છે તે દરેકના સ્વરૂપ સ
મુશ્કેલીઓ દર્શાવી યૌવનવયને વિષે સંયમ તેને માટે દુષ્ક
એમ માતા પિતા સાબિત કરે છે અને વૃદ્ધપણામાં ધર્મ આર
તેને ભલામણ કરે છે.

તેના ઉત્તરમાં તે જ્ઞાનવીર મૃગાપુત્ર કહે છે : ‘‘વિષય
ૃત્તિ ન હોય તેને સંયમ પાળવો કંઈયે દુષ્કર નથી. આ આત્મ
ારીરિક અને માનસિક વેદના અશાતારૂપે અનંત વાર સ
ે, ભોગવી છે. મહાદુ:ખથી ભરેલી, ભયને ઉપજાવનારી અ
ૌદ્ર વેદના આ આત્માએ ભોગવી છે. જન્મ, જરા, મરણ
ભયનાં ધામ છે. ચતુર્ગતિરૂપ સંસારાટવીમાં ભમતાં અતિ ર
ુ:ખો મેં ભોગવ્યાં છે....’’

એમ વિસ્તારથી પૂર્વ ભવે નરકમાં ભોગવેલાં દુ:ખો ત્ર
ઉપજાવે તેવી રીતે મૃગાપુત્રે કહી બતાવ્યા ત્યારે તેનાં જનક-જન
એમ બોલ્યાં : ‘‘હે પુત્ર! જો તારી ઇચ્છા દીક્ષા લેવાની છે
ીક્ષા ગ્રહણ કર; પણ ચારિત્રમાં રોગોત્પત્તિ વેળા વૈદક કો
કરશે? દુ:ખનિવૃત્તિ કોણ કરશે? એ વિના બહુ દોહ્યલું છે.’’

મૃગાપુત્રે કહ્યું : એ ખરું, પણ તમે વિચારો કે અટવી
ૃગ તેમ જ પંખી એકલું હોય છે, તેને રોગ ઉત્પન્ન થાય છે ત્ય
ેનું વૈદું કોણ કરે છે? જેમ વનમાં મૃગ વિહાર કરે છે, તેમ
ચારિત્રવનમાં વિહાર કરીશ, અને સપ્તદશ ભેદે શુદ્ધ સંયમ
અનુરાગી થઈશ. દ્વાદશ પ્રકૃતિ તપ આચરીશ; તેમજ મૃગચર્ય
વિચરીશ. મૃગને વનમાં રોગનો ઉપદ્રવ થાય છે ત્યારે તેનું
કોણ કરે છે?.... કોણ તે મૃગને ઔષધ દે છે? કોણ તે મૃગ
આનંદ, શાંતિ અને સુખ પૂછે છે? કોણ તે મૃગને આહાર-જ
પાણી આપે છે? જેમ તે મૃગ ઉપદ્રવમુક્ત થયા પછી ગહન
જ્યાં સરોવર હોય છે ત્યાં જાય છે, તૃણપાણી આદિનું સેવન કર

પાછું જેમ તે મૃગ વિચરે છે તેમ હું વિચરીશ. સારાંશ, એ મૃગચર્યા હું આચરીશ. એમ હું મૃગની પેઠે સંયમવંત હો અનેક સ્થળે વિચરતો યતિ મૃગની પેઠે અપ્રતિબદ્ધ રહે. મૃ પેઠે વિચરીને, મૃગચર્યા સેવીને સાવદ્ય ટાળીને યતિ વિચરે. મૃગ, તૃણ જળાદિકની ગોચરી કરે તેમ યતિ ગોચરી ક સંયમભાર નિર્વાહ કરે. દુરાહાર માટે ગૃહસ્થને હીલે નહીં, કરે નહીં એવો સંયમ હું આચરીશ.''

પછી માતાપિતાની આજ્ઞા લઈ પોતે કહી બતાવ્યું હતું પણ અત્યંત વિશુદ્ધ ચારિત્ર પાળી તે મોક્ષે ગયા. પ્રમાણશિ ઉદ્દેશ દર્શાવતાં કહે છે : ''આત્મચારિત્રનું દુઃખ તે દુઃખ નહીં પરમ સુખ છે, અને પરિણામે અનંત સુખતરંગપ્રાપ્તિનું કારણ તેમ જ ભોગવિલાસાદિકનું સુખ તે ક્ષણિક અને બહિર્દૃશ્ય સુ કેવળ દુઃખ જ છે. પરિણામે અનંત દુઃખનું કારણ છે, સપ્રમાણ સિદ્ધ કરવા મહાજ્ઞાની મૃગાપુત્રનો વૈરાગ્ય અહીં દર્શ છે..... સંસાર પરિભ્રમણનિવૃત્તિ અને સાવદ્ય ઉપકરણનિવૃ પવિત્ર વિચાર તત્ત્વજ્ઞાનીઓ નિરંતર કરે છે.''

સાતમી **'(આસ્રવ)ભાવના'**માં સત્તાવન આસ્રવદ્વાર ર પાપને પ્રવેશ કરવાનાં પ્રનાળ વર્ણવેલાં છે. કુંડરિક મુનિએ હજાર ચારિત્ર પાળી પરિણામ બગડી જતાં પોતાના ભાઈએ રાજ્ય આપ્યું તે ગ્રહણ કર્યું, સર્વ તેને પતિત માની ધિક્કારતા હતા. વેર લેવાના વિચારમાં તે મરણ પામી સાતમી નરકે ગયો.

આઠમી **'સંવરભાવના'**માં પાપ-પ્રનાળરૂપ આસ્રવદ

રોકવા વિષે જણાવી કુંડરિકના ભાઈ પુંડરિકે ભાઈનો મુનિવ
ગ્રહણ કરી એવો નિશ્ચય કર્યો કે મારે મહર્ષિ ગુરુ કને જવું અને ત્ય
પછી જ અન્નજલ ગ્રહણ કરવાં. અણવાણે ચરણે પરવરતાં પગ
કાંકરા કાંટા વાગવાથી લોહીની ધારાઓ ચાલી તો પણ તે ઉ
ધ્યાને સમતા ભાવે રહ્યો. એથી એ મહાનુભાવ મરીને સર્વાર્થસિ
વિમાનમાં દેવરૂપે ઊપજ્યો.

એ જ ભાવનામાં બીજું શ્રી વજ્ર સ્વામીનું દૃષ્ટાંત આપ્યું
તેમાં તે કંચન-કામિનીથી ચળ્યા નહીં; તે જોઈને તેમને ચળાવ
પ્રયત્ન કરનાર યુવતી રુક્મિણીએ ચારિત્ર ગ્રહણ કર્યું; મન, વચ
કાયાને અનેક પ્રકારે દમન કરી આત્માર્થ સાધ્યો.

નવમી **'નિર્જરાભાવના'**માં બાર પ્રકારના તપનું વર્ણન ક
દૃઢપ્રહારી-સાતે વ્યસન સેવનાર બ્રાહ્મણપુત્રનાં પાપ જણ
તેનો પશ્ચાત્તાપ થતાં ઉત્તમ ભાવનાએ પંચમુષ્ટિ કેશલુંચન ક
સાધુપણું ગ્રહણ કરી, લોકોના સંતાપ સમભાવથી સહન કરવ
નિશ્ચય કરી, કેવી રીતે સર્વ દુઃખ ખમીને ક્ષમાધર બન્યા,
ટૂંકામાં વર્ણન કર્યું છે.

દશમી **'લોકસ્વરૂપભાવના'**માં લોકનો પુરુષ — આક
વર્ણવી, ભુવનપતિ, વ્યંતર અને સાત નરકનો અધોલો
મધ્યલોકમાં અઢી દ્વીપ વગેરે અને ઊર્ધ્વલોકમાં બાર દેવલો
નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન અને તે ઉપર સિદ્ધશિલા
એમ લોકાલોક પ્રકાશક સર્વજ્ઞ સર્વદર્શી અને નિરુપમ કૈવલ
જ્ઞાનીઓએ ભાખ્યું છે એમ સંક્ષિપ્ત વર્ણન કર્યું છે.

સોળ-સત્તર વર્ષની વયમાં શ્રીમદ્‌ને વર્તતા અદ્‌ભુત વૈ
અને વિશાળ વાંચનના ફળરૂપ ‘મોક્ષમાળા’ અને ‘ભાવના
ગ્રંથ લખાયા છે, તે દર્શાવવા તેમજ સુજ્ઞ વાંચનારને તેની પ્ર
ચખાડવાના ઉદ્દેશથી વિસ્તારપૂર્વક લખાણ કર્યું છે. આથી
રુચિ ઉત્પન્ન થશે અને મૂળ ગ્રંથોના વાંચન, મનન તથા ધીર
પાચન થાય, સ્વીકાર થાય તેવા હિતકારી પુરુષાર્થમાં પ્રવર્તશે
તો અદ્‌ભુત વૈરાગ્ય, ઉત્તમ શ્રદ્ધા અને તે મહાપુરુષ પ્રત્યે
આદિ આત્માને ઉજ્જવળ કરનાર ગુણો અવશ્ય પ્રાપ્ત થશે.

## ૮

# અવધાન

શ્રી વવાણિયા ગામ નાનું હોવાથી અને સુજ્ઞ મનુષ્યો
થોડો સમાગમ હોવાથી એમનું મન પ્રવાસ તરફ રહ્યા ક
સં. ૧૯૪૦ના અરસામાં તેમણે મોરબીમાં પ્રવેશ કર્યો હતો.

મોરબીમાં શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર ભટ્ટ અષ્ટાવધાન
પ્રયોગો જાહેરમાં કરી બતાવતા; એટલે આઠ બાબતો તરફ એ
વખતે લક્ષ રાખી ભૂલ વગર આઠ ક્રિયાઓ કરી બતાવવી. એ
અરસામાં મુંબઈમાં ગટુલાલજી મહારાજ અષ્ટાવધાન કરતા.
વખતે જાણવા પ્રમાણે હિન્દુસ્તાનમાં બે જ પુરુષો ચમત્ક
સ્મરણશક્તિવાળા ગણાતા હતા.

શ્રીમદ્ મોરબીમાં પધાર્યા તે અરસામાં તત્ત્વશોધક જૈન
પવિત્ર ઉપાશ્રયમાં શાસ્ત્રી શંકરલાલનાં અષ્ટાવધાન થયાં; તે વ
વણિકભૂષણ કવિ તરીકે પ્રખ્યાતિ પામતા શ્રીમદ્‌ને
અષ્ટાવધાનોનું નિરીક્ષણ કરવા આમંત્રણ હતું. શ્રીમદ
સ્મરણશક્તિ તો અદ્‌ભુત હતી; તેમણે અવધાન જોયાં કે
શીખી લીધાં. બીજે દિવસે વસંત નામના બગીચામાં પ્ર
ખાનગીમાં મિત્રમંડળ સમક્ષ નવા નવા વિષયો લઈ અવધાન
બતાવ્યાં. બીજે દિવસે જાહેરમાં બે હજાર પ્રેક્ષકો સમક્ષ પ
ઉપાશ્રયમાં જ બાર અવધાન કરી બતાવ્યાં. સામાન્ય વિદ્વાન ત
લોકોમાં એ જાણીતા હતા, પણ હવે તો આ ચમત્કારી સ્મર
શક્તિથી લોકોમાં બહુ પ્રશંસા પામવા લાગ્યા.

મુંબઈના શેઠ લક્ષ્મીદાસ ખીમજીભાઈ મોરબીમાં આ તે વખતે હાઈસ્કૂલમાં મોટી સભા ભરીને બાર અવધાન ક કરી બતાવ્યાં હતાં. તે વખતે શેઠ લક્ષ્મીદાસ ખીમજીભાઈએ કે આ વખતે હિંદ ખાતે તો આ એક જ પુરુષ અ શક્તિવાળા છે. તે વખતે શ્રીમદ્‌ને રૂડું ઈનામ પણ મળ્યું હ

ખાનગી પ્રસંગે શ્રીમદ્‌ને જામનગર જવાનું થયું હતું. તેઓએ ત્યાંના વિદ્વાનો આગળ બે સભાઓમાં બાર અને એમ બે વિધિથી અવધાનો કર્યાં હતાં. બધા પ્રેક્ષકો પ્રસન્ન હતા. અહીં તેમને 'હિન્દના હીરા' તરીકે ઉપનામ મળ્યું જામનગરમાં બે વિદ્વાનો આઠ દશ વર્ષથી અવધાનો કરવા મહેનત કરતા હતા; પરંતુ નિષ્ફળતા પ્રાપ્ત થતી હતી. તેથી ત વિદ્વાનોને સોળ અવધાનો કરનાર પ્રત્યે બહુમાનપણું આશ્ચર્ય ઉત્પન્ન થયાં હતાં.

વઢવાણના પ્રદર્શનમાં એમણે કર્નલ એચ. એલનટ સ અને બીજા રાજા-રજવાડા તથા મંત્રીમંડળ વગેરે મળી આશ હજાર દ્રષ્ટાઓની સમક્ષ સોળ અવધાનો કરી બતાવ્યાં હત જોઈ આખી જંગી સભા આનંદ આનંદમય થઈ ગઈ સઘળા સભાજનોના મુખમાંથી શ્રીમદ્‌ની અજબ શક્તિની ન પ્રકારે પ્રશંસા પ્રગટતી હતી. ઉપરાઉપરી પ્રશંસાના ભાષણો જતાં હતાં. 'ગુજરાતી', 'મુંબઈ સમાચાર', 'લોકમિત્ર' 'ન્યાયદર્શક' પત્રોમાં પણ શ્રીમદ્‌નાં યશોગાન થવા લાગ્યાં.

બોટાદમાં એમણે એમના એક લક્ષાધિપતિ મિત્ર હરિલાલ શિવલાલની સમક્ષ બાવન અવધાન કર્યાં હતાં.

ંઈ પણ પરિશ્રમથી પરિચય રાખ્યા વિના પરભારાં સોળ મૂક
ાવન અવધાન કર્યાં. એ ઉપરથી શ્રીમદ્‌ના પરાક્રમ, હિમ્
ાક્તિ અને બુદ્ધિબળના ચમત્કારનું કંઈક ભાન થશે.

**બાવન કામ**—ચોપાટે રમતા જવું, શેતરંજે રમતા જવું, ટકે
ાણતા જવું, માળાના મણકા ગણતા જવું; સરવાળા, બાદબા
ુણાકાર અને ભાગાકાર આપેલા ગણતા જવું, ગંજીફે રમતા જ
ોળ ભાષાઓના શબ્દો યાદ રાખતા જવું, બે કોઠા
ાડાઅવળા અક્ષરથી કવિતાઓ માગેલા વિષયની કરાવતા જ
ાઠ ભિન્ન ભિન્ન માંગેલી સમસ્યાઓ પૂર્ણ કરતા જવું, સોળ જ
ુદા માગેલાં વૃત્તોમાં માગેલા વિષયો તૈયાર કરાવતા જવું, ે
ાવન કામની શરૂઆત એક વખતે સાથે કરવી. એક કામનો કં
ાગ કરી બીજા કામનો કંઈક ભાગ કરવો, પછી ત્રીજા કામ
ંઈક કરવો, પછી ચોથા કામનો કંઈક ભાગ કરવો, પ
ાંચમાનો એમ બાવને કામનો થોડો થોડો ભાગ કરવો. ત્યાર પ
ળી પહેલા કામ તરફ આવવું અને તેનો થોડો ભાગ કર
ીજાનો કરવો, ત્રીજાનો કરવો એમ સઘળાં કામ પૂર્ણ થતાં સુ
ર્યે જવું. એક સ્થળે ઊંચે આસને બેસીને એ બધાં કામમાં
ને દૃષ્ટિ પ્રેરિત કરવી, લખવું નહીં કે બીજી વાર પૂછવું નહીં ર
ઘળું સ્મરણમાં રાખી એ બાવને કામ પૂર્ણ કરવાં. કંઈક સમજ
ેવી સમજૂતી નીચે આપી છે :—

(૧) ચોપાટે રમતા જવું—ત્રણ જણ ચોપાટે બીજા રમતા હ
ેમની સાથે ચોપાટે રમતા જતાં અને વચ્ચે બીજાં એકાવન ક
રતાં જતાં છેવટે લીલી, પીળી, લાલ અને કાળી એ ચાર રંગ
ોગઠીઓ ધ્યાનમાં રાખીને કહી આપી હતી. ચોપાટ વચ્ચે

ઉપાડી લેવામાં આવી હતી. પરંતુ જેના અંતઃકરણમાં બીજી ચ
ગોઠવાયેલી હતી તેને એ ચોપાટની પછી શી જરૂર હતી?

(૨) ગંજીફે રમતા જવું—ચોપાટનો પાસો નાખ્યા પછી
ત્રણ જણની સાથે શ્રીમદ્ ગંજીફે રમતા જતા હતા, અને
પોતાનાં તેરે પત્તાં કહી આપ્યાં હતાં. એ પત્તાં માત્ર એક જ
જોવા આપી લઈ લેવામાં આવ્યાં હતાં.

(૩) શેતરંજે રમતા જવું—તે જ વખતે શેતરંજ રમવા
એક જણની સાથે ચિત્ત પરોવ્યું હતું. અવધાનની સમા
વચ્ચેથી ઉપાડી લીધેલ શેતરંજનાં પાળાં, ઊંટ, અશ્વ,
વજીર, બાદશાહ નંબરવાર કહી આપ્યાં હતાં.

(૪) ટકોરા ગણવા—એ વખતે એક જણ બહાર ઊભો
ઝાલરના ટકોરા વગાડતો હતો. તે યાદ રાખીને સઘળા છેવટે
દીધા હતા.

(૫) પડતી ચણોઠી ગણવી—શ્રીમદ્‌ના વાંસા ઉપર
વચ્ચે તે કામની સાથે ચણોઠીઓ નાખવામાં આવતી હતી, તે
થઈ તે અવધાનની સમાપ્તિએ કહી દીધી હતી.

(૬, ૭, ૮, ૯)—બાદબાકી, ગુણાકાર, ભાગાકાર
સરવાળા તે કામોની સાથે ગણવા આપ્યા હતા તે ગણીને
રાખી છેવટે તેના જવાબ કહી બતાવ્યા હતા.

(૧૦) — એક જણ હાથમાં માળાના મણકા ફેરવતો
હતો તેના તરફ પણ શ્રીમદ્‌ની નજર હતી. તે માળા વ
અધૂરી મૂકવામાં આવી હતી. છેવટે તેમણે કેટલા મણકા ફર્યા
તે કહી આપ્યું હતું.

(૧૧ થી ૨૬)–જુદી જુદી ભાષાઓના શબ્દો (સો
ાષાના શબ્દો) સોળ જણાને વહેંચી આપવામાં આવ્યા હ
ીજાં કામ કરતાં વચમાં અનુક્રમ વિના અકેકો અક્ષર શ્રીમ
ાંભળાવવામાં આવતો. પ્રથમ ત્રીજો અક્ષર અરબી વાક્ય
હેલો, પછી ૧૭મો લૅટિનનો કહેવાતો, બીજો અક્ષર સંસ્
ાક્યનો તો પછી ૪૧મો અક્ષર ઉર્દૂ વાક્યનો એમ આડા અવ
ક્ષરો કહેવામાં આવ્યા હતા. સઘળા કહેવાઈ રહ્યા પ
વધાનની સમાપ્તિ વખતે ભાષાવાર કવિએ પૂરાં વાક્ય કે કા
ોઠવીને ક્રમ પ્રમાણે કહી બતાવ્યાં હતાં. સંસ્કૃતનો એક અક્ષ
ોથો હોય અને એક પચાસમો હોય તે બન્નેને ક્યાંય પણ લખ
િવાય અંતઃકરણથી ગોઠવી શ્લોકબદ્ધ કરી દેવા એ સહેલી વ
થી. મરાઠી, ગુજરાતી, સંસ્કૃત, હિંદી, અંગ્રેજી, પંજાબ
ર્ણાટકી, બંગાળી, મારવાડી, ગ્રીક, ઉર્દૂ, જાડેજી, આરબ
ારસી, દ્રાવિડી અને સિંધી એમ સોળ ભાષાના ચારસો શબ
પાયેલા હતા. એ ભાષાના શબ્દોનાં વિલોમરૂપ એટલે અક્ષ
ાપેલા તે ક્રમનું દૃષ્ટાંત નીચે પ્રમાણે છે :

## સંસ્કૃતનું વિલોમ સ્વરૂપ

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| स्ति | क्तो | ष्णा | स्व | स्व | र्ग | स्ति | क्तः | तृ | क्ष | ब |
| हि | वि | यो | वि | वा | को | ष | नु | र | रो | क |
| घो | या | को | मु | ष | गी | कः | रा | वा | वि | प |
| म | कि | यः | दं | द्धो | ये | वि | न | हः | र | दे |

## શ્રીમદે કહી આપેલો શ્લોક

बद्धो हि को यो विषयानुरागी,
को वा विमुक्तो विषये विरक्तः ।
को वास्ति घोरो नरकः स्वदेहः
तृष्णाक्षयः स्वर्गपदं किमस्ति ॥

## ગુજરાતી ભાષાના વાક્યનું વિલોમ સ્વરૂપ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ત | ત્નો | ષ્ટિ | નાં | આ | જુ | આ | સૃ | થા |
| શો | જે | પ | દ | એ | ય | જો | થી | છે |
| ર | સુ | ને | ભિ | ઈ | નં | હ | વાં | છે |

## ગુજરાતી વાક્ય કહી બતાવ્યું હતું તે

'આપનાં જેવાં રત્નોથી હજુ સૃષ્ટિ સુશોભિત છે, એ જે આનંદ થાય છે.'

એવી રીતે બાકીની ચૌદ ભાષાઓના વિલોમસ સાંભળેલા અક્ષરો ઉપરથી ખરા સ્વરૂપે વાક્યો કે કાવ્યો બતાવ્યાં હતાં.

(૨૭ થી ૨૮)—બે જણ બે વિષયો, કોષ્ટકમાં આડાઅ અક્ષરો માગી પૂરા કરાવવા ઇચ્છે છે. શ્રીમદે તે કેવા રૂપથી કરાવ્યા તેનો એક નમૂનો અહીં આપ્યો છે. માગનાર જે નંબ અનુક્રમ વિના અક્ષર માગે છે તે આપી શ્રીમદ્ તે કાવ્યો પૂર્ણ કરે

નીચેના કોષ્ટકમાં અક્ષરો ઉપર જે આડાઅવળા અ મૂક્યા છે તે પ્રમાણે અક્ષરો મગાયા હતા, તે કોષ્ટકમાં ગોઠ ભુજંગી છંદનું કાવ્ય બન્યું હતું. જેમ કે પહેલા અક્ષરની મા

એવી કરી કે ૪૬મો અક્ષર આપો, એટલે શ્રીમદે 'ળ' આપ્ યછી બીજો અક્ષર ૧૯મો માગ્યો એટલે 'મ' આપ્યો. રે અડતાલીસ વખત અક્ષરની માગણી કરી. અક્ષરો ઉપર આંક મૂકેલા છે તે કેટલામી માગણી છે એમ સૂચવે છે.

## 'કવિતાને હિમ્મત' વિષે — ભુજંગી છંદ

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૩<br>ભ | ૧૬<br>લી | ૩૨<br>કાં | ૪૫<br>નિ | ૮<br>સા | ૧૯<br>સા | ૩૬<br>ધ | ૩૪<br>રે | ૧૧<br>તું | ૨૩<br>ક | ૨૧<br>વિ | ૨<br>ત |
| ૧૦<br>પ | ૧૮<br>ડી | ૩૧<br>શો | ૭<br>ક | ૪૪<br>માં | ૨૭<br>કે | ૨<br>મ | ૩૭<br>તું | ૩૫<br>કા | ૧૨<br>વ્ય | ૪૦<br>ગી | ૩<br>ત |
| ૨૮<br>હ | ૨૬<br>વે | ૩૦<br>જો | ૧૫<br>મ | ૬<br>ને | ૪૩<br>જો | ૩<br>ડ | ૪૨<br>તાં | ૧૩<br>હ | ૪૬<br>ર્ષ | ૨૨<br>દે | ૪ |
| ૯<br>કૃ | ૧૭<br>પા | ૪૮<br>તું | ૨૫<br>ક | ૨૯<br>રી | ૫<br>મુ | ૪<br>જ | ૪૧<br>સં | ૧૪<br>ભા | ૧<br>ળ | ૩૯<br>લે | ૨ |

(૨૯ થી ૩૬)—આઠ જુદી જુદી સમસ્યાઓ આપી હતી ચ્ચે એકેકી કડી લખાવીને પૂર્ણ કરી હતી. છેવટે આઠે સમસ્યા શ્રીમદે બોલી દેખાડી હતી.

(૩૭ થી ૫૨)—સોળ જણાએ જુદા જુદા સોળ વિષયો જુદા જુદા વૃત્તમાં કવિતા માગી હતી. તે કવિતાની એકેકી કડી એ ક્રમ કરતાં જતાં શ્રીમદે પૂર્ણ કરાવી હતી અને છેવટે તે સોળે ન કવિતાઓ શ્રીમદ્‌ને મોઢે થઈ ગઈ હતી. તે પોતે ગાઈ બતાવી હ તેમાંના બે-ત્રણ નમૂના નીચે આપ્યાં છે :—

૧. ચંદ્રના રથને હરણિયાં શા માટે જોડ્યાં છે? તે માટે દોડાવવો અને ઉપરની બે કડી પાછી વાણિયા ઉપર ઉતારવી વિષય આપેલો.

(શાર્દૂલવિક્રીડિત)

**"અંગે શૌર્ય દમામ નામ ન મળે, સત્તા રહી ના જરી!**
**પ્રેમી કાયરતા તણો અધિક છે, શાસ્ત્રે કથા એ ખરી;**
**ભાગી જાય જરૂર તે ભય ભર્યો, રે દેખતાં કેસરી,**
**તે માટે રથ ચંદ્રને હરણિયાં જોડી દીધાં શ્રી હરિ!"**

૨. કજોડાં માટે હિંદુઓનો તિરસ્કાર—એ વિષય આપ્યો

(મનહર છંદ)

**"કુળ મૂળ પર મોહી, શૂળ હાથે કરી રોપો,**
**ભૂલ થકી ધૂળ કેમ? કરો નિજ બાળિકા?**
**કરો છો કસાઈથકી, એ સવાઈ આર્ય ભાઈ,**
**નક્કી એ નવાઈની ભવાઈ સુખ ટાળિકા;**
**ચેતો ચેતો ચેતો રે ચતુર નર ચેતો ચિત્ત,**
**બાળો નહીં હાથે કરી, બાળ અને બાળિકા;**
**અરે! રાયચંદ કહો, કેમ કરી માને એહ,**
**ચડી બેઠી જેની કાંધે ક્રોધ ધરી કાળિકા!"**

શીઘ્રતાથી કરેલાં કાવ્યોમાં પણ ઝમક અને કલ્પના કે
મનોહર છે?

૩. કવિનું નામ પોતાના પિતાના નામ સહિત આવે ત
જ દોહરામાં મહાત્માને પ્રણામ થાય, એ વિષય આપ્યો હતો.

(દોહરો)

**રાખે યશ ચંદ્રોદયે, રહે વધુ-જીવી નામ,**[1]
તેવા નરને પ્રેમથી, નામ કરે પરણામ.

પ્રોફેસર રવજીભાઈ દેવરાજે શ્રીમદ્‌ને સ્મરણશક્તિ
પ્રશ્ન પૂછેલો : "એક કલાકમાં સો શ્લોક સ્મરણભૂત રહી શ
તથા કૉલેજમાં ન્યાયશાસ્ત્ર (Logic) શીખવાય છે તેનો વિ

---

૧. 'રાયચંદ રવજી' નામ કાવ્યમાં અંતર્ગત છે.

અભ્યાસ કરવા કાશીક્ષેત્ર તરફ જવા વિષે સલાહ પુછાવેલી તે
ઉત્તર શ્રીમદે અઢાર વર્ષની ઉંમરે આપ્યો છે, તે અનેક ર
વિચારવા યોગ્ય હોવાથી નીચે આપ્યો છે :–

"વવાણિયા, મિ. ૨. ૬-૧-૮-૧૯

ુગટમણિ રવજીભાઈ દેવરાજની પવિત્ર જનાબે,

વવાણિયાબંદરથી વિ. રાયચંદ વિ. રવજીભાઈ મહેત
ેમપૂર્વક પ્રણામ માન્ય કરશોજી. અત્રે હું ધર્મ-પ્રભાવ વૃત્તિ
ુશળ છું. આપની કુશળતા ચાહું છું. આપનો દિવ્ય પ્રેમભ
મૂષિત પત્ર મને મળ્યો, વાંચીને અત્યાનંદાર્ણવતરંગ રેલાયા
દિવ્ય પ્રેમ અવલોકન કરીને પરમ સ્મરણ આપનું ઊપજ્યું
આવા પ્રેમી પત્રો નિરંતર મળવા વિજ્ઞાપના છે અને તે સ્વી
કરવી આપને હસ્તગત છે. એટલે ચિંતા જેવું નથી. આપે મા
પ્રશ્નોના ઉત્તર અહીં આગળ આપી જવાની રજા લઉં છું.

પ્રવેશક :– આપનું લખવું ઉચિત છે. સ્વસ્વરૂપ ચીતર
મનુષ્ય ખચકાઈ જાય ખરો. પરંતુ સ્વસ્વરૂપમાં જ્યારે આ
સ્તુતિનો કિંચિત્ ભાગ ભળે ત્યારે, નહીં તો નહીં જ, આમ મ
નત છે. આત્મસ્તુતિનો સામાન્ય અર્થ પણ આમ થાય છે
પોતાની જૂઠી આપવડાઈ ચીતરવી. અન્યથા આત્મસ્તુ
ઉપનામ પામે છે, પરંતુ ખરું લખાણ તેમ પામતું નથી; અને જ
ખરું સ્વરૂપ આત્મસ્તુતિ ગણાય તો પછી મહાત્માઓ પ્રખ્યાતિ
આવે જ કેમ ? માટે સ્વસ્વરૂપની સત્યતા કિંચિત્ આપની માગ
ઉપરથી જણાવતાં અહીં આગળ મેં આંચકો ખાધો નથી, અને
પ્રમાણે કરતાં ન્યાયપૂર્વક હું દોષિત પણ થયેલો નથી.

अ – પંડિત લાલાજી મુંબઈ નિવાસીનાં અવધાનો સં
આપે બહુયે વાંચ્યું હશે. એઓ પંડિતરાજ અષ્ટાવધાન કરે છે
હિંદપ્રસિદ્ધ છે.

આ લખનાર બાવન અવધાન જાહેરમાં એક વખતે
ચૂક્યો છે; અને તેમાં તે વિજયવંત ઊતરી શક્યો છે. તે બ
અવધાન :–

૧. ત્રણ જણ સાથે ચોપાટે રમ્યા જવું .... ....
૨. ત્રણ જણ સાથે ગંજીફે રમ્યા જવું .... ....
૩. એક જણ સાથે શેતરંજે રમ્યા જવું .... ....
૪. ઝાલરના પડતા ટકોરા ગણતા જવું .... ....
૫. સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર મનમાં ગણ્યા જવું .... .... ....
૬. માળાના પારામાં લક્ષ આપી ગણતરી કરવી ....
૭. આઠેક નવી સમસ્યાઓ પૂર્ણ કરવી .... ....
૮. સોળ નવા વિષયો વિવાદકોએ માગેલા વૃત્તમાં અને વિષયો પણ માગેલા - રચતા જવું .... ....
૯. ગ્રીક, અંગ્રેજી, સંસ્કૃત, આરબી, લૅટિન, ઉર્દૂ, ગુર્જર, મરેઠી, બંગાળી, મરુ, જાડેજી, આદિ સોળ ભાષાના ચારસેં શબ્દો અનુક્રમવિહીનના કર્તાકર્મ સહિત પાછા અનુક્રમ સહિત કહી આપવા. વચ્ચે બીજાં કામ પણ કર્યે જવાં .... .... ....
૧૦. વિદ્યાર્થીને સમજાવવો .... .... ....
૧૧. કેટલાક અલંકારના વિચાર .... .... ....

આમ કરેલાં બાવન અવધાનની લખાણ સંબંધે અ
આગળ પૂર્ણાહુતિ થાય છે.

આ બાવન કામો એક વખતે મનઃશક્તિમાં સાથે ધા
કરવાં પડે છે. વગર ભણેલી ભાષાના વિકૃત અક્ષરો સુકૃત ક
પડે છે. ટૂંકામાં આપને કહી દઉં છું કે આ સઘળું યાદ જ રહી
છે. (હજુ સુધી કોઈ વાર ગયું નથી). આમાં કેટલુંક મા
સમજવું રહી જાય છે. પરંતુ દિલગીર છું કે તે સમજાવવું પ્રત્ય
માટે છે. એટલે અહીં આગળ ચીતરવું વૃથા છે. આપ નિશ્ચય
કે આ એક કલાકનું કેટલું કૌશલ્ય છે? ટૂંકો હિસાબ ગણીએ
પણ બાવન શ્લોક તો એક કલાકમાં યાદ રહ્યા કે નહીં? સ
નવા, આઠ સમસ્યા, સોળ જુદી જુદી ભાષાના અનુક્રમવિહીન
અને બાર બીજાં કામ મળી એક વિદ્વાને ગણતી કરતાં માન્યું
કે ૫૦૦ શ્લોકનું સ્મરણ એક કલાકમાં રહી શકે છે. આ વાત
અહીં આગળ એટલેથી જ પતાવી દઈએ છીએ.

આ—તેર મહિના થયાં દેહોપાધિ અને માનસિક વ્યાધિ
પરિચયથી કેટલીક શક્તિ દાટી મૂક્યા જેવી જ થઈ ગઈ
(બાવન જેવાં સો અવધાન તો હજુ પણ થઈ શકે છે) નહીં
આપ ગમે તે ભાષાના સો શ્લોકો એક વખત બોલી જાઓ તો
પાછા તેવી જ રીતે યાદીમાં રાખી બોલી દેખાડવાની સમથ
આ લખનારમાં હતી. અને તે માટે તથા અવધાનોને
'સરસ્વતીનો અવતાર' એવું ઉપનામ આ મનુષ્યને મળેલું
અવધાન એ આત્મશક્તિનું કર્તવ્ય મને સ્વાનુભવથી જણાયું
આપનો પ્રશ્ન આવો છે કે 'એક કલાકમાં સો શ્લોક સ્મરણ

રહી શકે?' ત્યારે તેનો માર્મિક ખુલાસો ઉપરના વિષયો ક
એમ જાણી અહીં આગળ જગા રોકી નથી. આશ્ચર્ય, આનંદ
સંદેહમાંથી હવે જે આપને યોગ્ય લાગે તે ગ્રહણ કરો.

ઙ—મારી શી શક્તિ છે? કંઈ જ નથી. આપની શ
અદ્ભુત છે. આપ મારે માટે આશ્ચર્ય પામો છો, તેમ હું અ
માટે આનંદ પામું છું.

આપ કાશીક્ષેત્ર તરફ સરસ્વતી સાધ્ય કરવા પધારના
આમ વાંચીને અત્યાનંદમાં હું કુશળ થયો છું. વારુ!
ન્યાયશાસ્ત્ર ક્યું કહો છો? ગૌતમ મુનિનું કે મનુસ્મૃતિ; હિં
શાસ્ત્ર, મિતાક્ષરા, વ્યવહાર, મયૂખ આદિ પ્રાચીન ન્યાયગ્રં
હમણાંનું બ્રિટિશ લૉ પ્રકરણ? આનો ખુલાસો હું નથી સમ
મુનિનું ન્યાયશાસ્ત્ર મુક્તિપ્રકરણમાં જાય તેમ છે. બીજા
રાજ્યપ્રકરણમાં— 'બ્રિટિશમાં માઠાં' જાય છે; ત્રીજા
બ્રિટિશને જ માટે છે, પરંતુ તે અંગ્રેજી. ત્યારે હવે એમાંથી
કોને પસંદ કર્યું છે? તે મર્મ ખુલ્લો થવો જોઈએ. મુનિશાસ્ત્ર
પ્રાચીન શાસ્ત્ર સિવાય જો ગણ્યું હોય તો એ અભ્યાસ કા
નથી. પરંતુ મેટ્રિક્યુલેશન પસાર થયા પછી મુંબઈ-પૂનાનો
બીજાં શાસ્ત્રો સમયાનુકૂળ નથી. આ આપનો વિચાર જાણ્યા
જ વેતર્યું છે. પરંતુ વેતરવામાં પણ એક કારણ છે. શું? તો
સાથે અંગ્રેજી વિદ્યાભ્યાસનું લખ્યું છે તે, હું ધારું છું કે એમ
આપ ભૂલથાપ ખાતા હશો. મુંબઈ કરતાં કાશી તરફ અ
અભ્યાસ કંઈ ઉત્કૃષ્ટ નથી, જ્યારે ઉત્કૃષ્ટ ન હોય ત્યારે
પગલું ભરવાનો હેતુ બીજો હશે, આપ ચીતરો ત્યારે દર્શિત
ત્યાં સુધી શંકાગ્રસ્ત છું.

૧. મને અભ્યાસ સંબંધી પૂછ્યું છે તેમાં ખુલાસો
દેવાનો છે, તે ઉપરની કલમની સમજણફેર સુધી દઈ શક
નથી; અને જે ખુલાસો હું આપવાનો છું તે દલીલોથી આપીશ

જ્ઞાનવર્ધક સભાના તંત્રીનો ઉપકાર માનું છું, એઓ
અનુચરને માટે તસ્દી લે છે તે માટે.

આ સઘળા ખુલાસા ટૂંકામાં પતાવ્યા છે. વિશેષ જોઈએ
માગો.'' (૧૮)

શ્રીમદ્‌ના બનેવી ચતુર્ભુજભાઈ લખે છે : ''મુંબઈ જ
પહેલાં જેતપુર પધારેલા ત્યારે જે પુરુષ જે હાથથી પાઘડી બાંધ
હોય તે ક્યા હાથથી બાંધે છે એ તેના માથાની આકૃતિ જ
પારખવાનો અખતરો કરી બતાવ્યો હતો. પોતે દુકાનમાં બે
હતા તેમની સામે બહારથી માણસને ઉઘાડે માથે ઊ
રાખવામાં આવતાં તે જે વળની પાઘડી બાંધતો હોય તે પોતે 
દેતા હતા. આશરે પંદર માણસની એમ પરીક્ષા કર્યા પછી 
પટેલને એવી રીતે ઊભો રાખતા પહેલાં શેઠ ઘેલા કાન
તરફથી કહેવામાં આવેલું કે તે કહે ત્યારે એમ કહેવું કે તે 
ખરી નથી, તમે કહો છો તેમ હું બાંધતો નથી, બીજા હાથ
બાંધું છું, તે પ્રમાણે તેણે કહ્યું, એટલે કૃપાળુશ્રી(શ્રીમદ્)એ
પ્રમાણે પાઘડી બાંધવા કહ્યું, પણ કૃત્રિમ રીતે તે બાંધવા લાગ
ને બધાને સ્પષ્ટ લાગ્યું કે તે જૂઠું બોલ્યો છે. તે જોઈ પ્રેક્ષક
બહુ જ આશ્ચર્ય લાગ્યું. શી રીતે પરીક્ષા થઈ શકે છે? 
કૃપાળુશ્રીને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે તેની આકૃતિ
અંતઃકરણમાં ભાસ લેતાં ડાબા જમણા પડખા તરફ ચિહ્ન પડવ
તેમ થઈ શકે છે. અંતઃકરણની શુદ્ધિ સિવાય થઈ શકે ન

શિખડાવ્યું આવડે તેમ નથી. એમ ખુલાસો કર્યો હતો.''

સં. ૧૯૪૩માં શ્રીમદ્‌ની મુંબઈમાં સ્થિતિ હતી; અને પણ અનેક સ્થળે અવધાનના પ્રયોગો કરી બતાવેલા. મુંબ પોતાની શતાવધાન (સો અવધાન) કરવાની શક્તિ ફરા કાવસજી ઇન્સ્ટિટ્યૂટમાં અને અન્ય સ્થળોએ જાહેર સમક્ષ તેઓએ દર્શાવી હતી. આ આશ્ચર્યકારક સ્મરણશક્તિ ક્રિયાઓથી તેઓને પ્રજાએ એક સુવર્ણચંદ્રક (ચાંદ) આપ્યો, 'સાક્ષાત્ સરસ્વતી'નું બિરુદ આપવામાં આવ્યું હતું. ઈ. ૧૮૮૬-૮૭માં 'મુંબઈ સમાચાર', 'જામે જમશેદ', ટા ઑફ ઇંડિયા', 'ગુજરાતી', 'ઇંડિયન સ્પેક્ટેટર' ઇત્યાદિ ગુજ અને અંગ્રેજી છાપામાં શ્રીમદ્‌ની અદ્‌ભુત શક્તિઓ વિષે આવતા હતા. તા. ૨૪-૧-૧૮૮૭ના 'ટાઈમ્સ ઑફ ઇં પત્રમાં અંગ્રેજીમાં છપાયું છે કે રાજચંદ્ર રવજીભાઈ ના ઓગણીસ વર્ષની વયના એક યુવાન હિંદુની અદ્‌ભુત માન શક્તિઓનું પ્રદર્શન નિરીક્ષણ કરવા અર્થે ગયા શનિવારે ફરામજી કાવસજી ઇન્સ્ટિટ્યૂટમાં દેશી ગૃહસ્થોનો એક મેળાવડો થયો હતો. આ પ્રસંગે ડૉ. પિટરસને અધ્યક્ષપદ હતું. અવધાન ઉપરાંત અલૌકિક સ્પર્શેન્દ્રિય શક્તિ ધરાવત જોવામાં આવ્યા હતા. તેઓને પ્રથમ એક ડઝન જેટલાં જુદાં કદનાં પુસ્તકો બતાવવામાં આવ્યાં હતાં અને તેમને તેનાં જણાવવામાં આવ્યાં હતાં. ત્યાર પછી તેઓની આંખો પાટા બંધ કરવામાં આવી હતી; અને તેઓએ તેમના હાથમાં જેમ પુસ્તકો મૂકવામાં આવ્યાં તેમ તેમ તે પુસ્તકોનાં નામ હસ્ત સ્પર્શ કરી કહી દીધાં હતાં. એ જ તારીખના 'જામે જમશે

છપાયું છે કે ડૉ. પિટરસને પોતાને આ અખતરાથી બે
અચરતી પામેલા જણાવ્યા હતા.

‘‘અમારા સાંભળવામાં આવ્યું છે કે આગલે દિવ
પોતાને મળેલી એક મિજબાની વખતે કેટલીક વાનીઓ
મીઠું વધતું-ઓછું હતું. તે કવિએ (શ્રીમદ્ રાજચંદ્રે) ચાખ્યા
હાથ લગાડ્યા વિના માત્ર નજરે જોઈ કહી આપ્યું હતું
‘જામે જમશેદ.’

‘‘આ પછી થોડાક વખતમાં મુંબઈની હાઈકોર્ટના મુ
ન્યાયમૂર્તિ સર ચાર્લ્સ સારજન્ટ, ડૉ૰ પિટરસન, મિ૰ યાજ્ઞિ
અને અન્ય પ્રતિષ્ઠિત પુરુષોની પ્રેરણાથી શ્રીમદ્‌નાં શતાવધ
જોવાને માટે એક મહાન લોકસભા બોલાવવાની વ્યવસ
કરવામાં આવી હતી. આ અસાધારણ શક્તિવાળા યુવક
સ્તુતિ અને કદર લોકોએ અને પત્રવાળાઓએ ઉત્તમ રી
પ્રદર્શિત કરી. સર ચાર્લ્સે તેમને યુરોપમાં જઈ ત્યાં પોતા
શક્તિઓ દર્શાવવાની ભલામણ કરી, પણ તેઓ તેમ ક
શક્યા નહીં, કારણ કે તેમણે વિચાર્યું કે યુરોપમાં પોતે જૈ
ધર્માનુસાર રહી શકે નહીં.’’—‘પાયોનિયર’ (અલાહાબાદ).

સ્મરણશક્તિના પ્રતાપરૂપ આ અવધાન પ્રવૃત્તિનો વધ
વિસ્તાર, ચમત્કાર, આત્મોન્નતિરક્ત પુરુષોને પ્રિય હોતો નથ
આત્મોન્નતિ અને આ વિસ્તાર બન્ને ભિન્ન ભાસવાથી—
સન્માર્ગરોધક પ્રતીત થવાથી શ્રીમદ્‌ની અંતરંગ વૈરાગ્યમ
ઉદાસીન, સત્સુખશોધક ભાવના આ પ્રવૃત્તિને વિસ્તરવા
દેતાં વિરામ પમાડે છે કે જે વીશ વર્ષની વય પછી પ્ર
પ્રગટપણાને પામી નથી.

## ૯

## વીશ વર્ષની વય સુધીની લેખન પ્રવૃત્તિ

'સાક્ષાત્ સરસ્વતી' નામે એક નાનું પુસ્તક સં. ૧૯૪૩માં ભાઈ વિનયચંદ પોપટભાઈ દફ્તરીએ લખ્યું છે. તેમાં શ્રીમદ્‌નો ૧૯ વર્ષ સુધીનો ટૂંક વૃત્તાંત પ્રગટ કરી અવધાન વગેરે શક્તિઓ ઉપરાંત તે વખતનાં તેમનાં અપ્રગટ લખાણ વિષે થોડું લખ્યું છે :

''નીતિ, ભક્તિ, અહિંસા, શિયળ અને અધ્યાત્મ સંબંધી એઓ ગ્રંથો ગૂંથવા પ્રયત્ન કરે છે, તેમ કેટલાક ગૂંથ્યા પણ છે. 'મોક્ષમાળા' નામે એક સુંદર ગ્રંથ હમણાં બહાર દેખાવ દેનાર છે; જેનું પૂર આશરે છ હજાર શ્લોક જેટલું થવા જાય છે. એ ગ્રંથ ગદ્યાત્મક છે. સૂત્રસિદ્ધાંતના માર્મિક ભેદો સમજાવવાની લાલિત્યયુક્ત પ્રેરણાઓ એમાં કરી છે. જે મોક્ષમાળા ઉપદેશ-તરંગથી છલકાયા કરે છે; જે મોક્ષમાળામાં ખરેખર મોક્ષનો માર્ગ મતભેદ વિના બોધ્યો છે અને જે મોક્ષમાળા સૂત્રસિદ્ધાંતનો ટોડો છે; તે આપણું ધર્મપુસ્તક એક વખત દરેક શ્રાવકે વાંચવું, સમજવું, વાંચતાં ન આવડતું હોય તેમણે બીજાને મોઢેથી શ્રવણ કરવું અને તેનો રૂડો ઉપયોગ કરવો એવી મારી સલાહ છે.

'નમિરાજ' નામે એક સંસ્કૃતના મહાકાવ્યના નિયમાનુસારે એમણે ગ્રંથ રચ્યો છે; જેમાં શાંતરસ પ્રધાન રાખીને નવરસની

રેલમછેલા કરી મૂકી છે; જેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વર્ગ સંબંધી ઉપદેશ કરી ફળમાં મોક્ષમાર્ગ મૂકી દીધો છે. એ પાંચ હજાર શ્લોકના પૂરનો ગ્રંથ એમણે છ દિવસમાં રચ્યો હતો. એ ગ્રંથ વાંચતાં દરેક મનુષ્યને એ દેવાંશી નરની કવિત્વશક્તિના લાલિત્યનું ભાન થાય છે.

એ મહાત્માએ એક સાર્વજનિક સાહિત્યનો એક હજાર શ્લોકનો ગ્રંથ એક દિવસમાં રચ્યો છે; જે હમણાં ધ્રાંગધ્રાના એક ડૉક્ટર પ્રસિદ્ધ કરનાર છે.

એક ધર્માચાર્યે એક હજાર રૂપિયા આપવાનું કહ્યું હતું અને કહ્યું હતું કે મારા ધર્મના થોડાએક શ્લોકો કરી આપો, પરંતુ એથી એ દેવાંશી નરનું મન ચળ્યું નહોતું. ધન્ય છે એની જનેતાને!

'વૈરાગ્ય વિલાસ' નામે જૈનધર્મનું એક ચોપાનિયું હમણાં એઓ બહાર પાડે છે.''

ઉપર જણાવેલા ગ્રંથોમાંથી 'મોક્ષમાળા' સિવાય કોઈ ગ્રંથ હાલ ઉપલબ્ધ નથી. છપાવાની તૈયારી થયેલા જણાવ્યા છે તે છપાયા હશે કે નહીં તેની પણ માહિતી મળી નથી. પરંતુ ઉપરના વર્ણન ઉપરથી તે લેખકે તે ગ્રંથો દીઠા હોય એમ લાગે છે.

હાલ જે લખાણ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં છપાયું છે, તેમાં 'વચનામૃત'ના મથાળા નીચે ૧૨૦ બોલ 'પુષ્પમાળા'ની શૈલીમાં પણ ધાર્મિક વિષયની મુખ્યતા રાખી સૂત્રાત્મક ઉપદેશરૂપે લખાયેલ છે. તેના સોળમા બોલમાં 'વચનસપ્તશતી પુનઃ પુનઃ સ્મરણમાં રાખો' એમ જણાવ્યું છે તે સૂચવે છે કે તેમણે સાતસો બોલ લખેલા છે. 'તત્વજ્ઞાન' નામનો તેમના

વચનોમાંથી તૈયાર કરેલો નાનો સંગ્રહ બહાર પડેલો છે. તેમાં ‘મહાનીતિ’ના સાતસો બોલ આપેલા છે; તે પણ આ અરસામાં લખાયેલા લાગે છે.[૧]

સત્તર–અઢાર વર્ષની ઉમ્મરે શ્રીમદે લખેલા દાર્ષ્ટાન્તિક દોહરા એંશી પ્રાપ્ત થયા છે, તે અપ્રગટ છે.[૨] તેમાં નીતિ-વ્યવહારની શિખામણ મુખ્ય છે. દરેક દોહરામાં ઘણું કરીને સિદ્ધાંતને પ્રથમ જણાવી તેને પુષ્ટ કરનાર દૃષ્ટાંત આપેલું છે. ઉદાહરણ :–

**“ફરી ફરી મળવો નથી, આ ઉત્તમ અવતાર;**
**કાળી ચૌદશ ને રવિ, આવે કોઈક વાર.**

**અતિજ્ઞાન ઊપજે તદા, પરમાત્મા પરખાય;**
**પડળ ઊતરે આંખનાં, તદા સર્વ દેખાય.**

**પ્રિય કાવ્ય પંડિતને, દૃષ્ટાંતિકનો દાવ;**
**જેમ મોદથી મોદકે, બ્રાહ્મણ જનનો ભાવ.**

**બે બોલોથી બાંધીઓ, સર્વ શાસ્ત્રનો સાર;**
**પ્રભુ ભજો, નીતિ સજો, પરઠો પરોપકાર.**

**દેશ-ઉદય-ઉપયોગનાં, વીર નરોનાં શિર;**
**પ્રસૂતા પીડા ટાળવા, સોંપે સપૂત શરીર.**

**વચને વલ્લભતા વધે, વચને વાધે વેર;**
**જળથી જીવે જગત આ, કદી કરે પણ કેર.**

---

૧. ‘સાતસેં મહાનીતિ હમણાં.....એક દિવસે તૈયાર કરી છે.’ ‘શ્રીમદ્ રાજચંદ્ર’–પત્રાંક ૨૭.

૨. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ તરફથી પ્રકાશિત ‘સુબોધસંગ્રહ’માં છપાયા છે.

**રોષીને રૂડું કહે, બમણો આણે રોષ;**
**તાતા તેલે જળ પડે, ભડકો થાય સદોષ.**

**શાંતિ મળે સદ્ધર્મથી, ભ્રાંતિ ટળે ભલી ભાત;**
**કાંતિ દીપે કનક સમી, વિમળ વધે મન વાત.**

**કાયા માયા ક્ષણિક છે, ઇન્દ્રધનુષ્યનો રંગ;**
**આકાશી કિલ્લા અને મૃગજળ તણા તરંગ.**

**હોય સરસ પણ ચીજ તે, યોગ્ય સ્થળે વપરાય;**
**કેમ કટારી કનકની, પેટ વિષે ઘોંચાય?''**

'બુદ્ધિપ્રકાશ'માં ઈ. સં. ૧૮૮૫માં 'શૂરવીર સ્મરણ' વિષે શ્રીમદે લખેલા સવૈયા ચોવીશ છપાયા છે. તેમાં રણરંગનો અજબ ચિતાર બહુ જોશદાર અને પ્રબળ વેગવાળી છટાદાર ભાષામાં આપી છેવટના ત્રણ સવૈયામાં એવા વીરોના હાલના વંશજ બાપનું નામ બોળે એવા થયાથી જે અકથ્ય ખેદ થાય છે તેનું ચિત્ર કરુણરસ રેલાવી આબેહૂબ વાંચનારનાં હૈયાં હલાવી મૂકે તેવું છે. લખેલી [૧]નકલ ઉપરથી ઉદાહરણરૂપે નીચે આપ્યા છે :—

### સવૈયા

**''ઢાલ ઢળકતી ઝબક ઝળકતી, લઈ ચળકતી કર કરવાલ,**
**ખરેખરા ખૂંદે રણમાં ત્યાં, મૂછ મલકતી, ઝગતું ભાલ;**
**વેરીને ઘેરી લેતા ઝટ, ભરત ભૂમિના જય ભડવીર,**
**અરે! અરેરે! આજ ગયા ક્યાં? રઢિયાળા એવા રણધીર.**

**મારે જ્યાં માથામાં મુષ્ટિ, કરી નાખે ત્યાં કકડા ક્રોડ,**
**ફરી અરિ નહિ આવે પાસે, મનની મૂકે મમતા મોડ;**

---

૧. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ તરફથી પ્રકાશિત 'સુબોધસંગ્રહ'માં આ સવૈયા છપાયા છે.

બંકા બહાદુર બાણ કમાને, વજ્ર વપુના મજબૂત વીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર.

કદીયે નહિ કાયાથી કંપે, જીતે ત્યારે જંપે વીર,
રણરંગી ને જબરા જંગી, ઊછળે જેને શૌર્ય શરીર;
કાયરતાના માયર નહિ એ, સાચા એ સાયર શૂરવીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર.

ટાળક સંકટ, બાળક, નારી, ગૌ, બ્રાહ્મણ પ્રતિપાળક પૂર્ણ,
સંભાળક જે ધરા ધર્મના, દુશ્મન દળ કરનારા ચૂર્ણ;
ખરાખરીના ખેલ વિષે નહિ, પાછો પગ દેનારા વીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર.

શત્રુની છાતીમાં સાલે, મૂઆ પછી પણ માસ હજાર,
નામ વડે ત્યાં પડે મૂતરી જેના શત્રુના સરદાર;
અને રિપુની રામા રડતી, કદી રહે નહિ લૂંછે નીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર.

ભીમ ભગીરથ ભારે ભડ જે, કેવળ રૂપે કાળ કરાળ,
રણભૂમિમાં ભય ઉપજાવે, યમરાજાથી પણ વિકરાળ;
કુળદીપક એ કોહીનૂરો, ધન્ય માતનું ધાવ્યા ક્ષીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર.

બાણ-શય્યામાં પોઢ્યા બહાદુર, ભીષ્મપિતા ભારે ભયકાર,
અવધિ આપી અહા ! કાળને, છ માસની જેણે તે વાર;
મહાભારતનું નામ પડ્યું તે એનું કારણ એવા વીર,
અરે ! અરેરે ! આજ ગયા ક્યાં ? રઢિયાળા એવા રણધીર.

પાણી પૂર્વજનું ખોનારા, જાગ્યા આવા એને વંશ,
બાપ-નામના બોળી બેઠા, ધિક્ક ! ધિક્ક ! એના આ અંશ !

**મરો બૂડીને નરો બાયલા, ઢાંકણીમાં નાખીને નીર,**
**આર્યકીર્તિને ઝાંખપ દીધી, તમને એનો બટ્ટો શિર!**
**હા!શિવ!હા!શિવ!ગજબ થયો શો? અજબ થઉં છું નીરખી આમ,**
**આર્ય પરાધીન દીન થયાથી રે'તી નથી હૈયામાં હામ!**
**કાળજડું કંપે કરુણાથી, સ્થિતિ અવલોકીને આમ!**
**ઢળું ધરણીએ મૂર્છા પામી, ભાખી હર! હર! હર! હર! રામ!**
**શું પ્રાચીન પૂર્વજ સંભારું, આંખે આંસુ આવે, વીર!**
**શી હિમ્મત એના હૈયાની, રે! શાં એનાં નૌતમ નીર!**
**હાય! હાય! આ ગતિ થઈ શી! હાય! હાય! શો કાળો કેર!**
**'રાય' હૃદય ફાટે છે હર! હર!.... (નથી જોવાતી આવી પેર)''**

સર વોલ્ટર સ્કોટનાં દ્વંદ્વયુદ્ધો (Combats) શૌર્ય-પ્રેમ (Romantic) પ્રેરક કાવ્યો જેણે વાંચ્યાં હશે તેને આ સવૈયા વાંચી તે સ્મરણમાં આવ્યા વિના ન રહે! પરંતુ એક નાના કાવ્યમાં શ્રીમદે કેટલા હૃદયના ભાવો જગાડ્યા છે તે તો પૂરું તે કાવ્ય વાંચવાથી જણાય. અને શ્રીમદે સાહિત્યનાં જે જે ક્ષેત્રોમાં કલમ ચલાવી હોત તે તે સર્વ સ્થળે તે વિજયવંત નીવડ્યા વિના રહેત નહીં, એવી વાંચનારને પ્રતીતિ થાય તેવું આ અદ્‌ભુત કાવ્ય છે.

શ્રી ચિદાનંદ મહારાજે લખેલા 'સ્વરોદય'ના રહસ્યને પ્રગટ કરતી ટીકા લખવાની સં. ૧૯૪૩માં શ્રીમદે શરૂ કરેલી લાગે છે, તેની પ્રસ્તાવના પણ પોતે લખી છે તેમાં આત્મજ્ઞાની શ્રી ચિદાનંદ મહારાજના જીવનની ટૂંકી રૂપરેખા તથા તેમની દશાનું વર્ણન કરેલું છે તે અપૂર્ણદશામાં પ્રાપ્ત થયેલ છપાયું છે. શ્રીમદે કેવું વિવેચન લખવા ધારેલું તે છપાયેલા બે દોહરાના મર્મપ્રકાશક

વિસ્તાર ઉપરથી વિચારતાં એમ લાગે છે કે જો તે ગુહ્ય ગ્રંથનું વિવેચન પૂરું થવા પામ્યું હોત, તો આ જમાનામાં કાળજ્ઞાનનો અભ્યાસ કરનારને મોટી મદદરૂપ થઈ પડત.

'જીવતત્ત્વ સંબંધી વિચાર' અને 'જીવાજીવ વિભક્તિ' એ બે લેખ પણ અપૂર્ણ પ્રાપ્ત થયેલા પ્રસિદ્ધ થયા છે, તેમાં 'નવ તત્ત્વ' પ્રકરણને મળતો વિષય ચર્ચેલો છે.

એક વખતે વાતચીતમાં શ્રીમદે જણાવેલું કે 'મોક્ષમાળા' રચી તે વખતે અમારો વૈરાગ્ય, 'યોગવાસિષ્ઠ'ના વૈરાગ્ય પ્રકરણમાં શ્રી રામચંદ્રજીનો વૈરાગ્ય વર્ણવેલો છે તેવો હતો અને તમામ જૈનઆગમો સવા વર્ષની અંદર અમે અવલોકન કર્યાં હતાં. તે વખતે અદ્ભુત વૈરાગ્ય વર્તતો હતો, તે એટલા સુધી કે અમે ખાધું છે કે નહીં તેની અમને સ્મૃતિ રહેતી નહીં.

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના ચાળીસમા અંકમાં, સં. ૧૯૪૪માં લખાયેલા એક લઘુ ગ્રંથનો આદિ અને અંતનો ભાગ છપાયેલો છે; તે અપૂર્ણ દશામાં છે છતાં તે ગ્રંથનો આશય 'છેવટની ભલામણ'માં સ્પષ્ટ જણાય છે, "કે જે મનુષ્યે એક વાર પ્રતિમા-પૂજનથી પ્રતિકૂળતા બતાવી હોય, તે જ મનુષ્ય જ્યારે તેની અનુકૂળતા બતાવે; ત્યારે પ્રથમ પક્ષવાળા તે માટે બહુ ખેદ અને કટાક્ષ આવે છે. આપ પણ હું ધારું છું કે મારા ભણી થોડા વખત પહેલાં એવી સ્થિતિમાં આવી ગયા હતા, તે વેળા જો આ પુસ્તકને મેં પ્રસિદ્ધિ આપી હોત તો આપનાં અંતઃકરણો વધારે દુભાત અને દુભાવવાનું નિમિત્ત હું થાત; એટલા માટે મેં તેમ કર્યું નહીં. કેટલોક વખત વીત્યા પછી મારા અંતઃકરણમાં એક એવા

વિચારે જન્મ લીધો કે તારા માટે તે ભાઈઓને સંકલેશ વિચારો આવતા રહેશે; તેં જે પ્રમાણથી માન્યું છે, તે પણ માત્ર એક તારા હૃદયમાં રહી જશે; માટે તેને સત્યતાપૂર્વક જરૂર પ્રસિદ્ધિ આપવી. એ વિચારને મેં ઝીલી લીધો. ત્યારે તેમાંથી ઘણા નિર્મળ વિચારની પ્રેરણા થઈ; તે સંક્ષેપમાં જણાવી દઉં છું. પ્રતિમા માનો એ આગ્રહ માટે આ પુસ્તક કરવાનો કંઈ હેતુ નથી. તેમજ તેઓ પ્રતિમા માનો તેથી મને કંઈ ધનવાન થઈ જવાનું નથી... પ્રતિમા માટે મને જે જે પ્રમાણો જણાયાં હતાં તે ટૂંકામાં જણાવી દીધાં.''(૪૦)

એ અપૂર્ણ ગ્રંથની શરૂઆત પણ બહુ મધ્યસ્થતાથી વિચારવા યોગ્ય છે; તેથી તેમાંથી થોડા ઉતારા લીધા છે :–

''વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા, અને જિતેન્દ્રિયપણું આટલા ગુણો જે આત્મામાં હોય, તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે....

અનાદિ કાળના મહા શત્રુરૂપ રાગ, દ્વેષ અને મોહના બંધનમાં તે (જિજ્ઞાસુ) પોતા સંબંધી વિચાર કરી શક્યો નથી. મનુષ્યત્વ, આર્ય દેશ, ઉત્તમ કુળ, શારીરિક સંપત્તિ એ અપેક્ષિત સાધન છે; અને અંતરંગ સાધન માત્ર મુક્ત થવાની સાચી જિજ્ઞાસા એ છે.

એમ જો સુલભબોધીપણાની યોગ્યતા આત્મામાં આવી હોય તો તે, જે પુરુષો મુક્ત થયા છે અથવા વર્તમાનમાં મુક્તપણે કે આત્મજ્ઞાનદશાએ વિચરે છે તેમણે ઉપદેશેલા માર્ગમાં નિઃસંદેહપણે શ્રદ્ધાશીલ થાય.....

સર્વ દર્શનની શૈલીનો વિચાર કરતાં એ રાગ, દ્વેષ અને

મોહરહિત પુરુષનું બોધેલું નિર્ગ્રંથ દર્શન વિશેષ માનવા યોગ્ય છે.....

અત્યારે વીતરાગદેવને નામે જૈનદર્શનમાં એટલા બધા મત ચાલે છે કે તે મત, તે મતરૂપ છે, પણ સત્‌રૂપ જ્યાં સુધી વીતરાગદેવની આજ્ઞાનું અવલંબન કરી પ્રવર્તતા ન હોય ત્યાં સુધી કહી શકાય નહીં.

એ મતપ્રવર્તનમાં મુખ્ય કારણો મને આટલાં સંભવે છે :

(૧) પોતાની શિથિલતાને લીધે કેટલાક પુરુષોએ નિર્ગ્રંથ દશાની પ્રાધાન્યતા ઘટાડી હોય;

(૨) પરસ્પર બે આચાર્યોને વાદવિવાદ;

(૩) મોહનીય કર્મનો ઉદય અને તે રૂપે પ્રવર્તન થઈ જવું;

(૪) ગ્રહાયા પછી તે વાતનો માર્ગ મળતો હોય તો પણ તે દુર્લભબોધિતાને લીધે ન ગ્રહવો;

(૫) મતિની ન્યૂનતા;

(૬) જેના પર રાગ તેના છંદમાં પ્રવર્તન કરનારાં ઘણાં મનુષ્યો;

(૭) દુઃસમ કાળ; અને

(૮) શાસ્ત્રજ્ઞાનનું ઘટી જવું.......

સર્વને સરખી બુદ્ધિ આવી જઈ, સંશોધન થઈ, વીતરાગની આજ્ઞારૂપ માર્ગનું પ્રતિપાદન થાય એ સર્વથા જો કે બને તેવું નથી; તોપણ સુલભબોધી આત્માઓ અવશ્ય તે માટે પ્રયત્ન કર્યા રહે, તો પરિણામ શ્રેષ્ઠ આવે, એ વાત મને સંભવિત લાગે છે.

દુઃસમ કાળના પ્રતાપે, જે લોકો વિદ્યાનો બોધ લઈ શક્યા છે તેમને ધર્મતત્ત્વ પર મૂળથી શ્રદ્ધા જણાતી નથી. જેને કંઈ (શ્રદ્ધા) સરળતાને લીધે હોય છે, તેને તે વિષયની કંઈ ગતાગમ જણાતી નથી; ગતાગમવાળો કોઈ નીકળે તો તેને તે વસ્તુની વૃદ્ધિમાં વિઘ્ન કરનારા નીકળે, પણ સહાયક ન થાય, એવી આજની કાળચર્યા છે. એમ કેળવણી પામેલાને ધર્મની દુર્લભતા થઈ પડી છે.

કેળવણી વગરના લોકોમાં સ્વાભાવિક એક આ ગુણ રહ્યો છે કે આપણા બાપદાદા જે ધર્મને સ્વીકારતા આવ્યા છે, તે ધર્મમાં જ આપણે પ્રવર્તવું જોઈએ, અને તે જ મત સત્ય હોવો જોઈએ; તેમ જ આપણા ગુરુનાં વચન પર જ આપણે વિશ્વાસ રાખવો જોઈએ; પછી તે ગુરુ ગમે તો શાસ્ત્રનાં નામ પણ જાણતા ન હોય, પણ તે જ મહાજ્ઞાની છે એમ માની પ્રવર્તવું જોઈએ. તેમ જ આપણે જે માનીએ છીએ તે જ વીતરાગનો બોધેલો ધર્મ છે, બાકી જૈન નામે પ્રવર્તે છે તે મત સઘળા અસત્ છે. આમ તેમની સમજણ હોવાથી તેઓ બિચારા તે જ મતમાં મચ્યા રહે છે. એનો પણ અપેક્ષાથી જોતાં દોષ નથી.

જે જે મત જૈનમાં પડેલા છે તેમાં જૈન સંબંધી જ ઘણે ભાગે ક્રિયાઓ હોય એ માન્ય વાત છે. તે પ્રમાણે પ્રવૃત્તિ જોઈ જે મતમાં પોતે દીક્ષિત થયા હોય, તે મતમાં જ દીક્ષિત પુરુષોનું મચ્યા રહેવું થાય છે. દીક્ષિતમાં પણ ભદ્રિકતાને લીધે કાં તો દીક્ષા, કાં તો ભિક્ષા માગ્યા જેવી સ્થિતિથી મૂંઝાઈને પ્રાપ્ત થયેલી દીક્ષા, કાં તો સ્મશાનવૈરાગ્યમાં લેવાઈ ગયેલી દીક્ષા હોય છે. શિક્ષાની સાપેક્ષ સ્ફુરણાથી પ્રાપ્ત થયેલી દીક્ષાવાળો પુરુષ તમે

વિરલ જ દેખશો; અને દેખશો તો તે મતથી કંટાળી વીતરાગદેવની આજ્ઞામાં રાચવા વધારે તત્પર હશે.......

તેમ જ ત્યાગી ગુરુઓ સિવાયના પરાણે થઈ પડેલા મહાવીરદેવના માર્ગરક્ષક તરીકે ગણાવતા યતિઓ, તેમની તો માર્ગ પ્રવર્તાવવાની શૈલી માટે કંઈ બોલવું રહેતું નથી. કારણ ગૃહસ્થને અણુવ્રત પણ હોય છે; પણ આ તો તીર્થંકરદેવની પેઠે કલ્પાતીત પુરુષ થઈ બેઠા છે.

સંશોધક પુરુષો બહુ ઓછા છે. મુક્ત થવાની અંતઃકરણે જિજ્ઞાસા રાખનારા અને પુરુષાર્થ કરનારા બહુ ઓછા છે. તેમને સાહિત્યો જેવાં કે સદ્ગુરુ, સત્સંગ કે સત્શાસ્ત્રો મળવાં દુર્લભ થઈ પડ્યાં છે. જ્યાં પૂછવા જાઓ ત્યાં સર્વ પોતપોતાની ગાય છે. પછી તે સાચી કે જૂઠી તેનો કોઈ ભાવ પૂછતું નથી. ભાવ પૂછનાર આગળ મિથ્યા વિકલ્પો કરી પોતાની સંસારસ્થિતિ વધારે છે અને બીજાને તેવું નિમિત્ત કરે છે.

ઓછામાં પૂરું કોઈ સંશોધક આત્મા હશે તો તેને અપ્રયોજનભૂત પૃથ્વી ઇત્યાદિક વિષયોમાં શંકાએ કરી રોકાવું થઈ ગયું છે. અનુભવધર્મ પર આવવું તેમને પણ દુર્લભ થઈ પડ્યું છે.

આ પરથી મારું એમ કહેવું નથી કે કોઈ પણ અત્યારે જૈન દર્શનના આરાધક નથી; છે ખરા, પણ બહુ જ અલ્પ, બહુ જ અલ્પ... પણ તે આંગળીએ ગણી લઈએ તેટલા હશે. બાકી તો (જૈન) દર્શનની દશા જોઈ કરુણા ઊપજે તેવું છે; સ્થિર ચિત્તથી વિચાર કરી જોશો તો આ મારું કહેવું તમને સપ્રમાણ લાગશે.

એ સઘળા મતોમાં કેટલાકને તો સહજ સહજ વિવાદ છે. મુખ્ય વિવાદ :– એકનું કહેવું પ્રતિમાની સિદ્ધિ માટે છે. બીજા તેને કેવળ ઉત્થાપે છે (એ મુખ્ય વિવાદ છે.)

બીજા ભાગમાં પ્રથમ હું પણ ગણાયો હતો. મારી જિજ્ઞાસા વીતરાગદેવની આજ્ઞાના આરાધન ભણી છે, એમ સત્યતાને ખાતર કહી દઈ દર્શાવું છું કે પ્રથમ પક્ષ સત્ય છે, એટલે કે જિનપ્રતિમા અને તેનું પૂજન શાસ્ત્રોક્ત, પ્રમાણોક્ત, અનુભવોક્ત અને અનુભવમાં લેવા યોગ્ય છે. મને તે પદાર્થોનો જે રૂપે બોધ થયો અથવા તે વિષય સંબંધી મને જે અલ્પ શંકા હતી તે નીકળી ગઈ, તે વસ્તુનું કંઈ પણ પ્રતિપાદન થવાથી કોઈ પણ આત્મા તે સંબંધી વિચાર કરી શકશે; અને તે વસ્તુની સિદ્ધિ જણાય તો તે સંબંધી મતભેદ તેને ટળી જાય; તે સુલભબોધી-પણાનું કાર્ય થાય એમ ગણી, ટૂંકામાં કેટલાક વિચારો પ્રતિમા-સિદ્ધિ માટે દર્શાવું છું....

આટલું સ્મૃતિમાં રાખવાનું છે કે :– કેટલાંક પ્રમાણો આગમના સિદ્ધ થવા માટે પરંપરા, અનુભવ ઇત્યાદિકની અવશ્ય છે. કુતર્કથી, જો તમે કહેતા હો તો આખા જૈનદર્શનનું પણ ખંડન કરી દર્શાવું; પણ તેમાં કલ્યાણ નથી. સત્ય વસ્તુ જ્યાં પ્રમાણથી, અનુભવથી સિદ્ધ થઈ ત્યાં જિજ્ઞાસુ પુરુષો પોતાની ગમે તેવી હઠ પણ મૂકી દે છે.

આ મોટા વિવાદ આ કાળમાં જો પડ્યા ન હોત તો ધર્મ પામવાનું લોકોને બહુ સુલભ થાત....

પ્રથમ પ્રતિમા નહીં માનતો અને હવે માનું છું, તેમાં કંઈ પક્ષપાતી કારણ નથી; પણ મને તેની સિદ્ધિ જણાઈ તેથી માન્ય

રાખું છું; અને સિદ્ધિ છતાં નહીં માનવાથી પ્રથમની માન્યતાની પણ સિદ્ધિ નથી, અને તેમ થવાથી આરાધકતા નથી.

મને આ મત કે તે મતની માન્યતા નથી, પણ રાગદ્વેષ રહિત થવાની પરમાકાંક્ષા છે; અને તે માટે જે જે સાધન હોય, તે તે ઇચ્છવાં, કરવાં એમ માન્યતા છે; અને એ માટે મહાવીરનાં વચન પર મને પૂર્ણ વિશ્વાસ છે.

અત્યારે એટલી પ્રસ્તાવના માત્ર કરી પ્રતિમા સંબંધી અનેક પ્રકારથી દર્શાયલી મને જે સિદ્ધિ તે હવે કહું છું. તે સિદ્ધિને મનન કરતાં પહેલાં વાંચનારે નીચેના વિચારો કૃપા કરીને લક્ષમાં લેવા...

કોઈ ધર્મ માનનાર આખો સમુદાય કંઈ મોક્ષે જશે એવું શાસ્ત્રાકારનું કહેવું નથી, પણ જેનો આત્મા ધર્મત્વ ધારણ કરશે તે, સિદ્ધિસંપ્રાપ્ત થશે, એમ કહેવું છે, માટે સ્વાત્માને ધર્મબોધની પ્રથમ પ્રાપ્તિ કરાવવી જોઈએ. તેમાંનું એક આ સાધન પણ છે; તે પરોક્ષ પ્રત્યક્ષ અનુભવ્યા વિના ખંડી નાંખવા યોગ્ય નથી.

જો તમે પ્રતિમાને માનનાર હો તો તેનાથી જે હેતુ પાર પાડવા પરમાત્માની આજ્ઞા છે તે પાર પાડી લેવો અને જો તમે પ્રતિમાના ઉત્થાપક હો તો આ પ્રમાણોને યોગ્ય રીતે વિચારી જોજો. બન્નેએ મને શત્રુ કે મિત્ર કંઈ માનવો નહીં. ગમે તે કહેનાર છે, એમ ગણી ગ્રંથ વાંચી જવો.....

મને સંસ્કૃત, માગધી કે કોઈ ભાષાનો મારી યોગ્યતા પ્રમાણે પરિચય નથી એમ ગણી, મને અપ્રમાણિક ઠરાવશો તો

ન્યાયની પ્રતિકૂળ જવું પડશે; માટે મારું કહેવું શાસ્ત્ર અને આત્મ-મધ્યસ્થતાથી તપાસશો.

યોગ્ય લાગે નહીં;, એવા કોઈ મારા વિચાર હોય તો સહર્ષ પૂછશો; પણ તે પહેલાં તે વિષે તમારી સમજણથી શંકારૂપ નિર્ણય કરી બેસશો નહીં.

ટૂંકામાં કહેવાનું એ કે, જેમ કલ્યાણ થાય તેમ પ્રવર્તવા સંબંધમાં મારું કહેવું અયોગ્ય લાગતું હોય તો, તે માટે યથાર્થ વિચાર કરી પછી જેમ હોય તેમ માન્ય કરવું.''(૪૦)

આ ગ્રંથ સંપૂર્ણ અવસ્થામાં મળ્યો હોત તો આજના શિક્ષિત મધ્યસ્થવર્ગને બહુ ઉપયોગી થઈ પડત. શ્રીમદ્‌ને જે પ્રમાણસિદ્ધ અને હિતકારી લાગ્યું તે ગ્રહણ કરવામાં તેમની તત્પરતા કેવી છે તે આ અપૂર્ણ લેખથી પણ સ્પષ્ટ સમજાઈ જાય છે. જગત્‌કર્તા ઈશ્વરમાં પ્રથમ શ્રીમદ્‌ને શ્રદ્ધા હતી તે વિશેષ વિચારે પલટાઈ ત્યારે કેવી મક્કમતા પ્રમાણપૂર્વક પલટાયેલા વિચારો દર્શાવવામાં દેખાઈ આવે છે તે 'મોક્ષમાળા'ના વિવેચનમાં આપણે જોઈ ગયા છીએ. શ્રી યશોવિજયજી 'આઠ દૃષ્ટિની સજ્ઝાય'માં તારા દૃષ્ટિનું વર્ણન કરે છે તે આ પ્રસંગે વિચારવું ઉચિત છે :

**''જિજ્ઞાસા ગુણ તત્ત્વની, મનમોહન મેરે;**
**પણ નહીં નિજ હઠ ટેગ, મનમોહન મેરે;**
**એહ દૃષ્ટિ હોય વર્તતાં, મનમોહન મેરે;**
**યોગકથા બહુ પ્રેમ, મનમોહન મેરે;**
**અનુચિત તેહ ન આચરે, મનમોહન મેરે;**
**વાળ્યો વળે જેમ હેમ, મનમોહન મેરે.''** (બીજી દૃષ્ટિ)

## ૧૦

## ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ

એકવીશમા વર્ષમાં એક સ્નેહી ઉપર શ્રીમદે મુંબઈથી પત્ર લખ્યો છે તે લગ્ન વિષે પોતાના વિચારો દર્શાવતો હોવાથી નીચે આપ્યો છે :–

સં. ૧૯૪૪, પોષ વદ ૧૦, બુધવાર.

''લગ્ન સંબંધી તેઓએ જે મિતિ નિશ્ચિત રાખી છે, તે વિષે તેઓનો આગ્રહ છે તો ભલે તે મિતિ નિશ્ચયરૂપ રહી.

લક્ષ્મી પર પ્રીતિ નહીં છતાં કોઈ પણ પરાર્થિક કામમાં તે બહુ ઉપયોગી થઈ પડત એમ લાગવાથી મૌન ગ્રહી અહીં તે સંબંધી સત્સગવડમાં હતો. જે સગવડનું ધારેલું પરિણામ આવવાનો બહુ વખત નહોતો. પણ એઓ ભણીનું એક મમત્વપણું ત્વરા કરાવે છે, જેથી તે સઘળું પડતું મૂકી વદ ૧૩ કે ૧૪ (પોષની)ને રોજ અહીંથી રવાના થઉં છું. પરાર્થ કરતાં વખતે લક્ષ્મી અંધાપો, બહેરાપણું અને મૂંગાપણું આપી દે છે; જેથી તેની દરકાર નથી.

આપણો અન્યોન્ય સંબંધ છે તે કંઈ સગપણનો નથી; પરંતુ હૃદય-સગપણનો છે. પરસ્પર લોહચુંબકનો ગુણ પ્રાપ્ત થયો છે, એમ દર્શિત છે, છતાં હું વળી એથી પણ ભિન્નરૂપે આપને હૃદયરૂપ કરવા માગું છું. જે વિચારો સઘળી સગપણતા દૂર કરી, સંસાર યોજના દૂર કરી, તત્ત્વવિજ્ઞાન રૂપે મારે દર્શાવવાના છે; અને આપે જાતે અનુકરણ કરવાના છે. આટલી પલ્લવી બહુ

સુખપ્રદ છતાં માર્મિક રૂપે આત્મસ્વરૂપ વિચારથી અહીં આગળ લખી જઉં છું.

તેઓ શુભ પ્રસંગમાં સદ્‌વિવેકી નીવડી, રૂઢિથી પ્રતિકૂળ રહી, પરસ્પર કુટુંબરૂપે સ્નેહ બંધાય એવી સુંદર યોજના તેઓનાં હૃદયમાં છે કે? આપ ઉતારશો કે? કોઈ ઉતારશે કે? એ ખ્યાલ પુનઃ પુનઃ હૃદયમાં પર્યટન કરે છે.

નિદાન, સાધારણ વિવેકીઓ જે વિચારને આકાશી ગણે તેવા વિચારો, જે વસ્તુ અને જે પદ આજ રાજ્યશ્રી ચક્રવર્તીની વિક્ટોરિયાને દુર્લભ—કેવળ અસંભવિત છે—તે વિચારો, તે વસ્તુ અને તે પદ ભણી કેવળ ઇચ્છા હોવાથી ઉપર જણાવ્યું તેથી કંઈ પણ લેશ પ્રતિકૂળ બને તો તે પદાભિલાષી પુરુષના ચરિત્રને પરમ ઝાંખપ લાગે એમ છે. આ સઘળા હવાઈ (અત્યારે લાગતા) વિચારો માત્ર આપને જ દર્શાવું છું. અંતઃકરણ શુક્લ—અદ્‌ભુત—વિચારોથી ભરપૂર છે. પરંતુ આપ ત્યાં રહ્યા ને હું અહીં રહ્યો!''(૩૦)

સદ્‌ગત ઝવેરી રેવાશંકરભાઈ જગજીવનદાસ મહેતાના મોટા ભાઈ પોપટલાલભાઈના મહાભાગ્યશાળી પુત્રી ઝબકબાઈ સાથે શ્રીમદ્‌ના શુભ લગ્ન સં. ૧૯૪૪ના મહા સુદ ૧૨ને રોજ થયાં હતાં.

ત્યાર પછી એકાદ વર્ષે લખેલા એક લેખમાં શ્રીમદ્ 'સ્ત્રીના સંબંધમાં મારા વિચાર' એવું મથાળું આપી જણાવે છે :

''અતિ અતિ સ્વસ્થ વિચારણાથી એમ સિદ્ધ થયું કે શુદ્ધ જ્ઞાનને આશ્રયે નિરાબાધ સુખ રહ્યું છે; તથા ત્યાં જ પરમ સમાધિ રહી છે.

સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવરણિક દૃષ્ટિથી કલ્પાયું છે, પણ તે તેમ નથી જ. સ્ત્રીથી જે સંયોગસુખ ભોગવવાનું ચિહ્ન તે વિવેકથી દૃષ્ટિગોચર કરતાં વમન કરવાને યોગ્ય ભૂમિકાને પણ યોગ્ય રહેતું નથી. જે જે પદાર્થો પર જુગુપ્સા રહી છે, તે તે પદાર્થો તો તેના શરીરમાં રહ્યા છે; અને તેની તે જન્મભૂમિકા છે. વળી એ સુખ ક્ષણિક, ખેદ અને ખસના દરદરૂપ જ છે. તે વેળાનો દેખાવ હૃદયમાં ચીતરાઈ રહી હસાવે છે, કે શી આ ભુલવણી? ટૂંકામાં કહેવાનું કે તેમાં કંઈ પણ સુખ નથી; અને સુખ હોય તો તેને અપરિચ્છેદ રૂપે વર્ણવી જુઓ, એટલે માત્ર મોહદશાને લીધે તેમ માન્યતા થઈ છે, એમ જ જણાશે. અહીં હું સ્ત્રીના અવયવાદિ ભાગનો વિવેક કરવા બેઠો નથી; પણ ત્યાં ફરી આત્મા ન જ ખેંચાય એ વિવેક થયો છે, તેનું સહજ સૂચવન કર્યું. સ્ત્રીમાં દોષ નથી; પણ આત્મામાં દોષ છે; અને એ દોષ જવાથી આત્મા જે જુએ છે તે અદ્‌ભુત આનંદમય જ છે; માટે એ દોષથી રહિત થવું, એ જ પરમ જિજ્ઞાસા છે.

શુદ્ધ ઉપયોગની જો પ્રાપ્તિ થઈ તો પછી તે સમયે સમયે પૂર્વોપાર્જિત મોહનીયને ભસ્મીભૂત કરી શકશે. આ અનુભવગમ્ય પ્રવચન છે.

પણ પૂર્વોપાર્જિત હજુ સુધી મને પ્રવર્તે છે, ત્યાં સુધી મારી શી દશાથી શાંતિ થાય? એ વિચારતાં મને નીચે પ્રમાણે સમાધાન થયું....

સ્ત્રી સંબંધમાં કોઈ પણ પ્રકારે રાગદ્વેષ રાખવા મારી અંશ માત્ર ઇચ્છા નથી. પણ પૂર્વોપાર્જનથી ઇચ્છાના પ્રવર્તનમાં અટક્યો છું.''(૭૮)

‘‘સ્ત્રીના સંબંધમાં જિજ્ઞાસા ઓર છે અને વર્તના ઓર છે. એક પક્ષે તેનું કેટલાક કાળ સુધી સેવન કરવું સમ્મત કર્યું છે. તથાપિ ત્યાં સામાન્ય પ્રીતિ-અપ્રીતિ છે. પણ દુઃખ એ છે કે જિજ્ઞાસા નથી, છતાં પૂર્વકર્મ કાં ઘેરે છે? એટલેથી પતતું નથી, પણ તેને લીધે નહીં ગમતા પદાર્થોને જોવા, સૂંઘવા, સ્પર્શવા પડે છે અને એ જ કારણથી પ્રાયે ઉપાધિમાં બેસવું પડે છે.’’(૮૨)

પોતાના ગૃહાશ્રમ સંબંધી શ્રીમદ્ એક ભાઈને સં. ૧૯૪૬ માં લખી જણાવે છે :—

‘‘આપના પહેલાં આ જન્મમાં હું લગભગ બે વર્ષથી કંઈક વધારે કાળથી ગૃહાશ્રમી થયો છું એ આપના જાણવામાં છે. ગૃહાશ્રમી જેને લઈને કહી શકાય છે, તે વસ્તુ અને મને તે વખતમાં કંઈ ઘણો પરિચય પડ્યો નથી; તો પણ તેનું બનતું કાયિક, વાચિક અને માનસિક વલણ મને તેથી ઘણુંખરું સમજાયું છે; અને તે પરથી તેનો અને મારો સંબંધ અસંતોષપાત્ર થયો નથી; એમ જણાવવાનો હેતુ એવો છે કે ગૃહાશ્રમનું વ્યાખ્યાન સહજ માત્ર પણ આપતાં તે સંબંધી વધારે અનુભવ ઉપયોગી થાય છે; મને કંઈક સાંસ્કારિક અનુભવ ઊગી નીકળવાથી એમ કહી શકું છું કે મારો ગૃહાશ્રમ અત્યાર સુધી જેમ અસંતોષપાત્ર નથી, તેમ ઉચિત સંતોષપાત્ર પણ નથી. તે માત્ર મધ્યમ છે; અને તે મધ્યમ હોવામાં પણ મારી કેટલીક ઉદાસીન વૃત્તિની સહાયતા છે.

તત્ત્વજ્ઞાનની ગુપ્ત ગુફાનાં દર્શન લેતાં ગૃહાશ્રમથી વિરક્ત થવાનું અધિકતર સૂઝે છે, અને ખચીત તે તત્ત્વજ્ઞાનનો વિવેક પણ આને ઊગ્યો હતો; કાળના બળવત્તર અનિષ્ટપણાને લીધે,

તેને યથાયોગ્ય સમાધિસંગની અપ્રાપ્તિને લીધે તે વિવેકને મહા ખેદની સાથે ગૌણ કરવો પડ્યો; અને ખરે! જો તેમ ન થઈ શક્યું હોત તો તેના (આ પત્રલેખકના) જીવનનો અંત આવત.''(૧૧૩)

**''મોક્ષમાળા''**ના પાઠ બારમામાં 'ઉત્તમ ગૃહસ્થ' વિષે તથા પાઠ પિસ્તાળીસમાં 'સામાન્ય મનોરથ' નામના કાવ્યમાં તેમ જ પાઠ પંચાવનમાં 'સામાન્ય નિત્યનિયમ'માં ગૃહસ્થાશ્રમ સંબંધી પોતાના વિચારો કંઈક પ્રદર્શિત કર્યા છે. પરંતુ પાઠ ૬૧ થી ૬૬ સુધીમાં 'સુખ વિષે વિચાર' લખી સંક્ષિપ્ત નવલકથાના રૂપમાં દ્વારિકાના મહાધનાઢ્ય ધર્મમૂર્તિ શ્રાવક ગૃહસ્થનું ચિત્ર આલેખ્યું છે. તેમાં આદર્શ ગૃહસ્થ પોતાની ચર્યા વર્ણવે છે. તેમાંથી થોડું નીચે પ્રદર્શિત કર્યું છે, તે દરેક ગૃહસ્થે મનન કરવા યોગ્ય છે :–

''જોકે હું બીજા કરતાં સુખી છું; તોપણ એ શાતા વેદની છે; સત્-સુખ નથી. જગતમાં બહુધા કરીને અશાતા વેદની છે. મેં ધર્મમાં મારો કાળ ગાળવાનો નિયમ રાખ્યો છે. સત્શાસ્ત્રોના વાંચન, મનન, સત્પુરુષોનો સમાગમ, યમનિયમ, એક મહિનામાં બાર દિવસ બ્રહ્મચર્ય, બનતું ગુપ્તદાન, એ આદિ ધર્મરૂપે મારો કાળ ગાળું છું. સર્વ વ્યવહાર સંબંધીની ઉપાધિમાંથી કેટલોક ભાગ બહુ અંશે મેં ત્યાગ્યો છે. પુત્રોને વ્યવહારમાં યથાયોગ્ય કરીને હું નિર્ગ્રંથ થવાની ઇચ્છા રાખું છું. હમણાં નિર્ગ્રંથ થઈ શકું તેમ નથી; એમાં સંસારમોહિની કે એવું કારણ નથી; પરંતુ તે પણ ધર્મ સંબંધી કારણ છે. ગૃહસ્થ ધર્મનાં આચરણ બહુ કનિષ્ઠ થઈ ગયાં છે; અને મુનિઓ તે સુધારી શકતા નથી. ગૃહસ્થ ગૃહસ્થને વિશેષ બોધ કરી શકે; આચરણથી પણ અસર કરી

શકે. એટલા માટે થઈને ધર્મ સંબંધે ગૃહસ્થવર્ગને હું ઘણે ભાગે બોધી યમનિયમમાં આણું છું. દર સપ્તાહે આપણે ત્યાં પાંચસેં જેટલા સદ્ગૃહસ્થોની સભા ભરાય છે. આઠ દિવસનો નવો અનુભવ અને બાકીનો આગળનો ધર્માનુભવ એમને બેત્રણ મુહૂર્ત બોધું છું. મારી સ્ત્રી ધર્મશાસ્ત્રનો કેટલોક બોધ પામેલી હોવાથી તે પણ સ્ત્રીવર્ગને ઉત્તમ યમનિયમનો બોધ કરી સાપ્તાહિક સભા ભરે છે. પુત્રો પણ શાસ્ત્રનો બનતો પરિચય રાખે છે. વિદ્વાનોનું સન્માન, અતિથિનું સન્માન, વિનય અને સામાન્ય સત્યતા, એક જ ભાવ એવા નિયમો બહુધા મારા અનુચરો પણ સેવે છે. એઓ બધા એથી શાતા ભોગવી શકે છે. લક્ષ્મીની સાથે મારી નીતિ, ધર્મ સદ્ગુણ, વિનય એણે જનસમુદાયને બહુ સારી અસર કરી છે. રાજા સહિત પણ મારી નીતિવાત અંગીકાર કરે તેવું થયું છે. આ સઘળું આત્મપ્રશંસા માટે હું કહેતો નથી એ આપે સ્મૃતિમાં રાખવું; માત્ર આપના પૂછેલા ખુલાસા દાખલ આ સઘળું સંક્ષેપમાં કહેતો જઉં છું.''(શિ.પા. ૬૪)

‘‘આ સઘળાં ઉપરથી હું સુખી છું એમ આપને લાગી શકશે અને સામાન્ય વિચારે મને બહુ સુખી માનો તો માની શકાય તેમ છે. ધર્મ, શીલ અને નીતિથી તેમ જ શાસ્ત્રાવધાનથી મને જે આનંદ ઊપજે છે તે અવર્ણનીય છે. પણ તત્ત્વદૃષ્ટિથી હું સુખી ન મનાઉં. જ્યાં સુધી સર્વ પ્રકારે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ મેં ત્યાગ્યા નથી ત્યાં સુધી રાગદોષનો ભાવ છે. જોકે તે બહુ અંશે નથી, પણ છે; તો ત્યાં ઉપાધિ પણ છે. સર્વસંગ પરિત્યાગ કરવાની મારી સંપૂર્ણ આકાંક્ષા છે; પણ જ્યાં સુધી તેમ થયું નથી ત્યાં સુધી હજુ કોઈ ગણાતા પ્રિયજનનો વિયોગ, વ્યવહારમાં

હાનિ, કુટુંબીનું દુઃખ એ થોડે અંશે પણ ઉપાધિ આપી શકે. પોતાના દેહ પર મોત સિવાય પણ નાના પ્રકારના રોગનો સંભવ છે. માટે કેવળ નિર્ગ્રંથ, બાહ્યાભ્યંતર પરિગ્રહનો ત્યાગ, અલ્પારંભનો ત્યાગ એ સઘળું નથી થયું ત્યાં સુધી હું મને કેવળ સુખી માનતો નથી. હવે આપને તત્ત્વની દૃષ્ટિએ વિચારતાં માલૂમ પડશે કે લક્ષ્મી, સ્ત્રી, પુત્ર કે કુટુંબ એ વડે સુખ નથી; અને એને સુખ ગણું તો જ્યારે મારી સ્થિતિ પતિત થઈ હતી ત્યારે એ સુખ ક્યાં ગયું હતું? જેનો વિયોગ છે, જે ક્ષણભંગુર છે, અને જ્યાં એકત્વ કે અવ્યાબાધપણું નથી તે સુખ સંપૂર્ણ નથી.''(શિ.પા. ૬૫)

આ વિચારો શ્રીમદ્‌નું આદર્શ જીવન સમજવામાં ચાવી જેવા છે. મુખ્યત્વે એ જ લક્ષ રાખી નિર્ગ્રંથ દશા પ્રાપ્ત કરવી અને તેવા વિચારવાળાને સહાયક થવું એવી ભાવનાથી તેમનું પ્રવર્તન ગૃહસ્થ-અવસ્થામાં થયેલું તેમના પત્રરૂપ લેખો ઉપરથી પણ સ્પષ્ટ જણાય છે.

'પાયોનિયર' પત્રમાં તેમના અવસાન સમયે આવેલા લેખ ઉપરથી પણ તેમના ગૃહસ્થજીવન વિષે ખ્યાલ આવે તેમ હોવાથી તેમાંથી થોડું ટાંકી જણાવું છું :—

''વીશ વર્ષની વયે પ્રજાની દૃષ્ટિમાં પૂર્ણ રીતે તેઓ અદૃશ્ય થયા. પોતાની શક્તિ અને બુદ્ધિબળનો ઉપયોગ પોતાના સમુદાયવર્ગમાં અને વિસ્તારથી સમગ્ર લોકને શિક્ષા અને જ્ઞાનબોધ આપવામાં કરવા માટે તેમણે નિશ્ચય કર્યો. તેઓ ઘણી નાની ઉંમરથી અતિશય પરિમાણમાં વાંચનાર હતા. તેમણે ષટ્ દર્શનની આલોચના કરી; અને તેની સાથે પૂર્વ તેમ જ પશ્ચિમની ફિલસૂફી(તત્ત્વવિચાર)નાં દર્શનો જોયાં. જો કે આશ્ચર્યકારક લાગશે,

પરંતુ આ તો વાસ્તવિક સત્ય છે કે તેમને પુસ્તકને પૂર્ણ રીતે ગ્રહણ કરવાને ફક્ત એક જ વખત વાંચવાની જરૂર રહેતી. અને સંસ્કૃત તથા પ્રાકૃતના નિયમિત અભ્યાસ વગર તેઓ તે ભાષામાંના પુસ્તકો મોટા પંડિતોની પેઠે તેવી રીતે (એક વાર વાંચવાથી) તેઓ યથાર્થ રીતે સમજી શકતા અને બીજાને સમજાવી શકતા.

તેઓએ જોયું કે ધર્મગુરુઓ વર્તમાનમાં સાંપ્રદાયકિ દૃષ્ટિથી સંકુચિત, ટૂંક મર્યાદાવાળા વિચારો ધરાવે છે અને કાળના પરિ-વર્તન અનુસાર કેવી રીતે વર્તન કરવું જોઈએ તે સમજતા નથી.

વિશેષ જેઓ આ સંસારનો ત્યાગ કરી ત્યાગવૃત્તિ સ્વીકારે છે તેઓમાં કેટલાક સાંસારિક સંપત્તિઓના અભાવ તથા સંસારથી એક યા બીજા કારણથી થયેલા અસંતોષને પરિણામે તેમ કરે છે. આવા પુરુષો પોતાના ચારિત્રની અસર તેઓના સમુદાય ઉપર પાડી શકતા નથી. શ્રીમદ્‌ની એવી માન્યતા હતી કે ધનવાન અને સાંસારિક સારી સ્થિતિવાળો પુરુષ સંસારનો ત્યાગ કરે તો પોતાના ચારિત્રથી સંગીન હિત કરી શકે. જનસમાજ તેના શુદ્ધ હૃદય અને નિઃસ્વાર્થના સદ્‌ગુણની ખાત્રી થવાથી તેના કહેવા પ્રમાણે દોરાવામાં ઘણો જ તત્પર રહે, અને તેના ઉપદેશથી લાભ મેળવતો થાય, આવા વિચાર શ્રીમદ્‌ના હતા. અને તેની સાથે જનસમાજ આગળ એક સાધુ (ધાર્મિક નાયક) તરીકે રજૂ થવા યોગ્ય સ્થિતિમાં એ મુકાયા નથી એમ તેઓ માનતા હતા; અને તેથી જ ગૃહસ્થદશાએ જ જીવન ગાળવાનું ચાલુ રાખ્યું હતું. તો પણ તેમના આંતરિક વિચારો સંસાર પ્રત્યે તદ્દન ઉદાસીન વર્તતા હતા.''

## ૧૧

# મુંબઈ નિવાસકાળના કેટલાક પ્રસંગો

શ્રીમદ્ શતાવધાની તરીકે શરૂઆતમાં પ્રખ્યાત થયા, અને મુંબઈમાં અનેક મોટા ગણાતા માણસો તેમના પ્રસંગમાં આવેલા. ઉદાર સખાવતો કરનાર તાતા નામના પારસી ગૃહસ્થે તેમને પોતાનો પ્રખ્યાત બંગલો બધે ફેરવીને બતાવ્યો; વિલાયતથી મંગાવેલ ફર્નિચર આદિ સુખ-સામગ્રી વિગતવાર વર્ણવી જણાવી. બીજાની પાસેથી પોતાની મિલકત કે વૈભવનાં વખાણની આશા આવા પ્રસંગે જીવ રાખે એ સ્વાભાવિક છે અને સામાન્ય મનુષ્યો તેની ઇચ્છાને પોષે છે. પણ મહાપુરુષો તો ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં વૈરાગ્યના વેગમાં ઝંપલાય છે તેથી જ તેમનાં વચનો પણ સામા જીવનો જીવનપલટો પણ કરાવી દે છે. બધો બંગલો જોયા પછી 'આને કોણ ભોગવશે?' એટલા જ શબ્દો પોતે બોલ્યા. ત્યાં ઊભેલા ઘણાએ તે બોલો સાંભળ્યા હશે, પણ તાતાના હૃદયમાં તે ઘર કરી ગયા. તેમને કોઈ સંતાન નહોતું પણ પોતાની કોમનાં બધાં માણસો પોતાનાં સંતાન છે; એમ માની મરતા પહેલાં તેમણે પોતાની મિલકતનું ટ્રસ્ટ કર્યું અને પરોપકાર અર્થે સર્વ સંપત્તિ ટ્રસ્ટીઓને સોંપી ગયા.

* * *

ઝવેરાત સાથે મોતીનો વેપાર પણ શ્રીમદે શરૂ કર્યો હતો અને તેમાં સર્વ વેપારીઓમાં વિશેષ વિશ્વાસપાત્ર ગણાતા. એક આરબ પોતાના ભાઈ સાથે મુંબઈમાં મોતીની આડતનો ધંધો કરતો હતો. નાના ભાઈને એક દિવસ વિચાર આવ્યો કે આજે

આપણે મોટાભાઈની પેઠે મોતીનો મોટો વેપાર કરવો. તેથી જે માલ બહાર દેશથી આવેલો તે લઈને એક દલાલને કહ્યું કે કોઈ સારા પ્રામાણિક શેઠ બતાવ. તેણે શ્રીમદ્નો ભેટો કરાવ્યો; તેમણે કસીને માલ ખરીદ્યો. નાણાં લઈને આરબ પોતાને ઘેર ગયો. એવામાં તેના મોટાભાઈ મળ્યા તેમને તેણે વાત કરી. તેમણે જેનો માલ હતો તેનો કાગળ બતાવી કહ્યું કે આટલી કિંમત વગર માલ વેચવો નહીં એમ શરત કરી છે, અને આ તેં શું કર્યું? તેથી તે ગભરાયો અને શ્રીમદ્ પાસે જઈને કરગરી પડ્યો અને કહ્યું કે આવી આફતમાં હું આવી પડ્યો છું. શ્રીમદે તેને કહ્યું કે આ તમારો માલ, એમ ને એમ પડ્યો છે. એમ કહી માલ પાછો સોંપી દીધો અને નાણા ગણી લીધાં. જાણે કંઈ સોદો કર્યો જ નથી એમ ગણી, ઘણો નફો થવાનો હતો પણ તે જતો કર્યો. એ આરબ તેમને ખુદ ખુદા સમાન માનતો.

*　　　*　　　*

ગાંધીજી 'રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો' તરીકે 'આત્મ-કથા'માં લખે છે : ''તેમની સાથેનો એક સંવાદ મને યાદ છે. એક વેળા હું મિસિસ ગ્લેડસ્ટનની ગ્લેડસ્ટન પ્રત્યેના પ્રેમની સ્તુતિ કરતો હતો. આમની સભામાં પણ મિસિસ ગ્લેડસ્ટન પોતાના પતિને ચા બનાવીને પાતાં; આ વસ્તુનું પાલન આ નિયમબદ્ધ દંપતીના જીવનનો એક નિયમ થઈ પડ્યો હતો. એ મેં ક્યાંક વાંચેલું, તે મેં કવિને વાંચી સંભળાવ્યું; ને તેને અંગે મેં દંપતીપ્રેમની સ્તુતિ કરી. રાયચંદભાઈ બોલ્યા, 'એમાં તમને મહત્વનું શું લાગે છે? મિસિસ ગ્લેડસ્ટનનું પત્નીપણું કે તેનો સેવાભાવ? જો તે બાઈ ગ્લેડસ્ટનનાં બહેન હોત તો? અથવા

તેની વફાદાર નોકર હોત ને તેટલા જ પ્રેમથી ચા આપત તો? એવી બહેનો, એવી નોકરોનાં દૃષ્ટાંતો આપણને આજે નહીં મળે? અને નારીજાતિને બદલે એવો પ્રેમ નરજાતિમાં જોયો હોત તો તમને સાનંદાશ્ચર્ય ન થાત? હું કહું છું તે વિચારજો.'

રાયચંદભાઈ પોતે વિવાહિત હતા. એ વેળા તો મને તેમનું વચન કઠોર લાગેલું, એવું સ્મરણ છે; પણ તે વચને મને લોહચુંબકની જેમ પકડ્યો. પુરુષ ચાકરની એવી વફાદારીની કિંમત પત્નીની વફાદારી કરતાં તો હજાર ગણી ચડે. પતિપત્ની વચ્ચે ઐક્ય હોય, એટલે તેમની વચ્ચે પ્રેમ હોય એમાં આશ્ચર્ય નથી. નોકર-શેઠ વચ્ચે તેવો પ્રેમ કેળવવો પડે.

મારે પત્નીની સાથે કેવો સંબંધ રાખવો? પત્નીને વિષય-ભોગનું વાહન બનાવવી એમાં પત્ની પ્રત્યે ક્યાં વફાદારી આવે છે? હું જ્યાં લગી વિષય-વાસનાને આધીન રહું ત્યાં લગી મારી વફાદારીની પ્રાકૃત કિંમત જ ગણાય.'' આ પ્રકારે ગાંધીજી બ્રહ્મચર્યની દિશાએ દોરાયા.

વળી ગાંધીજી તા. ૧૫-૧૧-૧૯૨૧ના રોજ શ્રીમદ્ રાજચંદ્ર જયંતી પ્રસંગે અમદાવાદમાં પ્રમુખસ્થાનેથી બોલે છે : ‘‘રાયચંદભાઈ સાથેનો મારો પ્રસંગ એક જ દિવસનો ન હતો. ઈ. સ. ૧૮૯૧ના જૂનની આખરે મુંબઈમાં ઊતરીને હું પહેલવહેલો જે ઘરમાં ગયેલો તે મને બરાબર યાદ છે. ડૉ૰ મહેતાએ ને ભાઈ રેવાશંકર જગજીવને મારી તેમની સાથે ઓળખાણ કરાવી. ત્યારથી એમના મરણાંત સુધી અમારો સંબંધ નિકટમાં નિકટ રહ્યો હતો. ઘણીવાર કહીને લખી ગયો છું કે મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે, પણ સૌથી વધારે કોઈના

જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી શીખ્યો છું..... ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ મને કવિશ્રીએ શીખવ્યો છે, એ ધર્મનું તેમની પાસેથી મેં કૂંડાં ભરીને પાન કર્યું છે... તેઓ ઘણી વાર કહેતા કે ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તે સહી શકું પણ જગતમાં જે જૂઠ, પાખંડ, અત્યાચાર ચાલી રહ્યાં છે, ધર્મને નામે જે અધર્મ વર્તી રહ્યો છે તેની બરછી સહન થઈ શકતી નથી. અત્યાચારોથી ઊકળી રહેલા તેમને ઊકળી જતાં મેં ઘણી વાર જોયા છે. તેમને આખું જગત પોતાના સગા જેવું હતું. આપણાં ભાઈ કે બહેનને મરતાં જોઈને જે ક્લેશ આપણને થાય છે તેટલો ક્લેશ તેમને જગતમાં દુઃખને, મરણને જોઈને થતો.

કવિશ્રી કહેતા કે 'જૈનધર્મ જો શ્રાવકોના હાથમાં ન ગયો હોત તો એનાં તત્ત્વો જોઈને જગત ચકિત થાત. વાણિયાઓ તો જૈન ધર્મતત્ત્વોને વગોવી રહ્યા છે.' ''

પોતાના બે વર્ષના (મુંબઈના) ગાઢ પરિચયમાં ગાંધીજીએ શ્રીમદ્‌ને જે વૈરાગ્ય અને વીતરાગતાયુક્ત જોયેલા તેનું શબ્દચિત્ર એક કુશળ ચિત્રકારને છાજે તેવું આપે છે :–

**૧. ''અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?**
**ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?**
**સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,**
**વિચરશું કવ મહત્પુરુષને પંથ જો? અપૂર્વ૦**

**૨. સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,**
**માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;**
**અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,**
**દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦**

જે વૈરાગ્ય એ કડીઓમાં જળહળી રહ્યો છે તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો. તેમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારુ એક લીટી સરખી લખી હોય એમ મેં નથી જોયું. તેમની પાસે હંમેશા કંઈક ધર્મપુસ્તક અને એક કોરી ચોપડી પડેલાં હોય. એ ચોપડીમાં પોતાના મનમાં જે વિચારો આવે તે લખી નાખે, કોઈ વેળા ગદ્ય તો કોઈ વેળા પદ્ય....

ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું.

તેમની રહેણીકરણી હું આદરપૂર્વક પણ ઝીણવટથી તપાસતો. ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પહેરવેશ સાદો, પહેરણ, અંગરખું, ખેસ, ગરભસૂતરો ફેંટો ને ધોતી. એ કંઈ બહુ સાફ કે ઇસ્ત્રીબંધ રહેતાં એમ મને સ્મરણ નથી. ભોંયે બેસવું, ખુરશીએ બેસવું બન્ને સરખાં હતાં. સામાન્ય રીતે પોતાની દુકાનમાં ગાદીએ બેસતા.

તેમની ચાલ ધીમી હતી, અને જોનાર સમજી શકે કે ચાલતાં પણ પોતે વિચારમાં ગ્રસ્ત છે. આંખમાં ચમત્કાર હતો, અત્યંત તેજસ્વી; વિહ્વળતા જરાયે ન હતી. આંખમાં એકાગ્રતા લખેલી હતી. ચહેરો ગોળાકાર, હોઠ પાતળા, નાક અણીદાર નહીં, ચપટું પણ નહીં, શરીર એકવડું, કદ મધ્યમ, વર્ણ શ્યામ, દેખાવ શાંત મૂર્તિનો હતો. તેમના કંઠમાં એટલું બધું માધુર્ય હતું કે તેમને સાંભળતાં માણસ થાકે નહીં. ચહેરો હસમુખો ને

પ્રફુલ્લિત હતો. તેની ઉપર અંતરાનંદની છાયા હતી. ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાના વિચારો બતાવતાં કોઈ દિવસ શબ્દ ગોતવો પડ્યો છે, એમ મને યાદ નથી. કાગળ લખવા બેસે ત્યારે ભાગ્યે જ શબ્દ બદલતાં મેં તેમને જોયા હશે; છતાં વાંચનારને એમ નહીં લાગે કે ક્યાંયે વિચાર અપૂર્ણ છે કે વાક્યરચના તૂટેલી છે, અથવા શબ્દની પસંદગીમાં ખોડ છે.

આ વર્ણન સંયમીને વિષે સંભવે, બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિને સ્વાભાવિક હતી, એમ મારી ઉપર છાપ પડી હતી.

મોક્ષનું પ્રથમ પગથિયું વીતરાગતા છે. જ્યાં સુધી જગતની એક પણ વસ્તુમાં મન ખૂંચેલું છે, ત્યાં સુધી મોક્ષની વાત કેમ ગમે? અથવા ગમે તો કેવળ કાનને જ—એટલે જેમ આપણને અર્થ જાણ્યા, સમજ્યા વિના કોઈ સંગીતનો સૂર જ ગમી જાય તેમ. એવી માત્ર કર્ણપ્રિય ગમ્મતમાંથી મોક્ષને અનુસરનારું વર્તન આવતાં તો ઘણો કાળ વહી જાય. આંતરવૈરાગ્ય વિના મોક્ષની લગની ન થાય. એવી વૈરાગ્ય લગની કવિની હતી.''

* * *

એક વખત શ્રીમદ્ ફરવા ગયા હતા. સ્મશાનની જગા આવી ત્યારે તેમણે તેમની સાથે હતા તે ભાઈને પૂછ્યું : ''આ શું છે?''

તે ભાઈએ જવાબ આપ્યો : ''સ્મશાન.''

શ્રીમદે કહ્યું : ‘‘અમે તો આખી મુંબઈને સ્મશાન સમાન જોઈએ છીએ.’’

* * *

શ્રીમદ્‌ના એક પાડોશીએ તેમનામાં અતિશયો તથા સ્વાધ્યાયનો રંગ દેખીને પૂછ્યું કે તમે આખો દિવસ ધર્મની ધૂનમાં રહો છો તો બધી ચીજોના શું ભાવ થશે તે જાણતા હોવા જોઈએ. શ્રીમદે કહ્યું : ‘‘અમારો દી ઊઠ્યો નથી કે સ્વાધ્યાય ભાવ જાણવા કરીએ.’’

* * *

પદમશીભાઈ નામના એક કચ્છના વતનીએ શ્રીમદ્‌ને મુંબઈમાં પૂછેલું : ‘‘સાહેબજી, મને ભયસંજ્ઞા વધારે રહે છે, તેનો શો ઉપાય ?’’

શ્રીમદે પૂછ્યું : ‘‘મુખ્ય ભય શાનો વર્તે છે ?’’

પદમશીભાઈ : ‘‘મરણનો.’’

શ્રીમદે કહ્યું : ‘‘તે તો આયુષ્યબંધ પ્રમાણે થાય છે. જ્યારે આયુષ્ય પૂર્ણ થતાં સુધી મરણ તો નથી, ત્યારે તેથી નાના પ્રકારના ભય રાખ્યાથી શું થવાનું હતું ? એવું દૃઢ મન રાખવું.’’

* * *

મોરબીનો વતની લલ્લુ નામનો નોકર ઘણાં વર્ષ તેમને ત્યાં રહેલો. મુંબઈમાં તેને ગાંઠ નીકળી હતી. શ્રીમદ્ તેની જાતે સારવાર કરતા. પોતાના ખોળામાં તેનું માથું મૂકી અંત વખત સુધી તેની સંભાળ લીધી હતી.

* * *

એક વખત વાતચીતમાં શ્રીમદે કહેલું : ‘‘જ્યારે શેઠ નોકર તરીકે પગારથી રાખે છે, ત્યારે તે શેઠ નોકરના પગાર કરતાં વધારે કામ લેવાની બુદ્ધિ રાખે છે. નોકર રહેનાર માણસ ગરીબ સ્થિતિમાં હોવાથી તે બિચારો વેપાર આદિ કરી શકતો નથી. જો કે તે માણસ વેપાર આદિ કરી શકે તેમ છે, પરંતુ પૈસાનું સાધન નહીં હોવાથી નોકરી કરે છે. શેઠ નોકર પાસેથી પગાર કરતાં વિશેષ લાભ મેળવવા બુદ્ધિ રાખે, તો તે શેઠ તે નોકર કરતાં પણ ભીખ માગનાર એવો પામર ગણાય. શેઠ જો નોકર પ્રત્યે એવી ભાવના રાખે કે આ પણ મારા જેવો થાય; તેને શેઠ ઘટતી સહાય આપે, તેના પર કામનો ઘણો બોજો હોય તો તે વખતે કામમાં મદદ આપે વગેરે દયાની લાગણી હોય તો તે શેઠ શ્રેષ્ઠ ગણાય.’’

* * *

એક જિજ્ઞાસુએ શ્રીમદ્‌ને પ્રશ્ન કર્યો : ‘‘પૃથ્વીને શાસ્ત્રમાં સપાટ કહી છે અને હાલના શોધકો ગોળ કહે છે; તેમા ખરું શું ?’’

શ્રીમદે પૂછ્યું : ‘‘તમને સપાટ હોય તો ફાયદો કે ગોળ હોય તો ફાયદો ?’’

જિજ્ઞાસુએ કહ્યું : ‘‘હું તો જાણવા માગું છું.’’

શ્રીમદે પૂછ્યું : ‘‘તમે તીર્થંકર ભગવાનમાં શક્તિ વધારે માનો છો કે હાલના શોધકોમાં ?’’

જિજ્ઞાસુએ જણાવ્યું : ‘‘તીર્થંકર ભગવાનમાં.’’

શ્રીમદે કહ્યું : ‘‘ત્યારે તમે તીર્થંકર ભગવાન પર શ્રદ્ધા રાખો અને શંકા કાઢી નાખો. આત્માનું કલ્યાણ કરશો તો તમને પૃથ્વી સપાટ કે ગોળ જેવી હશે તેવી કાંઈ હરકત કરશે નહીં.’’

* * *

પ્રો૰ રવજીભાઈ દેવરાજજીએ શ્રીમદ્‌ને પ્રશ્ન કર્યો : ‘‘સ્વર્ગ, નરકની ખાતરી શી ?’’

શ્રીમદે ઉત્તરમાં જણાવ્યું : ‘‘નરક હોય અને તમે ન માનતા હો તો નરકે જવાય તેવાં કામ કરવાથી કેટલું સાહસ ખેડ્યું કહેવાય ?

* * *

શા દેવચંદ પીતાંબરદાસ મહેતા પોતાના ભાઈ ટોકરશી મહેતા ગુજરી ગયા હતા તેમના લૌકિકે આવેલા કચ્છના પદમશીભાઈને છેવટની પોતાના ભાઈની માંદગી સંબંધી કહે છે : ‘‘ભાઈ ટોકરશી ગાંઠ અને સન્નિપાતના દરદને લઈને દુકાનના ગ્રાહકો સંબંધી અને બીજા સાંસારિક બકવાદ કરતા અને હરઘડીએ ઊઠીને નાસી જતા હતા; તેથી અમે ચાર જણ ઝાલી રાખતા હતા.

ગઈ કાલે બપોરના બે વાગ્યાને સુમારે કવિરાજ (શ્રીમદ્‌જી) પધાર્યા અને કીધું કે ટોકરશી મહેતાને કેમ છે ? અમે કીધું કે સખત મંદવાડ છે. કવિરાજે કીધું કે તમે બધા દૂર ખસી જાઓ. અમે કીધું કે ટોકરશીભાઈ હરઘડીએ ઊઠીને નાસભાગ કરે છે, તેમ કરશે. કવિરાજે કીધું કે નહીં ભાગે. તેથી અમે બધા ત્યાંથી દૂર ખસી ગયા અને કવિરાજ તેમની પાસે બેઠા અને પાંચેક મિનિટમાં ભાઈ ટોકરશી સાવચેત થઈ ગયા. અને કવિરાજને વિનયપૂર્વક કીધું કે આપ ક્યારે પધાર્યા ? પોતે પ્રશ્ન કર્યો : તમને કેમ છે ? એટલે ટોકરશીભાઈ બોલ્યા—ઠીક છે, પણ ગાંઠની પીડા છે.... પછી અર્ધો કલાક ટોકરશીભાઈ શાંત રહ્યા અને કવિરાજ વિક્ટોરિયા ગાડીમાં બેસીને પોતાની દુકાને પધાર્યા. કવિરાજ

પધાર્યા પછી પાંચેક મિનિટે ભાઈ ટોકરશી પ્રથમ પ્રમાણે સન્નિપાતવશ જણાયા.

અમે કવિરાજને તેડવા સારુ માણસ મોકલ્યું; તેણે દુકાન પર જઈ કવિરાજને પધારવા આમંત્રણ દીધું. કવિરાજે જણાવ્યું : 'જેમ બનવાનું હોય તેમ બને છે.' અને તે વખતે આવવાની ના પાડી. પછી સાંજના સાત વાગ્યે કવિરાજ પધાર્યા. ટોકરશી-ભાઈની શરીરપ્રકૃતિ પૂછી. અમે કહ્યું કે માંદગી વૃદ્ધિ પામે છે. કવિરાજે અમને બધાને દૂર કર્યા. અમે બધા દીવાનખાનાની ભીંતો સુધી હઠીને ઊભા. કવિરાજ ટોકરશીભાઈ પાસે બેસી કાંઈક આંખના, હાથના અને હોઠના ઇશારા કરતા હતા. પાંચેક મિનિટમાં ટોકરશીભાઈએ શુદ્ધિમાં આવી કવિરાજને બોલાવ્યા. કવિરાજે પૂછ્યું : 'કેમ છે?' ટોકરશીભાઈએ કીધું કે 'ઠીક છે. હવે ગાંઠની પીડા નથી.' ત્યાર પછી થોડી વાર રહી ટોકરશી-ભાઈ સંસ્કૃત ભાષામાં એક શ્લોક બોલ્યા. કવિરાજે પૂછ્યું કે 'આ શ્લોક ક્યાં સાંભળેલ છે, તે યાદ છે?' ટોકરશીભાઈ બોલ્યા : 'હાજી, દસેક વર્ષ ઉપર આપ તથા ડૉક્ટર (પ્રાણજીવનદાસ જગજીવનદાસ મહેતા) તથા હું શ્રી ઈડરના જંગલમાં ગયા હતા ત્યાં.' કવિરાજ બોલ્યા કે 'આ શ્લોક ઘણો સારો છે. લખી રાખવા જેવો છે.' થોડીવાર પછી કવિરાજે ટોકરશીભાઈને પૂછ્યું કે 'હવે કેમ છે?' ટોકરશીભાઈ બોલ્યા કે 'આનંદ, આનંદ છે. આવી સ્થિતિ મેં કોઈ પણ દિવસે અનુભવી નથી.' એટલામાં જ કવિરાજે એક વખત હાથનો ઇશારો ભાઈ ટોકરશીભાઈના મોઢા તરફ ચડતો કર્યો ને તરત જ કવિરાજ દૂર બેઠા અને અમને

જણાવ્યું કે ‘ટોકરશી મહેતાનો દેહ છૂટી ગયો છે. પણ તમે લગભગ પોણા કલાક સુધી તેમની પાસે ના જશો.’ આ વખતે રાત્રિના પોણા આઠ વાગ્યાનો સુમાર હતો. કવિરાજ સ્મશાને પધાર્યા હતા.’’

આ વાત સાંભળીને તત્કાળ સાહેબજી (શ્રીમદ્જી)ની પાસે રેવાશંકર જગજીવનની દુકાને પદમશીભાઈ ગયા અને ત્યાં સાહેબજીનાં દર્શન કર્યાં અને કીધું કે ‘‘ટોકરશી મહેતાના સંબંધમાં આપે કાંઈ અજાયબી—આશ્ચર્ય ઉપજાવે તેવું કર્યું છે, તે સમજાવશો? તે સમજવાની ઘણી આકાંક્ષા રહે છે.’’ તેઓ બોલ્યા : ‘‘હા, એમ બની શકે છે. પ્રાણવાયુ સમાનવાયુના સંબંધથી રહેલ છે. દરેક વખતે શ્વાસને સમાનવાયુ ખેંચે છે, તેને શ્વાસ કહે છે. એ વાયુનો સંબંધ છૂટો પડ્યેથી પ્રાણ ચાલ્યો ગયો, એમ કહેવાય છે. તે વખતે જીવને જેવી લેશ્યા હોય તેવી ગતિ થાય છે. અને શક્તિબળે જીવોની લેશ્યા ફેરવી શકાય છે.’’

* * *

એક વખત રાત્રે અગિયાર વાગ્યે શ્રીમદ્ ધર્મવાર્તા પૂરી થતાં જવા માટે ઊઠ્યા; સાથે બીજા ભાઈઓ પણ ઊઠ્યા. એટલામાં પૂનાવાળા નાનચંદભાઈએ શ્રીમદ્ને કહ્યું : ‘‘સાહેબજી, આ પેટી ઉઘાડી છે અને તેમાં જોખમ છે.’’ એ પેટીમાં હીરા, માણેક, મોતી વગેરે વેપારનો માલ જથાબંધ રહેતો હતો.

શ્રીમદે કહ્યું : ‘‘ત્યારે બેસો.’’ સર્વે બેઠા પછી નાનચંદ-ભાઈને પૂછ્યું : ‘‘જોખમ શી રીતે?’’ નાનચંદભાઈએ કહ્યું, ‘‘સાહેબજી, હું કિંમતી ચીજોને જોખમની ઉપમા આપું છું. તેમાંથી

ચોરાઈ જાય તો જોખમ લાગે.''

શ્રીમદે કહ્યું : ''જોખમ તો જ્ઞાની પણ માને; પણ તે એવી રીતે કે જ્યાં સુધી એ છે ત્યાં સુધી એ જોખમ છે. માણસોને રોગ (જખમ) થાય ત્યારે પરુ, પાચ વગેરે થાય, તેમ એ ચીજો પૃથ્વીનો રોગ છે. તેમાં જ્ઞાનીઓ કદી મોહ રાખે નહીં.'' એમ કહી તુરત જ તે પેટી અને દીવાનખાનું સાવ ખુલ્લાં મૂકી, પોતે ગિરગામ ચાલ્યા ગયા, અને બધા ભાઈઓ પોતપોતાને સ્થાનકે ગયા.

પદમશીભાઈને પછી ઘણા વિચારો થયા કે કેમ થયું હશે? તેથી બીજે દિવસે દિવસના અગિયાર વાગ્યે રેવાશંકર જગજીવનની કંપનીની દુકાને તે ગયા અને પૂછ્યું : ''સાહેબજી, કેમ કોઈ ચીજ ચોરાઈ તો નથી ને?'' શ્રીમદે ઉત્તર દીધો.'' ''ભાઈ વનમાળીએ આપણા ગયા પછી પેટી બંધ કરી હતી.''

* * *

પદમશીભાઈએ શ્રીમદ્‌ને પૂછ્યું : ''શ્રીકૃષ્ણ મહારાજના સંબંધમાં જૈનધર્મના ગ્રંથોમાં લખ્યું છે કે તેઓ નરકે ગયા છે અને વૈષ્ણવ ગ્રંથોમાં શ્રીકૃષ્ણ મોક્ષે ગયા છે એમ કીધું છે. આ બન્ને વાતો કેમ મળતી નથી આવતી?''

શ્રીમદે ઉત્તરમાં જણાવ્યું : ''જે પ્રમાણે જૈનશાસ્ત્રમાં નરકે ગયાનું કહ્યું છે, તેમ કોઈ જીવ વર્તે તો તે નરકે જાય અને જે પ્રમાણે વૈષ્ણવ શાસ્ત્રોમાં કહ્યું છે તેમ વર્તે તેનો મોક્ષ થાય; માટે બન્ને શાસ્ત્રોમાં દૃષ્ટાંતરૂપે લખેલું છે. અને તે બન્ને બરોબર છે.''

* * *

સં. ૧૯૫૬માં ડૉ. હોફ્કીને પ્લેગ અટકાવવા રસી આપવાનું શરૂ કર્યું. કેટલાક આર્યો જાહેર મેળાવડો કરી રસી નખાવવાને તૈયાર થયા. તે (ઇનૉક્યુલેશન) સંબંધી શ્રીમદ્નો આવો અભિપ્રાય હતો : ‘‘મરકીની રસીના નામે દાક્તરોએ આ ધતિંગ ઊભું કર્યું છે. બિચારા અશ્વ આદિને રસીને બહાને રિબાવી મારી નાંખે છે, હિંસા કરી પાપને પોષે છે, પાપ ઉપાર્જે છે. પૂર્વે પાપાનુબંધી પુણ્ય ઉપાર્જ્યું છે, તે યોગે વર્તમાનમાં તે પુણ્ય ભોગવે છે, પરિણામે પાપ વહોરે છે, તે બિચારા દાક્તરોને ખબર નથી. રસીથી દરદ દૂર થાય ત્યારની વાત ત્યારે; પણ અત્યારે હિંસા પ્રગટ છે. રસીથી એક કાઢતાં બીજું દરદ પણ ઊભું થાય.’’ તે વિષે દાખલા, દૃષ્ટાંત સહિત નક્કી કરી આપવા દરિયા કિનારે એક જાહેર મેળાવડો કરવાના આમંત્રણપત્ર (હૅન્ડબિલો)માં સભા બોલાવનાર તરીકે બીજાં નામ સાથે પદમશીભાઈનું નામ લખવું એમ શ્રીમદે સૂચવ્યું.

પદમશીભાઈએ કહ્યું : ‘‘સાહેબજી, રસી નખાવનાર એક જાહેર વ્યક્તિએ મારા શેઠિયાઓ ઉપર લૌકિક મોટો ઉપકાર કર્યો છે, જેની અંદર હું પણ આવી જાઉં છું. તેની વિરુદ્ધ મારે સભા બોલાવવી એ યોગ્ય નથી ધારતો. કદી તેમ થશે તો ઊલટો તે ચિડાઈ અમને નુકસાનમાં ઉતારશે, માટે મારું નામ નહીં હોય તો સારું.’’

શ્રીમદે કહ્યું : ‘‘તેણે લૌકિક ઉપકાર કર્યો છે, તેનો બદલો લૌકિક હોય. વળી આ કૃત્ય તો હિંસાના ઉત્તેજનને અટકાવનાર છે, માટે તે લાભનું કારણ છે. છતાં તે વિરુદ્ધ થાય તો કંઈ ડરવા જેવું નથી. જ્યાં ધર્મનું કાર્ય હોય ત્યાં મરણ સુધી પાછા હઠવું

નહીં.'' એમ કહી શ્રી યશોવિજયજી કૃત યોગદૃષ્ટિની સજ્ઝાયમાંથી ગાથા કહી સંભળાવી :—

**''ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહિ ધર્મ;**
**પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ,**
**મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ.''**

(ચોથી દૃષ્ટિ)

તે સાંભળી પદમશીભાઈને હિમ્મત આવી અને સહી કરી આપી. એ મેળાવડો થયો. પ્રમુખપદે શ્રીમદ્ રાજચંદ્ર બિરાજ્યા. ડૉ૦ સુખીઆ, નવલખી વગેરે પુરુષોએ રસી નુકસાનકર્તા છે, માટે નખાવવી નહીં તે વિષય ઉપર લંબાણથી ભાષણ કર્યાં.

શ્રીમદે ઉપસંહારમાં જણાવેલું કે કદાચ થોડું સાંભળવું કે થોડું જાણવું થાય પણ જે કંઈ શુભ કે શુદ્ધ આચરવું યોગ્ય લાગે તે જ આચરવું યોગ્ય છે.

દરેક વ્યાખ્યાનમાં વચ્ચે વચ્ચે શ્રોતાઓને પૂછતા કે તમને સમજાયું? જેને ન સમજાયું હોય અને પૂછે તેને ફરીથી સમજાવતા; તેમ છતાં ન સમજાય તો કહેતા કે અમે કહીએ છીએ તે બરાબર છે અને છેવટે એ પ્રકારે સમજાયે છૂટકો છે.

* * *

ખંભાતવાળા ભાઈ ત્રિભોવનદાસ મુંબઈ જતા ત્યારે શ્રીમદ્નો સમાગમ કરવા તેમને ઘેર જતા. એક વખત શ્રીમદ્ પોતાની પુત્રી કાશીબહેન ત્રણેક વર્ષની હતી, તેની સાથે ગમ્મત કરતાં પૂછે છે : ''તું કોણ છે?'' કાશીબહેન બોલી : ''હું કાશી છું.'' શ્રીમદે કહ્યું, ''ના, તું આત્મા છે.''

કાશીબહેને કહ્યું : ''ના, હું તો કાશી છું.'' એવામાં

ત્રિભોવનદાસ આવ્યા. તેમને શ્રીમદે કહ્યું કે ''આને હજી ત્રણ વર્ષ પણ પૂરાં થયાં નથી. પોતાનું નામ 'કાશી' પાડ્યું છે એવી સમજણના સંસ્કારો તો થોડી મુદતના છે; છતાં એને કહીએ છીએ કે તું આત્મા છે, ત્યારે કહે છે કે ના, હું તો કાશી છું. આવી બાળદશા છે.''

* * *

દિગંબર પંડિત શ્રી ગોપાળદાસજી બરૈયાએ, શ્રીમદ્ દિગંબર મંદિરમાં સ્વાધ્યાય કરતા હતા ત્યારે, વિનંતી કરેલી કે ''ગોમ્મટસારના અનુવાદમાં જે ત્રુટિઓ જણાય છે, તે પૂરી કરી દેશો ?''

શ્રીમદે ઉત્તર આપ્યો : ''અમે તો શાસ્ત્ર માત્ર આત્માને અર્થે વાંચીએ છીએ.''

* * *

માંડવી દેરાસરમાંથી ''લોકપ્રકાશ'' અને ''ષોડશક'' મગાવી ચારેક દિવસમાં હસ્તલિખિત તે મોટા ગ્રંથો વાંચી તેની પાનવાર વિગત કહી બતાવતા.

* * *

એક દિવસે મુંબઈ તારદેવને રસ્તે ફરવા ગયેલા; રસ્તામાં ચાલતાં ચાલતાં ગ્રંથનું નામ, તેના કર્તાનું નામ, તે ગ્રંથનો પ્રથમ શ્લોક અને છેલ્લો શ્લોક, પછી બીજા ગ્રંથનું નામ વગેરે એમ એક કલાક ફર્યા ત્યાં સુધી બોલતા જ ગયા.

* * *

શ્રીમદ્ મુંબઈ વ્યાપારમાં જોડાયા ત્યારથી ભાગીદારો સાથે કેમ પ્રવર્તવું તેનો નિર્ણય તેમણે કરી રાખેલો, તે તેમની

રોજનીશી (સં. ૧૯૪૬ની) માં છે, તે સર્વ સમાજને આદર્શરૂપ છે, તેમ જ નિવૃત્તિપરાયણ જીવનનો લક્ષ સાચવી રાખીને કેવી રીતે વ્યાપારમાં ઝંપલાવેલું અને આદર્શને અખંડિત રાખેલો તે દર્શાવે છે :—

"૧ કોઈના પણ દોષ જો નહીં. તારા પોતાના દોષથી જે કંઈ થાય છે, તે થાય છે, એમ માન.

૨ તારી (આત્મ) પ્રશંસા કરીશ નહીં; અને કરીશ તો તું જ હલકો છે એમ હું માનું છું.

૩ જેમ બીજાને પ્રિય લાગે તેવી તારી વર્તણૂક કરવાનું પ્રયત્ન કરજે. એકદમ તેમાં તને સિદ્ધિ નહીં મળે, વા વિઘ્ન નડશે, તથાપિ દૃઢ આગ્રહથી હળવે હળવે તે ક્રમ પર તારી નિષ્ઠા લાવી મૂકજે.

૪ તું વ્યવહારમાં જેનાથી જોડાયો હો તેનાથી અમુક પ્રકારે વર્તવાનો નિર્ણય કરી તેને જણાવ. તેને અનુકૂળ આવે તો તેમ; નહીં તો તે જણાવે તેમ પ્રવર્તજે. સાથે જણાવજે કે તમારા કાર્યમાં (જે મને સોંપો તેમાં) કોઈ રીતે મારી નિષ્ઠાથી કરીને હાનિ નહીં પહોંચાડું. તમે મારા સંબંધમાં બીજી કંઈ કલ્પના કરશો નહીં; મને વ્યવહાર સંબંધી અન્યથા લાગણી નથી, તેમ હું તમારાથી વર્તવા ઇચ્છતો નથી; એટલું જ નહીં પણ કંઈ મારું વિપરીતાચરણ મન વચન કાયાએ થયું તો તે માટે પશ્ચાત્તાપી થઈશ. એમ નહીં કરવા આગળથી બહુ સાવચેતી રાખીશ. તમે સોંપેલું કામ કરતાં હું નિરભિમાની રહીશ. મારી ભૂલને માટે મને ઠપકો આપશો તે સહન કરીશ. મારું ચાલશે ત્યાં સુધી સ્વપ્ને પણ તમારો દ્વેષ વા તમારા સંબંધી કોઈ પણ જાતની અન્યથા

કલ્પના કરીશ નહીં. તમને કોઈ જાતની શંકા થાય તો મને જણાવશો, તો તમારો ઉપકાર માનીશ, અને તેનો ખરો ખુલાસો કરીશ. ખુલાસો નહીં થાય તો મૌન રહીશ, પરંતુ અસત્ય બોલીશ નહીં. માત્ર તમારી પાસેથી એટલું જ ઇચ્છું છું કે, કોઈ પણ પ્રકારે તમે મને નિમિત્ત રાખી અશુભ યોગમાં પ્રવૃત્તિ કરશો નહીં; તમારી ઇચ્છાનુસાર તમે વર્તજો, તેમાં મારે કંઈ પણ અધિક કહેવાની જરૂર નથી. માત્ર મને મારી નિવૃત્તિ-શ્રેણીમાં વર્તવા દેતાં કોઈ રીતે તમારું અંતઃકરણ ટૂંકું કરશો નહીં; અને ટૂંકું કરવા જો તમારી ઇચ્છા હોય તો ખચીત કરીને મને આગળથી જણાવી દેજો. તે શ્રેણીને સાચવવા મારી ઇચ્છા છે અને તે માટે એથી હું યોગ્ય કરી લઈશ. મારું ચાલતાં સુધી હું તમને દુભાવીશ નહીં અને છેવટે એ જ નિવૃત્તિશ્રેણી તમને અપ્રિય હશે તો પણ હું જેમ બનશે તેમ જાળવણીથી, તમારી સમીપથી, તમને કોઈ જાતની હાનિ કર્યા વગર બનતો લાભ કરીને, હવે પછીના ગમે તે કાળ માટે પણ તેવી ઇચ્છા રાખીને ખસી જઈશ.''(૧૫૭/૧૩)

શ્રીયુત માણેકલાલ ઘેલાભાઈ શ્રીમદ્ વિષે લખે છે કે અમારી ભાગીદારીનાં કેટલાંક વર્ષ તો સાહસિક વ્યાપારના ખેડાણમાં ગયેલાં; અને તે સમયે તેઓની વ્યાપાર અને વ્યવહારકુશળતા એવી ઉત્તમ હતી કે અમે વિલાયતના કેટલાક વ્યાપારીઓ સાથે કામ પાડતા હતા; તેઓ અમારી કામ લેવાની પદ્ધતિથી દેશીઓની કાબેલિયત માટે પ્રશંસા કરતા હતા. અમારા આ વ્યાપારની કૂંચીરૂપ ખરું કહીએ તો શ્રીમાન્ રાજચંદ્ર હતા.

## ૧૨

## અમદાવાદના ઓળખીતાઓમાંથી યથાર્થ ઓળખનાર

મુંબઈથી વવાણિયા જતાં શ્રીમદ્ સં. ૧૯૪૩માં શેઠ પાનાચંદ ઝવેરચંદવાળાને ત્યાં અમદાવાદ ઊતર્યા હતા. તે શેઠના એક માણસને સાથે લઈ મલ્લિચંદ જેચંદની પેઢીએ તેઓ ગયા હતા. તે માણસે શ્રીમદ્‌ની ઓળખાણ શેઠ જેસંગભાઈ ઊજમશીભાઈ તથા તેમના વડીલ લહેરાભાઈ તથા રંગજીભાઈ વગેરેને આપી કે આ મહેમાન આપણા સ્વધર્મી છે અને વિદ્વાન કવિ છે. તે વખતે વળાના કારભારી લીલાધરભાઈ વકીલ ત્યાં બેઠા હતા. તેમણે શ્રીમદ્‌ની પાસે એક કાવ્ય રચવાની માગણી કરી; એટલે શ્રીમદે મનમાં એક કાવ્ય રચી સામા માણસને ખાના પાડેલો કાગળ આપી તેમાં આડાઅવળા ખાનામાં અક્ષરો લખાવ્યા અને બધા ખાનાં પુરાઈ જતાં અનુક્રમે વાંચતાં એક સુંદર કાવ્ય થયું. તે વાંચી સર્વને આનંદ થયો હતો.

'મોક્ષમાળા' છપાવવા માટે શ્રીમદ્ સં. ૧૯૪૪માં ફરી અમદાવાદ આવ્યા ત્યારે પણ પ્રથમ શેઠ પાનાચંદ ઝવેરચંદને ત્યાં ઊતર્યા હતા, પછી ટંકશાળમાં શેઠ ઉમાભાઈને ઘેર રહ્યા

હતા. શેઠ જેસંગભાઈ ઊજમશીભાઈના સ્નેહી મોરબીવાળા વિનયચંદ પોપટલાલ દફ્તરીનો કાગળ લઈ શ્રીમદ્ શેઠ જેસંગભાઈ પાસે આવ્યા હતા. તે ભલામણ પત્ર અનુસાર 'મોક્ષમાળા' છપાયા પછી તેની અમુક પ્રતો લેવા વગેરેની મદદ તેમણે યથાશક્તિ કરી હતી. તેમના ઉતારે શેઠ જેસંગભાઈ ઘણી વખત રાત્રે જતા. શ્રીમદ્ તેમના મનની વાતો જાણીને પ્રગટ કહેતા તેથી તેમને તથા સમાગમમાં આવનારને આશ્ચર્ય લાગતું અને વિદ્વાન મોટા માણસ છે એમ જાણી શકેલા. પણ આત્મકલ્યાણની ભૂખ તે વખતે લાગેલી નહીં તેથી યથાર્થ ઓળખાણ થયેલું નહીં. બહારની આડત સાથે વિશેષ સંબંધ હોવાથી પ્રસંગોપાત્ત શેઠ જેસંગભાઈને પરગામ જવું પડતું અને નિવૃત્તિ ઓછી મળતી તેથી તેમના નાના ભાઈ શ્રી જૂઠાભાઈને તેમની સ્વાગતમાં સુપરત કર્યા હતા. શ્રી જૂઠાભાઈ શ્રીમદ્‌ની બરદાસ રાખતા. તેથી તેમને શ્રીમદ્‌નો વિશેષ પરિચય થયો અને પૂર્વના સંસ્કારને લઈને ગાઢ ઓળખાણ થયું; અને શ્રીમદ્ પ્રત્યે તેમનો પૂજ્યભાવ વધતો ગયો. આ વખતે શ્રી જૂઠાભાઈ સાથે શ્રીમદ્ તેમની દુકાને ઘણી વખત જતા, બેસતા અને બીજાના મનની વાતો જાણી કહેતા તેથી તેમને વિનોદ ઊપજતો.

શેઠ દલપતભાઈ ભગુભાઈને વંડે શ્રીમદે એ અરસામાં અવધાન કરી બતાવ્યાં હતાં. તે જોઈને તથા દરરોજના પરિચયથી આત્મપ્રભાવની છાપ પડવાથી શ્રી જૂઠાભાઈને શ્રીમદ્‌ના સમ્યગ્દર્શનાદિ અંતરગુણોની યથાર્થ ઓળખાણ થયેલી; તેથી તે શ્રીમદ્‌ના બહુ ગુણગ્રામ કરતા.

એક વખત શેઠ દલપતભાઈનો પુસ્તક ભંડાર જોવા શ્રીમદ્ શ્રી જૂઠાભાઈ સાથે પધારેલા તે વિષે શ્રી જૂઠાભાઈએ શેઠ જેસંગભાઈને વાત કરેલ કે શ્રીમદ્ પુસ્તકોનાં પાનાં માત્ર ફેરવી જતા અને તે પુસ્તકોનું રહસ્ય સમજી જતા.

વવાણિયા જઈ આવી ફરી સં. ૧૯૪૫માં કાર્તિક સુદ ૧૫ લગભગ શ્રીમદ્ અમદાવાદ પધાર્યા હતા. તે વખતે ઘણા જિજ્ઞાસુઓ તેમની પાસે જ્ઞાનવાર્તા કરવા આવતા. તે વખતે સાધ્વી દિવાળીબાઈ ત્યાં હતાં; તેમની સાથે શ્રી જૂઠાભાઈ અને તેમના કાકા કર્મચંદભાઈ સમક્ષ જ્ઞાનઅર્થે પ્રશ્નોત્તર થતા. શ્રી જૂઠાભાઈના ગાઢ પરિચયમાં આવ્યા પછી શ્રીમદ્ અમદાવાદ આવતા ત્યારે તેમને ત્યાં જ ઊતરતા. શ્રી જૂઠાભાઈ શ્રીમદ્ સાથે મોરબીમાં દોઢ બે માસ રહેલા; એક વખત શ્રીમદ્‌ની સાથે ભરૂચ પણ ગયેલા. પત્રવ્યવહાર પણ ધર્મ નિમિત્તે તેમને પરસ્પર થતો. શ્રી જૂઠાભાઈની શરીરપ્રકૃતિ આ અરસામાં માંદગીને લીધે બહુ નરમ રહેતી; અને વૈરાગ્યવૃત્તિ પણ વર્ધમાન થતી જતી હતી.

ખંભાતથી ભાઈ અંબાલાલ લાલચંદ અને એકબે ભાઈઓ કોઈ લગ્ન પ્રસંગે અમદાવાદ આવેલા, તે સરખી ઉમ્મરના હોવાથી શ્રી જૂઠાભાઈને ત્યાં જતા. વરઘોડો નીકળવાનો હતો ત્યારે ભાઈ અંબાલાલ વગેરે શ્રી જૂઠાભાઈને બોલાવવા આવ્યા કે ચાલો, વરઘોડામાં જઈએ. તે સાંભળી યુવાન વય છતાં સ્વાભાવિક વૈરાગ્યવંત શ્રી જૂઠાભાઈને તે ગમ્યું નહીં અને શ્રીમદ્ વિષે કંઈ વાત તેમને કહેવાની ઊર્મિ થઈ આવી પણ પાછું મન ખેંચી લઈ એટલું બોલ્યા કે ક્યાં પ્રતિબંધ કરું? તે સાંભળી તે

ભાઈઓએ પૂછ્યું કે શું કહો છો? અમને સમજાયું નહીં. તેમના વૈરાગ્યની છાપ તે ભાઈઓ ઉપર પણ પડી તેથી તે તેમની પાસે તેમને કહેવાનું હોય તે સાંભળવા બેઠા. શ્રીમદ્ સંબંધી ગુણગ્રામ તેમણે કર્યા અને તેમના આવેલા પત્રો તેમને વંચાવ્યા. તે વાંચી તે સંસ્કારી ભાઈઓને પણ શ્રીમદ્નાં દર્શન સમાગમની અભિલાષા થઈ. તેથી તે પત્રોની નકલો તેમણે ઉતારી લીધી અને શ્રીમદ્ને ખંભાત પધારવા વિનંતી પત્રથી કરી. લગ્નનિમિત્તે અમદાવાદ આવેલા છતાં શ્રી જૂઠાભાઈના સમાગમે તેમને ધર્મની લગની લાગી ગઈ.

શ્રી જૂઠાભાઈનું શરીર સં. ૧૯૪૫-૪૬ એ છેલ્લાં બે વર્ષ રોગગ્રસ્ત રહેતું. તે પ્રસંગે શ્રીમદે લખેલા અનેક પત્રો ધર્મધ્યાન પ્રેરનારા તેમને બહુ લાભદાયક નીવડ્યા હતા અને પરિણામે ''મોક્ષમાર્ગને દે એવું સમ્યક્ત્વ'' તેમના અંતરમાં પ્રકાશ્યું હતું.

શ્રી જૂઠાભાઈના અવસાન સંબંધી સં. ૧૯૪૬ના વૈશાખ સુદ ૩ના રોજ શ્રીમદ્ લખે છે : ''આ ઉપાધિમાં પડ્યા પછી જો મારું લિંગદેહજન્યજ્ઞાન-દર્શન તેવું જ રહ્યું હોય, – યથાર્થ જ રહ્યું હોય તો જૂઠાભાઈ અષાડ સુદિ ૯ ગુરુની રાત્રે સમાધિશીત થઈ આ ક્ષણિક જીવનનો ત્યાગ કરી જશે, એમ તે જ્ઞાન સૂચવે છે.''(૧૧૬)

અવસાન સંબંધી શ્રી જૂઠાભાઈને કહેવા ભાઈ છગનલાલ બેચરલાલને શ્રીમદે અગાઉથી લખેલું હતું. શ્રી જૂઠાભાઈની વૈરાગ્યદશા અને ઉદાસીનતા પ્રગટ છતાં તેમના કુટુંબીઓ તેમને સમ્યગ્જ્ઞાન થયું છે એમ જાણી શકેલા નહીં.

શ્રીમદે અષાડ સુદ ૧૦ સં. ૧૯૪૬માં લખ્યું છે : "લિંગદેહજન્યજ્ઞાનમાં ઉપાધિને લીધે યત્કિંચિત્ ફેર થયો જણાયો. પવિત્રાત્મા જૂઠાભાઈ ઉપરની તિથિએ પણ દિવસે સ્વર્ગવાસી થયાના આજે ખબર મળ્યા."

શ્રીમદે આશ્વાસન પત્રમાં શ્રી જૂઠાભાઈની અંતરંગદશા વર્ણવી છે તે સર્વને મનન કરવા યોગ્ય છે :—

"એનું લૌકિક નામ જ દેહધારી દાખલ સત્ય હતું,—એ આત્મદશારૂપે ખરો વૈરાગ્ય હતો.

મિથ્યાવાસના જેની બહુ ક્ષીણ થઈ હતી, વીતરાગનો પરમરાગી હતો, સંસારનો પરમ જુગુપ્સિત હતો, ભક્તિનું પ્રાધાન્ય જેના અંતરમાં સદાય પ્રકાશિત હતું, સમ્યક્‌ભાવથી વેદનીયકર્મ વેદવાની જેની અદ્‌ભુત સમતા હતી, મોહનીય કર્મનું પ્રબળ જેના અંતરમાં બહુ શૂન્ય થયું હતું, મુમુક્ષુતા જેનામાં ઉત્તમ પ્રકારે દીપી નીકળી હતી, એવો એ જૂઠાભાઈનો પવિત્રાત્મા આજે જગતનો, આ ભાગનો ત્યાગ કરીને ચાલ્યો ગયો. આ સહચારીઓથી મુક્ત થયો. ધર્મના પૂર્ણાહ્લાદમાં આયુષ્ય અચિંતું પૂર્ણ કર્યું.

અરેરે! એવા ધર્માત્માનું ટૂંકું જીવન આ કાળમાં હોય એ કંઈ વધારે આશ્ચર્યકારક નથી. એવા પવિત્રાત્માની આ કાળમાં ક્યાંથી સ્થિતિ હોય? બીજા સંગીઓનાં એવાં ભાગ્ય ક્યાંથી હોય કે આવા પવિત્રાત્માનાં દર્શનનો લાભ અધિક કાળ તેમને થાય? મોક્ષમાર્ગને દે એવું જે સમ્યક્‌ત્વ જેના અંતરમાં પ્રકાશ્યું હતું, એવા પવિત્રાત્મા જૂઠાભાઈને નમસ્કાર હો! નમસ્કાર હો!"(૧૧૭)

“ચિ૰ સત્યપરાયણના સ્વર્ગવાસ—સૂચક શબ્દો ભયંકર છે. એવા રત્નોનું લાંબું જીવન પરંતુ કાળને પોષાતું નથી. ધર્મેચ્છકનો એવો અનન્ય સહાયક માયાદેવીને રહેવા દેવો યોગ્ય ન લાગ્યો.

આ આત્માનો આ જીવનનો રાહસ્યિક વિશ્રામ કાળની પ્રબળ દૃષ્ટિએ ખેંચી લીધો. જ્ઞાનદૃષ્ટિથી શોકનો અવકાશ નથી મનાતો; તથાપિ તેના ઉત્તમોત્તમ ગુણો તેમ કરવાની આજ્ઞા કરે છે, બહુ સ્મરણ થાય છે; વધારે નથી લખી શકતો.

સત્યપરાયણના સ્મરણાર્થે બને તો એક શિક્ષાગ્રંથ લખવા વિચારું છું.....

ધર્મમાં પ્રસક્ત રહો એ જ ફરી ફરી ભલામણ. સત્ય-પરાયણના માર્ગનું સેવન કરીશું તો જરૂર સુખી થઈશું, પાર પામીશું, એમ હું ધારું છું.”(૧૧૮)

# ૧૩

# ભગતના ગામના ભક્તશિરોમણિ શ્રી સોભાગ્યભાઈ

અવધાનથી શ્રીમદ્‌ની કીર્તિ ગુજરાત, કાઠિયાવાડ અને અંગ્રેજી પત્રો દ્વારા હિંદુસ્તાનમાં પ્રસરી હતી. તે વખતે કાઠિયાવાડનું સાયલા ગામ જે 'ભગતના ગામ' તરીકે પ્રસિદ્ધ છે ત્યાં લલ્લુભાઈ નામે એક નામાંકિત શેઠ રહેતા હતા. તેમની લક્ષ્મી સંબંધી પ્રથમ સ્થિતિ બહુ સારી હતી. પણ પુણ્યનો ઉદય પૂરો થતાં ચંચળ લક્ષ્મી ચાલી ગઈ; ત્યારે તેમણે વિચાર કર્યો કે મારવાડના સાધુઓ મંત્રવિદ્યા વગેરેમાં કુશળ કહેવાય છે, તેમાંના કોઈની કૃપાથી લક્ષ્મી ફરી પ્રાપ્ત થાય તેવી તજવીજ કરવી. એમ વિચારી તે મારવાડમાં ગયા અને કોઈ પ્રખ્યાત સાધુનો પરિચય કરી તેમને પ્રસન્ન કરી એકાંતમાં પોતાની સ્થિતિ જણાવી કંઈ સ્થિતિ સુધરે તેવો ઉપાય બતાવવા વિનંતી કરી. પરંતુ તે અધ્યાત્મપ્રેમી સાધુએ શેઠ લલ્લુભાઈને ઘણો ઠપકો આપ્યો; અને કહ્યું કે આવા વિચક્ષણ થઈ તમે ત્યાગી પાસેથી આત્માની વાત પામવાનું પડી મૂકી માયાની વાત કરો છો એ તમને ઘટે નહીં. તે સાધુના અભિપ્રાયને સમજી જવાથી લલ્લુભાઈએ કહ્યું : ''બાપજી, મારી ભૂલ થઈ. મારા આત્માનું કલ્યાણ થાય તેવું મને કંઈ બતાવો.'' તેમના ઉપર કૃપા કરીને તે સાધુએ 'બીજજ્ઞાન' બતાવ્યું; સાથે જણાવ્યું કે તમારી

યોગ્યતા નથી પણ કોઈ યોગ્ય પુરુષને તમે આપશો તો તેને જ્ઞાનપ્રાપ્તિ થશે.

એ સાધનનું તે આરાધન કરવા લાગ્યા અને સામાયિક આદિ ક્રિયા માટે અપાસરે જવાનું તેમણે છોડી દીધું; અને હરતાં ફરતાં અમારે સામાયિક છે એમ કહેતા. એટલે સ્થાનકવાસી સાધુઓને લાગ્યું કે તે કંઈ મારવાડથી શીખી લાવ્યા છે તે આપણે શીખવું. એક સાધુએ તેમને ઘણો આગ્રહ કર્યો અને કહ્યું : ‘‘તમે કહેશો તે હું કરીશ, પણ તમે જે સાધના કરો છો તે મને બતાવો.’’

લલ્લુભાઈ કહે : ‘‘હું કહીશ તેમ નહીં બને.’’

સાધુએ કહ્યું : ‘‘બનશે.’’

પછી લલ્લુભાઈએ કહ્યું : ‘‘સાધુનો વેશ ઉતારી, મુમતી છોડી નાખી અપાસરે જાઓ.’’

સાધુ કહે : ‘‘એ તો કેમ બને ?’’

લલ્લુભાઈએ કહ્યું : ‘‘તો આવ્યા હતા તેમ પાછા પધારો.’’

પોતાના પુત્ર સોભાગ્યભાઈને લલ્લુભાઈએ ‘બીજજ્ઞાન’ બતાવ્યું હતું, અને કોઈ યોગ્ય જીવ હોય તો તેને પણ જણાવવું એમ કહેલું તેથી શ્રીમદ્ જ્યારે મોરબીમાં હતા ત્યારે સોભાગ્યભાઈને પણ કામ પ્રસંગે મોરબી જવાનું હતું; એટલે લલ્લુભાઈને તેમણે પૂછ્યું : ‘‘કવિ રાયચંદભાઈ બહુ લાયક માણસ છે એમ આખા કાઠિયાવાડમાં કહેવાય છે. તે હાલ મોરબી છે અને મારે મોરબી જવાનું છે તો આપની આજ્ઞા હોય તો તેમને હું ‘બીજજ્ઞાન’ બતાવું.’’ લલ્લુભાઈએ હા પાડી એટલે

તે મોરબી ગયા ત્યારે શ્રીમદ્‌ને મળવા ગયા. તે વખતે શ્રીમદ્ દુકાને બેઠેલા હતા. સોભાગ્યભાઈના આવતાં પહેલાં તેમણે પોતાના નિર્મળ જ્ઞાનથી જાણ્યું કે સોભાગ્યભાઈ નામના માણસ 'બીજજ્ઞાન'ની વાત બતાવવા આવે છે. તેથી એક કાગળની કાપલી ઉપર તે જે કહેવા ધારતા હતા તે લખી રાખી, ગાદી પાસેના ગલ્લામાં કાપલી મૂકી. સોભાગ્યભાઈ આવ્યા એટલે શ્રીમદ્ બોલ્યા : ''આવો, સોભાગ્યભાઈ.'' સોભાગ્યભાઈને નવાઈ લાગી કે મને એ ઓળખતા નથી, અને નામ દઈને ક્યાંથી બોલાવ્યો? પરંતુ તે કંઈ પૂછે તે પહેલાં શ્રીમદે કહ્યું : ''આ ગલ્લામાં એક કાપલી છે તે કાઢીને વાંચો.''

સોભાગ્યભાઈએ કાપલી કાઢી વાંચી જોઈ તો તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. તેમને જે વાત કરવી હતી તે બધાનું લખાણ જોઈ તેમને એમ થયું કે આ કોઈ અલૌકિક જ્ઞાન પામેલા મહાપુરુષ છે. એમને મારે શું બતાવવાનું હોય? મારે ઊલટું તેમની પાસેથી વિશેષ જ્ઞાન મેળવવું. પરંતુ તેમના જ્ઞાનની વિશેષ પરીક્ષા કરવા તેમણે શ્રીમદ્‌ને પૂછ્યું : ''સાયલામાં અમારા ઘરનું બારણું કઈ દિશામાં છે?'' શ્રીમદે અંતરજ્ઞાનથી જાણી યથાર્થ ઉત્તર દીધો એટલે સોભાગ્યભાઈએ કહ્યું કે આપનું જ્ઞાન સાચું છે.

આ પ્રથમ પ્રસંગથી સોભાગ્યભાઈને શ્રીમદ્ પ્રત્યે પૂજ્ય-બુદ્ધિ થઈ હતી. પણ ડુંગરશી ગોસળીઆ કરીને એક યોગના અભ્યાસીની તેમને સોબત હતી અને તેમના કેટલાક ચમત્કાર તથા વાતચીતથી તેમના ઉપર ચોટ થયેલી હતી. પરંતુ શ્રીમદ્ સાથે તેમને પત્રવ્યવહાર ઘણો રહ્યો અને પૂજ્યબુદ્ધિ વર્ધમાન

થઈ, પતિવ્રતા જેટલી તેમની પરમભક્તિ થતાં ગોસળીઆ પ્રત્યેની માન્યતા દૂર થઈ એક સત્ય શરણ તે પામ્યા હતા.

છેલ્લી વખતે શ્રીમદ્ સાયલે પધાર્યા હતા ત્યારે તેમને વળાવવા જતાં નદી રસ્તામાં આવી. તે વખતે સૂર્યોદય વેળાએ શ્રી સોભાગ્યભાઈએ જણાવ્યું : ‘‘ઊગતા સૂર્યની સાખે, નદીની સાખે, સત્પુરુષની સાખે આ સોભાગ્યને આપના સિવાય બીજું રટણ ન હો!’’

એક પત્રમાં શ્રી સોભાગ્યભાઈ સં. ૧૯૫૩ જેઠ સુદ ૧૪ ને રવિવારે શ્રીમદ્‌ને લખી જણાવે છે :

‘‘આ કાગળ છેલ્લો લખી જણાવું છું.. હવે આ પામર સેવક ઉપર બધી રીતે આપ કૃપાદૃષ્ટિ રાખશો.... દેહ ને આત્મા જુદા છે. દેહ જડ છે. આત્મા ચૈતન્ય છે. તે ચૈતન્યનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજમાં આવતો નહોતો. પણ દિન આઠ થયાં આપની કૃપાથી અનુભવગોચરથી બેફાટ જુદા દેખાય છે. અને રાતદિવસ આ ચૈતન્ય અને આ દેહ જુદા એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે; એ આપને સહજ જણાવવા લખ્યું છે.

ગોસળીઆ વિષે જે કંઈ આસ્થા હતી તે બિલકુલ નીકળી ગઈ છે. તો હવે વખતોવખત બોધ આપવાના પત્રો આપ આપની ઇચ્છા પ્રમાણે લખી મને મોટી પાયરીએ ચઢાવશો.

વગર ભણ્યે, વગર શાસ્ત્ર વાંચ્યે થોડા વખતમાં આપના બોધથી અર્થ વગેરેનો ઘણો ખુલાસો થઈ ગયો છે. જે ખુલાસો પચીસ વર્ષે થાય એવો નહોતો તે થોડા વખતમાં આપની કૃપાથી થયો છે.’’

શ્રીમદ્દે છેવટે ત્રણ પત્ર શ્રી સોભાગ્યભાઈ ઉપર લખેલા 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં આંક ૭૭૯, ૭૮૦, ૭૮૧ રૂપે છપાઈ ગયા છે. તે સમાધિમરણને ઇચ્છનાર દરેક મુમુક્ષુએ વિચારવા યોગ્ય છે.

આર્ય શ્રી સોભાગ્યભાઈનો દેહ સં. ૧૯૫૩ના જેઠ વદ ૧૦ને દિવસે છૂટ્યો હતો. તે વિષે જણાવતાં શ્રીમદ્ લખે છે :

"જીવને દેહનો સંબંધ એ જ રીતે છે. તેમ છતાં પણ અનાદિથી તે દેહને ત્યાગતાં જીવ ખેદ પામ્યા કરે છે, અને તેમાં દૃઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે; જન્મમરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે. શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચળ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી.....

આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે....

શ્રી સોભાગની સરળતા, પરમાર્થ સંબંધી નિશ્ચય, મુમુક્ષુ પ્રત્યે પરમ ઉપકારતા આદિ ગુણો વારંવાર વિચારવાયોગ્ય છે." (૭૮૨)

શ્રીમદ્ને સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ હતી છતાં મુમુક્ષુ જીવોના સત્સંગની ભાવના વિશેષ રહ્યા કરતી. ધાર્મિક પ્રશ્નોની ચર્ચામાં શ્રી સોભાગ્યભાઈ યથાશક્તિ ભાગ આપી શ્રીમદ્ પાસે બહુ સારા ખુલાસા કરાવતા. બીજા મુમુક્ષુઓને કંઈ શ્રીમદ્ને કહેવું હોય તો વયોવૃદ્ધ શ્રી સોભાગ્યભાઈ દ્વારા વિનંતી કરાવતા; અને દયાળુ દિલના હોવાથી તે સરળભાવે દરેકની વાત રજૂ

કરતા. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર લખવાની પ્રેરણા પણ શ્રી સોભાગ્યભાઈએ કરેલી કે 'છ પદનો પત્ર' ગદ્ય હોવાથી મુખપાઠ થતો નથી, તો તે ભાવાર્થનું પદ્ય હોય તો સર્વ મુમુક્ષુઓના ઉપર મહાઉપકાર થાય.

એક પત્રમાં શ્રી સોભાગ્યભાઈ શ્રી આત્મસિદ્ધિ વિષે લખે છે :

"ગોસળીઆ આત્મસિદ્ધિ ગ્રંથ વાંચે છે અને વિચારે છે, તેમ જ હું પણ તે વાંચું છું. દુહા ૧૩૪ મુખપાઠે કર્યા છે અને વિચારતાં ઘણો આનંદ આવે છે. વળી પાંચ મહિના થયાં તાવ આવે છે, તે જો આત્મસિદ્ધિ ગ્રંથ આપે મોકલાવ્યો ન હોત તો આજ સુધી દેહ રહેવો મુશ્કેલ હતો. ગ્રંથ વાંચી આનંદ આવે છે તેથી જીવું છું. પણ હવે આપે કૃપા કરી ટીકા અર્થ મોકલવા લખ્યું તે જો હવે તરતમાં આવે તો આનંદ લેવાય, નીકર પછી આંખે સૂઝે નહીં ત્યારે વાંચી શકાય નહીં; અને જ્યારે પોતાથી વંચાય નહીં ત્યારે બીજાના વાંચવાથી તેવો આનંદ આવે નહીં, માટે કૃપા કરી મોકલાવશો. ઘણું શું લખું ?"

શ્રીમદ્ પોતાની હાથનોંધમાં ઉપકાર દર્શાવતાં લખે છે :

"હે જિન વીતરાગ ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે.

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

હે શ્રી સોભાગ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મ-દશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો.''(હા.નોંધ ૨/૨૦)

વળી શ્રીમદ્ લખે છે : ''આપને વિજ્ઞાપન છે કે વૃદ્ધમાંથી યુવાન થવું. અને આ અલખ વાર્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવું.''(૧૭૦)

''લૌકિક દૃષ્ટિએ તમે અને અમે પ્રવર્તશું તો પછી અલૌકિક દૃષ્ટિએ કોણ પ્રવર્તશે?... 'માગી ખાઈને ગુજરાન ચલાવશું; પણ ખેદ નહીં પામીએ; જ્ઞાનના અનંત આનંદ આગળ તે દુઃખ તૃણમાત્ર છે' આ ભાવાર્થનું જે વચન લખ્યું છે, તે વચનને અમારો નમસ્કાર હો! એવું જે વચન તે ખરી જોગ્યતા વિના નીકળવું સંભવિત નથી.''(૩૨૨)

જેના યોગે અને બોધે અન્ય જીવોને અંતરંગ વૈરાગ્યની વૃદ્ધિ થતાં સમાધિમરણની અને સમ્યક્દર્શનની પ્રાપ્તિ સુલભ-પણે થતી તે શ્રીમદ્ની અદ્ભુત અલૌકિક આત્મિક દશાનું વર્ણન કરવાને આ લેખિની સમર્થ નથી. જ્યાં મતિની ગતિ પહોંચતી નથી ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય? તેથી જ કાર્ય ઉપરથી કારણની સમર્થતા સમજાય એવા પરિચયી જનોના પ્રસંગની કથા વડે શ્રીમદ્ની કથા સમજવી સુલભ જાણી તેમનો પ્રભાવ સંસ્કારી જીવો ઉપર કેવો પડતો તે જણાવવા પ્રયત્ન કર્યો છે.

---

## ૧૪

# ખંભાતના મુમુક્ષુજનો

શ્રી જૂઠાભાઈના સમાગમથી ભાઈશ્રી અંબાલાલ લાલચંદ આદિ ખંભાતના જે ભાઈઓ અમદાવાદ ગયેલા તેમને શ્રીમદ્‌ના સમાગમની તીવ્ર પિપાસા જાગી હતી તેથી તેમણે શ્રીમદ્ ઉપર ખંભાત પધારવાની વિનંતીરૂપે પંદરવીસ પત્રો ઉપરાઉપરી લખ્યા અને ખંભાત પોતે ન પધારી શકે તો વવાણિયા આવવાની તેમણે આતુરતા જણાવી આજ્ઞા મંગાવી. છેવટે ખંભાત અનુકૂળતાએ આવવાનું બનશે એવો પત્ર આવવાથી તે ભાઈઓને સંતોષ થયો.

સ્થાનકવાસી સંપ્રદાયના આ ભાઈઓ હતા તેથી દરરોજ અપાસરે જતા, પણ શ્રી જૂઠાભાઈનો સમાગમ થયા પછી તે એકાંતમાં અપાસરામાં બેસીને શ્રીમદ્‌ના પત્રો ઉતારી આણેલા તે વાંચતા વિચારતા, પણ વ્યાખ્યાનમાં જતા નહીં.

એક દિવસે તે પત્રો વાંચતા હતા, ત્યારે તે ખંભાત સંઘાડાના મુખ્ય આચાર્ય શ્રી હરખંદજી મહારાજ મેડે વ્યાખ્યાનમાં શ્રી ભગવતી સૂત્ર વાંચતા હતા; અને નીચે તે મહારાજના સાધુઓમાં પ્રભાવશાળી અને વિનયસંપન્ન ગણાતા શ્રી લલ્લુજી મહારાજ એક શાસ્ત્ર ભણેલા પાટીદાર ભાઈ દામોદરભાઈ સાથે ઉપરથી વાંચેલાં શ્રી ભગવતી સૂત્રનાં પાનાં આવતાં તે વાંચતા હતા. તેમાં ભવસ્થિતિ પાકે ત્યારે મોક્ષ થાય છે એ વાત વાંચતાં શ્રી લલ્લુજીને શંકા થઈ કે જો ભવસ્થિતિ

પાકશે ત્યારે મોક્ષે જવાશે એમ જ હોય તો આ સાધુપણું લઈ પરિશ્રમ ઉઠાવવાની શી જરૂર? એ વાત ચાલતી હતી તેવામાં ભાઈ શ્રી અંબાલાલ લાલચંદ આદિ ભાઈઓ વાતો કરતા હતા ત્યાં શ્રી લલ્લુજી મહારાજની દૃષ્ટિ પડતાં તેમને ધર્મસ્નેહથી ઠપકો દીધો કે ત્યાં શું કરો છો? ઉપર વ્યાખ્યાનમાં કેમ જતા નથી? ઉપર જાઓ કે અહીં આવો. એટલે તે તેમની પાસે જઈને બેઠા અને 'ભવસ્થિતિ'નો પ્રશ્ન ચર્ચાતો હતો તેનો ખુલાસો યથાર્થ ન થયો એટલે શ્રી અંબાલાલે તેમને શ્રીમદ્‌ની વાત કહી સંભળાવી કે તે સર્વ આગમના જ્ઞાતા છે, ઉત્તમ પુરુષ છે અને અહીં ખંભાતમાં પધારવાના છે. તે ઉપરથી શ્રી લલ્લુજીએ પૂછ્યું : ''અમને તે પુરુષનો મેળાપ કરાવશો?'' તેમણે હા પાડી.

શ્રી હરખચંદજી મહારાજને 'ભવસ્થિતિ' સંબંધી શ્રી લલ્લુજીએ પ્રશ્ન પૂછ્યો પણ સંતોષકારક ઉત્તર નહીં મળેલો અને શ્રીમદ્‌ની આવવાની વાત સાંભળવાથી તેમનું ચિત્ત તેમને મળવા તલસી રહ્યું હતું. તેવામાં સં. ૧૯૪૬માં શ્રીમદ્‌નું ખંભાતમાં પ્રથમ પધારવું થયું. શ્રી અંબાલાલભાઈને ત્યાં જ તે ઊતર્યા હતા. શ્રી અંબાલાલભાઈ પોતાના પિતા લાલચંદભાઈની સાથે શ્રીમદ્‌ને અપાસરે તેડી ગયા. શ્રીમદે અવધાન કરવાં છોડી દીધાં હતાં પરંતુ લાલચંદભાઈ તેમ જ શ્રી હરખચંદજી મહારાજના આગ્રહથી અપાસરામાં તે દિવસે શ્રીમદે અષ્ટાવધાન કરી બતાવ્યાં. સર્વ સાધુવર્ગ વગેરે શ્રીમદ્‌ની વિદ્વતા અને અદ્‌ભુત શક્તિ જોઈ આશ્ચર્ય પામ્યા.

બીજે દિવસે શ્રીમદ્ ઉપાશ્રયમાં આવ્યા અને શ્રી હરખ-

ચંદજી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે આ કાળમાં ક્ષાયક સમકિત હોય કે નહીં? ત્યારે મહારાજે ના પાડી તેથી શ્રીમદે ફરી પૂછ્યું: ‘‘કોઈ શાસ્ત્રમાં છે?’’ શ્રી હરખચંદજી મહારાજે કહ્યું : ‘‘દશમા ઠાણાંગમાં ક્ષાયક સમકિત ન હોવા વિષે છે.’’ શ્રી લલ્લુજીએ ઠાણાંગ સૂત્ર આણ્યું. તે તપાસતાં તેમાંથી એ વાત મળી નહીં; શ્રીમદે દશમા ઠાણાંગનો ભાવ વાંચી સંભળાવ્યો. તે સાંભળતાં સર્વેને શાંતિ ઊપજી અને તેમની વિદ્વતાની પ્રશંસા કરવા લાગ્યા. શ્રીમદ્‌ને શ્રી લલ્લુજીએ ઉપર મેડે પધારવા વિનંતી કરી અને શ્રી હરખચંદજી મહારાજને પૂછ્યું ‘‘હું તેમની પાસેથી કંઈ અવધારું?’’ શ્રી હરખચંદજી મહારાજની આજ્ઞા મળી એટલે શ્રી લલ્લુજીએ ઉપર જઈને શ્રીમદ્‌ને નમસ્કાર કર્યા. શ્રીમદે નમસ્કાર નિવારણ કરવા છતાં તેમણે ઉમંગથી ઉત્તમ પુરુષ જાણી અટક્યા વગર નમસ્કાર કર્યા.

આ સામાન્ય લાગતો પ્રસંગ, અનેક જીવોનાં જીવન પલટાવનાર, અસત્યમાંથી સત્યમાં લાવનાર, અનેક પ્રકારના આગ્રહરૂપી ખાડાટેકરા ઓળંગાવી વિદ્યાધરના વિમાનમાં પ્રવેશ કરાવી તત્ત્વજ્ઞાનરૂપી આકાશમાં વિહાર કરાવનાર, ચમત્કારી ક્રાંતિકારક હતો.

ઉમ્મરમાં શ્રીમદ્‌થી ચૌદ વર્ષે મોટા, ધનાઢ્ય કુટુંબમાં એકના એક પુત્ર છતાં સર્વસ્વનો ત્યાગ કરી, બીજા ત્રણ ઓળખીતા કુટુંબીઓ સાથે દીક્ષિત, તે વખતે ખંભાતના સંઘાડામાં માત્ર ચાર જ સાધુ રહ્યા હતા તેની સંખ્યા બમણી કરનાર અને વિનયાદિ ગુણોથી આચાર્યને પ્રસન્ન કરી સર્વ સાધુઓમાં પાંચ–છ વર્ષમાં પ્રધાનપદ પામનાર, તેમજ તેમના

દીક્ષિત થયા પછી તે સંઘાડામાં ચૌદ સાધુઓ થઈ જવાથી સારાં પગલાંના ગણાતા મંગલકારી તથા ભદ્રિક આ આગેવાન સાધુ, માત્ર બાવીસ વર્ષની યુવાવસ્થામાં પ્રવેશ કરનાર જૈનધર્મી વિદ્વાન કવિ તરીકે પ્રસિદ્ધ ગૃહસ્થને નમસ્કાર કરે એવો આશ્ચર્યકારક વિરલ પ્રસંગ અચાનક એકાંતમાં વિધિવશ બની આવ્યો; તે કોઈ કુશળ કૃષિકાર ખેતરના ખૂણામાં એકાંત નાના ક્યારામાં ઇલાયચીનાં બીજ વાવે તેવો આ પ્રસંગ, હાલ મોટા વિસ્તારવાળા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના સ્થાપક તરીકે પ્રસિદ્ધ શ્રીમદ્ લઘુરાજ-સ્વામીનો સત્ય માર્ગમાં પ્રવેશ કરાવનાર સાચી જન્મગાંઠનો દિવસ ગણાવા યોગ્ય પ્રથમ માંગલિક પ્રસંગ બની આવ્યો.

શ્રીમદે શ્રી લલ્લુજી સ્વામીને પૂછ્યું : ‘‘તમારી શી ઇચ્છા છે ?’’

સ્વામીજીએ વિનયસહિત હાથ જોડીને યાચનાપૂર્વક કહ્યું : ‘‘સમકિત (આત્માની ઓળખાણ) અને બ્રહ્મચર્યની દૃઢતાની મારી માગણી છે.’’

શ્રીમદ્ થોડી વાર મૌન રહ્યા અને કહ્યું, ‘‘ઠીક છે.’’ પછી સ્વામીજીના જમણા પગનો અંગૂઠો તાણી શ્રીમદે તપાસી જોયો; અને ઊઠીને બધા નીચે ગયા. શ્રી અંબાલાલને ઘેર જતાં શ્રીમદે જણાવ્યું : ‘‘આ પુરુષ સંસ્કારી છે. આ રેખાલક્ષણો ધરાવનાર પુરુષ સંસારે ઉત્તમ પદ પામે; ધર્મે આત્મજ્ઞાની મુનિ થાય.’’

બીજે દિવસે શ્રી અંબાલાલને ઘેર શ્રી લલ્લુજી સ્વામી શ્રીમદ્‌ના સમાગમ માટે ગયા, ત્યાં શ્રીમદે એકાંતમાં તેમને પૂછ્યું : ‘‘તમે અમને માન કેમ આપો છો ?’’

સ્વામીજીએ કહ્યું : ‘‘આપને દેખીને અતિ હર્ષ, પ્રેમ આવે છે; અને જાણે અમારા પૂર્વભવના પિતા હો, એટલો બધો ભાવ આવે છે; કોઈ પ્રકારનો ભય રહેતો નથી; આપને જોતાં એવી નિર્ભયતા આત્મામાં આવે છે.’’

શ્રીમદ્દે ફરી પૂછ્યું : ‘‘તમે અમને શાથી ઓળખ્યા ?’’

સ્વામીજીએ કહ્યું : ‘‘અંબાલાલભાઈના કહેવાથી આપના સંબંધી જાણવામાં આવ્યું. અમે અનાદિ કાળથી રખડીએ છીએ, માટે અમારી સંભાળ લો.’’

શ્રીમદે ‘સૂયગડાંગ’ સૂત્રમાંથી થોડું વિવેચન કર્યું અને સત્ય ભાષા વગેરે વિષે બોધ કર્યો. સાત દિવસ સુધી શ્રીમદ્ ખંભાત રહ્યા ત્યાં સુધી શ્રી લલ્લુજી સ્વામી રોજ શ્રીમદ્ના સમાગમ અર્થે શ્રી અંબાલાલને ઘેર જતા.

એક દિવસ શ્રી હરખચંદજી મહારાજે શ્રી લલ્લુજીને પૂછ્યું કે તમારે શી વાત થાય છે? શ્રી લલ્લુજીએ ટૂંકામાં એટલું જ કહ્યું : ‘‘જ્ઞાન અને ક્રિયા બન્ને કરવાનું કહે છે.’’ શ્રી હરખચંદજી બોલ્યા : ‘‘પહેલે સબ બાત કહતા થા, અબ કુછ નહીં કહતા.’’

શ્રી લલ્લુજી સ્વામીએ શ્રીમદ્ને જણાવ્યું : ‘‘મેં સાધન-સંપન્ન કુટુંબ, વૈભવ, વૃદ્ધ માતા, બે બૈરી, એક પુત્ર આદિનો ત્યાગ કરી દીક્ષા લીધી છે.’’

તે ત્યાગનો ગર્વ ગાળી નાખવા શ્રીમદ્જી તડૂકીને બોલ્યા : ‘‘શું ત્યાગ્યું છે? એક ઘર છોડી કેટલાં ઘર (શ્રાવકોનાં) ગળે નાખ્યાં છે? એ બે સ્ત્રીનો ત્યાગ કરી કેટલી સ્ત્રીઓ પ્રત્યે દૃષ્ટિ ફરે છે? એક પુત્ર ત્યાગી કેટલાં છોકરાં પ્રત્યે પ્રીતિ થાય છે?’’

આ સાંભળી શ્રી લલ્લુજીને પોતાના દોષો પ્રગટ દેખાયાથી એટલી બધી શરમ આવી ગઈ કે જાણે જમીન માર્ગ આપે તો જમીનમાં સમાઈ જાઉં, એવી નમ્રતા પ્રગટતાં તેમણે કહ્યું : ''હું ત્યાગી નથી.'' ત્યાં તો શ્રીમદ્જી બોલ્યા : ''મુનિ, હવે તમે ત્યાગી છો.''

એક દિવસે શ્રી લલ્લુજી સ્વામીએ શ્રીમદ્‌ને કહ્યું : ''હું બ્રહ્મચર્ય માટે પાંચ વર્ષથી એકાંતરા ઉપવાસ (એક દિવસ ઉપવાસ ને એક દિવસ ખાવું એમ) કરું છું અને કાયોત્સર્ગ (ધ્યાન) કરું છું. છતાં માનસિક પાલન બરાબર થઈ શકતું નથી.''

શ્રીમદે કહ્યું : ''લોકદૃષ્ટિએ કરવું નહીં; લોકદેખામણ તપશ્ચર્યા કરવી નહીં. પણ સ્વાદનો ત્યાગ થાય, તેમ જ ઊણોદરી તપ (પેટ ઊણું રહે તેવું, ખૂબ ધરાઈને ખાવું નહીં) થાય તેમ આહાર કરવો; સ્વાદિષ્ટ ભોજન હોય તે બીજાને આપી દેવું.''

સ્વામીજીએ ફરી પૂછ્યું : ''હું જે જે જોઉં છું તે ભ્રમ છે, જૂઠું છે, એમ અભ્યાસ કરું છું.''

શ્રીમદે કહ્યું : ''આત્મા છે એમ જોયા કરો.''

શ્રી અંબાલાલભાઈ, ભાઈ ત્રિભોવનભાઈ આદિ અનેક ભાઈઓને ખંભાતમાં શ્રીમદ્‌નો સમાગમ થયેલો અને ધર્મ-જિજ્ઞાસા જાગ્રત થયેલી. તેથી શ્રીમદ્‌ને મુંબઈ જવું થયું તો પણ પત્રવ્યવહારથી તે ધર્મજિજ્ઞાસા પોષતા રહેતા હતા.

## ૧૫

## ‘સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે’

**“અંતરંગ ગુણ ગોઠડી રે, જનરંજનો રે લાલ,**
**નિશ્ચય સમકિત તેહ રે, દુઃખભંજનો રે લાલ;**
**વિરલા કોઈક જાણશે રે, જનરંજનો રે લાલ,**
**તે તો અગમ અછેહ રે, દુઃખભંજનો રે લાલ.”**

—શ્રી યશોવિજયજી

‘પાયોનિયર’ પત્રમાં શ્રીમદ્‌ના જીવનની રૂપરેખા છે, તેમાં નીચે પ્રમાણે જણાવ્યું છે :

“જ્યારે શ્રીમદ્ ૨૧ વર્ષના હતા ત્યારે તેમણે ધંધામાં પ્રયાણ કર્યું. અને ઘણા ટૂંક વખતમાં એક બાહોશ ઝવેરી તરીકેની નામના મેળવી. વધતા જતા વ્યાપારની ઉપાધિઓમાં પણ ધર્મ અને તત્ત્વજ્ઞાનના પોતાના પ્રિય અભ્યાસમાં તેઓએ ખલેલ આવવા દીધી નહીં. પોતાના ઉદ્યોગરત જીવનમાં ચૂપકીદીથી જ્ઞાનવૃદ્ધિ કરતા હતા. તેમ જ હંમેશાં પુસ્તકોમાં ગૂંથાયેલા રહેતા હતા. વળી વર્ષમાં કેટલાક મહિનાઓ તો પોતે મુંબઈ છોડી ચાલ્યા જતા અને પોતાની પેઢીએ કહી જતા કે જ્યાં સુધી પોતે લખે નહીં, ત્યાં સુધી કોઈએ તેમની સાથે પત્રવ્યવહાર પણ ચલાવવો નહીં. ગુજરાતનાં વનોમાં તેઓ એકાંતવાસ ગાળતા અને ત્યાં રહી ચિંતવન અને યોગમાં દહાડા અને અઠવાડિયાં વ્યતીત કરતા. તેઓ રખેને પોતે ઓળખાઈ

જાય અથવા પોતાના સ્થળની ખબર પડી જાય તેવી ધાસ્તીથી ઘણા ગુપ્ત રહેવાનો હંમેશ પ્રયાસ કરતા. છતાં તેઓ વારંવાર ઓળખાઈ જતા અને લોકોની મોટી સંખ્યા તેમના ઉપદેશ અને શિક્ષાવચનો શ્રવણ કરવાની જિજ્ઞાસાપૂર્વક તેમની પાછળ આવતી.''

'પાતંજલ યોગદર્શન,' 'આત્મપુરાણ' આદિ વેદાંત અને યોગદર્શનના શાસ્ત્રોમાં અને ભાષ્યોમાં પણ સમ્યગ્દર્શન, સમ્યગ્દૃષ્ટિ આદિ શબ્દોથી ભ્રાંતિ રહિત આત્મ-સાક્ષાત્કાર દશાનાં વર્ણન તથા માહાત્મ્ય દર્શાવેલાં છે.

જૈનદર્શનમાં તો સમ્યગ્દર્શનથી જ ધર્મ કે ધર્મક્રિયાની યથાર્થ શરૂઆત અંકાઈ છે. જન્મમરણરૂપ પરિભ્રમણ સમ્યક્-દર્શનની પ્રાપ્તિ વિના ટળે નહીં એમ શાસ્ત્રોમાં સ્પષ્ટ દર્શાવ્યું છે. અને તેનું માહાત્મ્ય 'સમયસાર' આદિ ગ્રંથોમાં અપૂર્વ દર્શાવવામાં આવ્યું છે. શ્રી દેવચંદ્રજી મહારાજે પણ ગાયું છે :—

**''સમકિત નવિ લહ્યું રે, એ તો રૂલ્યો ચતુર્ગતિ માંહે.''**

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય પણ લખે છે :—

**''જિહાં લગે આતમદ્રવ્યનું લક્ષણ નવિ જાણ્યું;**
**તિહાં લગે ગુણઠાણું ભલું, કેમ આવે તાણ્યું ?**
**આતમ તત્ત્વ વિચારીએ.''**

ભક્તકવિ નરસિંહ મહેતા પણ પ્રભાતિયામાં કહે છે :—

**''જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્યો નહીં,**
**ત્યાં લગી સાધના સર્વ જૂઠી.''**

કોઈક વિરલા મહાભાગ્યશાળી પુરુષો આ સમ્યગ્દર્શન કે આત્મજ્ઞાનની દશા પામી શકે છે. શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે કે સમ્યગ્દર્શન સહિત નરકાવાસ સારો, પણ સમ્યગ્દર્શન વિના સ્વર્ગનાં ઉત્તમ સુખ પણ ગજસ્નાન જેવાં નિરર્થક છે. એક ક્ષણ પણ જેને સમ્યગ્દર્શનનો અનુભવ થયો હોય તે અવશ્ય મોક્ષે જાય છે એવો સિદ્ધાંત છે. સમ્યગ્દર્શન પ્રગટ થવાથી આત્માના સર્વ ગુણો સદ્ગુણરૂપે પ્રકાશે છે એટલે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ ખુલ્લો થાય છે; અને ગમે તેટલું જ્ઞાન, ચારિત્ર કે શ્રદ્ધા હોવા છતાં સમ્યગ્દર્શનના અભાવે તે મિથ્યા દર્શન, મિથ્યા જ્ઞાન અને મિથ્યા ચારિત્રરૂપે કહેવાય છે અને સંસાર પરિભ્રમણનો તેથી પાર આવતો નથી.

''આચારાંગ'' નામના જૈનસૂત્રમાં કહ્યું છે : ''जं संमंति पासहा तं मोणंति पासहा '' જ્યાં સમકિત એટલે આત્મજ્ઞાન છે ત્યાં મુનિપણું જાણો.

શ્રીમદે સં. ૧૯૪૬ના પોષ માસમાં અંગત નોંધપોથીમાં લખ્યું છે :–

''આવા પ્રકારે તારો સમાગમ મને શા માટે થયો? ક્યાં તારું ગુપ્ત રહેવું થયું હતું? સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.''(૯૫)

તેવી જ રીતે સં. ૧૯૪૭ના કાર્તિક સુદ ૧૪ના એક પત્રમાં શ્રીમદ્ લખે છે :–

''આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે.''(૧૭૦)

વળી તેઓ હાથનોંધમાં લખે છે :

"હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્‌દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે.

તારા પરમાનુગ્રહથી સ્વસ્વરૂપમાં રુચિ થઈ. પરમ વીતરાગસ્વભાવ પ્રત્યે પરમ નિશ્ચય આવ્યો. કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો."(હા.નોં. ૨/૨૦)

પોતાના જીવનવૃત્તાંતરૂપ કાવ્યમાં શ્રીમદ્ લખે છે :–

**"ધન્ય રે દિવસ આ અહો,**
**જાગી રે શાંતિ અપૂર્વ રે;**
**દશ વર્ષે રે ધારા ઊલસી,**
**મટ્યો ઉદયકર્મનો ગર્વ રે. ધન્ય૦**
**ઓગણીસસેં ને સુડતાળીસે,**
**સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;**
**શ્રુત અનુભવ વધતી દશા,**
**નિજ સ્વરૂપ અવભાસ્યું રે. ધન્ય૦"**

એક જ વાક્યમાં સમ્યગ્દર્શનનું માહાત્મ્ય શ્રીમદ્ પ્રગટ કરે છે :–

"અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમય માત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર."(૮૩૯)

આત્મદર્શન કે સમ્યગ્દર્શનની નિર્મળતા શ્રીમદ્‌ને સં.

૧૯૪૭માં થઈ એમ ઉપર પોતે કાવ્યમાં જણાવે છે. એ જ વર્ષમાં—

**"બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;**
**સેવે સદ્ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્."**

તથા

**"યમનિયમ સંજમ આપ કિયો;**
**પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો."**

એ બે કાવ્યો હિંદીમાં પોતે રચ્યાં છે તે મુમુક્ષુ જીવે બહુ ઊંડા ઊતરીને વિચારવા યોગ્ય છે. તથા ત્રણ કાવ્યો ગુજરાતીમાં રચ્યાં છે તે પણ બહુ મનન કરવા યોગ્ય છે. તેમાંની એક પ્રાર્થના :

**"હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ;**
**હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ."**

અપૂર્વ અર્થ પ્રેરે તેવી મુખપાઠે કરી રોજ સવારસાંજ ભણવા યોગ્ય છે. ભક્તાત્માએ કેવા કેવા ગુણો પ્રાપ્ત કરવા યોગ્ય છે અને અત્યારે આ જીવમાં જે ગુણો નથી તે પ્રાપ્ત કરવા પ્રભુ આગળ ભાવનારૂપે દીનતાથી પ્રાર્થના કરેલી છે; હજારો મુમુક્ષુઓ મુખપાઠે કરી આજે નિયમિત રીતે દિવસમાં અમુક વાર એ પ્રાર્થનારૂપ 'સદ્ગુરુભક્તિ રહસ્ય' ગાય છે.

જેમ જેમ સમ્યગ્દર્શનની વિશુદ્ધિ વર્ધમાનપણાને પામે છે તેમ તેમ વીતરાગતા પણ વધે છે અને વીતરાગ ભગવંતનું ઓળખાણ પણ યથાર્થ પ્રેમપૂર્વક થાય છે. શ્રીમદ્ સં. ૧૯૪૮ના મહા માસમાં લખે છે :—

"બંધ, મોક્ષની યથાર્થ વ્યવસ્થા જે દર્શનને વિષે

યથાર્થપણે કહેવામાં આવી છે, તે દર્શન નિકટ મુક્તપણાનું કારણ છે; અને એ યથાર્થ વ્યવસ્થા કહેવાને જોગ્ય જો કોઈ અમે વિશેષપણે માનતા હોઈએ તો તે શ્રી તીર્થંકરદેવ છે.

અને એ જે શ્રી તીર્થંકરદેવનો અંતર આશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઈને વિષે આ ક્ષેત્રે હોય તો તે અમે હોઈશું એમ અમને દૃઢ કરીને ભાસે છે.

કારણકે જે અમારું અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે, અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનું કારણ લાગે છે; માટે અમે તેના અનુયાયી ખરેખરા છીએ, સાચા છીએ.''(૩૨૨)

''સમ્યક્‌દર્શનનું મુખ્ય લક્ષણ વીતરાગતા જાણીએ છીએ; અને તેવો અનુભવ છે.'' (૩૨૪)

એ જ વર્ષના એક પત્રમાં શ્રીમદ્ સમ્યક્‌દર્શનનાં બે સ્વરૂપ કહે છે :–

'' 'આત્મા' જે પદાર્થને તીર્થંકરે કહ્યો છે, તે જ પદાર્થની તે જ સ્વરૂપે પ્રતીતિ થાય, તે જ પરિણામે આત્મા સાક્ષાત્ ભાસે ત્યારે તેને પરમાર્થસમ્યક્‌ત્વ છે, એવો શ્રી તીર્થંકરનો અભિપ્રાય છે. એવું સ્વરૂપ જેને ભાસ્યું છે તેવા પુરુષને વિષે નિષ્કામ શ્રદ્ધા છે જેને, તે પુરુષને બીજરુચિસમ્યક્‌ત્વ છે.''(૪૩૧)

સમ્યક્‌દર્શન પ્રાપ્ત થવાનું મુખ્ય કારણ જણાવતાં શ્રીમદ્ એ જ વર્ષમાં લખે છે :–

''જગતના અભિપ્રાય પ્રત્યે જોઈને જીવ પદાર્થનો બોધ પામ્યો છે. જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઈને પામ્યો નથી. જે

જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે તે જીવને સમ્યક્-દર્શન થાય છે.''(૩૫૮)

''અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તે પ્રાપ્તપણાને વિષે અમુક કાળ વ્યતીત થાય તો હાનિ નથી. માત્ર અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી. તેને વિષે ભ્રાંતિ થાય, ભૂલ થાય તે હાનિ છે. જો પરમ એવું જ્ઞાનીનું સ્વરૂપ ભાસ્યમાન થયું છે, તો પછી તેના માર્ગને વિષે અનુક્રમે જીવનું પ્રવેશપણું થાય એ સરળ પ્રકારે સમજાય એવી વાર્તા છે.''(૩૭૧)

શ્રીમદ્‌ની પ્રણિપાત સ્તુતિ :–

''હે પરમકૃપાળુદેવ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમભક્તિ અને વીતરાગપુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ''(૪૧૭)

## ૧૬

# મુંબઈમાં મુનિસમાગમ

શ્રી લલ્લુજી સ્વામી વિહાર કરતા કરતા સુરત ગયેલા. તેમની સાથે શ્રી દેવકરણજી નામે તેમના શિષ્ય ગણાતા સાધુ હતા, તે વ્યાખ્યાનમાં બહુ કુશળ હતા. શ્રોતાઓ ઉપર તેમના વ્યાખ્યાનથી વૈરાગ્યપ્રેરક સચોટ અસર થતી. મુંબઈ નિવાસી કેટલાક વ્યાપારી સુરતમાં આવેલા. તેમણે શ્રી દેવકરણજીનું વ્યાખ્યાન સાંભળી મુંબઈ પધારવા તેમને વિનંતી કરી. સુરતના ભાઈઓને સુરતમાં તેમને ચોમાસું રાખવા વિચાર હોવા છતાં મુંબઈના ભાઈઓના વિશેષ આગ્રહથી મુંબઈમાં ચોમાસું નક્કી કરવા મહારાજશ્રી લલ્લુજીને વિનંતી કરી. ખંભાતથી તે વિષે આજ્ઞા મંગાવી મુંબઈનું ચોમાસું નક્કી કરવામાં આવ્યું.

મુંબઈમાં શ્રી લલ્લુજી ગયા, ત્યારે શ્રીમદ્‌ના સમાગમ માટે તેમને ત્યાં ગયા. તે વખતે શ્રીમદે પ્રશ્ન કર્યો : ‘‘તમારે અહીં અનાર્ય જેવા દેશમાં ચાતુર્માસ કેમ કરવું થયું? મુનિને અનાર્ય જેવા દેશમાં વિચરવાની આજ્ઞા થોડી જ હોય છે?’’

શ્રી લલ્લુજી સ્વામીએ કહ્યું : ‘‘આપના દર્શન સમાગમની ભાવનાને લીધે અહીં ચાતુર્માસ કર્યું છે.’’

શ્રીમદે પૂછ્યું : ‘‘અહીં આવતાં તમને કોઈ આડખીલ કરે છે?

સ્વામીજીએ કહ્યું : ‘‘ના; હંમેશાં અહીં આવું તો કલાકનો સમાગમ મળશે?’’

શ્રીમદે કહ્યું : ‘‘મળશે.’’

અવસરે અવસરે શ્રી લલ્લુજી શ્રીમદ્‌ના સમાગમાર્થે પેઢી ઉપર જતા. તેમને દેખીને તે દુકાન ઉપરથી ઊઠી એક જુદી પાસેની ઓરડીમાં જઈ સૂયગડાંગ સૂત્ર વગેરેમાંથી તેમને વાંચી સંભળાવતા, સમજાવતા.

એક દિવસે ખંભાતથી સુંદરલાલ કરીને એક યુવાન વાણિયા મુંબઈ આવેલા; તે શ્રીમદ્‌ના પરિચયી હતા. તેમને શ્રી દેવકરણજીએ કહ્યું : ''મેં શ્રીમદ્‌ને દીઠા નથી, તો તે અત્રે પધારે તો જોઉં તો ખરો કે તે કેવા પુરુષ છે?''

સુંદરલાલ કહે : ''હું તેમને અહીં તેડી લાવીશ.''

સુંદરલાલ સાથે શ્રીમદ્ ચીંચપોકલીના ઉપાશ્રયે પધાર્યા એટલે ચારે મુનિઓ પાટ ઉપરથી નીચે બેઠા. અને સૂત્રકૃતાંગની લખેલી પ્રતમાં ગુંદરના અક્ષરની લિપિ હોવાથી કેટલાક અક્ષરો મૂળપાઠમાંના ઊડી ગયા હતા, તેથી અર્થ સમજાતો નહોતો; તે બતાવી શ્રી દેવકરણજી મુનિએ પૂછ્યું : ''અહીં ક્યા ક્યા અક્ષરો જોઈએ? અને તેનો શો અર્થ થાય છે?''

શ્રીમદે તે મૂળપાઠના અક્ષરો તથા તેનો અર્થ કહી બતાવ્યો.

પછી શ્રી દેવકરણજીએ નીચેની બીજી બે ગાથાઓ સૂત્ર-કૃતાંગની બતાવી અને કહ્યું : ''જ્યાં 'સફળ' છે ત્યાં 'અફળ' હોય અને જ્યાં 'અફળ' છે ત્યાં 'સફળ' હોય તો અર્થ ઠીક બેસે છે. તો આ ગાથાઓમાં લેખનદોષ છે કે બરાબર છે?

जे अबुद्धा महाभागा, वीरा असंमत्तदंसिणो ।
असुद्धं तेसिं परक्कंतं सफलं होई सव्वसो ॥

जेय बुद्धा महाभागा वीरा सम्मत्तदंसिणो ।
सुद्धं तेसिं परक्कंतं अफलं होई सव्वसो ॥
(સૂયગડાંગ સૂત્ર—વીર્યાધ્યયન ૨૨-૨૩)

એ ગાથાઓ જોઈને શ્રીમદે કહ્યું : ‘‘લેખનદોષ નથી, બરાબર છે. તેનો ભાવાર્થ એવો છે કે મિથ્યાદૃષ્ટિની ક્રિયા સફળ છે, ફળે કરીને સહિત છે; અર્થાત્ તેને પુણ્યપાપ ફળનું બેસવાપણું છે. સમ્યક્દૃષ્ટિની ક્રિયા અફળ છે, ફળ રહિત છે; તેને ફળ બેસવાપણું નથી અર્થાત્ નિર્જરા થાય છે. એકની (મિથ્યાદૃષ્ટિની) ક્રિયાનું સંસારહેતુક સફળપણું, અને બીજાની (સમ્યક્દૃષ્ટિની) ક્રિયાનું સંસારહેતુક અફળપણું, એમ પરમાર્થ સમજવા યોગ્ય છે.’’ બધાને તે અર્થ પસંદ પડ્યો. ઘણા વખતથી સંશય રહ્યા કરતો તેનું સમાધાન થયું. તે ઉપરથી દેવકરણજી મુનિને લાગ્યું કે આ કોઈ મહાબુદ્ધિશાળી પુરુષ છે અને શ્રી લલ્લુજી મહારાજ કહેતા હતા તે સાચું છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિની પણ નિંદા કરવામાં મહાપાપ છે એમ શ્રી દેવકરણજી ની માન્યતા હોવાથી તે શ્રીમદ્‌ની પહેલાં પણ કદી નિંદા કરતા નહીં.

શ્રી લલ્લુજી જ્યારે શ્રીમદ્‌ના સમાગમાર્થે તેમના મુકામે જતા ત્યારે તેમને કહેતા કે ‘‘દેવકરણજી બોધ પામે તો ઘણા જીવોને લાભ થાય, અને સૌને જવાબ આપે.’’ ત્યારે શ્રીમદ્ કહેતા : ‘‘એ વાત જવા દો.’’ તથાપિ વારંવાર તે વાત શ્રી લલ્લુજી સંભારતા એટલે શ્રી દેવકરણજીને સાથે તેડી લાવવા રજા આપી.

એક દિવસ તે બે મુનિઓ શ્રીમદ્‌ની પાસે આવ્યા ત્યારે

શ્રીમદે શ્રી દેવકરણજી મુનિને પૂછ્યું, ‘‘વ્યાખ્યાન કોણ આપે છે? પર્ષદા કેટલી ભરાય છે?’’

શ્રી દેવકરણજીએ કહ્યું : ‘‘હજારેક માણસોની પર્ષદા ભરાય છે.’’

શ્રીમદે પૂછ્યું : ‘‘સ્ત્રીઓની પર્ષદા જોઈ વિકાર થાય છે?’’

શ્રી દેવકરણજી બોલ્યા : ‘‘કાયાથી થતો નથી, મનથી થાય છે.’’

શ્રીમદે કહ્યું : ‘‘મુનિએ મન, વચન, કાયા, ત્રણે યોગથી સાચવવું જોઈએ.’’

શ્રી દેવકરણજીએ આક્ષેપ કરતાં કહ્યું : ‘‘તમે ગાદીતકિયે બેસો છો અને હીરામાણેક તમારી પાસે પડેલા હોય છે. ત્યારે તમારી વૃત્તિ નહીં ડહોળાતી હોય?’’

શ્રીમદે કહ્યું : ‘‘મુનિ, અમે તો કાળકૂટ વિષ દેખીએ છીએ. તમને એમ થાય છે?’’

આ સાંભળી શ્રી દેવકરણજી સજ્જડ થઈ ગયા.

શ્રીમદે પૂછ્યું : ‘‘તમે કોણ છો?’’

શ્રી દેવકરણજીએ કહ્યું : ‘‘જેટલો વખત વૃત્તિ સ્થિર રહે તેટલો વખત સાધુ છીએ.’’

શ્રીમદે ફરી પૂછ્યું : ‘‘તેવી રીતે તો સંસારીને પણ સાધુ કહેવાય ખરા કે?’’

શ્રી દેવકરણજી મૌન રહ્યા.

પછી શ્રીમદે કહ્યું : ‘‘હે મુનિ! નાળિયેરનો ગોળો જેમ જુદો રહે છે તેમ અમે રહીએ છીએ. વીતરાગ માર્ગમાં સમ્યક્‌દૃષ્ટિનું સ્વરૂપ શું છે? નાળિયેરમાં રહેલો ગોળો નાળિયેરથી

ભિન્ન છે, તેમ સમ્યક્દૃષ્ટિ સર્વથી જુદો રહે. તે સમજાયું નથી અને જીવ સમ્યક્ સમ્યક્ સાંપ્રદાયિક બુદ્ધિએ કહે છે તેને સમ્યક્ જાણો છો?''

શ્રી દેવકરણજીએ ઉત્તર આપ્યો : ''તે સમ્યક્ ન કહેવાય.''

શ્રીમદે કહ્યું : ''સમકિતનું સ્વરૂપ કોઈ બીજું હોવું જોઈએ, એ વિષે તમે વિચારજો.''

એક દિવસે શ્રી લલ્લુજી એકલા ગયા હતા ત્યારે એક જણને દીક્ષા આપવા વિષે વાત થઈ ત્યારે શ્રીમદે જણાવ્યું : ''તમે દીક્ષા ન આપશો; શ્રી દેવકરણજીને ચેલા કરવા હોય તો ભલે કરે.'' શ્રી દેવકરણજીએ દીક્ષા આપી હતી, પણ થોડા વખત પછી તે શિષ્ય સત્પુરુષની નિંદામાં પડી ગાંડો થઈ સંઘાડો છોડી જતો રહ્યો હતો.

શ્રી લલ્લુજીએ શ્રીમદ્‌ને તેમનો ચિત્રપટ આપવા આગ્રહ કર્યો પણ તેમણે કંઈ ધ્યાન આપ્યું નહીં. પછી બહુ આગ્રહ કર્યો ત્યારે નીચેની ગાથા સ્વહસ્તે લખી આપી :–

''संबुज्झहा जंतवो माणुसत्तं, दट्ठु भयं बालिसेणं अलंभो ।
एगंतदुक्खे जरिए व लोए , सक्कम्मणा विप्परियासुवेइ ।।

સૂયગડાંગ–અધ્યયન ૭મું.

અર્થ–હે જીવો! તમે બોધ પામો, બોધ પામો, મનુષ્યપણું મળવું ઘણું જ દુર્લભ છે, એમ સમજો; અજ્ઞાનથી સદ્‌વિવેક પામવો દુર્લભ છે, એમ સમજો; આખો લોક કેવળ દુઃખથી બળ્યા કરે છે, એમ જાણો અને પોતપોતાનાં ઉપાર્જિત કર્મો વડે ઇચ્છા નથી છતાં પણ જન્મમરણાદિ દુઃખોનો અનુભવ કર્યા કરે છે, તેનો વિચાર કરો.''

થોડા દિવસ પછી ‘સમાધિશતક’માંથી સત્તર ગાથા શ્રી લલ્લુજીને શ્રીમદે વાંચી સંભળાવી અને તે પુસ્તક વાંચવા-વિચારવા આપ્યું. તે પુસ્તક લઈ દાદરા સુધી ગયા એટલે પાછા બોલાવી ‘સમાધિશતક’ના પહેલા પાના ઉપર નીચેની અપૂર્વ લીટી લખી આપી :

**“આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.”**

એક દિવસે શ્રી લલ્લુજીએ શ્રીમદ્‌ને પૂછ્યું : “આ બધું મને ગમતું નથી, એક આત્મભાવનામાં નિરંતર રહું એમ ક્યારે થશે?”

શ્રીમદે કહ્યું : “બોધની જરૂર છે?”

શ્રી લલ્લુજીએ કહ્યું : “બોધ આપો.”

શ્રીમદ્ મૌન રહ્યા.

વારંવાર શ્રીમદ્ મૌનપણાનો બોધ આપતા, અને તેમાં વિશેષ લાભ છે એમ જણાવતા. તે ઉપરથી શ્રી લલ્લુજીએ મુંબઈ ચોમાસું પૂરું કરી સુરત તરફ વિહાર કર્યો ત્યારથી મૌનવ્રત ત્રણ વર્ષ પર્યંત ધારણ કર્યું. માત્ર સાધુઓ સાથે જરૂર પૂરતું બોલવાની તથા શ્રીમદ્ સાથે પરમાર્થ કારણે પ્રશ્નાદિ કરવાની છૂટ રાખી હતી. મુંબઈની ધમાલમાં ‘સમાધિશતક’ વાંચવાનું શ્રી લલ્લુજીએ મુલતવી રાખ્યું હતું તે સુરત તરફના વિહારમાં વાંચવા-વિચારવાની શરૂઆત કરી, તેથી તેમને અપૂર્વ શાંતિ વેદાતી હતી.

મહાપુરુષો પોતે શાંતિ પામ્યા છે અને પોતે અનુભવેલા ઉપાય દર્શાવે છે. તેથી જો ક્રોધનો ઉપાય બતાવે તો તેથી ક્રોધ જાય, માનનો ઉપાય બતાવે તો તેથી માન જાય, શાંતિનો ઉપાય બતાવે તો તેથી શાંતિ થાય છે.

## ૧૭

## સુરત-કઠોરનો સમાગમ

શ્રી દેવકરણજીને જૈન શાસ્ત્રોનો એટલો બધો અભિનિવેશ હતો કે તે શ્રી લલ્લુજીને વારંવાર કહેતા કે શ્રીમદ્ સૂત્રોથી બહાર શું બતાવવાના છે? અને સૂત્રો તો મેં વાંચ્યાં છે, હું જાણું છું. આ શાસ્ત્રઅભિનિવેશ મંદ કરાવવા શ્રીમદે તેમને 'યોગવાસિષ્ઠ' આદિ વેદાંતના શાસ્ત્રો વાંચવા આપ્યાં હતાં. સુરતમાં તે મુનિઓનું ચોમાસું સં. ૧૯૫૦માં હતું તે વખતે શ્રી દેવકરણજી તે વેદાંતના ગ્રંથો વાંચતા હતા. સુરતમાં વેદાંતના જાણકાર ઘણા ભાઈઓ હતા; તેમના સમાગમમાં આવવાથી અને વેદાંતના વિશેષ વાંચનથી શ્રી દેવકરણજી પોતાને પરમાત્મા માનવા લાગ્યા. શ્રી લલ્લુજીએ તે વાત શ્રીમદ્જીને નિવેદન કરી એટલે એકાંતવાદમાં ન તણાઈ જવા માટે શ્રી દેવકરણજીને 'ઉત્તરાધ્યયન' આદિ જૈનસૂત્રોનું પુનરાવલોકન કરવા સૂચવ્યું. શ્રીમદે એક પત્ર શ્રી લલ્લુજી ઉપર લખી શ્રી દેવકરણજીને ઠેકાણે લાવવા જે ઉપદેશ આપ્યો છે તે સર્વને બહુ વિચારવા યોગ્ય હોવાથી તે અત્રે આપ્યો છે :

''શ્રી જિન વીતરાગે દ્રવ્ય-ભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કહી છે, અને તે સંયોગનો વિશ્વાસ પરમ જ્ઞાનીને પણ કર્ત્તવ્ય નથી, એવો અખંડ માર્ગ કહ્યો છે, તે શ્રી જિન વીતરાગના ચરણકમળ પ્રત્યે અત્યંત ભક્તિથી નમસ્કાર.

આત્મસ્વરૂપનો નિશ્ચય થવામાં જીવની અનાદિથી ભૂલ થતી આવી છે. સમસ્ત શ્રુતજ્ઞાનસ્વરૂપ એવાં દ્વાદશાંગમાં સૌથી પ્રથમ ઉપદેશયોગ્ય એવું 'આચારાંગ સૂત્ર' છે; તેના પ્રથમ શ્રુતસ્કંધમાં પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશામાં પ્રથમ વાક્યે, જે શ્રી જિને ઉપદેશ કર્યો છે, તે સર્વ અંગના, સર્વ શ્રુતજ્ઞાનના સારસ્વરૂપ છે, મોક્ષના બીજભૂત છે, સમ્યક્ત્વસ્વરૂપ છે. તે વાક્ય પ્રત્યે ઉપયોગ સ્થિર થવાથી જીવને નિશ્ચય આવશે, કે જ્ઞાનીપુરુષના સમાગમની ઉપાસના વિના જીવ સ્વચ્છંદે નિશ્ચય કરે તે છૂટવાનો માર્ગ નથી.

સર્વ જીવનું પરમાત્મપણું છે એમાં સંશય નથી તો પછી શ્રી દેવકરણજી પોતાને પરમાત્મસ્વરૂપ માને તો તે વાત અસત્ય નથી, પણ જ્યાં સુધી તે સ્વરૂપ યથાતથ્ય પ્રગટે નહીં ત્યાં સુધી મુમુક્ષુ, જિજ્ઞાસુ રહેવું તે વધારે સારું છે; અને તે રસ્તે યથાર્થ પરમાત્મપણું પ્રગટે છે. જે માર્ગ મૂકીને પ્રવર્તવાથી તે પદનું ભાન થતું નથી; તથા શ્રી જિન વીતરાગ સર્વજ્ઞ પુરુષોની આસાતના કરવારૂપ પ્રવૃત્તિ થાય છે. બીજો મતભેદ કંઈ નથી.

મૃત્યુનું આવવું અવશ્ય છે.''(૫૮૮)

આવા પ્રસંગોમાં માથે ગુરુ હોય તો ગુરુકૃપાથી જીવ બચી શકે છે; નહીં તો પોતાને પોતાના દોષો સૂઝતા નથી અને દોષોને ગુણ માની દોષોમાં જીવ મગ્ન રહે છે.

શ્રી લલ્લુજી સાથે શ્રી દેવકરણજી ધ્યાન કરતા, માળા ફેરવતા અને વ્યાખ્યાન કરતા. શ્રોતાઓ શ્રી લલ્લુજી પાસે નીચે આવીને બહુ પ્રશંસા કરતા કે શ્રી દેવકરણજી મહારાજે આજે તો

બહુ સારું વ્યાખ્યાન આપ્યું. પરંતુ શ્રી દેવકરણજી નીચે આવે ત્યારે શ્રી લલ્લુજી કહેતા કે આજે વિશેષ અભિમાન કર્યું; ધ્યાન કરી રહ્યા પછી કહેતા કે તમે તરંગ કરો છો. શ્રી દેવકરણજી કંઈ ઉત્તર આપતા નહીં; પણ શ્રીમદ્ સુરત પધારવાના હતા તે વખતે પૂછવાનું તેમણે નક્કી કરી રાખ્યું હતું.

એક દિવસે શ્રીમદ્ સુરત પધારેલા ત્યારે મુનિઓ પાસે આવ્યા. તે વખતે શ્રી દેવકરણજીએ પ્રશ્ન પૂછ્યો : ''શ્રી લલ્લુજી મહારાજ મને, વ્યાખ્યાન આપી આવું ત્યારે અભિમાન કર્યું કહે છે, ધ્યાન કરું છું તેને તરંગરૂપ કહે છે, તો શું વીતરાગ પ્રભુ એમનું કરેલું સ્વીકારે અને મારું ન સ્વીકારે એવા પક્ષપાતવાળા હશે ?''

શ્રીમદે શાંતિથી કહ્યું : ''સ્વચ્છંદથી જે જે કરવામાં આવે છે તે સઘળું અભિમાન જ છે, અસત્સાધન છે. અને સદ્ગુરુની આજ્ઞાથી જે કરવામાં આવે છે તે કલ્યાણકારી ધર્મરૂપ સત્સાધન છે.''

ચોમાસુ સુરતમાં પૂરું કરી શેષ કાળ નિર્ગમન કરવા મુનિઓ કઠોર ક્ષેત્રે રહ્યા હતા. ત્યાં શ્રી લલ્લુજીએ સં. ૧૯૫૧ માં સત્તર ઉપવાસ કર્યા હતા.

શ્રીમદ્ કઠોરમાં એક વખત પધાર્યા હતા અને ઉપાશ્રયમાં મેડા ઉપર જ ઊતર્યા હતા. તેથી ઉપર જતાં પહેલાં શ્રી લલ્લુજીએ શ્રી દેવકરણજીને કહ્યું આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો વિનય નમસ્કારાદિ કરવા પડે. શ્રી દેવકરણજીએ કહ્યું : ''આપણે બે મુનિઓ જ જઈએ તો હું

નમસ્કારાદિ કરીશ.'' તેથી શ્રી ચતુરલાલજી મુનિને નીચે રાખી બન્ને ઉપર ગયા; અને વિનય નમસ્કારાદિ કરી નીચે બેઠા. શ્રીમદે તેમને ઉત્તમ બોધરૂપી પ્રસાદીથી તૃપ્ત કર્યા. તે વખતે નીચે રહેલા શ્રી ચતુરલાલજી મુનિને વિચાર થયો કે લાવને દાદરમાં જઈને જોઉં તો ખરો કે તે શું કરે છે? એમ ધારી દાદરમાં જઈને ગુપ્ત રીતે ડોકિયું કરી જોયું તો બન્ને મુનિઓ નમસ્કાર કરતા હતા. તેથી તેમની વાત ખંભાત જઈ જાહેર કરવી એવા તરંગમાં ચઢી તે નીચે જઈ બેઠા. થોડી વારે શ્રી દેવકરણજી પણ નીચે ગયા અને શ્રી લલ્લુજી ઉપર રહ્યા. તેમને શ્રીમદે પૂછ્યું : ''શ્રી દેવકરણજી આવ્યા અને બીજા મુનિ કેમ ન આવ્યા?'' શ્રી લલ્લુજીએ કહ્યું : ''તેની દૃષ્ટિ સહજ વિષમ છે એટલે ઉપર લાવ્યા નહીં.'' પછી શ્રીમદ્ નીચે ઊતર્યા અને શ્રી ચતુરલાલજી પાસે જઈને બેઠા અને શાંતિપૂર્વક કહ્યું : ''મુનિ, અમારે તો તમે અને એ બન્ને સરખા છો; સર્વ પ્રત્યે અમારે સમદૃષ્ટિ છે, તમે પણ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાચવી રાખજો. તેમાં ચૌદ પૂર્વનો સાર છે.'' આટલા જ સમાગમથી શ્રી ચતુરલાલજીની વૃત્તિ પલટાઈ ગઈ અને વિષમ દૃષ્ટિ ટળીને આસ્થા થઈ.

બીજે દિવસે શ્રીમદ્‌નું મુંબઈ જવું થયું અને થોડા દિવસ પછી મુનિઓને સુરતમાં ચાતુર્માસ નક્કી થયેલું હોવાથી તે સુરત પાછા આવ્યા.

સુરતના એક લલ્લુભાઈ ઝવેરી દશબાર માસથી માંદા રહેતા અને શ્રી લલ્લુજીને પણ દશબાર માસથી તાવ આવ્યા

કરતો. કોઈ દવાથી ફાયદો ન થયો અને મંદવાડ વધી ગયો. ઝવેરી લલ્લુભાઈનો દેહ છૂટી ગયો અને શ્રી લલ્લુજી સ્વામીને પણ ચિંતા થવા લાગી કે વખતે દેહ છૂટી જશે. તેથી પરમકૃપાળુ શ્રીમદ્જીને તેમણે ઉપરાઉપરી પત્રો લખીને વિનંતી કરી : ''હે નાથ! હવે આ દેહ બચે તેમ નથી. અને હું સમકિત વિના જઈશ તો મારો મનુષ્યભવ વૃથા જશે. કૃપા કરીને મને હવે સમકિત આપો.'' તેના ઉત્તરમાં શ્રીમદે અનંત કૃપા કરીને 'છ પદ'નો પત્ર લખ્યો; અને સાથે જણાવ્યું કે દેહ છૂટવાનો ભય કર્ત્તવ્ય નથી. શ્રીમદ્ સુરત પધાર્યા ત્યારે તે 'છ પદ'ના પત્રનું વિશેષ વિવેચન કરી તેનો પરમાર્થ શ્રી લલ્લુજીને સમજાવ્યો અને તે પત્ર મુખપાઠે કરી વારંવાર વિચારવાની તેમને ભલામણ કરી હતી.

આ 'છ પદ'નો પત્ર એક સ્વતંત્ર પ્રકરણ ગ્રંથ જેવો સૂત્રાત્મક શૈલીથી લખાયેલો છે. જેમ સાત તત્ત્વ કે નવ પદાર્થોના વિવેચનથી સમસ્ત શ્રુતજ્ઞાનનો ઉદય થવા યોગ્ય છે અને તત્ત્વાર્થસૂત્રાદિ અનેક મહાન ગ્રંથો એ સાત તત્ત્વો વિસ્તારથી સમજાવવા લખાયા છે, તેમ સાત તત્ત્વમાંથી પ્રથમ તત્ત્વ જે આત્મા તેનું ઓળખાણ થવા માટે 'આત્મા છે', 'આત્મા નિત્ય છે', આત્મા કર્ત્તા છે', 'આત્મા ભોક્તા છે', 'મોક્ષ છે' અને 'તે મોક્ષનો ઉપાય છે' — એમ છ પદથી આત્મજ્ઞાન કે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તેવું અપૂર્વ વાણીથી નિરૂપણ કર્યું છે. એ જ 'છ પદ' વિસ્તારરૂપે પદ્યમાં ગુરુ-શિષ્યનો સંવાદ કલ્પી 'આત્મસિદ્ધિ' શાસ્ત્રની રચના શ્રીમદે

અપૂર્વ રીતે કરી છે તે વિષે આગળ વિવેચન કરીશું.

‘છ પદ’ના પત્ર વિષે બોલતાં શ્રી લઘુરાજ સ્વામી કહે છે : “એ પત્ર અમારી અનેક પ્રકારની વિપરીત માન્યતાઓ દૂર કરાવનાર છે; ન ઊભા રહેવા દીધા ઢુંઢિયામાં, ન રાખ્યા તપ્પામાં, ન વેદાંતમાં પેસવા દીધા; કોઈ પણ મતમતાંતરમાં ન પ્રવેશ કરાવતાં માત્ર એક આત્મા ઉપર ઊભા રાખ્યા. એ ચમત્કારી પત્ર છે. જીવની યોગ્યતા હોય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેવી વિચારણા ઉત્પન્ન કરાવે તેવો એ અદ્ભુત પત્ર છે.”

શ્રીમદ્ આ વર્ષે નિવૃત્તિ લઈને કાઠિયાવાડમાં રાણપુર પાસે હડમતાળા નામના નાના ગામ તરફ પધાર્યા હતા. ત્યાં પણ વડોદરા, બોટાદ, સાયલા, મોરબી વગેરે સ્થળેથી મુમુક્ષુજનો આવ્યા હતા, અને અનેક ભવ્ય જીવોને સત્સમાગમ બોધ વગેરેનો લાભ મળ્યો હતો.

## ૧૮

## ચરોતર પ્રદેશમાં વિચરવું

પ્રથમ ખંભાત શ્રીમદ્ એક અઠવાડિયું સં. ૧૯૪૬માં રહ્યા. પછી થોડો વખત ખંભાતથી થોડે દૂર રાળજ નામના ગામમાં સં. ૧૯૪૭માં રહ્યા હતા, તે વખતે અજાણપણે એકાંતમાં રહ્યા હતા. હડમતાળા (હડમતિઆ)થી મુંબઈ જતાં વચ્ચે ખંભાત સં. ૧૯૫૧ના આસો માસમાં આવ્યા હતા. મુંબઈથી સં. ૧૯૫૨માં શ્રીમદ્ લગભગ અઢી માસ જેટલી નિવૃત્તિ લઈને ચરોતરમાં આવ્યા હતા. શ્રી અંબાલાલભાઈ, શ્રી સોભાગ્યભાઈ તથા શ્રી ડુંગરશી ગોસળીઆ સાથે શ્રીમદ્ બાર દિવસ અગાસ પાસેના કાવિઠા ગામમાં રહ્યા હતા. પછી શ્રીમદ્ રાળજ ગામમાં પારસીને બંગલે આઠ-દશ દિવસ રહ્યા હતા. તે વખતે શ્રી લલ્લુજી વગેરે સાધુઓનું ચાતુર્માસ ખંભાતમાં હતું. ચોમાસામાં સાધુથી વિહાર કરી બીજે ગામ ન જવાય એવો જૈન મુનિઓનો આચાર છે, તેને અનુસરીને શ્રી લલ્લુજી સ્વામી જંગલમાં હંમેશ નિવૃત્તિ અર્થે જતા, પણ રાળજ સુધી જવાતું નહીં. ખંભાતના બધા મુમુક્ષુઓને દર્શન અને બોધનો લાભ મળતો અને તેમને આટલે પાસે હોવા છતાં દર્શન થયાં નહીં તેથી મનમાં વ્યાકુળતા રહેતી. એક દિવસે સમાગમનો વિરહ સહન ન થઈ શકવાથી ચાલતા ચાલતા રાળજની સીમમાં

આવ્યા અને શ્રીમદ્ રહેતા હતા તે મુકામથી થોડે દૂર ઊભા રહી ખેતરમાંથી ગામમાં જતા એક માણસ સાથે શ્રી અંબાલાલ-ભાઈને કહેવરાવ્યું કે એક મુનિ આવ્યા છે તે તમને બોલાવે છે. શ્રી અંબાલાલ આવ્યા અને શ્રી લલ્લુજીને ઠપકો દેતાં કહ્યું : "તમને આજ્ઞા નથી અને કેમ આવ્યા છો?" તેમણે ઉત્તર આપ્યો : "આજ્ઞા મંગાવવા માટે તો હું અહીં ઊભો રહ્યો છું. તમને આજ્ઞાવિરુદ્ધ લાગતું હોય તો હું પાછો જતો રહું." શ્રી અંબાલાલે કહ્યું : "ના, એમ તો જવા ન દઉં, મને ઠપકો મળે, માટે કૃપાળુદેવ (શ્રીમદ્જી) આજ્ઞા કરે તેમ કરો. હું પૂછી આવું છું." પછી શ્રી અંબાલાલે શ્રીમદ્જી પાસે જઈને મુનિશ્રી આવ્યાની ખબર કહી એટલે શ્રીમદે કહ્યું : "મુનિશ્રીના ચિત્તમાં અસંતોષ રહેતો હોય તો હું તેમની પાસે જઈને દર્શન કરાવું અને તેમના ચિત્તને વિષે શાંતિ રહે તો ભલે ચાલ્યા જાય." શ્રી અંબાલાલે આવીને મુનિશ્રીને તે પ્રમાણે કહી સંભળાવ્યું, તે સાંભળી મુનિશ્રીએ કહ્યું : "આજ્ઞાનું પાલન થાય તેમ મારે કરવું, માટે હું પાછો ચાલ્યો જાઉં છું." ખેદખિન્ન થઈ પોતાના ભાગ્યનો દોષ દેખતાં શ્રી લલ્લુજી સ્વામી વિરહાગ્નિથી સંતાપ પામતાં આંખમાંથી ઝરતી આંસુધારા લૂંછતાં લૂંછતાં ખંભાત તરફ પાછા ફર્યા. ખંભાત જઈ તે રાત્રિ પરાણે વ્યતીત કરી. બીજે દિવસે ખબર મળ્યા કે શ્રી અંબાલાલ, શ્રી સોભાગ્યભાઈ અને શ્રી ડુંગરશી ગોસળીઆને રાળજથી શ્રીમદે ખંભાત મોકલ્યા છે. શ્રી સોભાગ્યભાઈ ઉપાશ્રયમાં આવ્યા અને શ્રી લલ્લુજીને આશ્વાસનરૂપે કહ્યું : "પરમકૃપાળુદેવ તમને સમાગમ કરાવશે અને આપને કહેવા યોગ્ય જે વાતો કહી છે તે આપને

એકલાને જણાવવાની છે.'' તેથી શ્રી અંબાલાલભાઈને ત્યાં જઈને તે બન્ને એકાંતમાં બેઠા. પરમકૃપાળુદેવનો સંદેશો કહીને તેમને શ્રી સોભાગ્યભાઈએ શ્રીમદે જણાવેલો મંત્ર કહી સંભળાવ્યો  અને પાંચ માળાઓ રોજ ફેરવવાની આજ્ઞા કરી છે એમ જણાવ્યું. શ્રી લલ્લુજીને આથી ઘણો સંતોષ થયો. ગ્રીષ્મનો તાપ દૂર કરતી વર્ષાઋતુની વૃષ્ટિથી અને પવનથી શાંતિ વળે તેમ પરમકૃપાળુની આ કરુણારૂપી વૃષ્ટિથી તથા સમાગમની આશારૂપ પવનલહરીથી શ્રી લલ્લુજીના હૃદયમાં વિરહાગ્નિનો સંતાપ દૂર થઈ શાંતિ વળી અને સમાગમ થશે એમ જાણી આનંદ થયો.

શ્રી સોભાગ્યભાઈ અને શ્રી અંબાલાલ બન્ને પાછા રાળજ ગયા, અને શ્રી ડુંગરશી ગોસળીઆ કાઠિયાવાડ ગયા.

# ૧૯

# વડવા સ્થાને સમાગમ

## – પ્રથમ દિવસ –

શ્રી લલ્લુજીના સમાગમને લીધે બીજાં પાંચ મુનિઓને પણ શ્રીમદ્ પ્રત્યે પ્રેમ જાગેલો; તેથી શ્રીમદ્ ખંભાત પાસે વડવા મુકામે પધારવાના ચોક્કસ સમાચાર મળતાં સાતે મુનિઓ શ્રીમદ્‌ની સામે ગયા. રાળજથી રથમાં બેસીને શ્રીમદ્ તથા શ્રી સોભાગ્યભાઈ આવતા હતા, મુનિઓને દીઠા ત્યારે શ્રી સોભાગ્યભાઈ રથમાંથી ઊતરી વડવાના મકાન સુધી મુનિઓ સાથે ચાલ્યા.

પછી શ્રીમદે છયે મુનિઓને એકાંત સ્થળે વડવામાં બોલાવ્યા. બધા મુનિઓ નમસ્કાર કરી શ્રીમદ્‌ના ચરણકમળ પાસે બેઠા. શ્રી લલ્લુજીનું હૈયું ભરાઈ આવ્યું અને બોલ્યા : ‘‘હે નાથ! આપના ચરણકમળમાં મને નિશદિન રાખો. આ મુહપત્તી મારે જોઈતી નથી.’’ એમ કહી તેમણે શ્રીમદ્‌ના આગળ મુહપત્તી નાખી અને આંખમાં અશ્રુ ઊભરાતાં ગદ્‌ગદ્ વાણીથી બોલ્યા : ‘‘મારાથી સમાગમનો વિરહ સહન થતો નથી.’’ આ દૃશ્ય જોઈ શ્રીમદ્‌નું કોમળ હૃદય પણ રડી પડ્યું, તેમની આંખમાંથી સતત અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો : કેમે કર્યો અટકે નહીં. શ્રી લલ્લુજી સ્વામીના મનમાં પણ એમ આવ્યું કે મેં આ શું કર્યું! ભક્તવત્સલ ભગવાન, મારો અવિનય અપરાધ થયો હશે? હવે શું કરું? ઇત્યાદિ પશ્ચાતાપના વિચારમાં તે લીન થઈ ગયા.

સર્વ આશ્ચર્યચકિત થઈ મૌન બેસી રહ્યા. લગભગ કલાક સુધી આમ ઉદાસીન, મૌન સ્થિતિમાં રહી શ્રીમદે મુનિ શ્રી દેવકરણજીને કહ્યું : ‘‘આ મુહપત્તી શ્રી લલ્લુજીને આપો. હમણાં રાખો.’’

આ પ્રેમભક્તિનો પ્રસંગ ઘણાને અયોગ્ય જણાશે, કોઈને પ્રેમઘેલા જેવો લાગશે, કોઈ કાકચક્ષુવાળા શુષ્ક હૃદયને બનાવટી લાગશે. પરંતુ એ વિરહની વેદના એક મહાત્મા ગોપાંગનાઓએ જાણી હતી કે કોઈ તેવા પ્રેમપાત્ર વિરલ આત્માઓ આ કાળમાં તેટલી દશાએ આવેલા અનુભવી શકે છે. ‘રામબાણ વાગ્યાં હોય તે જાણે’ એવું એક ભજન છે અને શ્રીમદે પણ એક પત્રમાં એ દશાનો ઇશારો કર્યો છે. :

‘‘જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે, એવી સજીવનમૂર્તિનો પૂર્વકાળમાં જીવને જોગ ઘણીવાર થઈ ગયો છે; પણ તેનું ઓળખાણ થયું નથી....દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્‌મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે, જેથી ઓળખાણ પડતું નથી; અને જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે, તે એવો કે તે મૂર્તિના વિયોગે ઘડી એક આયુષ્ય ભોગવવું તે પણ તેને વિટંબના લાગે છે અર્થાત્ તેના વિયોગે તે ઉદાસીન ભાવે તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે; બીજા પદાર્થોના સંયોગ અને મૃત્યુ એ બન્ને એને સમાન થઈ ગયા હોય છે. આવી દશા જ્યારે આવે છે, ત્યારે જીવને માર્ગ બહુ નિકટ હોય છે એમ જાણવું. એવી દશા આવવામાં માયાની સંગતિ બહુ વિટંબનામય છે; પણ એ જ દશા આણવી એવો જેનો નિશ્ચય દૃઢ છે તેને ઘણું કરીને થોડા વખતમાં તે દશા પ્રાપ્ત થાય છે.’’ (૨૧૨)

મુનિશ્રી લલ્લુજી સ્વામીએ લખાવેલા શ્રીમદ્‌ના પરિચયમાં તેઓશ્રી નીચે પ્રમાણે જણાવે છે :–

## – બીજો દિવસ –

‘‘બીજે દિવસે પરમ કરુણાનાથે પરમ કરુણા કરી ઉપશમ રસ અને વીતરાગભાવ પ્રગટ થાય એવી અપૂર્વ વાણી પ્રકાશી. પોતે પરમ વીતરાગ મુદ્રા ધારણ કરી શુદ્ધ આત્મોપયોગમાં રહી જણાવ્યું કે આ વાણી આત્મામાં સ્પર્શીને નીકળે છે. આત્મપ્રદેશોથી નિકટતર લૂછાઈને પ્રકટે છે. અમને સર્વ સાધુઓને આ અલૌકિક વાણીથી અલૌકિક ભાવ પ્રગટ થયો હતો. તેમ જ એવી ચમત્કૃતિ લાગતી કે આવી વાણી આપણે કોઈ કાળે જાણે સાંભળી નથી. એવી અપૂર્વતા તે વાણીમાં અમને લાગતી હતી. ક્રોધ, માન, માયા, લોભ સંબંધી કહેતાં પરમકૃપાળુદેવ બોલ્યા કે આ ચારે આપણા અનાદિ શત્રુઓ છે. માટે ક્રોધાદિ ઉદયમાં આવે ત્યારે કહી દેવું કે તમે અમારા અનાદિના દુશ્મન છો, તમે અમારું બૂરું કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. પણ હવે તમને જાણ્યા છે, એમ કહી તે રિપુઓનો ક્ષય કરવો. ક્રોધાદિનો નાશ કરવા આમ અપૂર્વ ઉપાય બતાવ્યો હતો.

અનુપમ વાણી શ્રવણ કરી, અંતઃકરણ જે આનંદ અનુભવતું હતું તે મર્યાદિત વાણી વડે અમે પ્રગટ કરવા સમર્થ નથી. કારણકે તે ઉપદેશામૃત સાંભળતાં અમે જિનપ્રતિમાવત્ સ્તબ્ધ બની ગયા હતા અર્થાત્ એવી આત્મપરિણતિ, સ્થિરતા અને આત્મવીર્યનું ઉલ્લસવું અકથ્ય હતું. હું પામર તે અપૂર્વ વાણીની છાયા શું લખી શકું? જેનો એક અક્ષર પણ શ્રવણ

કરનારને વીતરાગભાવના પ્રગટાવે એવી પરમ ઉપશમરૂપ વાણીનો પરમ દાતાએ અમારા પર દયા લાવી પરમ કલ્યાણરૂપ બોધ કર્યો હતો. જે સાંભળી દેવકરણજી વગેરે સર્વ મુનિઓના ચિત્તમાં પરમ આનંદ થયો હતો. રસ્તે પાછા ફરતાં શ્રી દેવકરણજીએ જણાવ્યું કે હાશ! હવે તો ઘણો ભાર ઓછો થઈ ગયો અને હલકા ફૂલ જેવા કરી નાખ્યા. આમ ઉપદેશામૃતની પ્રશંસા કરતા અને બોધભાવની વૃદ્ધિ સાથે આત્મચિંતવન કરતા, આત્મોલ્લાસ દર્શાવતા હતા.

આ બીજા દિવસનો બોધ તો જેમ અષાડ માસમાં અખંડ ધારાએ વૃષ્ટિ થાય, તેમ અતૂટ ધારાએ પરમ ઉપશમ ભાવ પ્રાપ્ત થાય એવો બોધ કરુણાસાગરે કર્યો હતો. આ બોધ પરમકૃપાળુદેવે વડવા મુકામે કરેલો તે વિષે સંક્ષિપ્ત નોંધ છે.

## – ત્રીજો દિવસ –

ત્રીજે દિવસે સવારમાં મુનિ મોહનલાલજી વડવા ગયા, તે વખતે પરમકૃપાળુદેવની મુખમુદ્રા પરમ ઉદાસીન ભાવમાં જોવામાં આવેલી. પોતે કોઈ મુમુક્ષુને પત્રના ઉત્તરો લખતા હતા. તથાપિ તેમની મન, વચન, કાયાની ચેષ્ટા દેખતાં અપૂર્વ ભાવ ભાસ્યો હતો. આખો પત્ર લખી રહ્યા ત્યાં સુધી મુનિ મોહનલાલજીના સામે દૃષ્ટિ પણ કરી નહીં. જાણે એક વીતરાગ શ્રેણીમાં પોતે નિમગ્ન હતા; અને લેખિની એકધારાએ અસ્ખલિતપણે ચાલતી હતી. આમ લેખનકાર્યની પ્રવૃત્તિ છતાં અંતરદશા અલૌકિક વર્તે છે, એવું પ્રત્યક્ષ જણાઈ આવતું હતું. પત્ર સંપૂર્ણ લખાઈ રહ્યા પછી મોહનલાલજીના સામે જોઈ

પૂછવા લાગ્યા કે દીક્ષા ક્યારે લીધી? જન્મભૂમિનું ક્ષેત્ર ક્યું? વગેરે પ્રશ્નોત્તર થયા. પછી પૂછ્યું કે અમે જ્ઞાની છીએ એવો તમને નિશ્ચય છે?

મોહનલાલજી—હા, આપ જ્ઞાની છો, એવો અમને નિશ્ચય છે.

કૃપાળુદેવે કહ્યું – ગૃહવાસમાં જ્ઞાની હોય?

મોહનલાલજી – હા, ગૃહવાસમાં પણ જ્ઞાન હોય એ વાત જિનાગમમાં સ્થળે સ્થળે છે.

વાતચીતના પ્રસંગમાં શ્રીમુખે જણાવ્યું કે અમે આત્માને એક સમય માત્ર પણ ભૂલતા નથી. આ સાંભળી મોહન-લાલજીને ઘણા દિવસ સુધી ખટક્યા કરેલું કે ખાવું, પીવું વગેરે ક્રિયા કરતાં આત્માને ન ભુલાય એ કેમ બનતું હશે? આ કથન આશ્ચર્યરૂપ અને સત્પુરુષે કહેલું હોવાથી સત્યરૂપ લાગવા છતાં ઘણો વખત આશંકા રહી.

પછી મોહનલાલજીએ વિનંતી કરી કે મારે આત્મકલ્યાણ માટે કેમ વર્તવું? સ્મરણ શાનું કરવું? ત્યારે પરમકૃપાળુદેવે જણાવ્યું કે મુનિશ્રી લલ્લુજી મહારાજ તમને જણાવશે; અને તેઓની આજ્ઞામાં ચાલશો તો તમારું કલ્યાણ છે.

સાંજના વડ તળે ઘણા માણસોનો સમૂહ શ્રવણાર્થે એકત્ર થયો હતો. બધા મુનિઓ તથા ખંભાતમાંથી મુમુક્ષુઓ ઉપરાંત બીજાં ભાઈ-બહેનો આવ્યાં હતાં. શ્રી અંબાલાલભાઈએ બેઠક માટે બિછાવેલું હતું, પરંતુ તેના ઉપર નહીં બેસતાં પરમકૃપાળુ-દેવ નીચે બેસી ગયા.

ખંભાતથી ઢુંઢિયા શ્રાવકો પણ આવેલા તેમાંથી ગટોરભાઈએ મુહપત્તી સંબંધી કહ્યું કે શાસ્ત્રમાં મુહપત્તી ચાલી છે. (મુખ આડે વસ્ત્ર રાખી બોલવાનું ફરમાન.) પરમકૃપાળુદેવે હાથમાં વસ્ત્ર રાખી બોલતાં જણાવ્યું કે દોરો ચાલ્યો નથી. (દોરાથી મુહપત્તી મોઢે બાંધવાનું વિધાન શાસ્ત્રમાં નથી.) એમ જેટલી વાર તેણે ઉથલાવી ઉથલાવી તે પ્રશ્ન કર્યો તેટલી વાર તેની તે વાત પરમકૃપાળુદેવે પણ ઉત્તરમાં જણાવી. ગટોરભાઈનું શરીર કષાયના આવેશ વડે ધ્રૂજવા માંડ્યું, એટલે પરમકૃપાળુદેવે તેના તરફ બધાનું ધ્યાન ખેંચી કહ્યું કે આ અનંતાનુબંધીનું સ્વરૂપ જુઓ. વળી જણાવ્યું કે એના વિષે તમે કાંઈ વિકલ્પો કરશો નહીં; તે માર્ગ ઉપર આવવાનો છે. તે જ સાલના ચાતુર્માસમાં દેવકરણજી મુનિના વ્યાખ્યાનમાં જ્ઞાનીની આશાતનાથી બંધાતા કર્મ અને પરિભ્રમણનું સ્વરૂપ સાંભળી તે ભાઈએ ભરી સભા સમક્ષ પોતાથી થયેલી પરમકૃપાળુદેવની આશાતનાનો પશ્ચાત્તાપ કરી ક્ષમાપના માગી હતી.

મુનિ ચતુરલાલજીએ ઉપદેશ પૂર્ણ થઈ રહ્યા પછી પોતાના આત્મકલ્યાણ અર્થે માર્ગ સૂચવવા વિનંતી કરી. આથી પરમકૃપાળુદેવે ''महादेव्याः कुक्षिरत्नं'' એ શ્લોકનું સ્મરણ કરવા, પાંચ નવકારવાળી (માળા) ફેરવવા અને નૃસિંહાચાર્ય રચિત ગરબો 'જય જય શ્રી સદ્‌ગુરુપદ, જે શિવ શક્ત્યાદિક ગાયજી – કહું છું સાધકને' મુખપાઠે કરવા આજ્ઞા કરી.

મને એકાંતમાં જણાવેલું કે હે મુનિ! આત્મા ઊંચી દશા પર આવે એમ કર્ત્તવ્ય છે. શ્રી સોભાગ્યભાઈની દશા બહુ સારી

ઊંચી હદ ઉપર આવી છે, અને અમારી દશા તેથી વિશેષ નિર્મળ ઊંચી હદ ઉપર છે. તેમજ દરેક મુનિઓની દશા વિષે પણ જણાવ્યું હતું. તમે તેઓને મંત્ર આપજો.

## – ચોથો દિવસ –

ચોથે દિવસે જે ગચ્છમાં, જે સંપ્રદાયમાં દીક્ષિત થયેલા અને તેમાં જ મોક્ષમાર્ગ માનેલો તે ભાવો નિર્મળ કરવા માટે પરમ કરુણાએ કેસરીસિંહની માફક શૂરવીરપણાથી મતાગ્રહી ભાવ નષ્ટ કરે તેવી અલૌકિક વાણી ધારા વરસાવી હતી. તે વખતે અમારા અંતઃકરણમાં તે ઉપદેશથી અજબ અસર થઈ હતી. પણ બીજા સાધુ મોહનલાલજી જેવાના મનમાં તે બોધ તે વખતે રુચેલો નહીં; કારણકે અનાદિના મિથ્યાત્વના પર્યાય, ગચ્છમતનો આગ્રહી ધર્મ માનેલો, આરાધેલો, દૃઢ કરેલો તેથી એકાએક શી રીતે પરિવર્તન પામે? પરમકૃપાળુદેવે જણાવેલું કે સમ્યક્ વિવેક આદિ ગુણો પણ તે ગચ્છવાસીમાં નથી, ઇત્યાદિ અસરકારક રીતે વિવેચન કર્યું હતું. તે કાળે જેને નહોતું સમજાયું, તેને પણ જેમ જેમ કાળ જતો ગયો તેમ તેમ તેમને ઉપદેશનું સ્મરણ કરતાં તે જ સાધુઓને પરમ-કૃપાળુદેવનું પ્રવચન અમૃત તુલ્ય પરિણમ્યું, અને પોતાની ભૂલો માલૂમ પડી. અહો! સદ્ગુરુની કૃપાદૃષ્ટિ અપૂર્વ છે.

ઉપદેશ થયા પછી પોતે જણાવતા કે અમે જે આ બીજ વાવીએ છીએ, તે લાંબા કાળે પણ ઊગ્યા વિના રહેવાનાં નથી, કારણકે આ સજીવન બીજ છે. તેના ઉપર ઈલાયચીનું દૃષ્ટાંત દઈને સમજાવ્યું હતું કે ઈલાયચીનાં બીજને ઊગતાં બહુ દિવસ

લાગે છે, પણ ઊગવાનું તો ખરું જ; તે પ્રકારે અમારો બોધ મુમુક્ષુ જીવોને કાળે કરીને અંતરમાં અવશ્ય ઊગવાનો છે.

## – પાંચમો દિવસ –

પાંચમે દિવસે બ્રહ્મચર્યની રક્ષા સંબંધી અપૂર્વ બોધ કરવામાં આવ્યો હતો. પરમકૃપાળુદેવે મુનિ દેવકરણજી સામે જોઈ પૂછ્યું કે મુનિને બ્રહ્મચર્યની રક્ષા માટે દેહ પાડી દેવાનું પણ કહેવામાં આવેલ છે, તે આત્મઘાત ન કહેવાય? આ પ્રશ્નનો ઉત્તર કોઈ આપી શક્યું નહીં. પછી કૃપાળુદેવે પરમ કૃપા કરી જણાવ્યું કે બ્રહ્મચર્ય એટલે આત્મા અને તેથી એ આત્માના રક્ષણાર્થે દેહને જતો કરવો પણ આત્માને રાખવો, તે ભગવાનની આજ્ઞા છે. માટે એ આત્મઘાત નથી; પણ આત્મ-રક્ષણ છે. એવા રૂપમાં ખુલાસો કરી જણાવ્યું કે પંચ મહાવ્રત છે, તેમાં ચોથા મહાવ્રત માટે અપવાદ નથી; કેમકે તે ક્રિયા રાગ વિના થવી સંભવતી નથી. જે ક્રિયા રાગરહિત રહીને થઈ શકે તેમાં અપવાદ શ્રી ભગવાને કહ્યો છે. તે અપવાદે તે ક્રિયા મુનિ જરૂર પડ્યે કરે એવી આજ્ઞા પણ આપી છે એટલે પ્રાણાતિપાત વિરમણ આદિ મહાવ્રતોમાં અપવાદરૂપ વર્તન કારણસર ઉપદેશ્યું છે.

## – છઠ્ઠો દિવસ –

છઠ્ઠા દિવસે વડવામાં શ્રીમદે મુનિઓ પ્રત્યે કહ્યું : તમે ગૃહ, કુટુંબ, પરિવાર તેમજ પંચની સાક્ષીએ પરિણીત સ્ત્રી– એ સર્વ પર નિર્મોહી થઈ નીકળ્યા છો, તો તમે સાચા સાધુઓ બનો. આત્મામાં સાચ પ્રગટ કરો. (૧) આત્મા છે; (૨) આત્મા

નિત્ય છે; (૩) આત્મા કર્તા છે; (૪) આત્મા ભોક્તા છે; (૫) મોક્ષ છે; અને (૬) મોક્ષનો ઉપાય છે — આ છ પદનો હે મુનિઓ! વારંવાર વિચાર કરજો. વડવા જે આટલો કાળ રોકાવું થયું છે તે તમારા માટે જ થયું છે. તમને (અમારી) આ વેષે પ્રતીતિ થશે તે યથાર્થ સત્ય થશે, કારણ કે તમારો ત્યાગીનો વેશ છે અને અમારી પાસે તેવું કંઈ ન દેખાય, પરંતુ આત્મપરિણતિ ઉપર લક્ષ આપવાથી પ્રતીતિનું કારણ થશે.''

કાવિઠામાં પોતે એકલા ખેતરોમાં વિચરતા. કોઈ પ્રસંગે માણસો એકત્ર મળે ત્યારે સહજ બોધરૂપે કરુણા કરતા. રાળજમાં પણ તેવી રીતે બોધના પ્રસંગો બનેલા અને વડવામાં તો ખંભાતના ઓળખીતા ઘણા મુમુક્ષુઓ આવતા હોવાથી દરરોજ બોધપ્રવાહ વહેતો. આણંદ, કાવિઠા, રાળજ અને વડવાના બોધમાંથી સ્મૃતિમાં રહેલા વિચારો ઘણાખરા શ્રીમદ્‌ના શબ્દોમાં પ્રભાવશાળી સ્મરણશક્તિવાળા ભાઈશ્રી અંબાલાલ-ભાઈએ લખી રાખેલા તે ''શ્રીમદ્ રાજચંદ્ર'' ગ્રંથમાં 'ઉપદેશ છાયા' નામથી પ્રસિદ્ધ થયા છે.

## ૨૦

# શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર

આણંદથી શ્રીમદ્ નડિયાદ પધાર્યા હતા. સેવાભક્તિમાં શ્રી અંબાલાલભાઈ બધાં ગામોમાં સાથે જ રહેતા. એક દિવસે શ્રીમદ્ બહાર ફરવા ગયા હતા ત્યાંથી બંગલે પાછા આવ્યા ત્યારે સાંજ પડી ગઈ હતી; ફાનસ મંગાવી શ્રીમદ્ લખવા બેઠા અને શ્રી અંબાલાલભાઈ ફાનસ ધરી ઊભા રહ્યા. કલમ ચાલી તે ચાલી. એકસો બેતાળીસ ગાથાઓ પૂરી થઈ રહી, ત્યાં સુધી શ્રી અંબાલાલભાઈ હાથમાં ફાનસ ધરી દીવીની પેઠે ઊભા રહ્યા. અનેક જીવોના અજ્ઞાન અંધકારને દૂર કરનાર શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રના અવતારને પરમભક્તિથી વિનયદૃષ્ટિએ જોતા એ પરમભક્ત શ્રી અંબાલાલભાઈ અનેક જીવોના પાપને દૂર કરનાર ગંગાને સ્વર્ગમાંથી પોતાના પિતૃઓના ઉદ્ધાર અર્થે ઉતારવા તપ કરનાર ભગીરથની સમાનતા ધરી રહ્યા હતા. શ્રી વિષ્ણુના ચરણકમળમાંથી ઉત્પન્ન થઈને વહેતી પવિત્ર ગંગા નદી સમાન શ્રી આત્મસિદ્ધિ શ્રીમદ્‌ની લેખિની દ્વારા વેગભરી વહી રહી હતી. રાત્રિના અંધકારને દૂર કરતી ચંદ્રપ્રભા જગતના આનંદને વધારે તેમ અનેક મુમુક્ષુઓના અનાદિ અજ્ઞાન અંધકારને દૂર કરી આત્મપ્રતીતિરૂપી અધ્યાત્મપ્રકાશથી સહજ આનંદ પ્રગટાવવા સમર્થ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર શ્રી અંબાલાલભાઈને આપવામાં આવ્યું; અને તેની ચાર નકલો કરી ચાર મહાભાગ્યશાળી પુરુષોની યોગ્યતા જાણી દરેકને એક એક નકલ મોકલવાની આજ્ઞા થઈ. એક શ્રી સોભાગ્યભાઈ માટે,

એક શ્રી અંબાલાલભાઈ પાસે રાખવા, એક શ્રી લલ્લુજીસ્વામી માટે અને એક ઝવેરી માણેકલાલ ઘેલાભાઈ માટે એમ ચાર નકલો પ્રથમ થઈ.

શ્રી સોભાગ્યભાઈ ઉપર પણ છ પદનો પત્ર સં. ૧૯૫૧ માં મોકલવામાં આવ્યો હતો, અને તે મુખપાઠ કરી વારંવાર વિચારવા આજ્ઞા થયેલી; પણ વૃદ્ધાવસ્થાને લઈને મુખપાઠ કરતાં મુશ્કેલી જણાઈ તે તેમના દયાળુ હૃદયે અન્ય મુમુક્ષુઓને પણ ગદ્યપાઠ મુખપાઠ કરતાં મુશ્કેલી કેટલી પડશે તે જાણી લઈ વિનંતીરૂપે શ્રીમદ્‌ને જણાવ્યું કે, આ છ પદના પત્ર વિષે ગદ્યમાં આત્મપ્રતીતિ કરાવી છે, તેવો પદ્યગ્રંથ લખાય તો સર્વ મુમુક્ષુઓ ઉપર મોટો ઉપકાર થાય, અને સહેલાઈથી મુખપાઠ થઈ શકે. શરદ પૂર્ણિમાને દિવસે જે મેઘબિંદુ છીપમાં પડે તે મોતીરૂપે થાય છે એમ કહેવાય છે, તેમ આ વિનંતી એવા વખતે અને એવા પુરુષ દ્વારા થઈ કે તે શ્રીમદ્‌ના દિલમાં આત્મસિદ્ધિરૂપી અમૂલ્ય મોતી ઉત્પન્ન કરવા સમર્થ થઈ. તથા સં. ૧૯૫૨ ની શરદ પૂર્ણિમાને બીજે દિવસે મુક્તિમાર્ગના પ્રવાસી શ્રીમદ્ રાજચંદ્રે જે આત્મસ્વરૂપનું નિરંતર પ્રગટપણે પોતાને વેદન હતું તે આબાલવૃદ્ધ સમજે તેવી સરળ ભાષામાં શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર દ્વારા પદ્યરૂપે પ્રગટ કર્યું.

મહાન ગંભીર વિષયોને સરળ પદ્યમાં ઉતારીને બાલ ગોપાલ સર્વ યથાશક્તિ સર્વોત્તમ તત્ત્વ સમજી ઉન્નતિ સાધી શકે તેવી સરળ પણ ગંભીર પ્રૌઢ ભાષા દ્વારા આ યુગમાં કેવાં શાસ્ત્રો રચાવાં જોઈએ તેનો યથાર્થ આદર્શ અનેક દૃષ્ટિએ વિચારવા યોગ્ય, શ્રીમદે શ્રી આત્મસિદ્ધિ રચી રજૂ કર્યો છે.

જેને મહાપુરુષની મહત્તા સમજાઈ ન હોય, તેના યથાર્થ વક્તાપણા ઉપર વિશ્વાસ ન હોય, તીવ્ર જિજ્ઞાસા તથા સાચી મુમુક્ષુતારૂપ ભૂમિકા પ્રાપ્ત થઈ ન હોય, લૌકિક માન પૂજાની મહત્તા તેમજ મીઠાશ મનથી છૂટ્યાં ન હોય અને જનમનરંજન ધર્મની આડે પોતાના આત્મધર્મની જેને ગરજ જાગી ન હોય તેવા મોહનિદ્રામાં પરવશ પડેલા જીવને આત્મસિદ્ધિશાસ્ત્ર વિશેષ ઉપકારક ન નીવડે એમ જાણી માત્ર ચાર જ યોગ્ય જીવોને તે વિચારવા આજ્ઞા થયેલી.

શ્રી લલ્લુજી સાથે બીજા પાંચ-છ સાધુઓ જિજ્ઞાસા વૃત્તિવાળા હતા અને શ્રી દેવકરણજી બહુ પ્રજ્ઞાવાળા ગણાતા, તોપણ તેમની હાલ યોગ્યતા નથી એમ શ્રી લલ્લુજીને સ્પષ્ટ જણાવી, તેમનો વિશેષ આગ્રહ હોય તો કેમ વર્તવું વગેરે સૂચના સહિત એક પત્ર શ્રીમદે શ્રી આત્મસિદ્ધિ સાથે મોકલ્યો હતો તે બહુ વિચારવા યોગ્ય હોવાથી તેમાંથી થોડો ઉતારો નીચે આપ્યો છે :—

"એકાંતમાં અવગાહવાને અર્થે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' આ જોડે મોકલ્યું છે, તે હાલ શ્રી લલ્લુજીએ અવગાહવા યોગ્ય છે...

**'આત્મસિદ્ધિશાસ્ત્ર'** શ્રી દેવકરણજીએ આગળ પર અવગાહવું વધારે હિતકારી જાણી હાલ શ્રી લલ્લુજીને માત્ર અવગાહવાનું લખ્યું છે; તો પણ જો શ્રી દેવકરણજીની વિશેષ આકાંક્ષા હાલ રહે તો પ્રત્યક્ષ સત્પુરુષ જેવો મારા પ્રત્યે કોઈએ પરમોપકાર કર્યો નથી એવો અખંડ નિશ્ચય આત્મામાં લાવી, અને આ દેહના ભવિષ્ય જીવનમાં પણ તે અખંડ નિશ્ચય છોડું તો મેં આત્માર્થ જ ત્યાગ્યો અને ખરા ઉપકારીના ઉપકારને

ઓળવવાનો દોષ કર્યો એમ જ જાણીશ, અને આત્માને સત્પુરુષનો નિત્ય આજ્ઞાંકિત રહેવામાં જ કલ્યાણ છે એવો, ભિન્નભાવ રહિત, લોકસંબંધી બીજા પ્રકારની સર્વ કલ્પના છોડીને, નિશ્ચય વર્તાવીને, શ્રી લલ્લુજી મુનિના સહચારીપણામાં એ ગ્રંથ અવગાહવામાં હાલ પણ અડચણ નથી. ઘણી શંકાઓનું સમાધાન થવા યોગ્ય છે.

સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે, તેને જ જ્ઞાન સમ્યક્-પરિણામી થાય છે. એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે. અમે જે આ વચન લખ્યાં છે, તેના સર્વ જ્ઞાનીપુરુષો સાક્ષી છે...

અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ.'' (૭૧૯)

બીજા એક પત્રમાં શ્રીમદ્ લખે છે :—

''આત્મસિદ્ધિ ગ્રંથ..... વિચારવાની ઇચ્છા હોય તો વિચારશો; પણ તે પહેલાં કેટલાંક વચનો અને સદ્ગ્રંથો વિચારવાનું બનશે તો આત્મસિદ્ધિ બળવાન ઉપકારનો હેતુ થશે એમ લાગે છે.'' (૭૮૨)

'મોક્ષમાળા' જેમ ધર્મની જિજ્ઞાસા ઉત્પન્ન કરાવવાના હેતુથી લખાઈ છે તેમ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' આત્માનો નિર્ણય કરાવી આત્મજ્ઞાન પ્રકટાવવાના ઉત્તમ હેતુથી લખાઈ છે. તેમાં

વિષયોની વિવિધતા નથી, તેમ દૃષ્ટાંતિક કથા કે વર્ણનો નથી. ૭ પદની સિદ્ધિ માટે પ્રશ્નોત્તર રૂપે તત્ત્વનિરૂપણનો વિષય હોવા છતાં સિદ્ધાંતિક ગ્રંથો જેવી કઠણાઈ તેમાં નથી. બહુ સૂક્ષ્મ ચર્ચા કે તર્કમાં વાંચનાર ગૂંચવાઈ જાય, થાકી જાય તેમ ન કરતાં સૂક્ષ્મ વિચારણા કરવા પોતે પ્રેરાય અને આત્મા સંબંધી નિઃશંક થાય તેવી રચના અપૂર્વ રીતે માત્ર એકસો બેતાળીસ ગાથામાં શ્રીમદે કરી છે. તે ગ્રંથનો કંઈક ખ્યાલ આવે તેવા વિચારથી ગુરુ-શિષ્યના પ્રશ્નોત્તરનું ટૂંકું વિવેચન અત્રે આપ્યું છે.

પ્રથમ ચૂંવાળીસ ગાથાઓમાં પ્રાસ્તાવિક વિવેચન કર્યું છે. તેમાં આત્મજ્ઞાન સિવાય જન્મમરણનાં દુઃખ ટળે નહીં એમ જણાવી, વર્તમાનકાળમાં મોક્ષમાર્ગને રોકનાર ક્રિયાજડત્વ અને શુષ્કજ્ઞાન એ બે દોષો દર્શાવી તે દોષોનાં લક્ષણ આપ્યાં છે. તે બન્ને દોષો ટાળવાનો ઉપાય સદ્ગુરુ-ચરણની ઉપાસના બતાવી, સદ્ગુરુનાં લક્ષણ અને માહાત્મ્ય સંક્ષેપમાં વર્ણવી આત્માનું નિરૂપણ કરનારાં સત્શાસ્ત્ર અથવા સદ્ગુરુએ વિચારવા માટે જે જે શાસ્ત્રોની આજ્ઞા કરી છે તેવાં શાસ્ત્રોનો અભ્યાસ મધ્યસ્થ બુદ્ધિએ કરવાની ભલામણ કરી છે. શાસ્ત્રઅભ્યાસ આદિ સાધનો કરતાં પ્રત્યક્ષ સદ્ગુરુના યોગથી સ્વચ્છંદ અલ્પ પ્રયાસે ટળી જાય છે, સ્વચ્છંદ અને મતમતાંતરના આગ્રહ તજી સદ્ગુરુની આજ્ઞાએ વર્તનારને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તેથી માનાદિક અંતર શત્રુઓનો નાશ થાય છે. વિનય એ ધર્મનું મૂળ છે એવો વીતરાગનો અભિપ્રાય જણાવી, શિષ્યને સદ્ગુરુની ભક્તિ કરવાની ભલામણ કરી છે; પરંતુ જ્યાં સુધી સદ્ગુરુને યોગ્ય દશા જેને પ્રાપ્ત નથી થઈ અને સદ્ગુરુ

ગણાવાની લાલસા રાખી શિષ્યોના વિનયનો લાભ લે છે તેવા અસદ્‌ગુરુ મહામોહનીય કર્મ બાંધે છે, દીર્ઘસંસારી થાય છે, એવી ચેતવણી પણ આપી છે. મુમુક્ષુ જીવ ત્યાગી વર્ગમાંનો હોય કે ગૃહસ્થ અવસ્થામાં હોય પણ તેણે આ વાત લક્ષમાં રાખવા યોગ્ય છે એમ જણાવી, આત્મજ્ઞાન પામવા ઇચ્છનારે પ્રથમ મતાર્થીપણું ત્યાગવાની જરૂર હોવાથી મતાર્થીનાં લક્ષણો બતાવ્યાં છે. તે દોષો દૂર કરી આત્માર્થીને યોગ્ય ગુણો ગ્રહણ કરવા યોગ્ય છે. માટે આત્માર્થીનાં લક્ષણો વર્ણવ્યાં છે. શિષ્યનામાં આ બેતાળીશ ગાથાઓમાં જણાવેલી યોગ્યતા હોય અને આત્મજ્ઞાની ગુરુનો તેને ઉપદેશ પ્રાપ્ત થાય તો અવશ્ય આત્મજ્ઞાન પ્રગટાવી તે શિષ્ય શાશ્વત મોક્ષસુખ પામે છે. પછી એક ગાથામાં છ પદનાં નામનો નિર્દેશ કરી, જે વાત હવે કહેવાની છે તે ષટ્‌દર્શનના અભ્યાસના સારરૂપે આત્માનું ઓળખાણ કરાવવા જ્ઞાનીપુરુષે કહેલી છે એમ જણાવ્યું છે.

આત્મજ્ઞાન પામ્યા હોય તે જ સદ્‌ગુરુ છે, તે સિવાયના કલ્પિત કુળગુરુથી કલ્યાણ થાય નહીં, અને એવા સદ્‌ગુરુ મળે તો હું મન, વચન, કાયાને તેની આજ્ઞા પ્રમાણે વર્તાવીશ અને સત્ય મોક્ષમાર્ગ અવશ્ય આરાધીશ એવા દૃઢ નિશ્ચયવાળો આત્માર્થી શિષ્ય મોક્ષ સિવાયની સર્વ અભિલાષાઓ તજીને, ક્રોધાદિ શત્રુઓને મંદ કરીને, સંસાર-પરિભ્રમણથી થાકીને અને આત્મોદ્ધારનો લક્ષ રાખીને કોઈ સદ્‌ગુરુને શોધે છે. તેવા સદ્‌ગુરુ પ્રાપ્ત થતાં સરળ ભાવે પોતાના મનમાં જે જે શંકાઓ ઘુમાતી હતી તે છ ભેદે પ્રદર્શિત કરી છે અને સદ્‌ગુરુ તેના ઉત્તરો આપી નિઃશંક કરે છે.

(૧) આત્માના અસ્તિત્વ વિષે શંકા કરતાં શિષ્ય પોતાના નાસ્તિક પક્ષના વિચાર જણાવી પૂછે છે :–

શિષ્ય : જીવ દેખાતો નથી, તેનું કંઈ સ્વરૂપ સમજાતું નથી, અને બીજો કોઈ મને અનુભવ પણ નથી; તેથી જીવ નથી અથવા દેહ જ આત્મા છે એવું મને સમજાય છે.

સદ્‌ગુરુ : દેહમાં આસક્તિ હોવાથી તને દેહરૂપે જ આત્મા ભાસે છે, પણ દેહ અને આત્મા એમ બે તત્ત્વો તત્ત્વજ્ઞાનીઓએ જુદાં દીઠાં છે. તે બન્નેનાં લક્ષણો પ્રગટ છે, તે વિચારવાથી જેમ તરવાર અને મ્યાન ભિન્ન છે તેમ આત્મા અને દેહ ભિન્ન તને સમજાશે.

શિષ્ય : દેહ, ઇંદ્રિયો, શ્વાસોચ્છ્‌વાસ રૂપે જીવ હોવાયોગ્ય છે. તેમ ના હોય તો તેથી જુદું જીવનું શું લક્ષણ છે?

સદ્‌ગુરુ : દૃષ્ટિ વડે સર્વ પદાર્થો દેખાય છે પણ તે દૃષ્ટિને દેખનાર તથા પદાર્થોનાં સ્વરૂપને જાણનાર જીવ છે. દેહ, ઇન્દ્રિય આદિની પ્રવૃત્તિ રોકતાં કે તેમનો નાશ થતાં પણ જે અબાધ્ય અનુભવરૂપ છેવટે રહે છે તે જીવનું સ્વરૂપ છે.

શિષ્ય : જો આત્મા હોય તો ઘટ, પટ આદિ પદાર્થોની પેઠે જણાતો કેમ નથી? હોય તો જણાવો જોઈએ; પણ જણાતો નથી, માટે આત્મા નથી; અને આત્મા ન હોય તો મોક્ષને માટે જે લોકો ઉપાયો આદરે છે તે કલ્પિત લાગે છે. આ મારા હૃદયની ગ્રંથિ ઊકલે તેવો સદ્‌ઉપાય, હે સદ્‌ગુરુ! બતાવો.

સદ્‌ગુરુ : મડદારૂપે દેહ હોય છે ત્યારે પોતાને કે ઘટ, પટ આદિ પદાર્થોને તે જાણી શકતો નથી; ઇન્દ્રિયો અને

શ્વાસોચ્છ્વાસ પણ પ્રગટ જડરૂપ છે, તેથી તે પણ પોતાને અને પરને જાણવા સમર્થ નથી. ઇંદ્રિયો પોતપોતાના વિષય ઉપરાંત બીજી ઇન્દ્રિયો સંબંધી જાણી શકતી નથી, પણ પાંચે ઇંદ્રિયોના વિષયોને આત્મા જાણે છે. આત્માની સત્તાથી દેહાદિ સર્વ પ્રવર્તે છે; છતાં સર્વ અવસ્થાઓમાં જે જુદો જ રહે છે, જાણનાર રૂપે રહે છે, તે જીવ ચૈતન્યરૂપ લક્ષણે સર્વ અવસ્થામાં સ્પષ્ટ ઓળખી શકાય તેવો છે. જે ઘટ, પટ આદિ પદાર્થોને તું જાણે છે તે પદાર્થોને માને છે, પણ જાણનાર પદાર્થ જો પ્રથમ હોય તો જ તે પદાર્થો દેખી જાણી શકાય છે, તે જાણનાર એવા આત્માને તું માનતો નથી. તો ઘટ, પટ આદિનું જ્ઞાન આત્મા સિવાય કેવા પ્રકારે ઘટી શકે તેનો વિચાર કર.

જડ અને ચેતન એ બન્ને દ્રવ્યોનો સ્વભાવ પ્રગટ ભિન્ન ભાસે તેવો છે. કોઈ કાળે જડ, ચેતન એક રૂપે થઈ જાય તેવી જાતનાં તે દ્રવ્યો નથી. માટે ત્રણે કાળે જુદા રહેનાર એ દ્રવ્યો હોવા છતાં 'આત્મા નથી' એવું તું માને છે તો તે શંકા કરનાર કોણ છે? એનો વિચાર કેમ કરતો નથી? આ જ મને તો અસીમ આશ્ચર્યરૂપ લાગે છે.

**(૨)** આત્માના નિત્યત્વ વિષે શંકા કરતો શિષ્ય હવે આ પૃથ્વી ઉપર વસતી પ્રજાના મોટા ભાગની ધર્મમાન્યતાનો પક્ષ કરીને પ્રશ્ન પૂછે છે :–

શિષ્ય : હે સદ્ગુરુ! આપે આત્મા હોવાનાં પ્રમાણ આપ્યાં, તે ઊંડા ઊતરી વિચારતાં આત્મા નામનું તત્ત્વ હોવું જોઈએ એવું લાગે છે. પરંતુ દેહની સાથે ઉત્પન્ન થતું અને દેહની

સાથે નાશ પામતું તત્ત્વ હોવું જોઈએ, એમ મને લાગે છે; તે સત્ય હશે?

સદ્‌ગુરુ : દેહ હોય ત્યાં જ આત્મા હોય અને દેહ વિના આત્મા ન રહી શકે એ પ્રકારનો અવિનાભાવી સંબંધ દેહ અને આત્માને નથી, પણ દેહને આત્માની સાથે માત્ર સંયોગ સંબંધ છે; વળી દેહ જડ છે, તે રૂપી પદાર્થ છે, પોતે કંઈ દેખી શકતો નથી, માત્ર આત્મા વડે દેખી શકાય તેવો દૃશ્ય પદાર્થ છે, તો પછી ચેતનની ઉત્પત્તિ થઈ કે નાશ થયો તેનો કોને અનુભવ થવાયોગ્ય છે? એટલે ચેતનની ઉત્પત્તિ અને નાશ થાય છે એમ અનુભવસિદ્ધ થતું નથી. ચેતનની ઉત્પત્તિ થઈ એમ જાણનાર ચેતનથી જુદો હોવો જોઈએ; તેમ જ ચેતન નાશ પામ્યું એમ જાણનાર પણ ચેતનથી જુદો હોવો જોઈએ; પણ ચેતનથી ભિન્ન અન્ય અચેતન પદાર્થો તો જાણી શકતા નથી. તેથી ચેતનનાં ઉત્પત્તિ, લય કહેનાર સપ્રમાણ બોલતા હોય એમ લાગતું નથી.

શિષ્ય : બધી વસ્તુઓ જોતાં તે નાશ પામનારી, ક્ષણિક લાગે છે. અને ક્ષણે ક્ષણે બદલાતી અવસ્થા નજરે દેખાય છે; એ અનુભવ ઉપરથી પણ આત્મા નિત્ય તો જણાતો નથી.

સદ્‌ગુરુ : તને સંયોગી પદાર્થો દેખાય છે, તે નાશ પામે છે એવો તને અનુભવ થાય છે. જેનો સંયોગ થયો છે, તેનો વિયોગ સંભવે છે. પરંતુ તું જે અનુભવ કરનાર છે અને સંયોગોને જોનાર છે, તે આત્મદ્રવ્ય તો સંયોગોથી ઉત્પન્ન થયેલું નથી; કેમકે જડ વસ્તુઓના સંયોગથી ચેતન ઉત્પન્ન થાય એવું કોઈ જગાએ કદી બની શકતું નથી; તેમ જ ચેતન દ્રવ્યથી જડ દ્રવ્યની ઉત્પત્તિ થાય એવો પણ કદી કોઈને કોઈ દેશમાં

અનુભવ થવા યોગ્ય નથી; આમ જે સ્વાભાવિક આત્મદ્રવ્ય છે, અસંયોગી છે, તેનો નાશ કે અન્ય દ્રવ્યમાં મળી જવું કેવી રીતે બને? તેથી તે સ્પષ્ટ નિત્ય પદાર્થ છે એમ વિચાર કરતાં સમજાશે. વળી વિચાર કર કે સર્પ વગેરે પ્રાણી જન્મથી ક્રોધાદિ સ્વભાવવાળાં હોય છે, સાપ અને મોરને તથા ઉંદર અને બિલાડીને જન્મથી વેર હોય છે, તે કોઈ આ ભવમાં બંધાયેલું વેર કે પ્રકૃતિદોષ જણાતા નથી તો પૂર્વજન્મના એ સંસ્કાર છે એમ સિદ્ધ થતાં, જીવ મરતો નથી પણ જન્માંતરમાં પણ તેનો તે જ હોવાથી નિત્ય સિદ્ધ થાય છે. પદાર્થની જે જે અવસ્થાઓ તને બદલાતી જણાય છે તે બધા નિત્ય દ્રવ્યના પર્યાયો છે; એટલે પદાર્થ રૂપાંતર પામવા છતાં મૂળ દ્રવ્ય કાયમ રહે છે.

તે જ પ્રમાણે બાળ, યુવાન વગેરે અવસ્થાઓ બદલાયા છતાં તેને જાણનારો તો તેનો તે જ એક આત્મા નિત્ય દ્રવ્ય રૂપે રહે છે. વસ્તુ માત્ર જો ક્ષણિક હોય તો ક્ષણિક પદાર્થને જાણીને બીજી ક્ષણે પોતે નાશ પામનાર સ્વભાવવાળો જીવ ક્ષણિક વસ્તુ છે એવો અનુભવ પ્રગટ કરતાં પહેલાં નાશ પામવો જોઈએ; પણ ક્ષણિક સિદ્ધાંત પ્રગટ કરનાર ક્ષણિક ન હોવો જોઈએ એમ તો સ્પષ્ટ પ્રત્યક્ષ જણાય તેવું છે; તેથી ક્ષણિકપણાનો અનુભવ કરનાર અક્ષણિક કે નિત્ય સિદ્ધ થાય છે. જગતમાં જેટલા પદાર્થો છે તેમાંથી સર્વથા કોઈનો નાશ થતો નથી, માત્ર રૂપાંતર પામે છે; તો ચેતનનો નાશ થાય છે એમ કહો તો ક્યા પદાર્થમાં તે ભળી જશે તેનો વિચાર કરો, તો અસંયોગી પદાર્થ રૂપાંતર પામવા છતાં પોતાના રૂપે જ રહે એવું સ્પષ્ટ સમજાશે. તેથી આત્મા નિત્ય સિદ્ધ થાય છે.

(૩) આત્મા કંઈ કરતો નથી એવો અભિપ્રાય દર્શાવતાં શિષ્ય પ્રશ્ન કરે છે :—

શિષ્ય : હે સદ્‌ગુરુ! આત્મા નિત્ય છે એમ સમજાયું, પણ તે કર્મનો કર્તા હોય એમ લાગતું નથી; કર્મનો કર્તા કર્મ હોઈ શકે એમ સમજાય છે.

સદ્‌ગુરુ : જો ચેતનની પ્રેરણા ન હોય તો કર્મ કોણ ગ્રહણ કરે? જડમાં તો પ્રેરણા કે સ્ફુરણાનો ધર્મ જણાતો નથી, તેથી કંઈક કરી શકવાની શક્તિ કે પ્રેરણા ચેતનમાં જણાય છે અને તેથી કર્મનો કર્તા જીવ ઘટે છે.

શિષ્ય : તો એમ માનવું પડશે કે જીવનો સહજ સ્વભાવ કર્મ કરવાનો છે.

સદ્‌ગુરુ : જો જીવ કર્મ ન કરે તો કર્મ થતાં નથી, જીવને કર્મ ન કરવાં હોય તો તેમ બની શકે છે; માટે કર્મ કરવાં એ જીવનો સહજ સ્વભાવ નથી તથા કર્મ કરવાં એ જીવધર્મ નથી; કારણકે પોતાનો ગુણ હોય તો તે છૂટી શકે નહીં.

શિષ્ય : આત્મા સદાય અસંગ સ્વરૂપે રહે છે; માત્ર પ્રકૃતિ કર્મબંધ કરે છે તેથી જીવ અબંધ છે એમ માનવામાં કંઈ હરકત છે?

સદ્‌ગુરુ : જો આત્મા અસંગ સ્વરૂપે એકાંતે હોય તો તને તે સ્વરૂપે ભાસવો જોઈએ પણ તેમ બનતું નથી. તેથી કોઈ રીતે તે અસંગ, નિરાવરણ સ્વરૂપે હાલ નથી એમ સમજાય છે. તેમજ નિશ્ચય નયથી એટલે શુદ્ધ સ્વરૂપે આત્મા અસંગ છે પણ તેનું ભાન થયા વિના તે દશા પ્રાપ્ત થતી નથી.

શિષ્ય : અથવા એમ માનીએ કે ઈશ્વરની પ્રેરણાથી કર્મ ગ્રહણ થાય છે, તેથી જીવ તો અબંધ રહે છે એમ માનીએ તો કેમ?

સદ્ગુરુ : જગતનો કર્તા કે જીવોને કર્મ વળગાડનાર કોઈ ઈશ્વર સંભવતો નથી; પરંતુ કર્મરહિત શુદ્ધ આત્મા થયા તે જ ઈશ્વર છે. જો શુદ્ધ આત્માને કર્મની પ્રેરણા કરનાર માનીએ તો ઈશ્વરને દોષવાળો, ઉપાધિવાળો માનવો પડશે; તો સંસારી જીવ અને ઈશ્વર બન્ને ઉપાધિવાળા હોવાથી ઈશ્વરનું સ્વરૂપ યથાર્થ સમજાશે નહીં.

શિષ્ય : કાં તો કર્મનું કર્તાપણું અસંગ આત્માને ઘટતું નથી અથવા તો કર્મ કરવાનો સ્વભાવ આત્માનો માનીએ તો તે કદી છૂટે નહીં; એ બન્ને પ્રકાર વિચારતાં મોક્ષ માટે પ્રવૃત્તિ કરવી યોગ્ય લાગતી નથી. તો હવે આત્માને કર્તા કે અકર્તા, કેવા પ્રકારે માનવો?

સદ્ગુરુ : જ્યારે જીવ આત્મજ્ઞાન પામે, ત્યારે તે પોતાના શુદ્ધ સ્વભાવનો કર્તા છે. એટલે જ્ઞાન, દર્શન આદિ પોતાના સ્વભાવનો કર્તા છે, જ્ઞાનદશામાં પોતે કર્મનો કર્તા નથી. પરંતુ અજ્ઞાનદશામાં જીવ કર્મનો કર્તા બને છે; અને દેહાદિ કર્મોનો પોતે સ્વામી બને છે.

**(૪)** જીવ કર્મનો કર્તા કેવી રીતે છે તે સમજાયા પછી શિષ્ય ભોક્તા પદ વિષે શંકા કરતાં કહે છે :–

શિષ્ય : જીવને કર્મનો કર્તા ભલે કહો પણ તે કર્મનો ભોક્તા કહી શકાશે નહીં, કેમકે કર્મ જડ હોવાથી તે કંઈ જાણતાં નથી કે આણે પાપ કર્યું છે માટે એને દુઃખ આપવું કે આણે પુણ્ય કર્યું છે માટે એને સુખ આપવું.

સદ્‌ગુરુ : જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મ જડરૂપ છે; પરંતુ રાગદ્વેષાદિ ભાવકર્મ જીવની કલ્પનારૂપ છે માટે તે કર્મ ચેતન-રૂપ છે, જડ નથી. જીવના રાગદ્વેષરૂપ ભાવકર્મના નિમિત્તે તથા જીવવીર્યની સ્ફુરણાથી સૂક્ષ્મ જડ પરમાણુઓનું ગ્રહણ થાય છે, તે જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મ છે. વળી ઝેર અને અમૃત જડ છે તેથી તે જાણતાં નથી કે અમને ખાનારને અમારે આવું ફળ આપવું છે; પણ જીવ ઝેર ખાય તો ઝેર ચઢે છે, અને અમૃત પીએ તો અમર થાય છે. જે પ્રકારે શુભ અને અશુભ કર્મ એટલે પાપ-પુણ્ય બાંધ્યાં હોય છે તે પ્રકારે ભોગવાય છે. એક રંક છે અને એક રાજા છે એમ જે વિચિત્રતા જગતમાં જણાય છે તેનું કારણ પણ જે પ્રકારે શુભાશુભ બાંધ્યાં છે તે પ્રમાણે જીવ ભોગવે છે. તેથી જીવ કર્મનો ભોક્તા સાબિત થાય છે.

શિષ્ય : શુભાશુભ કર્મનું ફળ ઈશ્વર આપે છે એમ માનીએ તો જીવ ભોક્તા છે એમ સમજાય, પણ એમ માનતાં એટલે ઈશ્વરને ઉપાધિવાળા માનતાં ઈશ્વરનું ઈશ્વરપણું ટળીને જીવપણું પ્રાપ્ત થાય છે, તો ઈશ્વર વિના સુખદુઃખ કોણ આપે?

સદ્‌ગુરુ : ઝેર અને અમૃત પોતાના સ્વભાવપણે ખાનારને ફળ આપે છે તેમ આઠે કર્મો પોતાના સ્વભાવપણે જીવને ફળ આપે છે તેથી ઈશ્વરને ફળ આપનાર માનવાની કંઈ જરૂર રહેતી નથી.

શિષ્ય : ઈશ્વરને ન માનીએ તો આ ભવમાં કરેલાં પુણ્યનું ફળ સ્વર્ગમાં કોણ આપે? તથા દુષ્ટ કર્મની શિક્ષા આપવા નરકની રચના કોણ કરે? અને નિયમિતપણે સારાં કર્મનું ફળ

સારું જ મળે નહીં, તો પછી જગતમાં નીતિ વગેરેની વ્યવસ્થા ક્યાંથી રહે?

સદ્ગુરુ : શુભાશુભ કર્મનાં ભોગવવા યોગ્ય ફળ મળે તેવાં દ્રવ્ય, સ્થાન અને સ્વભાવની વ્યવસ્થા અનાદિસિદ્ધ જગતમાં છે, અને કર્માનુસાર ભાવનાના બળે જીવ કર્મ કેવી રીતે બાંધે છે અને કેટલા કાળ સુધી, ક્યે સ્થળે, કેટલા રસે તે કર્મનું ફળ ભોગવશે વગેરે ગહન વાત અત્યંત સંક્ષેપમાં અહીં જણાવી છે. જીવની યોગ્યતા વધતાં તે પ્રગટ સમજી શકાય તેમ છે.

**(૫)** કર્તા ભોક્તા જીવ સાબિત થયા પછી મોક્ષપદ વિષે શંકા ઉત્પન્ન થવાથી શિષ્ય પ્રશ્ન કરે છે :—

શિષ્ય : જીવ કર્મ કરે છે અને ભોગવે છે ખરો, પણ તે સર્વ કર્મથી મુક્ત થઈ શકે કે કેમ?

સદ્ગુરુ : જેમ શુભાશુભ કર્મ જીવ કરે તો તેનું ફળ પ્રાપ્ત થાય છે, તેમ શુભાશુભ કર્મ જીવ ન કરે તો તે કર્મથી નિવૃત્તિ થાય અને તેનું ફળ પણ મળવું જોઈએ. તે નિવૃત્તિનું ફળ મોક્ષ છે એમ વિચારવાન જીવને જણાય છે.

શિષ્ય : અનંતકાળ વહી ગયો તો પણ જીવ મુક્ત થયો નહીં. દેવાદિ ગતિ શુભ કર્મથી પામ્યો, અશુભકર્મે નરકે ગયો; પણ હજી દોષોવાળો જીવ પ્રત્યક્ષ છે; તો મોક્ષનો સંભવ કેમ મનાય?

સદ્ગુરુ : શુભાશુભ કર્મભાવને લઈને અનંતકાળ વીત્યો છતાં જીવ મુક્ત થયો નહીં. પરંતુ તે શુભાશુભ ભાવનો નાશ કરવાથી મોક્ષ સ્વભાવ પ્રગટ થાય છે.

શિષ્ય : કર્મરહિત કોઈ ગતિમાં જીવ હોય તે સમજાતું નથી; તો કોઈ સ્થળ એવું છે કે જ્યાં જીવને કોઈ કર્મનો સંગ ન હોય ?

સદ્‌ગુરુ : દેહાદિ સંયોગોનો ફરી કદી પ્રાપ્ત ન થાય તેવો વિયોગ થાય છે; અને તે સિદ્ધસ્વરૂપ મોક્ષપદ શાશ્વત પદ છે એટલે ત્યાંથી કદી ફરી જન્મમરણરૂપ સંસારમાં આવવું પડતું નથી; ત્યાં આત્માનું અનંત સુખ ભોગવાય છે; એવું મોક્ષપદ સિદ્ધ થયું.

**(૬)** પાંચે સ્થાનકનો વિચાર કરતાં તે પાંચે પદનો નિશ્ચય થયો એટલે શિષ્યની મુમુક્ષુતા તીવ્ર થઈ અને મોક્ષનો ઉપાય ન હોય તો અત્યાર સુધી જાણેલું શા કામનું છે એમ વિચારી અવિરોધ ઉપાયમાં શંકા થવાથી શિષ્ય પૂછે છે :

શિષ્ય : અનંતકાળનાં કર્મો કેવી રીતે નાશ પામશે ? કોઈ અવિરોધ ઉપાય મને જણાતો નથી. અનેક મત અને અનેક દર્શનો અનેક ઉપાયો બતાવે છે. તેમાં સાચું શું માનવું ?

સદ્‌ગુરુ : (આટલી હદની વિચારણા કરી સમજી શક્યો તેવા સુશિષ્યને ધીરજ અને આશીર્વાદ આપતાં કહે છે):– તને અત્યાર સુધી આપેલા પાંચ પદની શંકાઓના પાંચે ઉત્તરથી આત્મામાં પ્રતીતિ થઈ છે કે આ સદ્‌ગુરુ કારણકાર્યથી સમજાવીને યથાર્થ આત્મસ્વરૂપ જણાવે છે તેમ જ છે, તો તને મોક્ષઉપાય બતાવીશ તેમાં શંકા નહીં રહે; મોક્ષના ઉપાયની તે જ પ્રમાણે સહજ પ્રતીતિ થશે.

ઘણા કાળનું સ્વપ્ન પણ જાગ્રત થતાં જ દૂર થાય છે તેમ

આત્મજ્ઞાન થતાં અનાદિનો વિભાવ ટળે છે. કર્મથી ઉત્પન્ન થતા શુભાશુભ ભાવ એ જ અજ્ઞાનદશા છે; તે કર્મબંધનનું કારણ છે. શુદ્ધ આત્માથી ભિન્ન બહિરાત્મભાવમાં વાસના છે; પરંતુ કર્મથી મુક્ત થવાના ભાવ છે, તે નિજ શુદ્ધ આત્મસ્વભાવમાં વાસ થવો તે છે. કર્મબંધનનાં જે જે કારણો છે તે બંધમાર્ગ છે અને તે બંધનનાં કારણોનો નાશ કરવો તે મોક્ષમાર્ગ છે. રાગ, દ્વેષ અને અજ્ઞાન એ કર્મબંધનરૂપ વેલીની મુખ્ય ગાંઠ છે; તેને નિર્મૂળ કરવાના ઉપાય તે મોક્ષમાર્ગ છે. અનંત પ્રકારનાં કર્મો મુખ્ય આઠ કર્મોમાં સમાઈ જાય છે; અને તે આઠેમાં મુખ્ય મોહનીયકર્મ છે; તેનો નાશ કરવાનો ઉપાય સાંભળ.

મોહનીય કર્મના બે ભેદ છે : એક દર્શનમોહનીય અને બીજું ચારિત્રમોહનીય, દર્શનમોહનીયનો નાશ બોધથી થાય છે; અને ચારિત્રમોહનીય વીતરાગતાથી ટળે છે, આ સત્ય ઉપાય છે; કેમકે ક્રોધાદિથી કર્મ બંધાય છે અને ક્ષમાદિથી કર્મનો નાશ થાય છે એ સર્વને પ્રત્યક્ષ અનુભવમાં આવે તેમ છે.

અનેક મત તથા અનેક દર્શનો મોક્ષના ઉપાય બતાવે છે તે પ્રત્યેનો આગ્રહ તજીને તથા આ મારો ધર્મ છે તે મારે પાળવો જ એવા વિકલ્પો મૂકીને આ મોક્ષ માટે બતાવેલો માર્ગ આરાધશે તે થોડા ભવમાં મોક્ષ પામશે. છ પદ વિષે તેં છ પ્રકારે પ્રશ્નો વિચાર કરીને પૂછ્યા તે પદ જો સર્વાંગે સમજાય, તેમાં નિઃશંક થાય તો તે અવશ્ય મોક્ષમાર્ગ પામે છે. એકાદ પદમાં પણ શંકા હોય તો મોક્ષમાર્ગ પમાતો નથી.

શિષ્ય : કઈ જાતિમાં મોક્ષ પમાય છે, ક્યા વેષથી મોક્ષ

પમાય છે એનો નિશ્ચય મારાથી થઈ શકતો નથી. કારણકે કોઈ બ્રાહ્મણ આદિ જાતિને મોક્ષયોગ્ય માને છે, કોઈ સાધુ આદિના વેષ વિના મોક્ષ થતો નથી એમ અનેક ભેદો વર્ણવે છે, એક જ પ્રકારનો માર્ગ બધા માનતા નથી; તો મારે શું કરવું?

સદ્‌ગુરુ : દર્શનમોહ અને ચારિત્રમોહને દૂર કરીને સત્ એટલે અવિનાશી, ચૈતન્યમય એટલે સર્વ ભાવને પ્રકાશવારૂપ સ્વભાવમય શુદ્ધ આત્મા પામવાનો ઉપર મોક્ષમાર્ગ કહ્યો તે ગમે તે જાતિમાં કે વેષમાં આરાધશે તે મોક્ષ પામશે. મોક્ષમાં ઊંચનીચનો ભેદ નથી. આમાં કંઈ શંકા રાખવા યોગ્ય નથી.

શિષ્ય : પાંચ પદ સમજ્યાનું ફળ, મોક્ષનો ઉપાય ન સમજાય તો શા કામનું છે? પાંચે પદના ઉત્તરથી હે સદ્‌ગુરુ! મારા મનનું સમાધાન થયું છે તેમ આ મોક્ષઉપાય નામનું પદ સમજાય તો મારા મહાભાગ્યનો ઉદય થયો એમ હું જરૂર માનીશ. હે ગુરુરાજ! મોક્ષમાર્ગની શરૂઆતથી સંપૂર્ણતા સુધીનો ક્યો ઉપાય છે?

સદ્‌ગુરુ : કષાય એટલે ક્રોધ, માન, માયા અને લોભ એ સર્વેને શમાવવા, મંદ કરવા; એક મોક્ષ સિવાય બીજી અભિલાષા ન રાખવી; સંસાર-પરિભ્રમણથી ત્રાસ પામવો અને આ આત્મા અનંતકાળથી કર્મના ભારે કચરાઈ રહ્યો છે તેને જન્મમરણનાં દુઃખથી મુકાવવા સાચા ભાવથી કાળજી રાખી મોક્ષ માટે પ્રવર્તવાના ભાવરૂપ અંતર દયા, તેમ જ સર્વ જીવો સંસારદુઃખથી મુક્ત થાય તેવા ભાવરૂપ અંતર દયા જેને હોય તે જીવને મોક્ષમાર્ગનો જિજ્ઞાસુ જાણવો. એવા જિજ્ઞાસુ આત્માને

સદ્ગુરુનો બોધ થાય તો તે સમ્યગ્દર્શન પામે અને અંતરની શોધમાં વર્તે.

મત, દર્શનનો આગ્રહ તજીને જો તે સદ્ગુરુએ દર્શાવેલા લક્ષે વર્તે તો તે શુદ્ધ સમકિત પામે એટલે તેને અંશે આત્માનો અનુભવ થાય છે.

જ્યારે નિજસ્વભાવનો સ્પષ્ટ અનુભવ, લક્ષ અને પ્રતીતિ વર્તે તથા વૃત્તિ આત્માના સ્વભાવમાં વહે ત્યારે પરમાર્થે સમ્યગ્દર્શન પ્રગટ થયું ગણાય છે.

સમ્યગ્દર્શનની વધતી જતી ધારાથી ચારિત્રમોહનીયના મિથ્યાભાસને ટાળે, ત્યારે ચારિત્રગુણ એટલે સ્વભાવસમાધિ પ્રગટે છે અને અંતે સર્વ રાગદ્વેષના ક્ષયરૂપ વીતરાગપદમાં સ્થિતિ થાય છે.

શુદ્ધ આત્મસ્વભાવનું જ્યાં નિરંતર જ્ઞાન રહે, તે જ્ઞાનને કેવળજ્ઞાન કહીએ છીએ. એ જીવન્મુક્ત દશારૂપ નિર્વાણ દેહ છતાં અત્રે અનુભવાય છે.

હે શિષ્ય! દેહમાં જે આત્મબુદ્ધિ થઈ છે અને તેથી દેહ, સ્ત્રી, પુત્રાદિ સર્વમાં અહંભાવ, મમત્વભાવ વર્તે છે તે છૂટે અને આત્મામાં આત્મબુદ્ધિ થાય તો તું કર્મનો કર્તા પણ નથી તેમ જ ભોક્તા પણ નથી; અને એ જ ધર્મનો મર્મ છે. એ જ ધર્મથી મોક્ષ છે; તું જ મોક્ષસ્વરૂપ છે એટલે શુદ્ધ આત્મા છે; અનંત જ્ઞાન, દર્શન અને અવ્યાબાધ સુખસ્વરૂપ તું છે; તું જ શુદ્ધ છે, બુદ્ધ છે, ચૈતન્યપ્રદેશાત્મક છે, સ્વયંજ્યોતિસ્વરૂપ છે અને અનંત સુખની ખાણ છે. વિશેષ કેટલું કહેવું? ટૂંકામાં એટલું જ કહીએ છીએ કે તું વિચાર કરીશ તો તે સંપૂર્ણ પદ પ્રાપ્ત કરીશ.

"નિશ્ચય સર્વે જ્ઞાનીનો આવી અત્ર સમાય." એમ કહીને સહજ સમાધિમાં સદ્‌ગુરુ લીન થયા, મૌન થયા.

છેવટે ઉપસંહાર કરતા પહેલાં 'શિષ્યબોધબીજપ્રાપ્તિ' રૂપે નવ ગાથાઓ આપી છે તેમાં જ્ઞાન, ભક્તિ અને ઉપકારની લાગણી ઉત્તમ રીતે વર્ણવી જે ભાવ પ્રગટ કર્યો છે, તે ભાવ સદ્‌ગુરુનું ઓળખાણ જે મહાભાગ્યશાળીને થયું હોય તેને મરણ સમયે આવે તો મહાલાભ થાય, સમાધિમરણ થાય તેવી તે ગાથાઓ હોવાથી તથા મરણસમયે પણ સંભળાવવા યોગ્ય હોવાથી મૂળ રૂપે જ નીચે આપી છે :

**"સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;**
**નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯**
**ભાસ્યું નિજ સ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;**
**અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦**
**કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;**
**વૃત્તિ વહી નિજ ભાવમાં, થયો અકર્તા ત્યાંય. ૧૨૧**
**અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;**
**કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨**
**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;**
**સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩**
**અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૧૨૪**
**શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;**
**તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫**
**આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;**
**દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬**

**ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;**
**મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭**

છેલ્લી પંદર ગાથાઓમાં ચૂલિકારૂપે ઉપસંહાર કર્યો છે. છ પદને વિસ્તારપૂર્વક વિચારવાથી 'ષટ્દર્શન જિન અંગ ભણીજે' જેમ શ્રી આનંદઘનજીએ ગાયું છે તેમ છયે દર્શન સમજાશે, અને સમ્યગ્દર્શનનાં છયે સ્થાનકમાં નિઃશંક થવાથી સમકિતનો લાભ થશે એમ જણાવી, મિથ્યાત્વ જેવો મોટો રોગ મટાડવા સદ્ગુરુ વૈદ્યને શોધી તેની આજ્ઞારૂપ પથ્ય પાળીને સદ્ગુરુના બોધનો વિચાર ધ્યાનમાં લેવારૂપ ઔષધની ભલામણ કરી છે. ભવસ્થિતિ પાકે નહીં ત્યાં સુધી મોક્ષ ન મળે વગેરે વિચારો તજી સત્પુરુષાર્થ કરી પરમાર્થ સાધવા પ્રેરણા કરી છે. નિશ્ચય નયે આત્માનું જે સ્વરૂપ છે તે લક્ષમાં રાખી સદ્વ્યવહારરૂપ મોક્ષનાં સાધનો આરાધવાં, પણ વ્યવહાર કે નિશ્ચયનો એકાંતે આગ્રહ ન કરવો એવી ચેતવણી આપી છે. આ ગ્રંથમાં કોઈ નય એકાંતે કહ્યો નથી, બન્નેનો ગૌણ મુખ્યપણે યથાયોગ્ય સાથે લક્ષ રાખેલ છે. ગચ્છમતની કલ્પનાઓ સદ્વ્યવહાર ગણાય નહીં; તેમ જ પોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રગટ થયા વિના નિશ્ચયની વાતોમાં કંઈ માલ નથી. ત્રણે કાળના સર્વે જ્ઞાનીનો એક જ માર્ગ છે. નિશ્ચયનયથી સર્વ જીવ સિદ્ધ જેવા છે; પરંતુ સદ્ગુરુની આજ્ઞા અને જિનદશાના અવલંબનરૂપ નિમિત્તથી તે સ્વરૂપ સમજાય તો તે સ્વરૂપ પ્રગટ થાય; માટે સદ્વ્યવહારની પણ જરૂર છે. એકાંતે શુદ્ધ ઉપાદાન કે નિશ્ચયનું નામ લઈને નિમિત્તરૂપ વ્યવહારને તજે તે

ભ્રાંતિમાં ભમે છે, મોક્ષ પામતા નથી. મોઢે જ્ઞાનની વાતો કરે અને હૃદયમાં મોહ ભરપૂર હોય તે પામર પ્રાણી જ્ઞાનીનો દ્રોહ કરે છે, અશાતના કરે છે. પરંતુ મુમુક્ષુ જીવ તો દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય આદિ ગુણોનું સેવન કરી જાગ્રત રહે છે. જેણે મોહનો ક્ષય કર્યો છે કે શાંત કરી દીધો છે તે જ્ઞાનીની દશા પામ્યો છે. સકળ જગત જેને એંઠરૂપ લાગે, સ્વપ્ન સમાન ભાસે તે જ્ઞાનીદશા કહેવાય; બાકી મોહમાં વર્તે છે તે ગમે તેવાં નિશ્ચયનાં વચન બોલે તો પણ તે વાચાજ્ઞાન કે શુષ્કજ્ઞાન છે. પ્રથમનાં પાંચ પદનો વિચાર કરીને મોક્ષના ઉપાયરૂપ છેલ્લા પદમાં જેનું વર્તન હોય તે મોક્ષરૂપ પાંચમું પદ પ્રાપ્ત કરે છે; એ નિઃશંક વાત જણાવી અંતમંગલની ગાથામાં જ્ઞાનીપુરુષને નમસ્કાર જણાવ્યો છે :

**"દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;**
**તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત."** ૧૪૨

ચૌદ પૂર્વનું મધ્યનું – સાતમું પૂર્વ **'आत्मप्रवाद'** નામે છે તે સર્વ પૂર્વના સારરૂપ 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'ની રચના, આત્મસ્વરૂપનો અનુભવ કરીને શ્રીમદે સુગમ રીતે મધ્યસ્થપણે કરી છે. તેનો ઊંડો અભ્યાસ સદ્‌ગુરુ સમીપે થાય તો આત્મજ્ઞાન પામવું સુલભ થાય તેવું આ કળિકાળમાં ઉત્તમ સાધન આપણને પ્રાપ્ત થયું છે. તે સમજવા જિજ્ઞાસુ દશા પ્રાપ્ત કરી આત્મજ્ઞાની ગુરુ સમીપે ભક્તિપૂર્વક તેનું શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવા સર્વને ભલામણ કરું છું. પક્ષપાત કે ખંડન-મંડનની શૈલી ગ્રહણ કર્યા વિના માત્ર સત્ય વસ્તુને સુગમપણે ગ્રહણ કરાય તેવા રૂપે સુંદર પદ્યમાં ૧૪૨ ગાથામાં જ સર્વ

શાસ્ત્રોનો સાર શ્રીમદે 'શ્રી આત્મસિદ્ધિ'માં ભરી દીધો છે.

'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની ચાર નકલોમાંથી એક શ્રી સોભાગ્યભાઈને આપેલી તેના અભ્યાસથી તેમની દશા બહુ ઉચ્ચ થઈ હતી તે આગળ ઉપર જણાવી દીધું છે. શ્રી અંબાલાલભાઈને આજ્ઞા થયેલી તે પ્રમાણે તેમણે અત્યંત ભક્તિભાવથી તેનું વાંચન, મનન, નિદિધ્યાસન કરેલું અને તેનું માહાત્મ્ય ટૂંકામાં શ્રીમદ્ ઉપર લખેલા પત્રમાં જણાવે છે :

''શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર વાંચતાં વિચારતાં મારી અલ્પજ્ઞ મતિથી વિશેષ વિસ્તારપૂર્વક સમજી શકાતું નથી; પણ મારી સાધારણ મતિથી તે ઉત્તમોત્તમ શાસ્ત્ર વિચારતાં મારા મન, વચન, કાયાના યોગ સહેજે પણ આત્મવિચારમાં પ્રવર્તતા હતા; જેનું અનુપ્રેક્ષણ કેટલોક વખત રહેવાથી, રહ્યા કરવાથી સામાન્યપણે પણ બાહ્ય પ્રવર્તવામાં મારી ચિત્તવૃત્તિ સહેજે અટકી જઈ આત્મવિચારમાં રહ્યા કરતી હતી, જેથી મારી કલ્પના પ્રમાણે સહજ સ્વભાવે શાંતિ રહ્યા કરતી હતી, જે ઘણા પરિશ્રમથી પણ મારા ત્રિકરણ જોગ કોઈ અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમે સ્થિર નહીં રહી શકેલા, તે યોગ તે પરમોત્કૃષ્ટ શાસ્ત્ર વિચારવાથી સહજ સ્વભાવે પણ આત્મવિચારમાં, સદ્ગુરુ-ચરણમાં પ્રેમયુક્ત સ્થિર ભાવે રહ્યા કરતા જેથી મારી અલ્પજ્ઞ દૃષ્ટિથી અને મારા સામાન્ય અનુભવથી મારી કલ્પના પ્રમાણે એમ લાગે છે કે જો તેવી રીતે તે જ શાસ્ત્રનું વિશેષ અનુપ્રેક્ષણ દીર્ઘકાળ સુધી રહ્યા કરે તો આત્મવિચાર, આત્મચિંતન સદાય જાગ્રતપણે રહ્યા કરે; અને મન, વચન, કાયાના યોગ પણ આત્મવિચારમાં જ વર્ત્યા કરે.''

સ્વામી શ્રી લલ્લુજી આત્મસિદ્ધિ સંબંધમાં જણાવે છે :

‘‘તે વાંચતાં અને કોઈ કોઈ ગાથા બોલતાં, મારા આત્મામાં આનંદના ઊભરા આવતા. અને એકેક પદમાં અપૂર્વ માહાત્મ્ય છે, એમ મને લાગ્યા કરતું. આત્મસિદ્ધિનો સ્વાધ્યાય, મનન નિરંતર રહ્યા કરી આત્મોલ્લાસ થતો. કોઈની સાથે વાત કે બીજી ક્રિયા કરતાં આત્મસિદ્ધિની સ્મૃતિ રહેતી. પરમકૃપાળુ દેવની શાંત મુખમુદ્રા કિંવા આત્મસિદ્ધિની આત્માનંદ આપનારી ગાથાનું સ્મરણ સહજ રહ્યા કરતું, અન્ય કશું ગમતું નહીં. બીજી વાતો પર તુચ્છ ભાવ રહ્યા કરતો. માહાત્મ્ય માત્ર એક સદ્ગુરુ અને તે ભાવનું આત્મામાં ભાસ્યમાન થતું હતું.’’

ચોથી નકલ શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરીને મોકલાવેલી. તેમણે ‘શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર’નો ભક્તિપૂર્વક અભ્યાસ કરી પોતાને જે ભાવો સ્ફુરેલા તે ‘‘આત્મસિદ્ધિ શાસ્ત્ર’’ના વિવરણરૂપે દર અઠવાડિયે દશબાર પાનાં શ્રી અંબાલાલભાઈ ઉપર લખી મોકલતા. તેમાંનું કંઈ પ્રસિદ્ધ થયું જણાતું નથી. શ્રી અંબાલાલભાઈ આદિના પત્રોમાં તેની સૂચનાઓ આવે છે તે ઉપરથી કંઈક વિસ્તારથી આત્મસિદ્ધિ વિષે શ્રી માણેકલાલભાઈ લખતા એમ જણાય છે. ટૂંકામાં, અનેક યોગ્ય આત્માઓ એ શાસ્ત્રના અવલંબનથી ઉચ્ચ દશા પામે તેવી તે શાસ્ત્રમાં ચમત્કૃતિ છે, એ વાત ઉપરના ઉતારા ઉપરથી પણ સિદ્ધ થાય છે.

## ૨૧

# ચરોતરમાં પુનરાગમન

શ્રીમદ્ નડિયાદમાં સં. ૧૯૫૨ની દિવાળી પછી પણ થોડો વખત રહ્યા હતા. પછી વવાણિયા, મોરબી, સાયલા તરફ વૈશાખ માસ સુધી રહ્યા હતા અને તે જ વૈશાખમાં ઈડર થઈ જેઠ માસમાં મુંબઈ ગયા હતા. આ અરસામાં શ્રી સોભાગ્ય-ભાઈનો સમાધિપૂર્વક દેહ છૂટ્યો હતો. શ્રી લલ્લુજી આદિ છ મુનિઓની શ્રદ્ધા ફરી ગઈ છે એમ ખંભાત સંઘાડાના સાધુ અને શ્રાવકોમાં વિશેષ ચર્ચા થવા લાગી. શ્રી લલ્લુજીને દીક્ષા આપનાર શ્રી હરખચંદજીનો દેહ પણ છૂટી ગયો હતો. તેથી બીજા સાધુઓને ચિંતા થઈ પડી કે જો આ મુનિઓને દબાવીશું નહીં તો તે જુદો વાડો બાંધશે. તેથી તે છમાંના એક એક સાધુને બીજા પક્ષવાળા સાધુઓના સમૂહમાં બોલાવીને વિશેષ પ્રકારે દબાવતા, માર્ગથી પાડવાના પ્રયત્ન કરતા. તો પણ એ છ મુનિઓ સમભાવે રહેતા. શ્રી દેવકરણજી મુનિને સાચી વાતમાં શૂરવીરપણું આવી જતું પણ દબાઈને બેસી રહેતા. લાક્ષાગૃહમાં પાંડવોને બાળવાનો પ્રયત્ન કૌરવોએ કર્યો હતો તેમ આ પરિષહ મુનિઓને સહન કરવો મુશ્કેલ હતો. પરંતુ શ્રીમદ્‌ના ઉપદેશથી તે અંતરંગમાં શાંતિ રાખી શક્યા હતા. કેટલાક થતી જિજ્ઞાસાવાળા મુનિઓને તો એ પ્રસંગે વિશેષ દૃઢતા થઈ કે આત્મકલ્યાણની ઇચ્છાવાળાને એ બધાનો સંગ ભૂંડો છે. દરરોજ નિંદા અને ખટપટમાં કાળ ગાળનાર એક પક્ષ દેખાતો અને એક બાજુ પોતાનો લક્ષ ચૂકયા વિના શાંત ભાવે સહન કરતા થોડા મુનિઓ યથાર્થ સાધુપણું આચરતા જણાતા.

શ્રીમદ્‌ના અમૃત સમાન બોધના પરિણામે મુનિઓને શાંતિ રહેતી. પત્રો પણ વિરોધ શમાવે તેવા આવતા તેમાંથી કંઈક નીચે આપું છું :–

“સત્સમાગમનો પ્રતિબંધ કરવા જણાવે તો તે પ્રતિબંધ ન કરવાની વૃત્તિ જણાવી તો તે યોગ્ય છે, યથાર્થ છે, તે પ્રમાણે વર્તશો. સત્સમાગમનો પ્રતિબંધ કરવો યોગ્ય નથી. તેમ સામાન્યપણે તેમની સાથે સમાધાન રહે એમ વર્તન થાય તેમ હિતકારી છે.

પછી જેમ વિશેષ તે સંગમાં આવવું ન થાય એવાં ક્ષેત્રે વિચરવું યોગ્ય છે, કે જે ક્ષેત્રે આત્મસાધન સુલભપણે થાય.” (૮૯૬)

“અવિરોધ અને એકતા રહે તેમ કર્તવ્ય છે; અને એ સર્વના ઉપકારનો માર્ગ સંભવે છે. ભિન્નતા માની લઈ પ્રવૃત્તિ કરવાથી જીવ ઊલટો ચાલે છે. અભિન્નતા છે, એકતા છે એમાં સહજ સમજવાફેરથી ભિન્નતા માનો છો એમ તે જીવોને શિખામણ પ્રાપ્ત થાય તો સન્મુખવૃત્તિ થવા યોગ્ય છે.

જ્યાં સુધી અન્યોન્ય એકતા વ્યવહાર રહે ત્યાં સુધી સર્વથા કર્તવ્ય છે.”(૯૦૦)

શ્રી લલ્લુજી આદિનું ચાતુર્માસ સં. ૧૯૫૩માં ખેડા થયું હતું. ત્યાં શ્રીમદે તેમના સ્વાધ્યાય માટે ‘મોક્ષમાર્ગ-પ્રકાશક’ ગ્રંથ મોકલ્યો હતો. શ્રીમદ્‌ને મોરબીમાં ત્રણ માસ સં. ૧૯૫૪માં ચૈત્ર માસ સુધી રહેવાનું બન્યું હતું તે પ્રસંગે થયેલાં વ્યાખ્યાનોની એક મુમુક્ષુએ કરેલી નોંધ ‘વ્યાખ્યાનસાર’ નામે ‘શ્રીમદ્ રાજચંદ્ર’ ગ્રંથમાં છપાયેલ છે.

શ્રાવણ માસની શરૂઆતમાં શ્રીમદ્ પેટલાદ થઈ કાવિઠા ગયા હતા. ત્યાં એક માસ અને નવ દિવસ સુધી નિવૃત્તિમાં રહ્યા. શ્રી અંબાલાલભાઈ સાથે રહેતા. મુનિશ્રી લલ્લુજી આદિનું ચોમાસું વસોમાં થયું હતું અને શ્રી દેવકરણજી આદિનું ખેડામાં હતું. તેથી શ્રીમદ્ કાવિઠાથી નડિયાદ થઈને વસો પણ ગયા હતા. શ્રી લલ્લુજીને શ્રીમદે પૂછ્યું : ''કહો મુનિ, અહીં કેટલા દિવસ રહીએ?'' ત્યાં સુધીમાં શ્રી લલ્લુજીને બે, ચાર કે છ દિવસથી વધારે સમાગમનો પ્રસંગ મુંબઈ સિવાય બીજે ક્યાંય બન્યો નહોતો; તેથી વિશેષ સમાગમની ઇચ્છાએ તેમણે જવાબ દીધો : ''એક માસ અહીં રહો તો સારું'' શ્રીમદ્ મૌન રહ્યા. શ્રી દેવકરણજીને ખબર મળી કે શ્રીમદ્ વસો પધાર્યા છે; તેથી તેમની પણ સમાગમ માટે ઉત્કંઠા વધી. પત્રો દ્વારા અને માણસો મોકલીને ખેડા પધારવા તે આગ્રહ કરવા લાગ્યા. તે ઉપરથી શ્રી અંબાલાલભાઈની સૂચનાથી શ્રી લલ્લુજીએ ખેડા પત્ર લખ્યો કે ચાતુર્માસ પછી સમાગમ કરાવવા શ્રીમદ્ ઉપર તમે પત્ર લખો તો આપણે બધાને લાભ મળે તો વિશેષ સારું. શ્રી દેવકરણજીનો તેવા ભાવાર્થનો પત્ર શ્રીમદ્ ઉપર આવ્યો ત્યારે શ્રીમદે શ્રી લલ્લુજીને પૂછ્યું : ''મુનિશ્રી દેવકરણજીને પત્ર કોણે લખ્યો?''

શ્રી લલ્લુજીએ અંબાલાલનું નામ ન લેતાં કહ્યું : ''મેં પત્ર લખ્યો હતો.''

શ્રીમદે કહ્યું : ''આ બધું કામ અંબાલાલનું છે, તમારું નથી.''

શ્રી લલ્લુજી ગામના મોટા મોટા લોકોને ત્યાં આહાર પાણી લેવા જતા ત્યારે બધાને કહેતા કે મુંબઈથી એક મહાત્મા આવ્યા છે, તે બહુ વિદ્વાન છે. તેમનું વ્યાખ્યાન સાંભળવા આવશો તો બહુ

લાભ થશે, એટલે ઘણા માણસો શ્રીમદ્ પાસે આવવા લાગ્યા. એટલે શ્રી લલ્લુજીને શ્રીમદે કહ્યું કે તમારે મુનિઓએ બધા આવે ત્યારે ન આવવું. તેથી તેમને ઘણો પસ્તાવો થયો કે એક માસના સમાગમની માગણી કરી હતી પણ આમ અંતરાય આવી પડ્યો. તેથી પિપાસા બહુ વધી. માત્ર વનમાં શ્રીમદ્ બહાર જતા ત્યારે બધા મુનિઓ વગેરેને જ્ઞાનવાર્તાનો લાભ મળતો.

તે વિષે શ્રી લલ્લુજી સ્વામીના લખાવેલા શ્રીમદ્‌ના પરિચયમાં નીચે પ્રમાણે છે :–

## – ચરામાં પહેલો દિવસ –

‘‘વસોથી એક માઈલના અંતર પર આવેલા ચરામાં એક દિવસ પરમકૃપાળુદેવ મુમુક્ષુ વર્ગ સહિત પધાર્યા. અમે પણ તેઓશ્રીની સાથે હતા. ત્યાં ગયા પછી ધોરીભાઈ પાસે ‘ભરતેશ્વર ભૂપતિ ભયો વૈરાગી’ એ સજ્ઝાય ત્રણ વખત ગવરાવી. આનંદઘનજીકૃત ચોવીસીમાંથી ઓગણીસમા તીર્થંકર મલ્લિ-નાથનું સ્તવન વારંવાર બોલાવ્યું. તે વખતના અમાપ આનંદનું આલેખન શી રીતે થાય? કારણકે પરમગુરુના યોગબળથી, આવાં વૈરાગ્યવૃદ્ધિ કરનારાં કાવ્યો જ્યારે તેમની સમક્ષ ગવરાવવામાં આવતાં, ત્યારે ચોપાસ વૈરાગ્યમય વાતાવરણ છવાઈ રહેતું. સ્તવન બોલી રહ્યા પછી ધોરીભાઈએ પ્રશ્ન કર્યો કે જૈનદર્શન સર્વોત્તમ આપણે માનીએ છીએ તે શી રીતે?

પ્રત્યુત્તરમાં કૃપાળુદેવે જણાવ્યું કે છ વૈદ્યો છે, તેમાં એક ધનવન્તરી નામે સાચો વૈદ્ય છે, તે સત્ય નિદાન અને ચિકિત્સા કરી દરદીને દરદથી મુક્ત કરે છે. આથી જગતમાં પ્રત્યેક સ્થળે તેની ખ્યાતિ પ્રસરી. તે જોઈ પાંચ કૂટ (માયાવી) વૈદ્યોએ પણ

પોતપોતાની દુકાનો ખોલી, ધંધો ચલાવ્યો, અને લોકોને સસ્તી દવા મળવાથી, તેના તરફ વળ્યા. તેમાં સાચા વૈદ્યની દવા જેટલા અંશે દરદીને આપે તેટલા અંશે દરદીને લાભ થાય; પણ પોતાની કાલ્પનિક દવાનો દરદી ઉપર ઉપયોગ કરે ત્યારે રોગની વૃદ્ધિ થાય એમ કહી, તેનો ઉપનય ષટ્દર્શન ઉપર લીધો કે સાચો વૈદ્ય તે સર્વજ્ઞ વીતરાગદેવ છે અને બાકીના પાંચ કૂટ વૈદ્યો છે તે સાચી દવા તરીકે દયા, બ્રહ્મચર્ય આદિ તેની પાસે છે તે સાચા (વીતરાગ) વૈદ્યની છે, તેથી તેના પ્રમાણમાં દરદીને લાભ થાય છે.

દર્શનનું સત્ય સ્વરૂપ સમજાવનાર સદ્‌ગુરુ જોઈએ. કુગુરુ હોય તો જીવને અવળું સમજાવે. તે સંબંધી પોતે કહ્યું કે સદ્‌ગુરુ હોય તે જીવને મોક્ષમાર્ગ પર લાવે અને કુગુરુ જીવનું જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ ધન લૂંટી લઈ દુર્ગતિએ પહોંચાડે છે. તે ઉપર દૃષ્ટાંત : બહાદુર વળાવો લઈ જાન જતી હતી તેને હીજડા ચોર લૂંટારા બની પચ્ચીસનું ટોળું લૂંટવા આવ્યું. ત્યાં તે વળાવે હોંકારો કર્યો કે 'અબે સાલે હીજડે' ત્યાં તો બધું ટોળું ભાગી ગયું. તેમ સદ્‌ગુરુ સાચા હોય તો કર્મ ભાગી જાય છે.

### – ચરામાં બીજો દિવસ –

ચરામાં રસ્તે જતાં પરમકૃપાળુદેવ બોલ્યા કે ધર્મ અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ છે. ત્યારે મેં પૂછ્યું કે અચિંત્ય ચિંતામણિ એટલે શું? ત્યારે પરમગુરુએ જણાવ્યું કે ચિંતામણિ રત્ન છે, એ ચિંતવ્યા પછી ફળ આપે છે. ચિંતવવા જેટલો તેમાં પરિશ્રમ છે અને ધર્મ અચિંત્ય એટલે તેમાં ચિંતવવા જેટલો પણ શ્રમ નથી એવું અચિંત્ય ફળ આપે છે.

આટલી વાત કરતામાં એક રાયણનું વૃક્ષ આવ્યું ત્યાં પરમ કૃપાળુ સહિત અમે સાધુઓ બેઠા. એમ મુમુક્ષુભાઈ સાથે હતા. પરમકૃપાળુ બોલ્યા કે ભગવાન રાયણ તળે બહુ વાર સમવસર્યા છે. આ રાયણ ઘણાં વર્ષની જૂની છે. રાયણનું વૃક્ષ ઘણાં વર્ષો પર્યંત ટકી શકે છે. નજીકમાંથી એક રસ્તો નીકળતો હતો. ત્યાંથી એક માળી પુષ્પો લઈને જતો હતો. તેણે, પરમકૃપાળુ ઉપર સ્વાભાવિક પ્રેમ આવવાથી, પુષ્પો તેઓશ્રીના આગળ મૂક્યાં. આ વખતે મુમુક્ષુ મૂળજીભાઈએ એક આનો તે માળીને આપ્યો. પછી પરમકૃપાળુએ તે પુષ્પોમાંથી એક પુષ્પ લઈ કહ્યું કે જે શ્રાવકે સર્વથા લીલોતરી ખાવાનો ત્યાગ કર્યો હોય તે ભગવાનને પુષ્પ ચડાવી શકે નહીં; પણ જેણે લીલોતરીનો ત્યાગ કર્યો નથી એ પોતાના ખાવામાંથી લીલોતરી કમી કરી ભગવાનને ભક્તિભાવે પુષ્પ ચડાવે, અને મુનિને પુષ્પ ચડાવવાનો સર્વથા ત્યાગ હોય છે. તેમજ પુષ્પ ચડાવવા મુનિ ઉપદેશ પણ આપી શકે નહીં, એવું પૂર્વાચાર્યો કહી ગયા છે. પુષ્પ સંબંધી આ ખુલાસો કર્યા પછી પ્રતિમાજી સંબંધી પોતે જણાવ્યું કે સ્થાનકવાસીના એક સાધુ જે ઘણા વિદ્વાન હતા, તેઓ એક વખત વનમાં વિહાર કરીને જતા હતા ત્યાં એક જિન દેરાસર આવ્યું; તેમાં વિશ્રાંતિ લેવા પ્રવેશ કર્યો તો સામે જિનપ્રતિમા દીઠી, તેથી તેની વૃત્તિ શાંત થઈ અને મનમાં ઉલ્લાસ થયો. શાંત એવી જિન પ્રતિમા સત્ય છે એવું તેમના મનમાં થયું.

અહીં મોહનલાલજીએ પ્રશ્ન કર્યો કે શાસ્ત્રમાં એમ કહેવામાં આવેલ છે કે જિનકલ્પીનો સ્થવિરકલ્પમાં આવ્યા પછી મોક્ષ થાય છે, તે શી રીતે? ત્યારે પોતે હસીને બોલ્યા કે સ્થવિર-

કલ્પીઓ જિનકલ્પી ઉપર દાઝે બળ્યા તેથી બોલ્યા કે તમે સ્થવિરકલ્પી થશો, ત્યારે તમારો મોક્ષ છે. આમ આનંદપૂર્વક જવાબ આપ્યો; ત્યાર પછી ચરામાંથી સૌ પોતપોતાને સ્થાને ગયા.

### – ચરામાં ત્રીજો દિવસ –

ત્રીજે દિવસે બપોરના એ જ ચરામાં અને એ જ રાયણના વૃક્ષ નીચે ગયા. આ વખતે કૃપાળુદેવ અને અમે મુનિઓ જ માત્ર ગયા હતા. પરંતુ પાછળથી મુમુક્ષુભાઈઓ અને કેટલીક બહેનો ત્યાં દર્શન, સમાગમ માટે આવેલાં. સૌ બેઠા પછી ભાદરણ-વાળા ધોરીભાઈને મલ્લિનાથનું સ્તવન આનંદઘનજી મહારાજનું બનાવેલું બોલવા તેઓશ્રીએ આજ્ઞા કરી અને વારંવાર તે આઠ વખત બોલાવરાવ્યું, તેના અર્થ ધોરીભાઈ પાસે કરાવ્યા. પછી એ જ સ્તવનના વિશેષાર્થ પોતે અલૌકિક કર્યા. ત્યાંથી આનંદની ધૂનમાં ગાથા બોલતાં ગામ તરફ સિધાવ્યા.

**રાગીશું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ, મનરાવાલા;**
**રાગ વિના કેમ દાખવો રે, મુક્તિસુંદરીમાગ, મનરાવાલા.**

શ્રી આનંદઘનજી કૃત-નેમિનાથસ્વામી સ્તવન

અને મનહર પદમાંથી 'જેનો કાળ તે કિંકર થઈ રહ્યો' એ પદ આકર્ષક અવાજે મોટા સૂરથી બોલતા હતા અને પ્રેમાવેશ દ્વારા બીજાના હૃદયમાં પણ દિવ્યાનંદનો સંચાર થાય અને હૃદય પ્રેમપ્રવાહે છલોછલ ઊભરાઈ જાય, એવા આનંદ સહિત છેક મકાન સુધી ધૂન ચાલી. તેઓશ્રીની પાછળ પાછળ અમે સાધુઓ તથા મુમુક્ષુઓ ગામમાં આવ્યા.

એક દિવસે મોહનલાલજી ઉત્તરાધ્યયનજીમાંથી ભૃગુ પુરોહિતવાળું અધ્યયન ૧૪મું ઉપાશ્રયમાં વાંચી સમજાવતા

હતા; તેમાં એક એવો પાઠ છે કે બ્રાહ્મણને જમાડવાથી જીવ તમતમામાં જાય. આ પાઠનું વાંચન કરતાં સંશય થયો એટલે આ બાબતમાં આપણે પરમકૃપાળુદેવને પૂછવું એમ ધારી અમે તેઓશ્રીના મુકામે ગયા. ઉત્તરાધ્યયનજીનો પાઠ બતાવ્યો. ત્યારે પોતે કહ્યું કે તમતમા એટલે અંધકાર, તે મિથ્યાત્વ છે. તેમાં જાય એટલે ધર્મબુદ્ધિએ બ્રાહ્મણને જમાડવાથી મિથ્યાત્વનું પોષણ થાય, તેના પરિણામે જીવ અનંતકાળ પર્યંત રખડે, તેમજ અનંતકાળ નરકાદિ ગતિઓમાં દુઃખ ભોગવે. તદુપરાંત વિવેચન કર્યું કે 'સૂયગડાંગ'માં બ્રાહ્મણને બિલાડા જેવા કહ્યા છે, કારણકે તેની વૃત્તિ બીજાનું લઈ લેવા તાકી રહેલી હોય છે. તેથી તે રૂપે વર્ણન કર્યું છે.

આવો શાસ્ત્રના પરમાર્થરૂપ ખુલાસો સાંભળવાથી સદ્ગુરુ વિષે પ્રતીતિ વૃદ્ધિપણાને પામી. એક વખતે પ્રાસંગિક બોધ આપતાં કહેલું કે સમકિતીને આઠ મદ માંહેલો એક પણ મદ હોય નહીં. તેમજ જીવને ચાર દોષોમાંનો એક પણ દોષ હોય ત્યાં સુધી સમકિત થાય નહીં; તે ચાર દોષો :— (૧) અવિનય (૨) અહંકાર (૩) અર્ધદગ્ધતા (૪) રસગૃદ્ધિ એ છે, તેના સમર્થનમાં 'ઠાણાંગ' સૂત્રનો પુરાવો આપ્યો હતો.

એક દિવસે પરમકૃપાળુદેવે અમને બોલાવ્યા. અમે મુનિઓ ત્યાં ગયા, નમસ્કાર કરી બેઠા, એટલે અમને બેસી રહેવાની આજ્ઞા કરી અને પોતે ઊભા થઈ મકાનનાં બારીબારણાં બંધ કરી દીધાં. માત્ર અમે ત્રણ સાધુ અને પોતે એમ ચાર રહ્યા. આ વખતે અમને મુનિઓને ઉદ્દેશીને ઇંદ્રિયનિગ્રહ સંબંધી અમાપ બોધ કર્યો હતો, અને કહેવામાં આવ્યું હતું કે જે આહાર માંસને

વધારે છે તેવો શરીરને પુષ્ટ કરનારો આહાર તે માંસ ખાવા બરાબર છે. આ બોધની ખુમારી દીર્ઘકાળ સુધી રહી હતી.''

એક દિવસે વનમાં વાવ પાસે શ્રીમદ્ મુનિઓ સાથે વાત કરતા બેઠા હતા. શ્રી ચતુરલાલજી મુનિ તરફ જોઈને શ્રીમદે પૂછ્યું : ''તમે સંયમ ગ્રહણ કર્યો ત્યારથી આજ સુધી શું કર્યું ?''

શ્રી ચતુરલાલજીએ કહ્યું : ''સવારે ચાનું પાત્ર ભરી લાવીએ છીએ તે પીએ છીએ; તે પછી છીંકણી વહોરી લાવીએ છીએ, તે સૂંઘીએ છીએ; પછી આહારની વખતે આહારપાણી વહોરી લાવીએ છીએ, તે આહારપાણી કર્યા પછી સૂઈ રહીએ છીએ; સાંજે પ્રતિક્રમણ કરીએ છીએ અને રાત્રે સૂઈ રહીએ છીએ.''

શ્રીમદે વિનોદમાં કહ્યું : ''ચા અને છીંકણી વહોરી લાવવી અને આહારપાણી કરી સૂઈ રહેવું તેનું નામ દર્શન, જ્ઞાન, ચારિત્ર ?''

પછી આત્મજાગૃતિ અર્થે બોધ આપી શ્રી લલ્લુજીને ભલામણ કરતાં કહ્યું : ''બીજા મુનિઓનો પ્રમાદ છોડાવી, ભણવા તથા વાંચવામાં, સ્વાધ્યાય ધ્યાન કરવામાં કાળ વ્યતીત કરાવવો અને તમારે સર્વેએ એક વખત દિવસમાં આહાર કરવો; ચા તથા છીંકણી વિના કારણે હંમેશાં લાવવી નહીં, તમારે સંસ્કૃતનો અભ્યાસ કરવો.''

મુનિ મોહનલાલજીએ કહ્યું : ''મહારાજશ્રી તથા શ્રી દેવકરણજીની અવસ્થા થઈ છે એ ભણવાનો જોગ ક્યાંથી બને ?''

શ્રીમદે તેના ઉત્તરમાં કહ્યું : ''યોગ બની આવ્યેથી અભ્યાસ

કરવો, અને તે થઈ શકે છે; કેમકે વિક્ટોરિયા રાણીની વૃદ્ધ અવસ્થા છે છતાં બીજા દેશની ભાષાનો અભ્યાસ કરે છે.''

એક વખતે શ્રી મોહનલાલજી મુનિએ શ્રીમદ્‌ને એક પત્રમાં લખીને જણાવ્યું કે મને વ્યાખ્યાન વાંચતાં આવડતું નથી, અને કહી દેખાડતાં પણ આવડતું નથી માટે આપ આજ્ઞા કરો તો હું વ્યાખ્યાન વાંચવાનું બંધ કરું; તેના ઉત્તરમાં શ્રીમદે જણાવ્યું : ''સાધુઓએ સ્વાધ્યાય કરવો જોઈએ; સ્વાધ્યાય, ધ્યાન વિના મુનિ કાળ વ્યતીત કરે નહીં; જ્યારે વ્યાખ્યાનસમય હોય ત્યારે એમ વિચારવું કે મારે સ્વાધ્યાય કરવો છે; માટે મોટેથી ઉચ્ચાર કરી અન્ય સાંભળે એવા અવાજથી સ્વાધ્યાય કરું છું, એવી ભાવના રાખવી. કંઈ આહાર આદિની પણ તેમની પાસેથી કામના રાખવી નહીં; નિષ્કામ ભાવે વ્યાખ્યાન વખતે સ્વાધ્યાય કરવો.''

પછી શ્રી મોહનલાલજી મુનિએ પૂછ્યું : ''મન સ્થિર થતું નથી, તેનો શો ઉપાય?''

શ્રીમદે ઉત્તરમાં જણાવ્યું : ''એક પળ પણ નકામો કાળ કાઢવો નહીં. કોઈ સારું પુસ્તક વૈરાગ્યાદિની વૃદ્ધિ થાય તેવું વાંચવું, વિચારવું; એ કાંઈ ન હોય તો છેવટે માળા ગણવી. પણ જો મનને નવરું મેલશો તો ક્ષણવારમાં સત્યાનાશ વાળી દે તેવું છે. માટે તેને સદ્‌વિચારરૂપ ખોરાક આપવો. જેમ ઢોરને કંઈ ને કંઈ ખાવાનું જોઈએ, દાણનો ટોપલો આગળ મૂક્યો હોય તો તે ખાયા કરે છે, તેમ મન ઢોર જેવું છે; બીજા વિકલ્પો બંધ કરવા માટે સદ્‌વિચારરૂપ ખોરાક આપવાની જરૂર છે. મન કહે તેથી ઊલટું વર્તવું; તેને વશ થઈ તણાઈ જવું નહીં. તેને ગમે તેથી આપણે બીજું ચાલવું, વર્તવું.''

મુનિ મોહનલાલજીએ પૂછ્યું : ‘‘મારે ધ્યાન કેવી રીતે કરવું?’’

શ્રીમદે ઉત્તર આપ્યો : ‘‘શ્રી લલ્લુજી મહારાજ ભક્તિ કરે તે વખતે તમારે કાઉસગ્ગ કરી સાંભળ્યા કરવું; અર્થનું ચિંતન કરવું.’’

એક માસ પૂર્ણ થયો ત્યારે મુનિઓને જાગૃતિ આપતાં શ્રીમદે કહ્યું : ‘‘હે મુનિઓ! અત્યારે જ્ઞાનીપુરુષના પ્રત્યક્ષ સમાગમમાં તમે પ્રમાદ કરો છો, પણ જ્ઞાનીપુરુષ નહીં હોય ત્યારે પશ્ચાત્તાપ પામશો. પાંચસો, પાંચસો ગાઉ પર્યટન કરવા છતાં જ્ઞાનીનો સમાગમ થશે નહીં.’’

શ્રી લલ્લુજી સ્વામીને શ્રીમદે જણાવ્યું : ‘‘જે કોઈ મુમુક્ષુભાઈઓ તેમ જ બહેનો તમારી પાસે આત્માર્થ સાધન માગે તેને આ પ્રમાણે આત્મહિતનાં સાધન બતાવવાં :

(૧) સાત વ્યસનના ત્યાગનો નિયમ કરાવવો.

(૨) લીલોતરીનો ત્યાગ કરાવવો.

(૩) કંદમૂળનો ત્યાગ કરાવવો.

(૪) અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરાવવો.

(૫) રાત્રિભોજનનો ત્યાગ કરાવવો.

(૬) પાંચ માળા ફેરવવાનો નિયમ કરાવવો.

(૭) સ્મરણ બતાવવું.

(૮) ક્ષમાપનાનો પાઠ અને વીસ દોહરાનું પઠન મનન નિત્ય કરવા જણાવવું.

(૯) સત્સમાગમ અને સત્શાસ્ત્રનું સેવન કરવા જણાવવું.’’

શ્રીમદે લખેલ અભ્યંતર નોંધપોથીમાંથી અમુક ભાગ શ્રી લલ્લુજીને લાભકારક હતો તે ઉતારી આપવા શ્રી અંબાલાલભાઈને સૂચના કરી અને તેનું અવગાહન કરવા શ્રી લલ્લુજીને ભલામણ કરી હતી. ઘણી તીવ્ર પિપાસા પછી પ્રાપ્ત થયેલ આ સાધનથી શ્રી લલ્લુજીને પરમ શાંતિ થઈ.

છેલ્લે દિવસે શ્રી લલ્લુજી મુનિને શ્રીમદ્જીએ એક કલાક બોધ આપ્યો અને દૃષ્ટિરાગ પલટાવી આત્મદૃષ્ટિ કરાવી. ઘણા પ્રશ્નોત્તરો પછી જ્યારે શ્રી લલ્લુજી સ્વામીને તે આશય હૃદયગત થયો ત્યારે શ્રીમદ્જી બોલતા અટકી ગયા.

વસોમાં મોતીલાલ નામના નડિયાદના ભાવસાર શ્રીમદ્‌ની સેવામાં રહેતા તેની મારફતે નડિયાદની આજુબાજુમાં કોઈ એકાંત સ્થળ રહેવા યોગ્ય હોય તેની તપાસ શ્રીમદે કરાવી હતી. નડિયાદ અને ઉત્તરસંડાની વચમાં એક બંગલો મળી શકે તેવી ગોઠવણ થઈ. એટલે શ્રી અંબાલાલ, લહેરાભાઈ અને મોતીલાલ એ ત્રણની સાથે શ્રીમદ્ ઉત્તરસંડાને બંગલે પધાર્યા. બીજા કોઈને ત્યાં આવવાની મનાઈ કરી હતી. પંદર દિવસ સુધી શ્રી અંબાલાલભાઈ સેવામાં રહ્યા અને બધી વ્યવસ્થા પોતે કરી લેતા. પરંતુ શ્રીમદ્‌ને તદ્દન એકાંત નિવૃત્તિની વૃત્તિ હોવાથી, શ્રી અંબાલાલભાઈ રસોઈનો સામાન, ગાદલાં, વાસણ વગેરે લાવ્યા હતા તે બધું લઈ જવાની આજ્ઞા કરી, એક મોતીલાલને સેવામાં રાખ્યા. શ્રી અંબાલાલ બંગલો ખાલી કરી બધો સામાન ગાડામાં ભરાવી લઈ નડિયાદ ગયા. મોતીલાલે પોતાને માટે એક ગાદલું રખાવ્યું હતું તે અને પાણીના લોટા સિવાય બીજું કંઈ રહ્યું નહીં. શ્રી અંબાલાલ મોતીલાલને સૂચના આપતા ગયા

હતા કે રાત્રે બે ત્રણ વખત શ્રીમદ્જીની તપાસ રાખતા રહેજો. શ્રીમદ્ વનમાં એકલા દૂર ફરવા ગયેલા તે સાડા દશ વાગે રાત્રે આવ્યા. મોતીલાલે ઓસરીમાં હીંચકો હતો તેના ઉપર પોતાને માટે રખાવેલું ગાદલું પાથર્યું હતું. તે જોઈ શ્રીમદે કહ્યું : ‘‘ગાદલું ક્યાંથી લાવ્યા ?’’

મોતીલાલે કહ્યું : ‘‘મારે માટે રખાવ્યું હતું તે પાથર્યું છે.’’

શ્રીમદે કહ્યું : ‘‘તમે તે ગાદલું લઈ લ્યો.’’

મોતીલાલે ઘણો આગ્રહ કર્યો એટલે રહેવા દીધું. થોડી વાર પછી મોતીલાલ તપાસ કરવા આવ્યા ત્યારે ગાદલું નીચે પડેલું; અને મચ્છર ઘણાં લાગ્યાં. તેથી એક ધોતિયું શ્રીમદ્ ઉપર ઓરાઢી પાછા તે અંદર જઈ સૂઈ ગયા. વળી ફરી રાત્રે તપાસ કરવા મોતીલાલ આવ્યા ત્યારે ધોતિયું ઓરાઢેલું નીચે પડેલું, અને શ્રીમદ્ ગાથાઓ બોલ્યા કરતા હતા. તેથી ફરી ઓરાઢી તે સૂઈ ગયા. આમ શરીરની દરકાર કર્યા વિના ધર્મધ્યાનમાં રાતે પણ શ્રીમદ્ લીન રહેતા. બીજે દિવસે જંગલમાં સવારે ફરવા ગયા હતા તે બે કલાકે આવ્યા. શ્રીમદ્ને માટે એક શેતરંજી પાથરી મેડે બેસારી પાસે પુસ્તક મૂકી મોતીલાલ નીચે આવ્યા. એટલામાં એક પટેલ ગામમાંથી આવ્યા. તેમણે અંબાલાલ શેઠ ક્યાં ગયા એમ પૂછ્યું. એટલે મોતીલાલે ‘આજ્ઞા સિવાય ન કહી શકાય’ એમ કહી મેડે જઈ પટેલ સંબંધી વાત શ્રીમદ્ને જણાવી. શ્રીમદે કહ્યું : પટેલને એમ કહો કે ખાવાપીવાની કંઈ અડચણ નથી.

મોતીલાલે આવીને પટેલને તે પ્રમાણે કહ્યું એટલે પટેલ પાછા ચાલ્યા ગયા, પણ મોતીલાલને વિચાર થયો કે ખાવા-

પીવા સંબંધી હવે પૂછવું જોઈએ, એટલે મેડે જઈને શ્રીમદ્‌ને પૂછ્યું : ‘‘ખાવાપીવા માટે કેમ છે?’’

શ્રીમદે કહ્યું : ‘‘તમે નડિયાદ જાઓ, તમારાં બાઈને નવરાવીને રોટલી તથા શાક કરાવજો. વાસણ લોખંડનું વાપરે નહીં, અને શાક વગેરેમાં પાણી તથા તેલ નાખે નહીં તેમ જણાવજો.’’

મોતીલાલ નડિયાદ ગયા અને કહેલી સૂચના પ્રમાણે રોટલી અને શાક તૈયાર કરાવ્યાં. શ્રી અંબાલાલભાઈ નડિયાદમાં જ હતા. તેમણે ચૂરમું વગેરે રસોઈ તૈયાર કરાવી મૂકી હતી. પરંતુ આજ્ઞા થઈ હતી તે પ્રમાણે દૂધ અને ઘીમાં બનેલી રસોઈ તે બંગલે લાવ્યા; તે વાપરીને શ્રીમદે પૂછ્યું : ‘‘વાણિયાભાઈ (શ્રી અંબાલાલ) ત્યાં છે કે?’’ મોતીલાલે કહ્યું : ‘‘હા જી, છે.’’

મોતીલાલ નડિયાદ ખાઈને આવતા અને શ્રીમદ્‌ને માટે શુદ્ધ ખોરાક લેતા આવતા. મોતીલાલે પણ એક જ વખત આહાર લેવાનું રાખ્યું હતું; કારણ કે પ્રમાદ ઓછો થાય.

સાંજના શ્રીમદ્ બહાર દૂર ફરવા જતા અને દશેક વાગ્યે પાછા આવતા. કોઈ વખત મોતીલાલ પણ સાથે જતા. એક દિવસે ચાલતાં ચાલતાં શ્રીમદે જણાવ્યું : ‘‘તમે પ્રમાદમાં શું પડ્યા રહ્યા છો? વર્તમાનમાં માર્ગ એવો કાંટાથી ભર્યો છે કે તે કાંટા ખસેડતાં અમને જે શ્રમ વેઠવો પડ્યો છે તે અમારો આત્મા જાણે છે. જો વર્તમાનમાં જ્ઞાની હોત તો અમે તેમની પૂઠે પૂઠે ચાલ્યા જાત, પણ તમને પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ છે છતાં એવા યોગથી જાગ્રત થતા નથી. પ્રમાદ દૂર કરો, જાગ્રત થાઓ.

અમે જ્યારે વીર પ્રભુના છેલ્લા શિષ્ય હતા, તે વખતમાં લઘુશંકા જેટલો પ્રમાદ કરવાથી અમારે આટલા ભવ કરવા પડ્યા. પણ જીવોને અત્યંત પ્રમાદ છતાં બિલકુલ કાળજી નથી. જીવોને પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષોનું ઓળખાણ થવું ઘણું જ દુર્લભ છે.''

એક દિવસે મોતીલાલે પોતાનાં પત્નીને સૂચના આપેલી કે મેલ ટ્રેન ગયા બાદ તમે જમવાનું લઈને બંગલા તરફ આવજો, અને ત્રણ-ચાર ખેતર દૂર બેસજો. ત્યાંથી હું આવીને લઈ જઈશ. પરંતુ તે બંગલા પાસે આવી પહોંચ્યાં, તેથી મોતીલાલે તે બાઈને બહુ ઠપકો આપ્યો; કારણકે શ્રીમદ્‌ને તે વાત જણાવવાની જરૂર નહોતી. તે વાત શ્રીમદ્‌ના જાણવામાં આવી ગઈ, એટલે મોતીલાલને કહ્યું : ''શા માટે તમે ખીજ્યા ? તમે ધણીપણું બજાવો છો ? નહીં નહીં, એમ નહીં થવું જોઈએ. ઊલટો તમારે તે બાઈનો ઉપકાર માનવો જોઈએ. એ બાઈ આઠમે ભવે મોક્ષપદ પામવાનાં છે. તે બાઈને અહીં આવવા દો.''

મોતીલાલે તુરત જઈને બાઈને કહ્યું : ''તમારે દર્શન કરવાની ઇચ્છા હોય તો આવો. તમને આવવાની આજ્ઞા આપી છે.''

તે બાઈ દર્શન કરી ગયાં. શ્રીમદે પ્રમાદ તજવા ઉપદેશ દીધો હતો : ''પ્રમાદથી જાગૃત થાઓ; કેમ પુરુષાર્થરહિત આમ મંદપણે વર્તો છો ? આવો જોગ મળવો મહાવિકટ છે. મહા પુણ્યે કરીને આવો જોગ મળ્યો છે તો વ્યર્થ કાં ગુમાવો છો ? જાગૃત થાઓ, જાગૃત થાઓ. અમારું ગમે તે પ્રકારે કહેવું થાય છે તે માત્ર જાગૃત થવા માટે જ કહેવું થાય છે.''

આ વનક્ષેત્રે શ્રીમદ્ બે રૂપિયાભાર લોટની રોટલી તથા થોડું દૂધ આખા દિવસમાં વાપરતા. બીજી વખત દૂધ પણ લેતા નહીં. એક પંચિયું વચમાંથી પહેરતા અને બન્ને છેડા સામસામા ખભા ઉપર નાખતા. એક વખતે શ્રીમદે કહેલું કે આ શરીર અમારી સાથે કજિયો કરે છે; પણ અમે પાર પડવા દેતા નથી.

ઉત્તરસંડાથી શ્રીમદ્ મોતીલાલ સાથે ઘોડાગાડીમાં બેસીને ખેડા ગયા. ગામ બહાર બંગલે મુકામ કર્યો હતો. શ્રી અંબાલાલભાઈ ખેડા આવી બે દિવસ ગામમાં રહ્યા હતા, અને દર્શન કરવાની આજ્ઞા મેળવવા પ્રયત્ન કરતા હતા. શ્રીમદ્‌ની આજ્ઞા પછી મળી ત્યારે તેમને દર્શન થયાં હતાં.

એક દિવસે ફરવા જતાં મોતીલાલે પોતાનાં નવાં પગરખાં શ્રીમદ્‌ની આગળ મૂક્યાં, તે તેમણે પહેરી લીધાં. ગાઉ દોઢ ગાઉ ચાલ્યા પછી એક જગ્યાએ બેઠા ત્યાં મોતીલાલે પગ તરફ નજર કરી તો, પગરખાં ડંખેલાં અને ચામડી ઊખડી હતી ત્યાંથી લોહી નીકળતું હતું. શ્રીમદ્‌નું તે તરફ લક્ષ નહોતું. મોતીલાલને ખેદ થયો. પગરખાં કાઢી લઈ ચામડી સાચવીને સાફ કરી, ધૂળ ચોંટેલી દૂર કરી. મોતીલાલે પછીથી તે પગરખાં ઊંચકી લીધાં. આગળ ચાલતાં લીમડા ઉપર વાંદરો હતો તેના તરફ જોઈને શ્રીમદ્ હસ્યા અને બોલ્યા : 'મહાત્મા, પરિગ્રહ રહિત છો અને અપ્રતિબંધ સ્થળ ભોગવો છો પણ યાદ રાખજો કે હમણાં મોક્ષ નથી.'

શ્રી દેવકરણજી આદિ મુનિઓ આ વખતે ખેડામાં હતા. તેમને ત્રેવીસ દિવસ શ્રીમદ્‌નો સમાગમ રહ્યો. ઘણો વખત મુનિઓને લાભ મળતો અને શ્રી દેવકરણજી પ્રજ્ઞાવંત હોવાથી

તેમના આગ્રહ દૂર થઈ શ્રીમદ્ ઉપર સારી શ્રદ્ધા બેઠી; તેનું વર્ણન પોતે શ્રી લલ્લુજી ઉપર વસો પત્ર લખ્યો હતો તેમાં કરેલું છે; તે વિચારવા યોગ્ય હોવાથી અહીં આપ્યો છે :

ૐ

“પરમકૃપાળુ મુનિશ્રીની સેવામાં—મુ૦ વસો શુભક્ષેત્ર.

ખેડાથી લિ૦ મુનિ દેવકરણજીના સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય.

‘ઉત્તરાધ્યયન’ના બત્રીસમા અધ્યયનનો બોધ થતાં અસદ્ગુરુની ભ્રાંતિ ગઈ; સદ્ગુરુની પરિપૂર્ણ પ્રતીતિ થઈ, અત્યંત નિશ્ચય થયો, તે વખતે રોમાંચિત ઉલ્લસ્યાં; સત્પુરુષની પ્રતીતિનો દૃઢ નિશ્ચય રોમ રોમ ઊતરી ગયો. આજ્ઞાવશ વૃત્તિ થઈ. રસાસ્વાદ વગેરે વિષય-આસક્તિના નિકંદન થવા વિષે અદ્ભુત, આશ્ચર્ય-ઉપદેશ થયો કે નિદ્રાદિ, ક્રોધાદિ પ્રકૃતિઓ પ્રત્યે શત્રુભાવે વર્તવું, તેને અપમાન દેવું, તેમ છતાં ન માને તો ક્રૂર થઈ તે ઉપશમાવવા ગાળી દેવી, તેમ છતાં ન માને તો ખ્યાલમાં રાખી, વખત આવ્યે મારી નાખવી. ક્ષત્રિય ભાવે વર્તવું; તો જ વૈરીઓનો પરાજય કરી સમાધિસુખને પામશો. વળી પરમ ગુરુની વનક્ષેત્ર(ઉત્તરસંડા)ની દશા વિશેષ, અદ્ભુત વૈરાગ્યની, જ્ઞાનની જે તેજોમય અવસ્થા પામેલ આત્મજ્ઞાનની વાત સાંભળી દિગ્મૂઢ થઈ ગયો :—

એક દિવસે આહાર કરીને હું કૃપાનાથ (શ્રીમદ્) ઊતરેલા તે મુકામે ગયો. તે બંગલાને ચાર માળ હતા. તેના ત્રીજા માળે પરમકૃપાળુદેવ બિરાજ્યા હતા. તે વખતે તેમની અદ્ભુત દશા મારા જોવામાં આવ્યાથી મેં જાણ્યું કે હું આ અવસરે છતો થઈશ

તો તે આનંદમાં કંઈ ફેરફાર થશે, એમ વિચારી હું એક ભીંતના પડદે રહી સાંભળતો હતો. તે કૃપાનાથ પોતે પોતાને કહે છે :—

અડતાળીસની સાલમાં (સં. ૧૯૪૮) રાળજ બિરાજ્યા હતા તે મહાત્મા શાંત અને શીતળ હતા. હાલ સાલમાં વસો ક્ષેત્રે વર્તતા મહાત્મા પરમ અદ્‌ભુત યોગીંદ્ર પરમ સમાધિમાં રહેતા હતા. અને આ વનક્ષેત્રે વર્તતા પરમાત્મા પણ અદ્‌ભુત યોગીંદ્ર પરમ શાંત બિરાજે છે. એવું પોતે પોતાની નગ્નભાવી, અલિંગી, નિઃસંગ દશા વર્ણવતા હતા.

આપે કહ્યું તેમજ થયું, ફળ પાક્યું, રસ ચાખ્યો, શાંત થયા; આજ્ઞાવડીએ હંમેશાં શાંત રહીશું. એવી વૃત્તિ ચાલે છે કે જાણે સત્પુરુષના ચરણમાં મોક્ષ પ્રત્યક્ષ નજરે આવે છે. પરમ-કૃપાળુદેવે પૂર્ણ કૃપા કરી છે. સૂત્રકૃતાંગ, પ્રથમ શ્રુતસ્કંધ, દશમું સમાધિ અધ્યયન મારી પાસે કાવ્યો બોલાવી, પરમગુરુ સ્પષ્ટ ખુલ્લા અર્થ કરી, સમજાવતા હતા; પૂર્ણ સાંભળ્યું. વળી તેરમું યથાતથ્ય અધ્યયન મારી સમીપ બે દિવસ એકાંતમાં વાંચવા આપ્યું હતું. તે પછી પોતે ખુલ્લા અર્થ સમજાવ્યા હતા. અલ્પ બુદ્ધિ વડે કંઈક સ્મરણમાં લેવાયા હશે. અમે એક આહારનો વખત એળે ગુમાવીએ છીએ. બાકી તો સદ્‌ગુરુ સેવામાં કાળ વ્યતીત થાય છે; એટલે બસ છે. તેનું તે જ વાક્ય તે જ મુખમાંથી જ્યારે શ્રવણ કરીએ છીએ ત્યારે નવું જ દીસે છે. એટલે હાલમાં પત્રાદિથી જણાવવાનું બન્યું નથી, તેની ક્ષમાપના ઇચ્છું છું. લખવાનું એ જ કે હર્ષસહિત શ્રવણ કર્યા કરીએ છીએ. સર્વોપરી ઉપદેશમાં એમ જ આવ્યા કરે છે કે શરીર

કૃશ કરી, માંહેનું તત્ત્વ શોધી, કલેવરને ફેંકીને ચાલ્યા જાઓ; વિષય કષાયરૂપ ચોરને અંદરથી બહાર કાઢી, બાળી જાળી, ફૂંકી મૂકી, તેનું સ્નાનસૂતક કરી, તેનો દહાડો પવાડો કરી શાંત થાઓ; છૂટી જાઓ; શમાઈ જાઓ; શાંતિ, શાંતિ, શાંતિ થાઓ; વહેલા વહેલા તાકીદ કરો. જ્ઞાની સદ્‌ગુરુનાં ઉપદેશેલાં વચનો સાંભળીને એક વચન પણ પૂર્ણ પ્રેમથી ગ્રહણ કરે, એક પણ સદ્‌ગુરુ-વચનનું પૂર્ણ પ્રેમથી આરાધન કરે, તો તે આરાધના એ જ મોક્ષ છે; મોક્ષ બતાવે છે.''

શ્રી દેવકરણજી સાથે શ્રી લક્ષ્મીચંદજી મુનિ હતા તેમને શ્રીમદે એક દિવસે કહ્યું : ''તમારે ધ્યાન કરવું હોય તે વખતે પદ્માસન વાળી હાથ ઉપર હાથ રાખી નાસિકા ઉપર દૃષ્ટિ રાખીને કરવું, તેમાં 'લોગસ્સ' અગર 'પંચ પરમેષ્ઠી મંત્ર'નો જાપ કરવો.''

શ્રી લક્ષ્મીચંદજીએ કહ્યું : ''હું કંઈ સમજતો નથી.''

શ્રીમદે કહ્યું : ''અમારા ઉપર તમને આસ્થા છે?''

શ્રી લક્ષ્મીચંદજી મુનિએ કહ્યું : ''હા, અમને પૂર્ણ આસ્થા છે.''

શ્રીમદે કહ્યું : ''અમારા કહેવા પ્રમાણે ચાલશો તો ભણેલા કરતાં તમારો વહેલો મોક્ષ થશે; માટે તમને ચૌદ પૂર્વનો સાર કહીએ છીએ કે વિકલ્પો ઊઠવા દેવા નહીં; અને વિકલ્પો ઊઠે તેને દબાવી દેવા.''

ખેડાના તે જ બંગલામાં એક દિવસે ચારે મુનિઓ શ્રીમદ્ પાસે ગયા ત્યારે શ્રીમદે કહ્યું : ''આજે અમારે તમારી સાથે

બોલવું નથી.'' પરંતુ મુનિઓ અગિયાર વાગ્યાથી ચાર વાગ્યા સુધી શ્રીમદ્‌ની મુદ્રા પર દૃષ્ટિ રાખી બેસી રહ્યા. છેવટે શ્રીમદ્ બોલ્યા : ''આજે અમારે બોલવું નહોતું, પણ કહીએ છીએ કે તમે શું કરો છો?''

મુનિઓએ કહ્યું : ''અમે આપની મુખમુદ્રાને જોયા કરીએ છીએ.''

શ્રીમદે કહ્યું : ''આજે અંતરમાં ઊંડું બી વાવીએ છીએ. પછી તમારો જેવો ક્ષયોપશમ હશે તે પ્રમાણે લાભ થશે.'' એમ કહી અદ્‌ભુત બોધદાન દીધું.

પછી શ્રીમદે કહ્યું : ''આ બોધને તમે બધા નિવૃત્તિક્ષેત્રે એકઠા થઈને બહુ વિચારશો તો ઘણો લાભ થશે.''

ચોમાસું ઊતરતાં વિહાર કરી વસો અને ખેડાથી બધા મુનિઓ નડિયાદ આવ્યા અને શ્રીમદ્‌નો દરેકને સમાગમ થયો હતો તે પ્રસંગના અનુભવની પરસ્પર આપ-લે કરી આનંદની વૃદ્ધિ કરતા થોડો કાળ નડિયાદમાં જ રહ્યા.

ખેડામાં એક વેદાંતવિદ્ વકીલ 'પંચદશી'ના લેખક ભટ્ટ પૂજાભાઈ સોમેશ્વર સાથે શ્રીમદ્‌ને વાતચીત થઈ હતી તે પ્રસંગે થયેલા પ્રશ્નોત્તર નીચે પ્રમાણે છે :–

વકીલે પ્રશ્ન કર્યો : ''આત્મા છે?''

શ્રીમદે ઉત્તર દીધો : ''હા, આત્મા છે.''

પ્રશ્ન : ''અનુભવથી કહો છો કે આત્મા છે?''

ઉત્તર : ''હા, અનુભવથી કહીએ છીએ કે આત્મા છે. સાકરના સ્વાદનું વર્ણન ન થઈ શકે. તે તો અનુભવગોચર છે;

તેમ જ આત્માનું વર્ણન ન થઈ શકે. તે પણ અનુભવગોચર છે, પણ તે છે જ.''

પ્રશ્ન : ''જીવ એક છે કે અનેક છે? આપના અનુભવનો ઉત્તર ઇચ્છું છું.''

ઉત્તર : ''જીવો અનેક છે.''

પ્રશ્ન : ''જડ, કર્મ એ વસ્તુતઃ છે? કે માયિક છે?''

ઉત્તર : ''જડ, કર્મ, એ વસ્તુતઃ છે, માયિક નથી.''

પ્રશ્ન : ''પુનર્જન્મ છે?''

ઉત્તર : ''હા, પુનર્જન્મ છે.''

પ્રશ્ન : ''વેદાંતને માન્ય માયિક ઈશ્વરનું અસ્તિત્વ આપ માનો છો?''

ઉત્તર : ''ના''

પ્રશ્ન : ''દર્પણમાં પડતું પ્રતિબિંબ તે માત્ર ખાલી દેખાવ છે કે કોઈ તત્ત્વનું બનેલું છે?''

ઉત્તર : ''દર્પણમાં પડતું પ્રતિબિંબ ખાલી દેખાવ નથી. તે અમુક તત્ત્વનું બનેલું છે.''(ઉ૦ નોંધ-૩૮)

ખેડાથી શ્રીમદ્ મહેમદાવાદ સ્ટેશને થઈ મુંબઈ ગયા હતા. એકાદ માસમાં શ્રીમદ્‌ને ઈડર નિવૃત્તિ અર્થે જવાનો અવકાશ પ્રાપ્ત થયો. નડિયાદ સ્ટેશને મોતીલાલ મળ્યા. તેમને મુનિઓ વિષે પૂછતાં મોતીલાલે કહ્યું કે બધા મુનિઓ અહીં છે. ઈડર નિવૃત્તિ અર્થે પોતે જાય છે એવા સમાચાર છેવટે મુનિઓને કહેવરાવ્યા હતા.

## ૨૨

## ઈડરના પહાડ ઉપર

ઈડરમાં શ્રીમદ્‌ના કાકાસસરા ડૉ. પ્રાણજીવનદાસ જગજીવનદાસ મહેતા ઈડર સ્ટેટના ચીફ મેડિકલ ઑફિસર હતા. તેમને ત્યાં સં. ૧૯૫૫માં શ્રીમદ્ રહ્યા હતા. તે વખતે ગામમાં ઘણું કરીને ભોજન જેટલો દિવસે કાળ ગાળતા; અને ઘણોખરો વખત ઈડરના પહાડ અને જંગલોમાં પસાર કરતા. શ્રીમદે ડૉક્ટર પ્રાણજીવનદાસને ખાસ મનાઈ કરેલી હોવાથી જનસમાજમાં તેમના આવાગમન સંબંધી કંઈ વાત બહાર પડતી નહીં. ઈડરના મરહૂમ મહારાજા સાહેબે તેમની એક-બે વખત મુલાકાત લીધેલી તે દરમ્યાન જ્ઞાનવાર્તા થયેલી તેનો સાર 'દેશી રાજ્ય' નામના માસિકમાં ઈ. સ. ૧૯૨૮માં પ્રસિદ્ધ થયો છે તે નીચે પ્રમાણે છે :—

''મહારાજા : લોકોમાં કહેવત છે કે 'રાજેશ્રી તે નરકેશ્રી' એનો અર્થ શું?

શ્રીમદ્ : રાજપદવી પ્રાપ્ત થવી એ પૂર્વનાં પુણ્ય અને તપોબળનું ફળ છે. તેના બે પ્રકાર છે : એક 'પુણ્યાનુબંધી પુણ્ય' અને બીજું 'પાપાનુબંધી પુણ્ય.' પુણ્યાનુબંધી પુણ્યના ફળરૂપ પ્રાપ્ત થયેલી રાજપદવી ધારણ કરનાર સદા સત્ત્વગુણપ્રધાન રહી, પોતાની રાજસત્તાનો સદુપયોગ કરી,

પ્રજાનો પોતે એક માનીતો નોકર છે એવી ભાવના રાખી પુણ્ય કર્મો જ ઉપાર્જન કરે છે.

હવે પાપાનુબંધી પુણ્યના ફળરૂપ રાજસત્તા ધારણ કરનાર રજસ્-તમો-ગુણપ્રધાન રહી, રાજસત્તા ભોગવવામાં ઇંદ્રિય-આરામી રહી પ્રજા તરફની પોતાની ફરજો ભૂલી જાય છે; અર્થાત્ અનેક પ્રકારના અધમ જાતના કરો પ્રજા ઉપર નાખી પાપકર્મો ઉપાર્જન કરે છે.

આ બે પ્રકારના નૃપતિઓ પૈકી પહેલી પંક્તિના આગળ વધી ચક્રવર્તી, ઇંદ્ર આદિ દેવલોક સુધી ચઢે છે; અને બીજા પ્રકારના નીચે નરક ગતિને પ્રાપ્ત થાય છે; તેમને 'રાજેશ્રી તે નરકેશ્રી' એ કહેવત લાગુ પડે છે.

આ કળિયુગ છે. તેમાં પહેલા પ્રકારના નૃપતિઓ થવા દુર્લભ છે. બીજા પ્રકારની વિભૂતિવાળા જ ઘણું કરીને હોય છે. તેથી આ કહેવત આ યુગમાં પ્રચલિત છે, તે બધાને લાગુ પડી શકે નહીં. ફક્ત આપખુદી સત્તા ભોગવનાર, પ્રજાને પીડી, રાજ્યનું દ્રવ્ય કુમાર્ગે વાપરનાર રાજાઓને જ લાગુ પડે છે.

મહારાજા : આ ઈડરપ્રદેશ સંબંધી આપના શા વિચારો છે?

શ્રીમદ્ : આ પ્રદેશનાં ઐતિહાસિક પ્રાચીન સ્થાન જોતાં તે મને અસલની-તેમાં વસનારાઓની પૂર્ણ વિજયી સ્થિતિ અને તેમની આર્થિક, નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિનો પુરાવો આપે છે. જુઓ તમારો ઈડરિયો ગઢ, તે ઉપરનાં જૈન દેરાસરો, રૂખી રાણીનું માળિયું, રણમલની ચોકી, મહાત્માઓની ગુફાઓ, અને ઔષધિ વનસ્પતિ આ બધું અલૌકિક ખ્યાલ આપે છે.

જિન તીર્થંકરોની છેલ્લી ચોવીસીના પહેલા આદિનાથ (ઋષભદેવ-કેસરીઆજી) અને છેલ્લા મહાવીરસ્વામીનાં નામ આપે સાંભળ્યાં હશે. જિનશાસનને પૂર્ણપણે પ્રકાશ કરનાર આ છેલ્લા તીર્થંકર અને તેઓના શિષ્ય ગૌતમ આદિ ગણધરો વિચરેલાનો ભાસ થાય છે. તેઓના શિષ્યો નિર્વાણને પામ્યા; તેમાંનો એક પાછળ રહી ગયેલો જેનો જન્મ આ કાળમાં થયેલો છે. તેનાથી ઘણા જીવોનું કલ્યાણ થવાનો સંભવ છે.

(જુઓ પૃ. ૨૨૮ લીટી ૧-૨)

કુમારપાળ રાજાના વખતમાં હેમાચાર્ય થયા. ત્યાર બાદ કોઈ સમર્થ આચાર્ય નહીં થવાથી જિનશાસનની ઉન્નતિ અટકી છે, એટલું જ નહીં પણ તેના અનુયાયી સાધુઓ કેવળ ક્રિયામાં રાચી રહી, ધ્યેયવસ્તુ તરફનું લક્ષ ઘણે ભાગે ચૂક્યા અને ઘણા મતગચ્છના વાડા બંધાયા; જેથી અન્ય મત-પંથવાળાઓથી આ જિનશાસન નિંદાયું છે. ખરું જોતાં તેનું આધ્યાત્મિક રહસ્ય સમજવામાં આવતું નથી. તેથી ક્રિયાજડ વસ્તુસ્થિતિ ઉત્પન્ન થઈ છે. ભાગવત અને પુરાણોની અધ્યાત્મભાવના હાલના જમાનામાં સમજવામાં નહીં આવ્યાથી લોકો તેને ગપોટાં ઠરાવે છે. વળી કૃષ્ણ ભગવાનની રાસલીલા અને બીજી આખ્યાયિકાઓનો ઊંડો ભેદ નહીં સમજવાથી નિંદે છે. દાખલા તરીકે, ગોપીઓ મહીની મટુકીમાં કૃષ્ણને વેચવા સારુ નીકળે છે અને 'કોઈ માધવ લ્યો, કોઈ માધવ લ્યો' એમ બોલે છે. તેનો અર્થ સમજ્યા વગર લોકો નિંદા કરે છે, પણ તેની અધ્યાત્મભાવના એવી છે કે 'વૃત્તિઓ' રૂપી ગોપીઓએ મટુકીમાં માધવરૂપી પરમાત્મા સાથેનું અનુસંધાન કર્યું સમજવાનું છે.''

નડિયાદ સ્ટેશન ઉપર શ્રીમદ્ સાથે મોતીલાલને વાત થઈ હતી તે તેમણે મુનિઓને જણાવી એટલે કેટલાક મુનિઓ ખંભાત તરફ અને કેટલાક અમદાવાદ તરફ વિહાર કરવા વિચાર કરતા હતા તે બંધ રાખી બધાને શ્રીમદ્‌ના સમાગમની ભાવના વધવાથી ઈડર તરફ બધાએ વિહાર કરવા વિચાર રાખ્યો.

શ્રી લલ્લુજી, શ્રી મોહનલાલજી અને શ્રી નરસિંહરખ એ ત્રણે મુનિઓ ઉતાવળે વિહાર કરી વહેલા ઈડર પહોંચ્યા. મુનિશ્રી દેવકરણજી, શ્રી વેલશીરખ, શ્રી લક્ષ્મીચંદજી અને શ્રી ચતુરલાલજી પાછળ ધીમે ધીમે આવવા લાગ્યા. ઈડર શ્રાવકના ઉપાશ્રયમાં શ્રી લલ્લુજી આદિ ઊતર્યા અને ડૉ. પ્રાણજીવન-દાસના દવાખાના તરફ શ્રીમદ્‌ની શોધમાં શ્રી લલ્લુજી ગયા. શ્રીમદ્ સાથે શ્રી સોભાગ્યભાઈના ભાણા ઠાકરશી હતા તેમણે શ્રીમદ્‌ને કહ્યું : ‘‘પેલા મુનિ આવ્યા.’’

શ્રીમદે ઠાકરશીને કહ્યું : ‘‘તેમને પરભાર્યા વનમાં લઈ જા, અહીં ન આવે.’’

ઠાકરશીએ શ્રી લલ્લુજીને તે પ્રમાણે જણાવ્યું એટલે બન્ને વનમાં ગયા. પાછળ શ્રીમદ્ પણ આવ્યા. શ્રી લલ્લુજીને એક આંબાના વૃક્ષ નીચે શ્રીમદ્ બોલાવી ગયા અને પૂછ્યું : ‘‘મોતીલાલે તમને શું કહ્યું હતું ?’’

શ્રી લલ્લુજીએ કહ્યું : ‘‘મોતીલાલને આપે પૂછેલું કે સાધુઓ ક્યાં જવાના છે ? તેનો ઉત્તર મોતીલાલે આપ્યો કે અમદાવાદ અગર ખંભાત જવાના છે. આપે કહ્યું કે ઠીક, અમે ઈડર નિવૃત્તિ અર્થે જવાના છીએ. તેથી દર્શન-સમાગમની ઇચ્છાએ આ તરફ આપની નિવૃત્તિના વખતમાં વધારે લાભ

મળશે એમ જાણી આવ્યા છીએ. મુનિ દેવકરણજી પણ પાછળ આવે છે. મારા અંતરમાં થયું કે મને પૂરો સમાગમ વસોમાં થયો નથી. ઘણા માણસોનો પરિચય રહેવાથી વસોમાં બરાબર લાભ અમારાથી લેવાયો નથી; તો હવે નિવૃત્તિમાં આપનો સમાગમ વિશેષ થશે એમ ધારી આ તરફ આવવા વિચાર થયો એટલે આવ્યા છીએ. અમે વિહાર કર્યો ત્યારે દેવકરણજી કહે : અમારે પણ લાભ લેવો છે. ઘણા દિવસ બોધ દીધો છે. તમારે આત્મહિત કરવું છે, તો શું અમારે નથી કરવું? આમ કહી તે પણ પાછળ આવે છે.''

આ સાંભળી શ્રીમદ્ સહજ ખિજાઈને બોલ્યા : ''તમે શા માટે પાછળ પડ્યા છો? હવે શું છે? તમને જે સમજવાનું હતું તે જણાવ્યું છે. તમે હવે કાલે વિહાર કરી ચાલ્યા જાઓ. દેવકરણજીને અમે ખબર આપીએ છીએ તેથી તે આ તરફ નહીં આવતાં બીજા સ્થાને વિહાર કરી પાછા જશે. અમે અહીં ગુપ્ત રીતે રહીએ છીએ, કોઈના પરિચયમાં આવવા અમે ઇચ્છતા નથી; અપ્રસિદ્ધ રહીએ છીએ. ડૉક્ટરના તરફ આહાર લેવા નહીં આવતા; બીજા સ્થાનેથી લેજો, અને કાલે વિહાર કરી જવું.''

શ્રી લલ્લુજીએ વિનંતિ કરી : ''આપની આજ્ઞા પ્રમાણે ચાલ્યા જઈશું. પરંતુ મોહનલાલજી અને નરસીરખને અહીં આપનાં દર્શન થયાં નથી. માટે આપ આજ્ઞા કરો તો એક દિવસ રોકાઈ પછી વિહાર કરીએ.''

શ્રીમદે જણાવ્યું : ''ભલે, તેમ કરજો.''

ઈડરના સમાગમ વિષે શ્રી લલ્લુજી સ્વામીએ લખાવેલ પરિચયમાં નીચે પ્રમાણે છે :—

## – બીજો દિવસ –

"બીજે દિવસે સવારમાં તે જ આંબા તળે અમે ત્રણ મુનિઓ ગયા, અને પોતે માગધી ગાથાઓનો ઉચ્ચાર કરતાં ધૂનમાં ને ધૂનમાં ઊંડા વોકળામાં આવતા હતા તેથી દેખાતા નહીં, પણ ધૂનના શબ્દોચ્ચાર શ્રવણ થતા હતા. અમે આંબા તળે રાહ જોતા ઊભા હતા, એટલામાં ત્યાં પધાર્યા અને પૂર્વ દિશા તરફ મુખ રાખી, નીચેની માગધી ગાથાઓ બોલતા હતા, તેની તે જ એક લયપણે ઉચ્ચ સ્વરે અડધા કલાક સુધી જોસથી ઉચ્ચારતા રહ્યા. પછી લગભગ તેટલો જ વખત શાંત સ્થિરપણે મન, વચન, કાયા ત્રણેય યોગ સ્થિર કરી ધ્યાનમાં લીન થઈ ગયા; સમાધિસ્થ થયા.

+ (१) मा मुज्झह मा रज्जह, मा दूसह इट्ठणिट्ठअट्ठेसु ।
थिरमिच्छहि जइ चित्तं विचित्तज्झाणप्पसिद्धीए ॥४८॥
(२) जं किंचिवि चिंतंतो णिरीहवित्ती हवे जदा साहू ।
लद्धूणय एयत्तं तदाहु तं तस्स णिच्छयं ज्झाणं ॥५५॥

---

+ અર્થ : (૧) વિચિત્ર (નાના પ્રકારનાં) અથવા વિચિત્ત (નિર્વિકલ્પ) ધ્યાનની સિદ્ધિ થવા જો સ્થિર ચિત્ત કરવા તું ઇચ્છે, તો (પાંચ ઇંદ્રિયોના) ઇષ્ટ-અનિષ્ટ અર્થો (વિષયો) માં મોહ ન કર, રાગ ન કર અને દ્વેષ ન કર.

ન મોહ ન રાગ કરે તે, દ્વેષ કરે ના ઇષ્ટ અનિષ્ટ ચીજે;
ધ્યાન વિચિત્ત થવાને, સ્થિર કરવા ચિત્ત જે ઇચ્છે. ૪૮

(૨) કોઈ પણ પદાર્થનું ચિંતવન કરતાં જ્યારે સાધુ એકત્વતા (લીનતા) પામીને નિઃસ્પૃહ વૃત્તિવાળા થાય, ત્યારે તેને નિશ્ચય ધ્યાન વર્તે છે; એમ કહ્યું છે.

ધ્યેય કોઈ ચિંતવતાં, નિઃસ્પૃહ-વૃત્તિ થતા યદા સાધુ;
તલ્લીનતા સાધીને, નિશ્ચય તેને ધ્યાન ત્યાં લાધ્યું. ૫૫

(३) मा चिट्ठह मा जंपह मा चिंतह किंवि जेण होइ थिरो।
अप्पा अप्पम्मि रओ, इणमेव परं हवे ज्झाणं॥५६॥
—द्रव्यसंग्रह

તે વખતની વીતરાગતા અને આત્મસ્થિરતા તથા દિવ્ય દર્શનીય સ્વરૂપસ્થ દશા જોઈ અમે અપૂર્વ શાંતિ અનુભવી, તેનું અંતર-આલેખન થઈ ગયું છે, તે વિસ્મૃત થાય તેમ નથી. ધ્યાન પૂરું થતાં પોતે અમને 'વિચારશો' એટલું જ કહી ચાલતા થયા. અમને વિચાર આવ્યો કે લઘુશંકાદિ કરવા જતા હશે, પરંતુ તેઓ તો નિઃસ્પૃહપણે ચાલ્યા જ ગયા. અમે થોડી વારે એટલામાં તપાસ કરી, પરંતુ દર્શન થયાં નહીં; તેથી પશ્ચાત્તાપ કરતાં ઉપાશ્રયમાં આવ્યા. આહાર આદિથી નિવૃત્ત થયા એટલે ઠાકરશી અમારી પાસે આવ્યા. અમે પૂછ્યું કે દેવકરણજીને પત્ર લખવા સંબંધે શું થયું? ઠાકરશીએ કહ્યું કે પત્ર લખેલ છે, રવાના કર્યો નથી.

તે સાંજના મુનિ શ્રી દેવકરણજી પણ આવી ગયા. પછી ઠાકરશી સાથે ડુંગર ઉપર દર્શનાર્થે જવાની આજ્ઞા થવાથી, ઉપરનાં દેરાસરોની કૂંચીઓ મંગાવી, દિગંબર, શ્વેતાંબર બન્ને દેરાસરો ઉઘડાવી દર્શન કર્યાં. વીતરાગ મુદ્રા એટલે જિનપ્રતિમાનાં દર્શન કરવાની આજ્ઞા અમને પ્રથમ અહીં થઈ.

---

(૩) કાયાથી કોઈ પણ ચેષ્ટા (ક્રિયા) ન કરો, વચનથી કોઈ પણ ઉચ્ચાર ન કરો, મનથી કોઈ પણ વિચાર ન કરો, તો તેથી સ્થિર થશો; આત્મા આમ આત્મામાં રમણતા કરે તો પરમ ધ્યાન થાય.

કાંઈ કરો ના ચેષ્ટા, વિચાર, ઉચ્ચાર જેથી સ્થિર બનો,
અંતર આત્મ-રમણતા, તે તલ્લીનતા પરમ ધ્યાન ગણો. ૫૬

સદ્‌ગુરુની આજ્ઞાથી તે પહાડ ઉપરનાં વીતરાગ પ્રતિમાજીનાં દર્શન થતાં અમારા આત્મામાં જે ઉત્કૃષ્ટ ભાવની શ્રેણી પ્રગટ થયેલી તે વચનાતીત છે.

ડુંગર ઉપર જ્યાં જ્યાં પરમકૃપાળુદેવ વિચર્યા હતા, તે સર્વ સ્થળો ઠાકરશીએ બતાવ્યાથી તે તે ભૂમિને ધન્ય માની, પ્રશસ્ત ભાવના ભાવતાં અમે ઉપાશ્રયમાં આવ્યા.

## – ત્રીજો દિવસ –

ત્રીજે દિવસે પ્રાતઃકાળમાં તે જ આંબાના વૃક્ષ નીચે આવવા અમને આજ્ઞા થઈ હતી તે પ્રમાણે ત્યાં ગયા. પોતે પણ પધાર્યા. આ વખતે મુનિ શ્રી દેવકરણજીનું શરીર કૃશ હોવાના કારણે ધ્રૂજતું હતું. ઋતુ શિયાળાની હોવાથી ઠંડી ઘણી હતી તેથી શ્રી લક્ષ્મીચંદજીએ કપડું ઓઢાડ્યું. તે જોઈ પરમકૃપાળુ બોલ્યા : 'ટાઢ વાય છે?' અને કહ્યું કે 'ટાઢ ઉડાડવી છે?' એમ કહી, પોતે ઊભા થઈ ચાલવા માંડ્યું. અમે સર્વ તેમની પાછળ ચાલવા લાગ્યા. તેઓશ્રી તો ઝડપભેર કાંટા, કાંકરા, જાળાં, ધારવાળા પથ્થરોમાં દેહની દરકાર કર્યા વિના આત્મોપયોગ સહિત ચાલતા હતા. અમે પણ પાછળ તેમના ચરણનું આલંબન ગ્રહણ કરી ચાલતા હતા. એટલામાં એક વિશાળ શિલા આવી. તેના ઉપર પૂર્વાભિમુખ પોતે બિરાજ્યા. અમે સન્મુખ બેઠા. પછી પુઢવી શિલા ઉપર ભગવાન બિરાજ્યાનું શાસ્ત્રમાં જે લખ્યું છે, તેનો અર્થ કરી કહ્યું કે આ પુઢવી શિલા. પછી એ શિલા સંબંધી કેટલુંક વર્ણન કર્યું. અને તે જ શિલા પર 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ' વાંચવાનું શરૂ કર્યું. તે 'બૃહદ્ દ્રવ્યસંગ્રહ' ગ્રંથ ઈડરના દિગંબર જૈન પુસ્તક ભંડારમાંથી પોતે

કઢાવ્યો હતો. તે ગ્રંથ લગભગ અર્ધો વાંચ્યો હતો. તે વખતે સાધુ સમુદાયની અદ્ભુત વૈરાગ્યદશા વડે સદ્ગુરુની ભક્તિ આત્મામાં ઉલ્લાસ પામી હતી. તીવ્ર વૈરાગ્ય દશામાં આવી શ્રી દેવકરણજી બોલ્યા : 'હવે અમારે ગામમાં જવાની શી જરૂર છે?' પરમગુરુ બોલ્યા : 'તમને કોણ કહે છે કે ગામમાં જાઓ?' ત્યારે મુનિ દેવકરણજી બોલ્યા : 'શું કરીએ? પેટ પડ્યું છે.' કૃપાનાથે કહ્યું : 'મુનિઓને પેટ છે તે જગતના કલ્યાણને અર્થે છે. મુનિને પેટ ન હોત, તો ગામમાં નહીં જતાં પહાડની ગુફામાં વસી કેવળ વીતરાગ ભાવે રહી જંગલમાં વિચરત, તેથી જગતના કલ્યાણરૂપ થઈ શકત નહીં. તેથી મુનિનું પેટ જગતના હિતાર્થે છે.'

પછી પરમગુરુએ સાધુમંડળને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો : 'યોગના અભ્યાસીઓ ધ્યાનમાં પોતાને અમુક પ્રકાશ આદિ દેખતા હોવાનું જણાવે છે તે શું હશે?' આ પ્રશ્નનો ઉત્તર અમે કોઈ આપી શક્યા નહીં. ત્યારે પોતે તે પ્રશ્નનો ખુલાસો કર્યો : 'ધ્યાનની અંદર ચિંતવે તેવું તે યોગાભ્યાસીને દેખાય છે. દૃષ્ટાંત તરીકે ધ્યાનમાં આત્માને પાડા જેવો ચિંતવી આ પહાડ જેવડું પૂછડું હોવાનું ચિંતવે તો તેને આત્મા તે રૂપે ભાસે છે. પણ વસ્તુતઃ તે આત્મા નથી; પણ તેને જાણનાર જે છે તે આત્મા છે.'

આટલો ખુલાસો કર્યા પછી સિદ્ધ આત્માના પર્યાય સંબંધી પોતે જ સ્પષ્ટીકરણ કરી સમજાવ્યું હતું કે સિદ્ધ ભગવાનને જે કેવળજ્ઞાન છે તે કેવળજ્ઞાન વડે આપણે અહીં આટલા બેઠા છીએ તે રૂપે જાણે છે. પછી આપણે અહીંથી ઊઠી જઈએ ત્યારે તે રૂપે જાણે; એમ સિદ્ધના પર્યાય પલટાય છે.

લગભગ એક વાગ્યાનો સમય થયો હોવાથી પરમકૃપાળુદેવ સહિત અમે મુનિમંડળે ગામ તરફ ગમન કર્યું. રસ્તામાં ચાલતાં ‘દ્રવ્યસંગ્રહ’ની પહેલી ગાથાનું ધૂનમાં રટણ કરતાં દિવ્ય ધ્વનિ પ્રસરી રહ્યો હતો. નાગ જેમ મોરલીના ધ્વનિ પર એકતાર થઈ જાય તેમ પરમકૃપાળુદેવની ધ્વનિથી ઊઠતા આનંદમાં અમે એકતાર થઈ જતા. તે ગાથા—

+जीवमजीवं दव्वं जिणवरवसहेण जेण णिदिट्ठं ।
देविंदविंदवंदं, वंदे तं सव्वदा सिरसा ।।१।।

—द्रव्यसंग्रह

## — ચોથો દિવસ —

મધ્યાહ્ન પછી ઠાકરશીને ઉપાશ્રયમાં મોકલી અમને સાતે મુનિઓને બોલાવ્યા. અમે તેની સાથે ગયા. ડુંગરની તળેટીમાં પરમકૃપાળુદેવના દર્શનનો લાભ થયો. ઉપર જતા પહેલાં દેરાસરની કૂંચીઓ લેવા ઠાકરશીને મોકલ્યા, અને અમે ચરણ સમીપ બેસી રહ્યા તે વખતે શ્રી મોહનલાલજીએ વિનંતી કરી કે આહાર કરી રહ્યા પછી મુહપત્તી (મુખવસ્ત્રિકા) બાંધતાં મને વાર થાય છે તેથી મહારાજ મને દંડ આપે છે, ત્યારે પોતે આજ્ઞા કરી કે બધા મુહપત્તી કાઢી નાખો, અને ઈડરની આસપાસ ૨૦ ગાઉ સુધી બાંધશો નહીં. કોઈ આવી પૂછે તો શાંતિથી વાતચીત કરીને તેના મનનું સમાધાન કરવું.

---

+અર્થ : દેવોના ઇન્દ્રોને પણ પૂજ્ય, જે જિનવરોમાં ઉત્તમ એવા તીર્થંકર ભગવાને જીવ અને અજીવ દ્રવ્યનું નિરૂપણ કર્યું છે, તેને મસ્તક નમાવીને (સર્વદા સર્વ પ્રકારે) સદા વંદન કરું છું.

જીવ અજીવ પદાર્થો, જિનવરરાજે જણાવિયા તેને;
દેવેંદ્ર વૃન્દ વંદિતને, વંદુ શીર્ષ સદા નમાવીને.

ઠાકરશી કૂંચીઓ લઈને હાજર થયા અને અમને બીજી વખત ઈડરના ગઢ ઉપર દર્શનાર્થે જવાની આજ્ઞા થઈ. પોતે શહેરમાં પધાર્યા. અમે ઠાકરશીને સાથે લઈ બન્ને દેરાસરોમાં દર્શન કરી, ભુરા બાવાની ગુફા, તેમજ પહાડની ટોચે જ્યાં જ્યાં કૃપાળુદેવ વિચરેલા, સમાધિ, ધ્યાન આદિ ક્રિયાઓ કરવામાં આવેલી તે તે સ્થાને જઈ નીરખી અમને આનંદ આવવાથી તે તે ક્ષેત્રની આસપાસ ફરી સ્તુતિ ભક્તિ કરતા પ્રત્યક્ષ સદ્ગુરુના પવિત્ર ચરણોનો સ્પર્શ જે ભૂમિને થયેલો તે જોઈ હૃદયમાં અમને થતું કે ધન્ય આ ભૂમિ, જ્ઞાની વિના આવી ચર્યા પણ કોની હોય? આમ પ્રશંસા કરતા અને સદ્ગુરુનાં ભક્તિપૂર્ણ પદોનો ઉચ્ચાર કરતા અમે ઉપાશ્રયમાં આવ્યા.

### – પાંચમો દિવસ –

આજે તે સાંકેતિક (નક્કી કરેલા) આમ્રવૃક્ષ નીચે અમને સાતે મુનિઓને આવવા આજ્ઞા થયેલી. તે પ્રમાણે અમે ત્યાં ગયા. પરમકૃપાળુદેવ પણ ત્યાં પધાર્યા. તે આંબા નીચે અમને તો પરમ સદ્ગુરુનો સમાગમ થતો એટલે જાણે ત્રિલોકના સારરૂપ કલ્પવૃક્ષ તુલ્ય તે આંબો થઈ પડ્યો હતો.

પરમકૃપાળુદેવ સાથે અહીંથી કંટક આદિથી વિકટ પંથે અમે આજે ચાલ્યા; તો પણ તેઓશ્રી અમારા સર્વની આગળ નિર્વાણમાર્ગ બતાવનાર સાર્થવાહની માફક ત્વરિત ગતિથી આગળ ચાલતા હતા. આ વખતે શ્રી વેલશીરખ નામના વૃદ્ધ મુનિ બોલ્યા કે આજે મંડળમાંથી એકાદ જણને અહીં જ મૂકી જશે કે શું? કારણ કે ઉપર ચઢવાનો માર્ગ વિકટ છે તેથી

આપણને અંતર પડે છે અને તેઓશ્રી તો ઘણા ઉતાવળા ચાલે છે.

પરમગુરુ ઉપર વહેલા પહોંચી ગયા અને એક વિશાળ શિલા ઉપર બિરાજ્યા. અમે પણ ત્યાં જઈ વિનય કરી બેઠા. આ વખતે તેઓશ્રી બોલ્યા કે અહીં નજીકમાં એક વાઘ રહે છે; પણ તમે સર્વ નિર્ભય રહેજો. જુઓ આ સિધ્ધશિલા છે, અને આ બેઠા છીએ તે સિધ્ધ. એમ કહી અદ્ભુત રીતે દૃષ્ટિ પલટાવીને કહ્યું કે આ બધી અદ્ભુત શક્તિઓ આત્મા જેમ જેમ ઊંચો આવે, તેમ તેમ પ્રકટ થાય છે. એટલું કહી પ્રશ્ન કર્યો કે આપણે આટલે ઊંચે બેઠેલા છીએ તેમને કોઈ નીચે રહેલો માણસ દેખી શકે?

મેં કહ્યું : 'ના, ન દેખી શકે.'

ત્યારે પરમગુરુએ કહ્યું : 'તેમ જ નીચેની દશાવાળો જીવ તે ઊંચી દશાવાળા જ્ઞાનીનું સ્વરૂપ જેમ છે તેમ જાણી શકતો નથી. પણ યોગ્યતા પ્રાપ્ત થાય, અને ઊચ્ચ દશામાં આવે તો દેખી શકે. આપણે ડુંગર ઉપર ઉચ્ચ સ્થાને હોવાથી આખું શહેર અને દૂર સુધી સઘળું જોઈ શકીએ છીએ અને નીચે ભૂમિ ઉપર ઊભેલો માત્ર તેટલી ભૂમિને દેખી શકે છે. તેથી જ્ઞાની ઉચ્ચ દશાએ રહી નીચેનાને કહે છે કે તું થોડે ઊંચે આવ, પછી જો; તને ખબર પડશે.

એમ વાત થયા પછી, પોતે 'ઉત્તરાધ્યયન' સૂત્રની ત્રીજા અધ્યયનની પહેલી ગાથા કોઈ એવા અલૌકિક દિવ્ય સૂરથી અને મોહક આલાપથી બોલ્યા કે વનમાં ચોપાસ તેનો પ્રતિઘોષ (પડઘો) પ્રસરી રહ્યો.

+चत्तारी परमंगाणि, दुल्लाणीह जंतुणो ।
माणुसत्त, सुइ, सद्धा, संजमम्मि य वीरिअं ॥

—ત્રીજું અધ્યયન, ઉત્તરાધ્યયન સૂત્ર.

પછી શ્રી દેવકરણજી મુનિને કહ્યું કે તમે આ ગાથા બોલો જોઈએ. તેથી શ્રી દેવકરણજીએ બેત્રણ વાર પ્રયત્ન કરવા છતાં તેવું આવડ્યું નહીં. પછી મને કહેવાથી હું બોલ્યો, પરંતુ મને પણ આવડ્યું નહીં; એટલે પોતે બોલ્યા કે ઠીક છે. લીમડીવાળા સાધુઓ બોલે છે તે કરતાં ઠીક બોલાય છે. પછી સર્વને કહ્યું : 'તમે બધા પદ્માસન વાળી બેસી જાઓ અને જિનમુદ્રાવત્ બની આ દ્રવ્યસંગ્રહની ગાથાઓ સાંભળી, તેનો અર્થ ઉપયોગમાં લો.' એ આજ્ઞા થવાથી અમે બધા આસન વાળી બેસી ગયા. પોતે અપૂર્વ ધ્વનિથી ગાથાનો ઉચ્ચાર કરે તેના પડઘાથી પહાડ ગાજી ઊઠતો. ગાથા બોલી રહ્યા પછી તેનો અર્થ કરતા અને સારરૂપ પરમાર્થ પણ કહેતા. એમ આખો 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ પરિપૂર્ણ સંભળાવ્યો, ત્યાં સુધી અમે તે જ આસને અચળપણે રહ્યા. પરમ ગુરુએ સમજાવેલો અપૂર્વ પરમાર્થ સૌ સૌના ક્ષયોપશમ (સમજ) પ્રમાણે અને પોતપોતાની દશા અનુસાર સમજાયો.

---

+ (અનુષ્ટુપ) ચારે અંગોય દુષ્પ્રાપ્ય, જીવોને જગમાં બહુ;
મનુષ્યત્વ, શ્રુતિ, શ્રદ્ધા, સંયમે વીર્ય જાગવું.

અર્થ : આ સંસારમાં પ્રાણીને ધર્મનાં ચાર પ્રધાન અંગો, કારણો દુર્લભ છે. તે ચાર આ પ્રમાણે– ૧. માનવપણું, ૨. ધર્મનું શ્રવણ (શ્રુતિ), ૩. શ્રદ્ધા (સમ્યક્દર્શન) અને ૪. સંયમ (સર્વ ભાવથી વિરામ પામવારૂપ) માં વીર્ય ફોરવવું. આ ચાર અંગો ઉત્તરોત્તર અતિ દુર્લભ કારણો છે.

મુનિ શ્રી દેવકરણજી તો આ સમાગમની ખુમારીમાં પ્રમોદ પ્રગટતાં, ઉલ્લાસપૂર્વક બોલી ઊઠ્યા : 'અત્યાર સુધીમાં જે જે સમાગમ પરમ ગુરુનો થયો, તેમાં આ સમાગમ સર્વોપરી થયો. દેવાલયના શિખર ઉપર કળશ ચઢાવે છે તેમ આ પ્રસંગ પરમ કલ્યાણકારી છે; સર્વોપરી સમજાય છે.'

પછી 'આત્માનુશાસન' ગ્રંથના કર્તા શ્રી ગુણભદ્ર આચાર્ય પાછળના ભાગમાં અતિ અદ્‌ભુત જ્ઞાનમાં રેલ્યા છે. તે આત્માના સ્વરૂપનું વિશેષ વર્ણન સ્પષ્ટ બતાવે છે, એમ કહી વાંચી સંભળાવ્યું.

ઈડરના સમાગમમાં એક વખતે તે જ આંબા તળે કૃપાળુદેવે કહ્યું હતું : 'મુનિઓ, જીવની વૃત્તિ તીવ્રપણામાંથી પણ નરમ પડી જાય છે. અંબાલાલની વૃત્તિ અને દશા, પ્રથમ ભક્તિ અને વૈરાગ્યાદિના કારણે લબ્ધિ પ્રગટાવે તેવી હતી, તે એવી કે અમે ત્રણ ચાર કલાક બોધ કર્યો હોય તે બીજે દિવસે કે ત્રીજે દિવસે તેને લખી લાવવા કહીએ તો તે બધું અમારા શબ્દોમાં જ લખી લાવતા. હાલ પ્રમાદ અને લોભાદિના કારણથી વૃત્તિ શિથિલ થઈ છે, અને તે દોષ તેનામાં પ્રગટ થશે એમ અમે બાર માસ પહેલાંથી જાણતા હતા.' તે સાંભળી મારા મનમાં ખેદ થવાથી મેં જણાવ્યું, 'શું તે એમ ને એમ જ રહેશે?' ત્યારે પરમ ગુરુએ કહ્યું : 'મુનિ, ખેદ કરશો નહીં. જેમ નદીના પ્રવાહમાં તણાતું પાંદડું કોઈ એક જાળા આગળ અટકી જાય, પણ ફરી પૂર-પ્રવાહના વહનમાં જાળાથી જુદું પડી છેક મહાસમુદ્રમાં જઈ મળે, તે પ્રમાણે તેનો પ્રમાદ અમારા બોધથી દૂર થશે અને તે પરમ પદને પામશે.'

એ વાત પૂર્ણ થયા પછી મુનિ શ્રી મોહનલાલજીએ પ્રશ્ન કર્યો : 'અમને કોઈ પૂછે કે તમારો ગચ્છ કયો? અને પ્રતિક્રમણ કયું કરો છો? ત્યારે અમારે શું કહેવું?'

પરમકૃપાળુદેવે ઉત્તર આપ્યો : 'તમારે કહેવું કે અમે સનાતન જૈન છીએ અને પાપથી નિવૃત્ત થવું એ અમારું પ્રતિક્રમણ છે.'

તે જ પ્રસંગે તેઓશ્રીએ કહ્યું : 'મુનિઓ, જીવને અનંતકાળ પરિભ્રમણ કરાવનાર માન છે; માન એવું બળવાન છે કે તેણે મોટા મોટાને પણ મારી નાખ્યા છે. અમે એક વખત મોરબી પાસેના ગામમાં લીમડી સંઘાડાના સાધુ મોટા જીવણજી પાસે ગયેલા, ત્યાં વાતના પ્રસંગે તેમની જન્મતિથિ, નક્ષત્ર અમુક હોવું ઘટે છે એમ અમે કહ્યું. તેથી તેણે કહ્યું કે આ વાત આપે શાથી જાણી? ત્યારે અમે કહ્યું કે આત્માની નિર્મળતાથી આ બધું જાણી શકાય છે. પણ આ વાત સમજવા તેને વિશેષ ઉત્કંઠા રહી તેથી અમારા મોરબી જવા પછી તેઓ મોરબી આવ્યા અને રેવાશંકરભાઈને મળી અમને ઉપાશ્રયે લાવવા વારંવાર કહ્યા કરતા. આથી એક દિવસે રેવાશંકરભાઈએ અમને કહ્યું કે ઉપાશ્રયે ચાલો, મહારાજ આપને યાદ કરે છે. ત્યારે અમે કહ્યું કે પરિણામ સારું નહીં આવે, તેમની ઇચ્છા આત્માર્થની નથી. છતાં રેવાશંકરભાઈના આગ્રહથી તેમની સાથે અમે ઉપાશ્રયમાં ગયા. આ વખતે ઘણાં માણસો એકઠાં થયાં અને ઉપાશ્રય ખીચોખીચ ભરાઈ ગયો. અમે બેઠા પછી મહારાજે પેલી વાત પડતી મૂકી પૂછ્યું કે શાસ્ત્રમાં પ્રતિમાનું વિધાન છે કે કેમ? આ સાંભળી અમે મૌન રહ્યા, પરંતુ સાધુએ પુનઃ પુનઃ એ જ પ્રશ્ન

પૂછવો જારી રાખ્યો, ત્યારે અમે ઊભા થઈ કહ્યું : ‘મહારાજ, તમને મહાવીરના સોગન છે, આપે જે શાસ્ત્રો વાંચ્યા છે તેમાં પ્રતિમાનું વિધાન છે કે કેમ? આથી સાધુ નિરુત્તર થઈ રહ્યા. પછી તેને રેવાશંકરભાઈએ ઠપકો આપી કહ્યું કે આવા સમુદાયમાં આ વાત કાઢવાની હતી? અને તમે આ વાત કરવા તેડાવ્યા હતા? પછી અમે બન્ને ચાલી આવ્યા.’

આટલી વાત કહ્યા પછી મને કહ્યું કે મુનિ, જો કોઈ જીવ માર્ગ ઉપર આવતો હોય તો તેને નમસ્કાર કરીને પણ માર્ગ ઉપર લાવીએ. પછી મેં પૂછ્યું કે અમને કોઈ અમારું ગુણસ્થાનક પૂછે તો અમારે શું કહેવું?

પરમ ગુરુએ ઉત્તરમાં જણાવ્યું કે દ્રવ્યથી છઠ્ઠું અને ભાવથી ચોથું કહેવું.

પાંચમા દિવસની સાંજે અમને સાધુઓને આજ્ઞા થઈ કે પૂર્વે થયેલા દિગંબર સાધુઓના દેહાંત પછી સ્મરણાર્થે કરાવેલી ઘૂમટાકારે છત્રીઓ છે, તેમાં તે સાધુઓની યોગમુદ્રાઓ છે તે સ્થળે જવું. તેથી અમે સાતે સાધુઓ ત્યાં ગયા. આ જગ્યા સ્વાભાવિક વૈરાગ્ય ઉત્પન્ન કરાવે તેવી, અને વૃત્તિઓ શાંત થાય તેવી નિર્જન ભૂમિકા છે. ઉદાસીનતા અને અસંગતાના વિચારો સ્ફુરે, વૈરાગ્યની વૃદ્ધિ થાય, એવો ત્યાંનો ક્ષેત્રપ્રભાવ જણાયો. તેની સમીપ સ્મશાનભૂમિ હતી.

એટલામાં જ એક પ્રાચીન ગુફા, પાસે કુંડ જળથી ભરેલો તથા એક છૂટો ઊંચો પથ્થર ધ્યાનના આસન જેવો હતો તે જોતા જોતા ચાલ્યા. એ ગુફામાં પરમકૃપાળુદેવ દોઢ માસ રહેલા એવું ઈડરનિવાસી એક ભાઈએ કહેલું. આવી તેઓના

આત્મવીર્યની અદ્‌ભુતતા તથા નિર્ભયતા વિષે વિચાર કરતા અમે ઉપાશ્રયમાં આવ્યા.

છઠ્ઠા દિવસે અમને વિહારની આજ્ઞા થવાથી સાતે મુનિઓએ ત્યાંથી વિહાર કર્યો. હું, મોહનલાલજી, નરસીરખ ત્રણે ઈડરની આસપાસ નાનાં નાનાં ગામોમાં વિહાર કરતા. ત્યાં પહાડ, જંગલ આદિ નિર્જન અને ત્યાગીને અનુકૂળ ક્ષેત્રો દેખાવાથી ધ્યાનાદિ ક્રિયા કરવા અહીં ઠીક પડશે એવી ભાવનાથી રહ્યા. સવારમાં પહાડ ઉપર જઈ પરમકૃપાળુદેવે જણાવેલ આજ્ઞા પ્રમાણે થોડા થોડા અંતરે ત્રણે મુનિઓ બેસી પરમ ગુરુનો થયેલો બોધ, અથવા તેઓશ્રીના લખેલા પત્રો દ્વારા થયેલા ઉપદેશમાંથી વાંચન કરી, ધ્યાનપૂર્વક મનન, નિદિધ્યાસન, આત્મપરિણમન કરતા. તેમ જ કોઈ વેળા ભક્તિમાં સોનેરી કાળ વ્યતીત થતો. થોડા જ દિવસ ઉપર શ્રવણ કરેલો બોધ સ્મૃતિમાં હતો, તેની ખુમારીમાં આ એકાંત સ્થળ વૃદ્ધિ કરતું હતું.''

આ વખતે શ્રીમદ્ ત્રણેક માસ ઈડરમાં રહ્યા હતા. ગુફામાં ઘણો વખત રહેતા; તથા વનોમાં વિચરતા. ઈડરથી વવાણીયા તરફ શ્રીમદ્ ત્રણેક માસ માટે ગયા હતા અને પાછા ફરી ઈડર થોડા વખત માટે આવી મુંબઈ ગયા, ત્યાં સાતઆઠ માસ રહ્યા હતા.

ધર્મપુરનાં જંગલોમાં પણ થોડો કાળ સં. ૧૯૫૬માં શ્રીમદ્ નિવૃત્તિ અર્થે રહ્યા હતા, ત્યાંથી વવાણિયા ગયા હતા અને મોરબીમાં પર્યુષણ પર્વ સુધી બે માસ રહ્યા હતા.

## ૨૩

## ભાષાંતરો અને વિવેચનો

શ્રી દશવૈકાલિક સિદ્ધાંતમાંથી શ્રીમદે સં. ૧૯૪૫માં 'સંયતિ મુનિધર્મ' વિષે ૫૧ બોલ લખેલા છે. પ્રથમના આઠ બોલ ચોથા અધ્યયનમાંથી ગુજરાતી ભાષામાં ઉતારેલા છે; નવમાથી છત્રીસમા સુધીના બોલ છઠ્ઠા અધ્યયનની નવથી છત્રીસ ગાથાઓ ઉપરથી લખેલા છે અને છેલ્લા પંદર બોલ ચોથા અધ્યયનની છેવટની ગાથાઓમાંથી લીધેલા છે. કોઈ કોઈ વખતે લખી રાખેલા બોલ પ્રસિદ્ધ કરતાં એકત્ર છાપ્યા હોય; તેવા પ્રકારે છૂટક ગાથાઓના સમૂહનું આ અવતરણ હોવા છતાં, મૂળ માગધી ભાષામાં જે રહસ્ય છે તે ટૂંકામાં તેવા જ ગંભીર ભાવદર્શક, રહસ્યાત્મક ભાષામાં મૂળ ગાથાઓની વાંચનારને આપોઆપ સ્મૃતિ થાય તેવું સરળ ગુજરાતી ભાષામાં અવતરણ કરેલું છે. કોઈ વખતે તો આખી ગાથાનો અર્થ ટૂંકા વાક્યમાં સમાઈ જતો હોય તો તે પરમાર્થદર્શક અસરકારક વાક્ય મૂકી દીધું છે. જેમ કે છઠ્ઠા અધ્યયનની ૧૯મી ગાથાનો અર્થ 'લોભથી તૃણનો પણ સ્પર્શ કરવો નહીં' એટલો જ કર્યો છે. એ પ્રમાણે શાસ્ત્રની સૂત્રાત્મક શૈલી સાચવીને પરમાર્થ ઉપર લક્ષ રાખીને ગ્રંથકારના હૃદયની વાત આલેખવાની તેમની શૈલી ભાષાંતરોમાં પણ પ્રગટ જણાઈ આવે છે.

સં. ૧૯૫૩માં લખેલાં અવતરણો 'મોક્ષસિદ્ધાંત' નામે પ્રસિદ્ધ થયેલાં છે, તેમાં 'દ્રવ્યપ્રકાશ' લેખમાં 'દ્રવ્યસંગ્રહ'ના ત્રણે ભાગનું દિગ્દર્શન કરી વિવેચન કરતાં અધૂરો રહેલો તે લેખ છે. તે જ અંકના આઠમા વિભાગમાં 'દ્રવ્યસંગ્રહ'ની ૩૧મી ગાથાથી ૪૯મી ગાથા સુધીનું સુસંબદ્ધ ભાષાંતર શ્રીમદે કરેલું છપાયું છે. મૂળ ગાથાઓનું રહસ્ય, ગ્રંથકારે જે ભાવ દર્શાવવા ગાથાઓ લખી છે, તે જ ભાવ સ્પષ્ટ પ્રગટ થાય તેમ, શ્રીમદે સુંદર ભાષામાં જણાવ્યું છે.

વીશ વર્ષ સુધીનાં લખાણ વિષે લખતાં શ્રી ચિદાનંદજીના 'સ્વરોદય'નું વિવેચન શ્રીમદે કરવા માંડેલું જણાવ્યું છે. તે જ પ્રમાણે શ્રી આનંદઘનજીની ચોવીશીનાં સ્તવનોમાં જે રહસ્ય છે તે વિસ્તારપૂર્વક જણાવવા શ્રીમદે શરૂઆત કરેલી છે. પ્રથમનાં બે સ્તવનનાં અધૂરાં વિવેચનો જેટલાં 'શ્રીમદ્ રાજચંદ્ર' ૭૫૩મા અંકમાં પ્રસિદ્ધ થયાં છે, તેમાં શ્રીમદ્‌ની વિવેચન શૈલી કેવી મનોહર અને તલસ્પર્શી છે તે જણાઈ આવે છે. કોઈ મહા બુદ્ધિશાળી ભવ્ય જીવને સ્તવનોનું વિવેચન લખવું હોય તો આદર્શરૂપ આ બન્ને સ્તવનોનું વિવેચન છે. શ્રી આનંદઘનજીના હૃદયમાં રહેલા અપ્રગટ વિચારો ઉકેલવાની કળા એ વિવેચનોમાં વાંચનારને ચકિત કરી નાખે તેવા રૂપે પ્રગટ પ્રદર્શિત થયેલી છે.

શ્રી યશોવિજયજીએ લખેલી આઠ દૃષ્ટિની સજ્ઝાયની છઠ્ઠી દૃષ્ટિમાંથી એક કડી[૧] લઈ તેનું વિવેચન ૩૯૩, ૩૯૪,

---

૧. ''મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજા કામ કરંત;
તેમ શ્રુત ધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.''
—શ્રી યશોવિજયજી

અને ૩૯૫ એમ ત્રણ પત્રોમાં એવું સુંદર રીતે કર્યું છે કે સાંભળનારને કે વાંચનારને તે સિદ્ધાંતનું માહાત્મ્ય સમજાઈ તેના હૃદયમાં અચળ છાપ પડે. એવી અસાધારણ વિવેચન શક્તિ કોઈક જ ગ્રંથકારોમાં જોવામાં આવે છે.

સં. ૧૯૯૫ના ફાગણ માસમાં શ્રી અંબાલાલભાઈએ વવાણિયા પત્ર લખી શ્રીમદ્‌ને પુછાવ્યું હતું કે 'આત્માનુશાસન'ના સો શ્લોકોનું ભાષાંતર કાવિઠા છે તે ખંભાત મંગાવી લેવું કે કાવિઠા રાખવું? એ ઉપરથી શ્રીમદે આત્માનુશાસનનું ભાષાંતર પણ કાવિઠા નિવૃત્તિ અર્થે પધાર્યા ત્યારે શરૂ કરી સો શ્લોકો સુધી એટલે ત્રીજા ભાગનું ભાષાંતર કરી દીધું હતું, પણ હજી તે પ્રસિદ્ધ થયું નથી.

શ્રી રત્નકરંડ શ્રાવકાચારમાંથી બાર ભાવનાઓનું ભાષાંતર કરવાનું પણ શ્રીમદે શરૂ કર્યું હતું; અને અનિત્ય અને અશરણ એ બે ભાવનાઓ પૂરી કરી સંસારભાવના વિષે થોડું લખ્યું છે. તેટલો અપૂર્ણ લેખ સ્વ૦ પૂંજાભાઈ હીરાચંદ તરફથી ભાવનાસંગ્રહ સં. ૧૯૬૮માં પ્રસિદ્ધ થયો છે તેમાં પ્રથમ પ્રગટ કરવામાં આવ્યો છે. એ લેખ વાંચનારમાંથી કોઈને ભાગ્યે જ એમ લાગે કે તે ભાષાંતરરૂપ હશે. વિચારપ્રવાહ મૂળ લેખકનો વહે તેમ સ્વાભાવિક સરળ ભાષામાં તે લખાયેલ છે. વૈરાગ્ય રંગથી રંગાયેલા એ ઓગણીસ પાન એક વાર જેણે વાંચ્યા હશે તે વારંવાર વાંચ્યા વિના નહીં રહ્યા હોય.

સંપૂર્ણ પુસ્તકનું ભાષાંતર માત્ર એક જ શ્રીમદે કર્યું છે. દિગંબર જૈન આમ્નાયમાં અગ્રગણ્ય શ્રી કુંદકુંદાચાર્યનો 'પંચાસ્તિકાય' ગ્રંથ પ્રસિદ્ધ છે. તેના પ્રથમ અધ્યાયમાં ૧૦૦

શ્લોક છે અને બીજા અધ્યાયમાં ૫૮ શ્લોકો છે. શ્રી કુંદકુંદાચાર્ય ગુજરાતી ગદ્યમાં લખતા હોય તે જ પ્રકારે આ ગ્રંથ લખાયો છે. તેના ઉપર ટીકા કે વિવેચન કાંઈ કર્યું નથી. માત્ર મૂળ પદ્ય ગાથાઓમાં અધ્યાહાર રાખેલો અર્થ ગદ્યમાં ઉતારતાં સંબંધ સાધવા કે સ્પષ્ટ અર્થ થવા જે કંઈ શબ્દો ઉમેરવા યોગ્ય લાગ્યા છે તે કૌંસમાં મૂકેલા છે. કોઈ વિચારવંત જીવને એ મહાન આચાર્યનો વિશ્વતત્ત્વો વિષેનો ઉપદેશ હૃદયગત થઈ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય તે અર્થે આ ભાષાંતર થયેલું છે, એમ એ ગ્રંથ ભાઈ ધારશીભાઈને મોકલાવ્યો ત્યારે સાથેના પત્રમાં તે ગ્રંથનું માહાત્મ્ય દર્શાવતાં શ્રીમદ્ જણાવે છે :

ૐ

"દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે, નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય છે, શુક્લધ્યાનનું અનન્ય કારણ છે. શુક્લધ્યાનથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે.

દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે.

જેમે જેમ સંયમ વર્ધમાન થાય છે, તેમે તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ સમ્યક્દર્શનનું નિર્મલત્વ છે તેનું કારણ પણ 'દ્રવ્યાનુયોગ' થાય છે.

સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે. આત્મારામ પરિણામી, પરમ વીતરાગ દૃષ્ટિવંત, પરમ અસંગ

એવા મહાત્મા પુરુષો તેનાં મુખ્ય પાત્ર છે.

કોઈ મહત્પુરુષના મનનને અર્થે પંચાસ્તિકાયનું સંક્ષિપ્ત સ્વરૂપ લખ્યું હતું; તે મનન અર્થે આ સાથે મોકલ્યું છે.

હે આર્ય! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં. વધારે શું? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે.''(૮૬૬)

'પ્રજ્ઞાવબોધ' નામે 'મોક્ષમાળા'નો આગળનો ભાગ લખાવવા શ્રીમદે સં. ૧૯૫૬ના ભાદરવામાં સંકલના (સાંકળિયું) લખાવી છે, તે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના ૯૪૬મા અંકમાં છપાયેલ છે, તે જોતાં તે પુસ્તક લખાયું હોત તો આ યુગની વિચારશ્રેણિમાં અગ્રસ્થાન લે તેવું પુસ્તક પ્રગટ થાત, એમ લાગ્યા વિના ન રહે તેવા વિષયો તેઓશ્રીએ પસંદ કર્યા છે.

# ૨૪

# અંતિમ ચર્યા

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ॥

-उत्तररामचरित

કવિરાજ ભવભૂતિ આ શ્લોકમાં જણાવે છે કે વજ્રથી પણ કઠોર અને પુષ્પથી પણ કોમળ એવાં અલૌકિક પુરુષોનાં અંતઃકરણને સમજવા કોણ સમર્થ છે? તે જ પ્રકારે શ્રીમદે લખ્યું છેઃ "શુક્લ અંતઃકરણ વિના મારાં કથનને કોણ દાદ આપશે?" (૨૧/૪૭) "જ્ઞાનીનાં વચનોની પરીક્ષા સર્વ જીવને સુલભ હોત તો નિર્વાણ પણ સુલભ જ હોત." (૬૭૯) વળી લખે છે : "ચરમશરીરીપણું જાણીએ કે આ કાળમાં નથી, તથાપિ અશરીરીભાવપણે આત્મસ્થિતિ છે તો તે ભાવનયે ચરમશરીરીપણું નહીં, પણ સિદ્ધપણું છે; અને તે અશરીરીભાવ આ કાળને વિષે નથી એમ અત્રે કહીએ, તો આ કાળમાં અમે પોતે નથી, એમ કહેવા તુલ્ય છે. વિશેષ શું કહીએ? એ કેવળ એકાંત નથી. કદાપિ એકાંત હો તો પણ આગમ જેણે ભાખ્યાં છે, તે જ આશયી સત્પુરુષે કરી તે ગમ્ય કરવા યોગ્ય છે, અને તે જ આત્મસ્થિતિનો ઉપાય છે."(૪૧૧) "દૃઢ વિશ્વાસથી માનજો કે આ-ને વ્યવહારનું બંધન ઉદયકાળમાં ન હોત તો તમને અને બીજા કેટલાક મનુષ્યોને અપૂર્વ હિતનો આપનાર થાત. પ્રવૃત્તિ છે તો તેને માટે કંઈ અસમતા નથી; પરંતુ નિવૃત્તિ

હોત તો બીજા આત્માઓને માર્ગ મળવાનું કારણ થાત. હજુ તેને વિલંબ હશે. પંચમ કાળની પણ પ્રવૃત્તિ છે. આ ભવે મોક્ષે જાય એવા મનુષ્યોનો સંભવ પણ ઓછો છે. ઇત્યાદિક કારણોથી એમ જ થયું હશે.''(૧૭૩) પોતાના સ્વાત્મવૃત્તાંતરૂપ કાવ્યમાં શ્રીમદે ગાયું છે :–

**''યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;**
**થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે.**
**ધન્ય રે દિવસ આ અહો!''**

એ વિષે વળી પોતે ગદ્યમાં પણ લખ્યું છે : ''નાની વયે માર્ગનો ઉદ્ધાર કરવા સંબંધી જિજ્ઞાસા વર્તતી હતી, ત્યાર પછી જ્ઞાનદશા આવ્યે ક્રમે કરીને તે ઉપશમ જેવી થઈ; પણ કોઈ કોઈ લોકો પરિચયમાં આવેલા, તેમને કેટલીક વિશેષતા ભાસવાથી કંઈક મૂળ માર્ગ પર લક્ષ આવેલો અને આ બાજુ તો સેંકડો અથવા હજારો માણસો પ્રસંગમાં આવેલા, જેમાંથી કંઈક સમજણવાળા તથા ઉપદેશક પ્રત્યે આસ્થાવાળા એવા સો-એક માણસ નીકળે. એ ઉપરથી એમ જોવામાં આવ્યું કે લોકો તરવાના કામી વિશેષ છે, પણ તેમને તેવો યોગ બાઝતો નથી. જો ખરેખર ઉપદેશક પુરુષનો જોગ બને તો ઘણા જીવ મૂળ માર્ગ પામે તેવું છે, અને દયા આદિનો વિશેષ ઉદ્યોત થાય એવું છે. એમ દેખાવાથી કંઈક ચિત્તમાં આવે છે કે આ કાર્ય કોઈ કરે તો ઘણું સારું, પણ દૃષ્ટિ કરતાં તેવો પુરુષ ધ્યાનમાં આવતો નથી, એટલે કંઈક લખનાર પ્રત્યે જ દૃષ્ટિ આવે છે,પણ લખનારનો જન્મથી લક્ષ એવો છે કે એ જેવું એક્કે જોખમવાળું પદ નથી, અને પોતાની તે કાર્યની યથાયોગ્યતા જ્યાં સુધી ન

વર્તે ત્યાં સુધી તેની ઇચ્છા માત્ર પણ ન કરવી, અને ઘણું કરીને હજુ સુધી તેમ વર્તવામાં આવ્યું છે. માર્ગનું કંઈ પણ સ્વરૂપ કંઈકને સમજાવ્યું છે, તથાપિ કોઈને એક વ્રતપચ્ચખાણ આપ્યું નથી, અથવા તમે મારા શિષ્ય છો, અને અમે ગુરુ છીએ એવો ઘણું કરીને પ્રકાર દર્શિત થયો નથી. કહેવાનો હેતુ એવો છે કે સર્વસંગપરિત્યાગ થયે તે કાર્યની પ્રવૃત્તિ સહજ સ્વભાવે ઉદયમાં આવે તો કરવી એવી માત્ર કલ્પના છે.

તેનો ખરેખરો આગ્રહ નથી, માત્ર અનુકંપાદિ તથા જ્ઞાનપ્રભાવ વર્તે છે તેથી ક્યારેક તે વૃત્તિ ઊઠે છે, અથવા અલ્પાંશે અંગમાં તે વૃત્તિ છે, તથાપિ તે સ્વવશ છે. અમે ધારીએ છીએ તેમ સર્વસંગપરિત્યાગાદિ થાય તો હજારો માણસ મૂળ માર્ગને પામે અને હજારો માણસ તે સન્માર્ગને આરાધી સદ્‌ગતિને પામે એમ અમારાથી થવું સંભવે છે. અમારા સંગમાં ત્યાગ કરવાને ઘણા જીવને વૃત્તિ થાય એવો અંગમાં ત્યાગ છે.

ધર્મ સ્થાપવાનું માન મોટું છે; તેની સ્પૃહાથી પણ વખતે આવી વૃત્તિ રહે, પણ આત્માને ઘણી વાર તાવી જોતાં તે સંભવ હવેની દશામાં ઓછો જ દેખાય છે, અને કંઈક સત્તાગત રહ્યો હશે તો તે ક્ષીણ થશે એમ અવશ્ય ભાસે છે, કેમકે યથાયોગ્યતા વિના, દેહ છૂટી જાય તેવી દૃઢ કલ્પના હોય તોપણ, માર્ગ ઉપદેશવો નહીં, એમ આત્મનિશ્ચય નિત્ય વર્તે છે. એક એ બળવાન કારણથી પરિગ્રહાદિ ત્યાગ કરવાનો વિચાર રહ્યા કરે છે. મારા મનમાં એમ રહે છે કે વેદોક્ત ધર્મ પ્રકાશવો અથવા સ્થાપવો હોય તો મારી દશા યથાયોગ્ય છે. પણ

જિનોક્ત ધર્મ સ્થાપવો હોય તો હજુ તેટલી યોગ્યતા નથી, તો પણ વિશેષ યોગ્યતા છે, એમ લાગે છે.''(૭૦૮)

વળી એ વિષે પોતાની સ્વવિચારણા પ્રાર્થનારૂપે જણાવે છે :

''હે નાથ! કાં ધર્મોન્નતિ કરવારૂપ ઇચ્છા સહજપણે સમાવેશ પામે તેમ થાઓ; કાં તો તે ઇચ્છા અવશ્ય કાર્યરૂપ થાઓ. અવશ્ય કાર્યરૂપ થવી બહુ દુષ્કર દેખાય છે. કેમકે અલ્પ અલ્પ વાતમાં મતભેદ બહુ છે, અને તેનાં મૂળ ઘણાં ઊંડાં ગયેલાં છે. મૂળ માર્ગથી લોકો લાખો ગાઉ દૂર છે એટલું જ નહીં પણ મૂળ માર્ગની જિજ્ઞાસા તેમને ઉત્પન્ન કરાવવી હોય તોપણ ઘણા કાળનો પરિચય થયે પણ થવી કઠણ પડે એવી તેમની દુરાગ્રહાદિથી જડપ્રધાન દશા વર્તે છે.''(૭૦૯)

શ્રીમદ્‌ના માથા ઉપર સૂર્યના કિરણોનો સ્પર્શ થતાં પણ માથું દુઃખી આવતું; તે દુઃખ અસહ્ય થતું ત્યારે અગ્નિમાં પંદરવીસ મરી નાખી તેનો ધુમાડો લેવો પડતો.

શ્રીમદ્ ઈડરથી સં. ૧૯૫૬માં અમદાવાદ પાસેના નરોડા ગામમાં મુનિઓ હતા ત્યાં પધાર્યા હતા. અમદાવાદથી પણ મુમુક્ષુવર્ગ ત્યાં આવ્યો હતો. બાર વાગ્યા પછી બધાએ જંગલમાં જવું એવો ઠરાવ થયેલો તે પ્રમાણે મુનિઓ ગામની ભાગોળે રાહ જોઈને ઊભા હતા. એટલામાં શ્રીમદ્ બધા મુમુક્ષુઓ સાથે ત્યાં આવ્યા. અને 'મુનિઓના પગ દાઝતા હશે' એમ બોલી પગરખાં કાઢી મૂકી પોતે તડકામાં ધીમે ધીમે ચાલવા લાગ્યા. એક વડ આવ્યો ત્યાં બધા બેઠા. શ્રીમદ્‌ના પગનાં તળિયાં લાલચોળ થઈ ગયાં હતાં. પણ બેઠા પછી પગે હાથ પણ ફેરવ્યો

નહીં. શ્રી દેવકરણજી સામે જોઈને શ્રીમદ્ બોલ્યા : ''હવે અમે તદ્દન અસંગ થવા ઇચ્છીએ છીએ. કોઈના પરિચયમાં આવવું ગમતું નથી. એવી સંયમશ્રેણીમાં રહેવા આત્મા ઇચ્છે છે.''

શ્રી દેવકરણજીએ કહ્યું : ''અનંત દયા જ્ઞાનીપુરુષની છે, તે ક્યાં જશે ?''

શ્રીમદે કહ્યું : ''અંતે એ પણ મૂકવાની છે.''

ફરી શ્રીમદ્ સં. ૧૯૫૭માં અમદાવાદ આગાખાનને બંગલે પોતાનાં માતુશ્રી તથા પત્ની સહિત પધાર્યા ત્યારે મુનિઓ ચોમાસુ પૂરું કરી અમદાવાદ આવ્યા હતા. 'જ્ઞાનાર્ણવ' અને 'સ્વામીકાર્ત્તિકેયાનુપ્રેક્ષા' નામે બે મોટા દિગંબરી ગ્રંથો હાથના લખેલા શ્રીમદ્ પાસે હતા. તે શ્રી લલ્લુજી સ્વામી અને શ્રી દેવકરણજીને માતુશ્રી દેવમાતા અને શ્રી ઝબકબાના હાથે વહોરાવ્યા હતા. તે વખતે સાથેના બીજા મુનિઓએ વિહારમાં પુસ્તકો ઊંચકવામાં પ્રમાદવૃત્તિ સેવેલી અને વૃત્તિ સંકોચેલી તે દોષો પોતે જાણી લઈને દૂર કરવાના ઉદ્દેશથી શ્રીમદ્ બોલ્યા : 'મુનિઓ, આ જીવે સ્ત્રી-પુત્રાદિના ભાર વહ્યા છે, પણ સત્પુરુષોની કે ધર્માત્માની સેવાભક્તિ પ્રમાદ રહિત ઉઠાવી નથી.''

શ્રી લક્ષ્મીચંદજીને શ્રીમદે કહ્યું : ''તમારે શ્રી દેવકરણજી પાસેનો 'જ્ઞાનાર્ણવ' ગ્રંથ તે વાંચે ત્યાં સુધી વિહારમાં ઊંચકવો, તેમજ 'શ્રી કાર્ત્તિકેયાનુપ્રેક્ષા' શ્રી લલ્લુજી વાંચે ત્યાં સુધી વિહારમાં મુનિ મોહનલાલજીએ ઊંચકવો.''

શ્રી દેવકરણજીએ શ્રીમદ્‌ને પૂછ્યું : ''આ શરીર આવું એકદમ કેમ કૃશ થઈ ગયું ?''

શ્રીમદે ઉત્તર આપ્યો : ‘‘અમે શરીરની સામે પડ્યા છીએ. ધરમપુરમાં રહી અપથ્યાહાર કરવાથી આમ દેખાય છે.’’ દરેકને આપેલા ગ્રંથો વાંચી વિચારી પરસ્પર બદલી લેવા અને બહુ વિચારવા ભલામણ પણ કરી હતી.

એવામાં ડૉ. પ્રાણજીવનદાસ ત્યાં દર્શને આવ્યા. તેમને શ્રીમદે કહ્યું કે ‘‘આ બે મુનિઓ-શ્રી લલ્લુજી તથા શ્રી દેવકરણજી ચોથા આરાના મુનિ સમાન છે, ચોથા આરાની વાનગી છે.’’ આ સાંભળી ડૉ. પ્રાણજીવનદાસે પ્રમોદ ભાવે મુનિઓને નમસ્કાર કર્યા.

શ્રીમદે માતુશ્રી દેવમાતાને બાર વ્રત સંક્ષેપમાં લખી આપી વ્રત લેવા મુનિઓ પાસે શ્રી અંબાલાલભાઈ સાથે મોકલ્યાં હતાં; સાથે શ્રી ઝબકબા પણ હતાં. ‘શ્રી જ્ઞાનાર્ણવ’માંથી બ્રહ્મચર્યનો અધિકાર સંભળાવવા પણ સૂચના કરેલી, તે પ્રમાણે શ્રી દેવકરણજીએ વાંચી સંભળાવ્યું હતું. શ્રી દેવકરણજીએ પછી માતુશ્રીને કહ્યું : ‘માતુશ્રી, હવે આપ આજ્ઞા આપો, જેથી કૃપાળુદેવ (શ્રીમદ્) સર્વવિરતિ ગ્રહણ કરે અને ઘણા જીવોનો ઉદ્ધાર કરે.’’

માતુશ્રી બોલ્યાં : ‘‘મને બહુ મોહ છે, તેમના ઉપરનો મોહ મને છૂટતો નથી. તેમનું શરીર સારું થયા પછી હું સર્વવિરતિ ગ્રહણ કરવા રજા દઈશ.’’ તે જ દિવસે શ્રીમદ્ મુનિઓ પાસે ભાવસારની વાડીએ ગયા હતા. ત્યાં મોહનલાલજીએ પ્રશ્ન કર્યો : ‘‘મરણ સમયે આત્મપ્રદેશો કયા અંગમાંથી નીકળતા હશે ?’’

શ્રીમદે દૃષ્ટાંત આપી ઉત્તર આપ્યો : ‘‘નીકમાંથી પાણી ચાલ્યું

જતું હોય અને નીક જ્યાંથી ફાટે ત્યાંથી પાણી ચાલ્યું જાય. અમે મરણનું સ્વરૂપ તપાસી વાળ્યું છે કે આ સ્થિતિને જગતના જીવો મરણ કહે છે.''

મુનિઓ ભાવસારની વાડીથી વિહાર કરી સરસપુર ઉપાશ્રયમાં ગયા હતા. રાત્રે બાર વાગ્યા પછી શ્રી અંબાલાલભાઈને મુનિઓ પાસે જવાની આજ્ઞા થવાથી ત્યાં એકલા ગયા અને વાત કરી : ''આજે મારા પર પરમ ગુરુએ અપૂર્વ કૃપા કરી છે. મારો જે પ્રમાદ હતો, તે આજે નષ્ટ કર્યો છે; જાગૃતિ આપી, મૂળ માર્ગ કેવો જોઈએ તે સંબંધે વ્યવહાર અને પરમાર્થ બન્નેનું સ્વરૂપ આજે કોઈ અલૌકિક પ્રકારે સમજાવ્યું. પરમાર્થનું પોષણ થાય તેવા સદ્વ્યવહારનું સ્વરૂપ પણ કહ્યું.'' એમ સવાર સુધી વાતો કરી શ્રી અંબાલાલ પાછા શ્રીમદ્ પાસે ગયા હતા.

અમદાવાદમાં શ્રીમદે શ્રી દેવકરણજીને કહ્યું : ''સભામાં અમે સ્ત્રી અને લક્ષ્મી બન્ને ત્યાગ્યાં છે; અને સર્વસંગપરિત્યાગની આજ્ઞા માતુશ્રી આપશે એમ લાગે છે.''

શ્રી દેવકરણજીએ કહ્યું : '' અમારા પૂર્વ પુણ્યનો ઉદય થયો કે અમને આપની નિરંતર સેવા સમાગમ મળશે.''

શ્રીમદ્ વઢવાણ કેમ્પ જવાના હતા. તે પહેલાં પોતે મુનિઓને મળવા ગયા હતા. વઢવાણ જવાની વાત દર્શાવી શ્રી લલ્લુજીને ઠપકો આપતાં શ્રીમદ્ બોલ્યા : ''તમે જ અમારી પાછળ પડ્યા છો, અમે જ્યાં જઈએ ત્યાં દોડ્યા આવો છો; અમારો કેડો મૂકતા નથી.'' તે સાંભળી મુનિઓના મનમાં એમ થયું કે આપણો રાગ છોડાવવા આ શિક્ષા આપી છે તો હવે

તેમના તરફથી પત્ર આવે ત્યારે સમાગમ માટે જવું; ત્યાં સુધી ભક્તિ કર્યા કરવી.

બીજે દિવસે આગાખાનને બંગલે શ્રી લલ્લુજી અને શ્રી દેવકરણજીને બોલાવી શ્રીમદે છેલ્લી સૂચના આપતાં જણાવ્યું : ''અમારામાં અને વીતરાગમાં ભેદ ગણશો નહીં.''

અમદાવાદથી શ્રીમદ્‌નું વઢવાણ જવાનું થયું, ત્યાં ખંભાતના ભાઈ લલ્લુભાઈ તથા નગીનભાઈ દર્શને ગયેલા. ત્યાંથી પાછા ખંભાત જતી વખતે સમાગમમાં શ્રીમદે કહ્યું કે ''ફરી મળીએ કે ન મળીએ, સમાગમ થાય કે ન થાય, પણ અમારા પ્રત્યે અખંડ વિશ્વાસ રાખજો. અમારામાં ને શ્રી મહાવીરદેવમાં કંઈ પણ ફેર નથી. ફક્ત આ પહેરણનો ફેર છે.''

વઢવાણ શ્રીમદ્ રહ્યા તે દરમિયાન ''પરમશ્રુત પ્રભાવક મંડળ''ની યોજના શ્રીમદે શરૂ કરી હતી. સં. ૧૯૫૬ના ભાદરવામાં એક પત્રમાં તેનો ઉલ્લેખ પોતે કર્યો છે : ''પરમ સત્શ્રુતના પ્રચારરૂપ એક યોજના ધારી છે તે પ્રચાર થઈ પરમાર્થમાર્ગ પ્રકાશ પામે તેમ થશે. 'પ્રજ્ઞાવબોધ' ભાગ 'મોક્ષમાળા'ના ૧૦૮ મણકા અત્રે લખાવશું.''(ઉ.નોંધ-૨૪) એક સારી રકમની ટીપ કરી તેમાંથી મહાન આચાર્યોના અપ્રસિદ્ધ ગ્રંથો પ્રસિદ્ધ કરાવી તત્ત્વવિચારણા માટે જનસમૂહને અનુકૂળતા મળે તેવા હેતુથી તે સંસ્થા સ્થપાઈ હતી. તેની વ્યવસ્થા વગેરે સંબંધી પણ પોતે લખાવ્યું છે. *તે સંસ્થાનો વહીવટ હાલ સ્વ. ભાઈ રેવાશંકરભાઈના પુત્ર ભાઈ મણિલાલ ચલાવે છે.

લક્ષ્મીનો ત્યાગ કર્યા પછી શ્રીમદ્ બહુ બારીકાઈથી વ્રત પાળતા. રેલગાડીની ટિકિટ સરખી પોતાની પાસે રાખતા નહીં. ''પરમશ્રુત પ્રભાવક મંડળ''ને અંગે નાણાની વાતમાં ભળવું પડે

---

* આ ઉલ્લેખ વિ.સં. ૨૦૦૫નો છે. હાલમાં ઘણાં વર્ષોથી 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ' દ્વારા તેનું સંચાલન થઈ રહ્યું છે.

તો તે પણ અતિચારરૂપે લેખતા.

પરમાર્થવૃત્તિ પ્રધાનપણે તેમણે આખા જીવનમાં રાખેલી છે, તેની સાથે પરોપકાર વૃત્તિ પણ તેટલી જ પ્રબળ હતી. સં. ૧૯૫૭માં તેઓ એક પત્ર દ્વારા જણાવે છે : ''લોકકલ્યાણ હિતરૂપ છે...પોતાની યોગ્યતાની ન્યૂનતાથી અને જોખમદારી ન સમજાઈ શકાવાથી અપકાર ન થાય એ પણ લક્ષ રાખવાનો છે.''

હવાફેર માટે દરિયાકિનારે મુંબઈમાં માટુંગા, શિવ અને વલસાડ પાસે તિથલ વગેરે સ્થળોએ રહેવું થયું હતું. પછી વઢવાણ કેમ્પમાં લીંબડીના ઉતારામાં થોડો વખત રહેવાનું બન્યું હતું. ત્યાં વઢવાણમાં છેલ્લા પદ્માસન અને કાઉસગ્ગ મુદ્રાનાં બન્ને ચિત્રપટ (ફોટા) ભાઈ સુખલાલની માગણીથી પડાવ્યા હતા. પછીથી રાજકોટ રહેવાનું રાખ્યું હતું. ત્યાં ઘણા ખરા મુમુક્ષુઓ આવતા, પણ શરીર ઘણું અશક્ત હોવાને કારણે દાક્તરોએ વાતચીત વિશેષ ન થાય તેવી તજવીજ રખાવી હતી. પત્રો લખાવવા પડે તો એક-બે લીટીના જ લખાવતા. રાજકોટના છેલ્લા પત્રો અત્રે આપ્યા છે :

''સં. ૧૯૫૭, ફાગણ વદ ૧૩, સોમ

ૐ શરીર સંબંધમાં બીજીવાર આજે અપ્રાકૃત ક્રમ શરૂ થયો. જ્ઞાનીઓનો સનાતન સન્માર્ગ જયવંત વર્તો.''(૯૫૨)

''સં. ૧૯૫૭, ચૈત્ર સુદ ૨, શુક્ર

ૐ

અનંત શાંતમૂર્તિ એવા ચંદ્રપ્રભ સ્વામીને નમોનમઃ વેદનીય તથારૂપ ઉદયમાનપણે વેદવામાં હર્ષ શોક શો ? ૐ શાંતિઃ''

(૯૫૩)

ભાઈ મનસુખભાઈ (તેમના નાના ભાઈ) શ્રી રેવાશંકરભાઈ, ડૉ. પ્રાણજીવનદાસ, લીમડીવાળા ભાઈ મનસુખભાઈ

વગેરે શ્રીમદ્‌ની સેવામાં ઠેઠ સુધી રહેલા. એક અઠવાડિયા પહેલાં ભાઈ ધારશીભાઈ તથા નવલચંદભાઈ શ્રીમદ્‌ની પાસે આવ્યા ત્યારે વાતચીતના પ્રસંગમાં શ્રીમદે ધારશીભાઈને કહેલું તે શ્રી લલ્લુજી મુનિએ સભા સમક્ષ વ્યાખ્યાનમાં જણાવેલું કે ‘‘શ્રી ધારશીભાઈ કર્મગ્રંથના અભ્યાસી હતા. તે ધંધુકામાં અમારા દર્શન સમાગમ અર્થે આવેલા ત્યારે તેમણે એક દિવસ સ્થાનક (ઉપાશ્રય)ને મેડે પધારવા મને વિનંતી કરી. ઉપર બન્ને ગયા અને બારણાં બંધ કરી શ્રી ધારશીભાઈએ વિનયભક્તિપૂર્વક સાષ્ટાંગ દંડવત્ કરી વિનંતિ કરી કે ‘સંવત્ ૧૯૫૭માં શ્રીમદ્‌નો દેહ છૂટતાં પહેલાં પાંચ છ દિવસ અગાઉ હું રાજકોટ દર્શન કરવા ગયેલો. તે વખતે તેઓશ્રીએ કહેલું કે શ્રી અંબાલાલ, શ્રી સોભાગ્યભાઈ અને આપને તેઓશ્રીની હયાતિમાં અપૂર્વ સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત થયું છે. તે વખતે મને એક સામાન્ય સમાચાર રૂપે તે શબ્દો લાગેલા. પણ આ ત્રણ વર્ષના વિરહ પછી તે શબ્દો મારા આત્મહિત માટે જ હતા એમ મને સમજાયું અને તે પ્રભુના વિયોગ પછી હવે આપ મારે અવલંબનરૂપ છો. તો તેઓશ્રીએ આપને જણાવેલ આજ્ઞા કૃપા કરી મને ફરમાવો. હવે મારી આખર ઉમ્મર ગણાય અને હું ખાલી હાથે મરણ પામું તેના જેવું બીજું શું શોચનીય છે? આજે અવશ્ય કૃપા કરો, એટલી મારી વિનંતિ છે.’ એમ બોલી આંખમાં આંસુ સહિત અમારા ચરણમાં તેમણે મસ્તક મૂક્યું. તેમને ઉઠાડીને ધીરજથી અમે જણાવ્યું : ‘પ્રભુ, અમને પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે તે વાત તમારે કોઈને કહેવી નહીં, એટલે મારો એ અધિકાર નથી.’ શ્રી ધારશીભાઈ સમજી ગયા.

પણ વિશેષ આગ્રહ કરી કંઈ પ્રસાદી આપવા વારંવાર વિનંતિ કરી. પછી સ્મરણમંત્ર મુમુક્ષુઓને જણાવવા પરમકૃપાળુદેવે અમને આજ્ઞા કરેલી તે તેમને જણાવ્યો, તેનું પોતે આરાધન કરવા લાગ્યા.'' શ્રીમદે છેલ્લા દિવસોમાં ભાઈ ધારશીભાઈને કેટલાંક પદો લખાવ્યાં હતાં.

ભાઈ મનસુખભાઈએ શ્રીમદ્‌ની આખર સુધીની સ્થિતિ ટૂંકામાં એક પત્રમાં લખી છે તે આ પ્રમાણે :

''મનદુઃખ—હું છેવટની પળ પર્યંત અસાવધ રહ્યો. તે પવિત્રાત્માને આડકતરી રીતે ચેતવ્યું, તથાપિ રાગને લઈને સમજી શક્યો નહીં. હવે સ્મરણ થાય છે કે તેઓએ મને અનેક વાર ચેતવણી આપી હતી. હું અજ્ઞાન, અંધ અને મૂર્ખ તેઓશ્રીની વાણી સમજી શકવાને અસમર્થ હતો. દેહત્યાગના આગલા દિવસે સાયંકાળે રેવાશંકરભાઈ, નરભેરામ, હું વગેરે ભાઈઓને કહ્યું, 'તમે નિશ્ચિંત રહેજો, આ આત્મા શાશ્વત છે, અવશ્ય વિશેષ ઉત્તમ ગતિને પ્રાપ્ત થવાનો છે, તમે શાંત અને સમાધિપણે પ્રવતર્શો. જે રત્નમય જ્ઞાનવાણી આ દેહ દ્વારાએ કહી શકવાની હતી તે કહેવાનો સમય નથી. તમે પુરુષાર્થ કરશો.' આવી સ્પષ્ટ ચેતવણી છતાં અમે રાગના કારણથી ચેતી શક્યા નહીં. અમે તો એમ બફમમાં રહ્યા કે અશક્તિ જણાય છે. રાત્રિના અઢી વાગ્યે અત્યંત શરદી થઈ તે સમયે તેઓશ્રીએ જણાવ્યું કે નિશ્ચિંત રહેજો, ભાઈનું સમાધિમૃત્યુ છે. ઉપાયો કરતાં શરદી ઓછી થઈ ગઈ. પોણા આઠ વાગ્યે સવારે દૂધ આપ્યું, તે તેઓએ લીધું. તદ્દન સંપૂર્ણ શુદ્ધિમાં મન, વચન અને કાયા રહ્યાં હતાં. પોણા નવે કહ્યું : 'મનસુખ, દુઃખ ન

પામતો; માને ઠીક રાખજે. હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.' સાડા સાત વાગ્યે જે બિછાનામાં પોઢ્યા હતા, તેમાંથી એક કોચ ઉપર ફેરવવા મને આજ્ઞા કરી. મને લાગ્યું કે અશક્તિ ઘણી જણાય છે માટે ફેરફાર ન કરવો, ત્યારે તેઓશ્રીએ આજ્ઞા કરી કે ત્વરાથી ફેરફાર કર, એટલે મેં સમાધિસ્થ ભાવે સૂઈ શકાય એવી કોચ ઉપર વ્યવસ્થા કરી, જે ઉપર તે પવિત્ર દેહ અને આત્મા સમાધિસ્થ ભાવે છૂટા પડ્યા; લેશ માત્ર આત્મા છૂટો થયાનાં ચિહ્ન ન જણાયાં. જેમ જેમ પ્રાણ ઓછા થવા લાગ્યા તેમ તેમ મુખમુદ્રાની કાંતિ વિશેષપણે પ્રકાશ પામવા લાગી. વઢવાણ કૅમ્પમાં જે સ્થિતિમાં ઊભાં ઊભાં ચિત્રપટ પડાવેલ તે જ સ્થિતિમાં કોચ ઉપર સમાધિ પાંચ કલાક રહી. લઘુશંકા, દીર્ઘશંકા, મોઢે પાણી કે આંખે પાણી કે પરસેવો કંઈ પણ પોણા આઠથી બે વાગ્યા સુધી પ્રાણ છૂટા પડ્યા તો પણ કશું જણાયું નહોતું. એક કલાકે દૂધ પીધા પછી હંમેશા દિશાએ જવું પડતું તેને બદલે આજે કાંઈ પણ નહીં. જેવી રીતે યંત્રને ચાવી દઈ આધીન કરી લેવામાં આવે તે રીતે કરેલ. આવા સમાધિસ્વભાવે તે પવિત્ર આત્મા અને દેહનો સંબંધ છૂટ્યો. પાંચ-છ દિવસ અગાઉ તેઓશ્રીએ કેટલાંક પદ લખાવેલાં તે પૂ. ધારશીભાઈ અને નવલચંદભાઈની પાસે છે. પોતે તદ્દન વીતરાગ ભાવે પ્રવૃત્તિ કરેલી એટલે કોઈ પણ પ્રકારે તેઓશ્રીએ પોતાનું માની પ્રવૃત્તિ કરેલી નહીં, ઉદાસીનપણું જ યોગ્ય ધાર્યું હતું. હવે આપણે કોનું અવલંબન રહ્યું? માત્ર તેઓશ્રીનાં વચનામૃતોનું અને તેમનાં સદ્વર્તનનું અનુકરણ કરવું એ જ મહાન અવલંબન હું માનું છું.''

શ્રીમદ્‌ના દેહત્યાગ અવસરે ભાઈ નવલચંદભાઈ પણ હાજર હતા. શ્રી અંબાલાલભાઈ પરના પત્રમાં તેઓ જણાવે છે કે, “નિર્વાણસમયની મૂર્તિ અનુપમ, ચૈતન્યવ્યાપી, શાંત, મનોહર ને જોતાં તૃપ્તિ ન થાય એવી શોભતી હતી. એમ આપણને ગુણાનુરાગીને તો લાગે, પણ જેઓ બીજા સંબંધે હાજર હતાં તેઓને પણ આશ્ચર્ય પમાડતી ને પૂજ્યભાવ ઉત્પન્ન કરતી જણાતી હતી. આ વખતના અદ્‌ભુત સ્વરૂપનું વર્ણન કરવાને આત્મામાં જે ભાવ થાય છે તે લખી શકાતો નથી.”

સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ ૫ ને મંગળવારે બપોરે બે વાગતાં શ્રીમદ્ રાજચંદ્ર મહાત્મા આ ક્ષેત્ર અને નાશવંત દેહનો ત્યાગ કરી ઉત્તમ ગતિ પામ્યા. જે જે પુરુષોને જેટલા પ્રમાણમાં તે મહાત્માનું ઓળખાણ થયું હતું તેટલા પ્રમાણમાં તેમનો વિયોગ તેમને લાગ્યો હતો.

શ્રીમદ્‌નાં ધર્મપત્ની પોતાનો કાળ એકાંતમાં તેમણે આપેલા સ્મરણની માળામાં જ ગાળતાં. બહુ જ થોડા કાળમાં તેમનો દેહ પણ છૂટી ગયો હતો. તેમનાં માતુશ્રીનું હૈયું બહુ કોમળ હતું. કોઈ શ્રીમદ્‌ની વાત કાઢે તો તેમની આંખો આંસુથી ભરાઈ જતી.

શ્રીમદ્‌ના દેહાંતના સમાચાર કાવિઠા આવ્યા તે વખતે શ્રી લલ્લુજી મહારાજ વગેરે કાવિઠામાં હતા. આગલે દિવસે તેમને ઉપવાસ હતો અને એકાંત જંગલમાં તેમને રહેવાનો અભ્યાસ હતો. તે પારણા વખતે ગામમાં આવ્યા ત્યારે મુમુક્ષુઓ અંદર અંદર વાતો કરતા હતા; તે વિષે તેમણે તપાસ કરતાં શ્રીમદ્‌ના

દેહાંતના સમાચાર મળ્યા કે તુરત પાછા જંગલમાં તે ચાલી નીકળ્યા અને આહારપાણી કંઈ પણ વાપર્યા વિના એકાંત જંગલમાં જ તે વિયોગની વેળા વિતાવી. તેમને ઘણો જ આઘાત લાગ્યો હતો. તે દિવસે મુનિશ્રીએ પાણી પણ વાપર્યું નહીં. રાત્રે બીજા મુનિઓએ પણ તેમની સારવાર ઘણી કરી હતી. ધર્મનું મહાન અવલંબન અને પોષણ આપનાર કલ્પવૃક્ષ સમાન શ્રીમદ્ સદ્‌ગુરુનો વિયોગ દરેક ધર્માત્માને અસહ્ય થઈ પડે છે.

**“સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;**
**સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ.”**

એમ આત્મસિદ્ધિમાં કહ્યું છે, તેમ જેને આત્મદાનનો લાભ મળ્યો છે તેને તે ઉપકાર સમજાયાથી સદ્‌ગુરુનો વિયોગ અસહ્ય થઈ પડે છે.

શ્રી અંબાલાલભાઈએ પોતાનું હૃદય નીચેના પત્રમાં પ્રગટ કર્યું છેઃ—

ૐ

“વિશાળ અરણ્યને વિષે અતિ સુંદર અને શાંતિ આપનારું એવું એક જ વૃક્ષ હોય, તે વૃક્ષમાં નિઃશંકતાથી, શાંતપણે, કોમળપણે સુખાનંદમાં પક્ષીગણ મલકતાં હોય, તે વૃક્ષ એકાએક દાવાગ્નિથી પ્રજ્વલિત થયું હોય તે વખતે તે વૃક્ષથી આનંદ પામનારાં એવાં પક્ષીઓને કેટલું દુઃખ પ્રાપ્ત થાય? કે જેને ક્ષણ એક પણ શાંતિ ન હોય! અહાહા! તે વખતના દુઃખનું મોટા કવીશ્વરો પણ વર્ણન કરવાને અસમર્થ છે; તેવું જ અપાર દુઃખ અઘોર અટવીને વિષે આ પામર જીવોને આપી હે પ્રભુ! તમે ક્યાં ગયા?

હે ભારતભૂમિ! શું આવા, દેહ છતાં વિદેહપણે વિચરતા પ્રભુનો ભાર તારાથી વહન ન થયો? જો તેમ જ હોય તો આ પામરનો જ ભાર તારે હળવો કરવો હતો; કે નાહક તેં તારી પૃથ્વી ઉપર બોજારૂપ કરી રાખ્યો.

હે મહાવિકરાળ કાળ! તને જરા પણ દયા ન આવી. છપ્પનિયાના મહાદુષ્કાળ વખતે લાખો મનુષ્યોનો તેં ભોગ લીધો, તોપણ તું તૃપ્ત થયો નહીં; અને તેથી પણ તારી તૃપ્તિ નહોતી થઈ, તો આ દેહનો જ પ્રથમ ભક્ષ તારે કરવો હતો કે આવા પરમ શાંત પ્રભુનો તેં જન્માંતરનો વિયોગ કરાવ્યો! તારી નિર્દયતા અને કઠોરતા મારા પ્રત્યે વાપરવી હતી! શું તું હસમુખો થઈ મારા સામું જુએ છે!

હે શાસનદેવી! તમારું પરિબળ આ વખતે કાળના મુખ આગળ ક્યાં ગયું? તમારે શાસનની ઉન્નતિની સેવા બજાવવામાં અગ્રેસર તરીકે સાધનભૂત એવા પ્રભુ હતા; જેને તમે ત્રિકરણયોગે નમસ્કાર કરી સેવામાં હાજર રહેતાં, તે આ વખતે કયા સુખમાં નિમગ્ન થઈ ગયાં કે આ મહા કાળે શું કરવા માંડ્યું છે તેનો વિચાર જ ન કર્યો?

હે પ્રભુ! તમારા વિના અમે કોની પાસે ફરિયાદ કરીશું? તમે જ જ્યારે નિર્દયતા વાપરી ત્યાં હવે બીજો દયાળુ થાય જ કોણ? હે પ્રભુ! તમારી પરમ કૃપા, અનંત દયા, કરુણામય હૃદય, કોમળ વાણી, ચિત્તહરણશક્તિ, વૈરાગ્યની તીવ્રતા, બોધબીજનું અપૂર્વપણું, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્-ચારિત્રનું સંપૂર્ણ ઉજમાળપણું, પરમાર્થલીલા, અપાર શાંતિ, નિષ્કારણ કરુણા, નિઃસ્વાર્થી બોધ, સત્સંગની અપૂર્વતા, એ

આદિ ઉત્તમોત્તમ ગુણોનું હું શું સ્મરણ કરું? વિદ્વાન કવિઓ અને રાજેંદ્ર દેવો આપનાં ગુણસ્તવન કરવાને અસમર્થ છે તો આ કલમમાં અલ્પ પણ સમર્થતા ક્યાંથી આવે? આપના પરમોત્કૃષ્ટ ગુણોનું સ્મરણ થવાથી મારા શુદ્ધ અંતઃકરણથી ત્રિકરણયોગે હું આપના પવિત્ર ચરણારવિંદમાં અભિવંદન કરું છું. આપનું યોગબળ, આપે પ્રકાશિત કરેલાં વચનો અને આપેલું બોધબીજ મારું રક્ષણ કરો, એ જ સદૈવ ઇચ્છું છું. આપે સદૈવને માટે વિયોગની આ સ્મરણમાળા આપી તે હવે હું વિસ્મૃત નહીં કરું.

ખેદ, ખેદ અને ખેદ; એ વિના બીજું કંઈ સૂઝતું નથી. રાત્રિ-દિવસ રડી રડીને કાઢું છું; કાંઈ સૂઝ પડતી નથી.''

શ્રીમદ્‌ના દેહોત્સર્ગ પછી 'પાયોનિયર' પત્રમાં પ્રગટ થયેલી જીવનરેખામાંથી થોડું નીચે આપ્યું છે.

''વ્યાપાર કર્યાને દશ વર્ષ થયાં પછી તેઓને (શ્રીમદ્‌ને) લાગ્યું કે જે હેતુથી વ્યાપારધંધામાં પ્રયાણ કર્યું હતું તે હેતુ પોતે પૂર્ણ કર્યો હતો; તેથી વ્યાપારની સાથેનો પોતાનો સંબંધ નિવર્તવાની ઇચ્છા તેઓએ જણાવી. જ્ઞાન, ધનસંપત્તિ, સાંસારિક પદવી, કૌટુંબિક સુખ (કારણ કે તેઓને હયાત માતા, પિતા, એક પરિણીત બંધુ, ચાર પરિણીત બહેનો, સ્ત્રી, બે પુત્રો અને બે પુત્રીઓ હતાં) પ્રાપ્ત કરી, સંસારનો ત્યાગ કરી સાધુ મુનિનું જીવન ગાળવાની તેઓએ તૈયારી કરી. એટલામાં બત્રીશમા વર્ષની વયે તેઓની શારીરિક પ્રકૃતિ નબળી પડી. અનેક કુશળ ડૉક્ટરની સારવાર નીચે રાખવામાં આવ્યા, અને એક વખત તો તેઓની પ્રકૃતિ સુધરી જવાની આશા રખાઈ.

પરંતુ વ્યાધિએ ફરી દેખાવ દીધો; અને કાબેલિયતવાળી સારવાર તથા તેઓના પ્રશંસકોની માવજત છતાં એક વર્ષ કરતાં વધારે બિછાનાવશ રહીને કાઠિયાવાડના રાજકોટ શહેરમાં ગયા માસની નવમી તારીખે (ઈ.સ. ૧૯૦૧, એપ્રિલ માસમાં) તેઓએ શાંતિથી દેહવિલય કર્યો.

તેઓની લાંબી માંદગી દરમ્યાન તેઓએ કદી પણ નિશ્વાસ અથવા આર્ત્તતા દાખવી નહોતી. જ્યારે તેઓના બિછાનાની આસપાસ બીજા બધાઓ ખેદયુક્ત થતાં ત્યારે પણ તેઓ આનંદ સમેત રહેતા.

... ... ...

શ્રીમદ્ રાજચંદ્ર દરેક રીતે લાક્ષણિક ચિહ્નથી અંકિત પુરુષ હતા; એ દર્શાવવાને તેઓના જીવનની ઉપર દર્શાવેલી રૂપરેખા પૂરતી છે. તેઓની માનસિક શક્તિઓ અદ્‌ભુત રીતે ચમત્કૃતિવાળી હતી, તેમજ તેઓના ચારિત્રની નૈતિક ઉન્નતિ ચકિત કરાવનાર હતી. સત્ય પ્રત્યે તેઓનો આદર, વ્યાપારમાં અત્યંત ચીવટથી નૈતિક તત્ત્વોને વળગી રહેવાનું વર્તન, ગમે તેટલી વિરુદ્ધતા છતાં જે ખરું તેઓ માનતા તે કરવાની તેઓની નિશ્ચયવૃત્તિ અને તેઓના કર્તવ્ય સંબંધી ઉચ્ચ આદર્શ જેઓ તેઓના સહવાસમાં આવતા તેઓનામાં પ્રેરણા કરી તેઓને ઉન્નતિની શ્રેણી પર ચઢાવતા. તેઓની બાહ્યાકૃતિ ડમાકવાળી ન હતી, પરંતુ આંતરિક શાંતિ અને ગાંભીર્ય તો તેઓનાં જ હતાં. તેઓનું ધર્મો તથા તત્ત્વજ્ઞાન સંબંધી વિશાળ અને યથાસ્થિત જ્ઞાન, તેઓની સમજાવવાની અદ્‌ભુત શક્તિ અને ઉપદેશ કરવાની તેઓની દિવ્ય પદ્ધતિ હોવાથી તેમના ઉપદેશો પૂર્ણ લક્ષપૂર્વક સાંભળવામાં આવતા હતા. ઉશ્કેરનાર

સંજોગો હોય ત્યારે પણ તેઓનો આત્મસંયમ એટલો બધો પૂર્ણ હતો, તેઓની મધ્યસ્થ રીતે સમજાવવાની શક્તિ એટલી બધી મહાન હતી અને તેઓની હાજરી એટલી બધી પ્રેરણાત્મક હતી કે જેઓ તેઓની સાથે વાદવિવાદ કરી તેઓના ઉપર જય મેળવવાની બુદ્ધિએ આવતા તેઓ તદ્દન તેઓથી વશ થઈને તેમની આદરપૂર્વક સ્તુતિ કરતા પાછા જતા.

હિંદની વર્તમાન દશા પર શ્રીમદ્ રાજચંદ્રને ખેદ થતો હતો અને તે દૂર કરવાને હંમેશા ઇચ્છા ધરાવતા હતા. વર્તમાન સામાજિક અને રાજકીય પ્રશ્નો પરના તેઓના વિચારો ઉદાર હતા. બધા સુધારકોમાં જે સુધારક પવિત્રતમ આશયથી અને દાંભિક વૃત્તિ વગર સુધારાનું કાર્ય કર્યા જાય છે તેઓને શ્રીમદ્ ઉચ્ચતમ પંક્તિ આપતા. તેઓનાં પાછલાં વર્ષોમાં એ તો સ્પષ્ટ જણાતું હતું કે શ્રીમદ્ પોતાના જીવનનો સંદેશ ધર્મશિક્ષક તરીકે આપવાની તૈયારી કરતા હતા, પરંતુ દુર્ભાગ્યે મરણે વચ્ચે પડી તે સંદેશ પૂર્ણ થતાં અટકાવ્યો છે; છતાં મુંબઈ ઇલાકાના જૈનોમાં એક નૂતન જીવન ઉત્પન્ન કરવામાં શ્રીમદ્ વિજય પામ્યા છે.

સાધારણ રીતે એવું મનાય છે કે જો તેઓ વધુ વખત જીવ્યા હોત તો હાલના જૈનમાર્ગની સંપૂર્ણ દર્શનક્રાંતિ કરી હોત અને મહાન મહાવીરે જે વાસ્તવિક ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ લોકોને શીખવ્યો હોત. જૈનોના અનેક ગચ્છભેદો દૂર કરી મહાવીરે સ્થાપેલો એક સામાન્ય ધર્મ સ્થાપવાનો તેઓનો વિચાર હતો. આવું ઉપયોગી જીવન અપરિપક્વ વયે ઉપયોગમાં આવતું બંધ પડ્યું તેથી દેશને ચોખ્ખો ગેરલાભ થયો છે.''

## ૨૫

# શ્રીમદ્‌ની સત્શિક્ષા

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પ્રસિદ્ધ થયો છે, તેમાં મોટે ભાગે પત્રો અને કાવ્યો છે; તે શ્રીમદ્‌નાં આત્મઅનુભવ સહિત લખાયેલાં વચનો ભવ્ય જીવોને સન્માર્ગપ્રાપ્તિમાં પરમ ઉપકારક સત્શિક્ષારૂપ છે. જીવનના અનેક પ્રસંગે મુમુક્ષુ જીવોને જ્યાં મૂંઝવણ ઊભી થયેલી તે વખતે તેમની મુશ્કેલીઓનો હિતકારક સત્ય ઉકેલ કરી આપી માર્ગ સરળ રીતે પ્રાપ્ત થાય તેવી મદદ મળે અથવા પોતાની આત્મવિચારણાની પ્રસાદીથી મુમુક્ષુ જીવની મોક્ષમાર્ગમાં ઉન્નતિ થાય તેવાં વચનો નિષ્કારણ કરુણાથી તે મહાપુરુષે પ્રકાશ્યાં છે. તે મહા ભાગ્યશાળી લેખક અને પરમ શ્રદ્ધાવંત મુમુક્ષુનાં અંતઃકરણમાં વહેતી ઊર્મિઓને યથાર્થ ઓળખ્યા વિના માત્ર મુમુક્ષુઓના પ્રશ્નના ઉત્તરો ઉપરથી કોઈ અર્ધદગ્ધ અજાણ્યો તે વચનોની કિંમત આંકવા જાય, તે બાળકને રત્ન આપ્યું હોય તો તે મુખમાં મૂકી તેના સ્વાદ ઉપરથી પરીક્ષા કરવા ધારે છે તેવી અજ્ઞાનને આધારે કપોળકલ્પિત કિંમત આંકી લે છે. પરંતુ જે જીવ યથાર્થ વૈરાગ્ય અને સત્પુરુષના સમાગમથી પોતાની યોગ્યતા વધારી જો તે આત્મ-અનુભવથી ભીંજાયેલાં વચનોનો શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કરશે તો તેનો પોતાનો આત્મા તે સત્ય વચનોનો પરમાર્થ પ્રત્યક્ષ સમજી, સાક્ષી પૂરશે. જે જીવમાં વિનય, સરળપણું આદિ ગુણો નથી તે સત્શિક્ષા પામી શકતો નથી. શ્રીમદે એક

વાક્યમાં જ જણાવ્યું છે : ''જગતમાં માન હોત તો અહીં જ મોક્ષ હોત!''(૨૧-૮૩)

*જ્ઞાની કેમ ઓળખાતા નથી?*

વળી તેઓ વિશેષ જણાવે છે : 'જ્ઞાનીપુરુષનું ઓળખાણ નહીં થવામાં ઘણું કરીને જીવના ત્રણ મોટા દોષ જાણીએ છીએ. એક તો 'હું જાણું છું', 'હું સમજું છું' એવા પ્રકારનું જે માન જીવને રહ્યા કરે છે તે માન. બીજું પરિગ્રહાદિકને વિષે જ્ઞાની પુરુષ પર રાગ કરતાં પણ વિશેષ રાગ. ત્રીજું, લોકભયને લીધે, અપકીર્તિભયને લીધે, અને અપમાનભયને લીધે જ્ઞાનીથી વિમુખ રહેવું, તેના પ્રત્યે જેવું વિનયાન્વિત થવું જોઈએ તેવું ન થવું. એ ત્રણ કારણો જીવને જ્ઞાનીથી અજાણ્યો રાખે છે; જ્ઞાનીને વિષે પોતા સમાન કલ્પના રહ્યા કરે છે; પોતાની કલ્પના પ્રમાણે જ્ઞાનીના વિચારનું, શાસ્ત્રનું તોલન કરવામાં આવે છે; થોડું પણ ગ્રંથ સંબંધી વાંચનાદિ જ્ઞાન મળવાથી ઘણા પ્રકારે તે દર્શાવવાની જીવને ઇચ્છા રહ્યા કરે છે. એ વગેરે જે દોષ તે ઉપર જણાવ્યા એવા જે ત્રણ દોષ તેને વિષે સમાય છે; અને એ ત્રણે દોષનું ઉપાદાન કારણ એવો તો એક 'સ્વચ્છંદ' નામનો મહા દોષ છે; અને તેનું નિમિત્ત કારણ અસત્સંગ છે.''(૪૧૬)

*સ્વચ્છંદ ટાળવાનો ઉપાય*

'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની પ્રથમ ચાળીસ ગાથાઓ મુમુક્ષુ જીવને માર્ગ કેમ પ્રાપ્ત થાય તે વિષે ઉત્તમ શિખામણરૂપ છે. તેમાં શ્રીમદ્ લખે છે :—

---

આ અધ્યાયમાં જ્યાં જ્યાં પત્ર કે કાવ્યની આખરે (  ) માં જે આંક મૂક્યા છે તે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના છે.

“રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫
પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬
સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭
માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ-શરણમાં, અલ્પ પ્રયાસે જાય.” ૧૮

વળી તેઓ લખે છે :

“અનંતકાળ સુધી જીવ નિજછંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.

જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે, છતાં જીવ લોકલજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે, અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.”(૨૦૦)

“પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાનીઓ જો કે મહાજ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં; એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં; પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન હોય તે જ દોષને જણાવી કઢાવી શકે. જેમ દૂરના ક્ષીરસમુદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં, પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે.

*કદાગ્રહાદિ ટળ્યા વિના કલ્યાણ ન થાય*

જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે, અને તે પરમ સત્સંગે કરી સમજી શકાય છે; માટે તેવા વિકલ્પ કરવા મૂકી દેવા. જીવે મુખ્યમાં મુખ્ય આ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે, કે સત્સંગ થયો હોય તો સત્સંગમાં સાંભળેલ શિક્ષાબોધ પરિણામ પામી, સહેજે જીવમાં ઉત્પન્ન થયેલ કદાગ્રહાદિ દોષો તો છૂટી જવા જોઈએ, કે જેથી સત્સંગનું અવર્ણવાદપણું બોલવાનો પ્રસંગ બીજા જીવોને આવે નહીં....આટલું થતાં છતાં જો જીવથી સત્સંગ થયા પછી કદાગ્રહ, મતમતાંતરાદિ દોષ ન મૂકી શકાતો હોય તો પછી તેણે છૂટવાની આશા કરવી નહીં..... જ્ઞાનીપુરુષે કહેવું બાકી નથી રાખ્યું; પણ જીવે કરવું બાકી રાખ્યું છે.''(૪૬૬)

*મોક્ષમાર્ગ-દીપક*

''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. .......એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.''(૭૬)

''ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. વિષયકષાયાદિ વિશેષ

વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંતપુરુષનાં ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે, અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે.''(૮૧૯)

*મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં રાખવા યોગ્ય*

''જ્ઞાનીપુરુષની અવજ્ઞા બોલવી તથા તેવા પ્રકારના પ્રસંગમાં ઉજમાળ થવું, એ જીવનું અનંત સંસાર વધવાનું કારણ છે, એમ તીર્થંકર કહે છે. તે પુરુષના ગુણગ્રામ કરવા, તે પ્રસંગમાં ઉજમાળ થવું, અને તેની આજ્ઞામાં સરળ પરિણામે પરમ ઉપયોગદૃષ્ટિએ વર્તવું, એ અનંત સંસારને નાશ કરનારું તીર્થંકર કહે છે; અને તે વાક્યો જિનાગમને વિષે છે. ઘણા જીવો તે વાક્યો શ્રવણ કરતા હશે, તથાપિ પ્રથમ વાક્યને અફળ અને બીજા વાક્યને સફળ કર્યું હોય, એવા જીવો તો ક્વચિત્ જોવામાં આવે છે; પ્રથમ વાક્યને સફળ અને બીજા વાક્યને અફળ એમ જીવે અનંતવાર કર્યું છે. તેવા પરિણામમાં આવતાં તેને વખત લાગતો નથી. કારણ કે અનાદિકાળથી મોહ નામનો મદિરા તેના

*અનંત સંસાર વધવાનું કારણ અને અનંત સંસાર નાશ કરવાનું કારણ*

'આત્મા'માં પરિણામ પામ્યો છે; માટે વારંવાર વિચારી તેવા તેવા પ્રસંગમાં યથાશક્તિ, યથાબળવીર્યે ઉપર દર્શિત કર્યા છે જે પ્રકાર તે પ્રકારે વર્તવું યોગ્ય છે.''(૩૯૭)

*માર્ગાનુસારી પુરુષને જ્ઞાનીપુરુષનો બોધ*

''સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઇચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યાં નથી; અથવા જ્ઞાનીપુરુષનાં દર્શન પણ તેણે કર્યાં નથી, એમ તીર્થંકર કહે છે. જેની કેડનો ભંગ થયો છે, તેનું પ્રાયે બધું બળ પરિક્ષીણપણાને ભજે છે. જેને જ્ઞાનીપુરુષનાં વચનરૂપ લાકડીનો પ્રહાર થયો છે તે પુરુષને વિષે તે પ્રકારે સંસાર સંબંધી બળ હોય છે, એમ તીર્થંકર કહે છે.

જ્ઞાનીપુરુષને જોયા પછી સ્ત્રીને જોઈ જો રાગ ઉત્પન્ન થતો હોય તો જ્ઞાનીપુરુષને જોયા નથી, એમ તમે જાણો.

જ્ઞાનીપુરુષનાં વચનને સાંભળ્યા પછી સ્ત્રીનું સજીવન શરીર અજીવનપણે ભાસ્યા વિના રહે નહીં.

ખરેખર પૃથ્વીનો વિકાર ધનાદિ સંપત્તિ ભાસ્યા વિના રહે નહીં.

જ્ઞાનીપુરુષ સિવાય તેનો આત્મા બીજે ક્યાંય ક્ષણભર સ્થાયી થવાને વિષે ઇચ્છે નહીં. એ આદિ વચનો તે પૂર્વે જ્ઞાનીપુરુષો માર્ગાનુસારી પુરુષને બોધતા હતા. જે જાણીને, સાંભળીને તે સરળ જીવો આત્માને વિષે અવધારતા હતા. પ્રાણત્યાગ જેવા પ્રસંગને વિષે પણ તે વચનોને અપ્રધાન ન કરવા યોગ્ય જાણતા હતા, વર્તતા હતા.''(૪૫૪)

''અહો સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ! સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ, અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત; છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર! ત્રિકાળ જયવંત વર્તો!''(૮૭૫)

*સત્પુરુષનાં વચન, મુદ્રા અને સત્સમાગમ મોક્ષનું કારણ*

''શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કહ્યો છે; પણ જીવ દિશામૂઢ રહેવા ઇચ્છે છે ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી. અને તે સમજવું પણ કંઈ વિકટ નથી, કેમકે જીવનું સહજ જે સ્વરૂપ છે તે જ માત્ર સમજવું છે; અને તે કંઈ બીજાના સ્વરૂપની વાત નથી કે વખતે તે ગોપવે કે ન જણાવે, તેથી સમજવી ન બને. પોતાથી પોતે ગુપ્ત રહેવાનું શી રીતે બનવા યોગ્ય છે? પણ સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાન દશારૂપ સ્વપ્નરૂપ યોગે આ જીવ પોતાને, પોતાનાં નહીં એવાં બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે; અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિ ગતિનો હેતુ તે જ છે, તે જ જન્મ છે, મરણ છે અને તે જ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવકલ્પનાના હેતુ છે, અને

*સંસારનું સ્વરૂપ અને તેની નિવૃત્તિ*

તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે; અને એ જ નિવૃત્તિને અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે; અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટ્યો એમાં કંઈ સંશય નથી.'' (૫૩૭)

*ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ*

''બોધ બે પ્રકારથી જ્ઞાની પુરુષોએ કર્યો છે. એક તો 'સિદ્ધાંતબોધ' અને બીજો તે સિદ્ધાંતબોધ થવાને કારણભૂત એવો 'ઉપદેશબોધ.' જો ઉપદેશ-બોધ જીવને અંતઃકરણમાં સ્થિતિમાન થયો ન હોય, તો સિદ્ધાંતબોધનું માત્ર તેને શ્રવણ થાય તે ભલે, પણ પરિણામ થઈ શકે નહીં. 'સિદ્ધાંત-બોધ' એટલે પદાર્થનું જે સિદ્ધ થયેલું સ્વરૂપ છે, જ્ઞાનીપુરુષોએ નિષ્કર્ષ કરી જે પ્રકારે છેવટે પદાર્થ જાણ્યો છે, તે જે પ્રકારથી વાણી દ્વારાએ જણાવાય તેમ જણાવ્યો છે એવો જે બોધ છે તે 'સિદ્ધાંતબોધ' છે. પણ પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાયરૂપ તેની અનાદિ વિપર્યાસ ભાવને પામેલી એવી બુદ્ધિ છે, કે જે વ્યક્તપણે કે અવ્યક્તપણે વિપર્યાસપણે પદાર્થસ્વરૂપને નિર્ધારી લે છે; તે વિપર્યાસબુદ્ધિનું બળ ઘટવા, યથાવત્ વસ્તુસ્વરૂપ જાણવાને વિષે પ્રવેશ થવા, જીવને વૈરાગ્ય અને ઉપશમ સાધન કહ્યાં છે; અને એવાં જે જે સાધનો જીવને સંસારભય દૃઢ કરાવે છે તે તે સાધનો સંબંધી જે ઉપદેશ કહ્યો છે તે 'ઉપદેશબોધ' છે...ગૃહ કુટુંબાદિ ભાવને વિષે અનાસક્ત

બુદ્ધિ થવી તે 'વૈરાગ્ય' છે, અને તેની પ્રાપ્તિ-અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાય (ક્રોધ, માન, માયા, લોભ) ક્લેશ તેનું મંદ થવું તે 'ઉપશમ' છે. એટલે તે બે ગુણ વિપર્યાસબુદ્ધિને પર્યાયાંતર કરી સદ્‌બુદ્ધિ કરે છે, અને તે સદ્‌બુદ્ધિ જીવાજીવાદિ પદાર્થની વ્યવસ્થા જેથી જણાય છે એવા સિદ્ધાંતની વિચારણા કરવા યોગ્ય થાય છે, કેમકે ચક્ષુને પટળાદિ અંતરાય મટવાથી જેમ પદાર્થ યથાવત્ દેખાય છે, તેમ અહંતાદિ પટળનું મંદપણું થવાથી જીવને જ્ઞાની પુરુષે કહેલા એવા સિદ્ધાંતભાવ, આત્મભાવ, વિચારચક્ષુએ દેખાય છે. જ્યાં વૈરાગ્ય અને ઉપશમ બળવાન છે, ત્યાં વિવેક બળવાનપણે હોય છે. સહજ આત્મસ્વરૂપ છે એવું કેવળજ્ઞાન તે પણ પ્રથમ મોહનીયકર્મના ક્ષયાંતર પ્રગટે છે. અને તે વાતથી ઉપર જણાવ્યો છે તે સિદ્ધાંત સ્પષ્ટ સમજી શકાશે. વળી જ્ઞાની પુરુષોની વિશેષ શિખામણ વૈરાગ્ય ઉપશમ પ્રતિબોધતી જોવામાં આવે છે... ફરી ફરીને જ્ઞાનીપુરુષોનાં વચન એ ઉપદેશનો જ નિશ્ચય કરવાની જીવને પ્રેરણા કરવા ઇચ્છે છે; તથાપિ અનાદિ અસત્સંગથી ઉત્પન્ન થયેલી એવી દુષ્ટ ઇચ્છાદિ ભાવમાં મૂઢ થયેલો એવો જીવ પ્રતિબૂઝતો (સમજતો) નથી; અને તે ભાવોની નિવૃત્તિ કર્યા વિના અથવા નિવૃત્તિનું પ્રયત્ન કર્યા વિના શ્રેય ઇચ્છે છે, કે જેનો સંભવ ક્યારે પણ થઈ શક્યો નથી, વર્તમાનમાં થતો નથી, અને ભવિષ્યમાં થશે નહીં.''(૫૦૬)

*દુઃખનું મૂળ* **ક્યા ઇચ્છત ? ખોવત સબે ! હૈ ઇચ્છા દુઃખમૂલ;**
**જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.**

* (હાથનોંધ ૧-૧૨)

**દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;**
**હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮**

—આત્મસિદ્ધિ

*મુમુક્ષુતા*

" 'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુઝાઈ એક 'મોક્ષ'ને વિષે જ યત્ન કરવો અને 'તીવ્ર મુમુક્ષુતા' એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું. 'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી, પણ 'મુમુક્ષુતા' વિષે જણાવવું છે, કે તે ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે, અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે.

સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે. સ્વચ્છંદ જ્યાં પ્રાયે દબાયો છે, ત્યાં પછી 'માર્ગપ્રાપ્તિ'ને રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.

આ લોકની અલ્પ પણ સુખેચ્છા, પરમ દૈન્યતાની ઓછાઈ અને પદાર્થનો અનિર્ણય એ બધાં કારણો ટાળવાનું બીજ હવે પછી કહેશું. તે પહેલાં તે જ કારણોને અધિકતાથી કહીએ છીએ.

*મુમુક્ષુતાને રોકનાર ત્રણ કારણો*

'આ લોકની અલ્પ પણ સુખેચ્છા', એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે. તે હોવાનાં કારણો નિઃશંકપણે તે 'સત્' છે એવું દૃઢ થયું નથી, અથવા તે 'પરમાનંદરૂપ' જ છે એમ પણ નિશ્ચય નથી. અથવા તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે, તેને

લીધે બાહ્ય શાતાનાં કારણો પણ કેટલીકવાર પ્રિય લાગે છે (!) અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે.

સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે, અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે; જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ ‘પરમ દૈન્યત્વ’ જ્યાં સુધી આવરિત રહ્યું છે ત્યાં સુધી જીવની જોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.

કદાપિ એ બન્ને થયાં હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે, અને મિથ્યા સમતા આવે છે; કલ્પિત પદાર્થ વિષે ‘સત્’ની માન્યતા હોય છે; જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી, અને એ જ પરમ જોગ્યતાની હાનિ છે.

આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે. માત્ર બીજા કારણની કંઈક ન્યૂનતા કોઈ કોઈ વિષે જોઈ છે, અને જો તેઓમાં સર્વ પ્રકારે (પરમ દૈન્યતાની ખામીની) ન્યૂનતા થવાનું પ્રયત્ન હોય તો જોગ્ય થાય એમ જાણીએ છીએ. પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે; અને એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે.

અધિક શું કહીએ? અનંતકાળે એ જ માર્ગ છે.

પહેલું અને ત્રીજું કારણ જવાને માટે બીજા કારણની હાનિ કરવી, અને મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું.

ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે. મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.

*મહાત્માનું ઓળખાણ અને તેનું ફળ*

મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય છે, તેને મોહાસક્તિ મટી પદાર્થનો નિર્ણય હોય છે. તેથી વ્યાકુળતા મટે છે. તેથી નિઃશંકતા આવે છે. જેથી જીવ સર્વ પ્રકારનાં દુઃખથી નિર્ભય હોય છે અને તેથી જ નિઃસંગતા ઉત્પન્ન હોય છે, અને એમ યોગ્ય છે... અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે......કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ-વિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે.''(૨૫૪)

''જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ? એ વારંવાર વિચારી યોગ્ય લાગે ત્યારે સાથેનું પત્ર વાંચજો.....અમને લાગે છે કે માર્ગ સરળ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે.

**સત્‌સ્વરૂપને અભેદભાવે અને અનન્ય ભક્તિએ નમોનમઃ**

*સ્વરૂપપ્રાપ્તિનો માર્ગ*

ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્- પ્રતીતિ આવ્યા વિના સત્‌સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને

અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે, સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઈચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો; દૃઢ મોક્ષેચ્છા કરવી; એ વિચારમાં અપ્રમત્ત રહેવું; તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિઃશંક માનજો. અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જો કે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંતવાર કર્યું છે; તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.

સૂયગડાંગ સૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :

હે આયુષ્યમનો! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.

સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે :— ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.

એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

आणाए धम्मो आणाए तवो ।

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ. (આચારાંગ સૂત્ર)

સર્વ સ્થળે એ જ મોટા પુરુષોનો કહેવાનો લક્ષ છે, એ લક્ષ જીવને સમજાયો નથી. તેના કારણમાં સર્વથી પ્રધાન એવું કારણ સ્વચ્છંદ છે અને જેણે સ્વચ્છંદને મંદ કર્યો છે, એવા પુરુષને પ્રતિબદ્ધતા (લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન) એ બંધન ટળવાનો સર્વોત્તમ ઉપાય જે કંઈ છે તે આ ઉપરથી તમે વિચારો. અને એ વિચારતાં અમને જે કંઈ યોગ્ય લાગે તે પૂછજો. અને એ માર્ગે જો કંઈ યોગ્યતા લાવશો તો ઉપશમ ગમે ત્યાંથી પણ મળશે. ઉપશમ મળે અને જેની આજ્ઞાનું આરાધન કરીએ એવા પુરુષનો ખોજ રાખજો.

બાકી બીજાં બધાં સાધન પછી કરવાં યોગ્ય છે. આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ વિચારતાં લાગશે નહીં. (વિકલ્પથી) લાગે તો જણાવશો કે જે કંઈ યોગ્ય હોય તે જણાવાય.'' (૧૯૪)

''સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો, તેમ જ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ

***સત્સંગની ઉપાસના તે આત્માની ઉપાસના છે.***

સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે, તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.'' (દ્વાદશાંગીનું સળંગ સૂત્ર) (૪૯૧)

''જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે. ઉપશમસ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યાં છે, ઉપદેશ્યાં છે. તે ઉપશમ આત્માર્થે છે, અન્ય કોઈ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યું, તો તે જિનાગમનું શ્રવણ, વાંચન નિષ્ફળરૂપ છે; એ વાર્તા અમને તો નિઃસંદેહ યથાર્થ લાગે છે.

*આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ*

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી. એમ સર્વ જ્ઞાનીપુરુષોએ ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરુવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય, સર્વથા દુઃખથી મુક્તપણું તેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારનાં

મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્તવ્યરુપ ધર્મ ભજવો યોગ્ય છે.

એક મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષુ જીવે એ જ કરવી યોગ્ય છે કે સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી, અને તે સત્સંગમાં નિરંતર સમય સમય નિવાસ ઇચ્છવો, અસત્સંગનું ક્ષણે ક્ષણે વિપરિણામ વિચારવું, એ શ્રેયરૂપ છે. બહુ બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે.

*કલ્યાણનું કારણ*

યથાપ્રારબ્ધે સ્થિતિ છે એટલે બળવાન ઉપાધિયોગે વિષમતા આવતી નથી. કંટાળો અત્યંત આવી જતાં છતાં ઉપશમનું, સમાધિનું યથારૂપ રહેવું થાય છે; તથાપિ નિરંતર ચિત્તમાં સત્સંગની ભાવના વર્ત્યા કરે છે. સત્સંગનું અત્યંત માહાત્મ્ય પૂર્વભવે વેદન કર્યું છે; તે ફરી ફરી સ્મૃતિરૂપ થાય છે અને નિરંતર અભંગપણે તે ભાવના સ્ફુરિત રહ્યા કરે છે.'' (૩૭૫)

''વૈરાગ્ય અને ઉપશમનું બળ વધવાથી જીવને વિષે સહેજે ક્ષયોપશમનું નિર્મળપણું થાય છે; અને સહેજ સહેજમાં સિદ્ધાંતજ્ઞાન થવાનું કારણ થાય છે. જો જીવમાં અસંગદશા આવે તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ થાય છે; અને તે અસંગદશાનો હેતુ વૈરાગ્ય અને ઉપશમ છે; જે ફરી ફરી જિનાગમમાં તથા વેદાંતાદિ ઘણાં શાસ્ત્રોમાં કહેલ છે—વિસ્તારેલ છે; માટે નિઃસંશયપણે યોગવાસિષ્ઠાદિ વૈરાગ્ય, ઉપશમના હેતુ એવા સદ્ગ્રંથો વિચારવા યોગ્ય છે.........

*અસંગદશાનો હેતુ*

*લોકમાર્ગનો પ્રતિકાર*

તમને અથવા શ્રી દેવકરણજીને અથવા કોઈ બીજા મુમુક્ષુને કોઈ પ્રકારની કંઈ પણ પરમાર્થની વાર્તા કરી હોય તેમાં માત્ર પરમાર્થ સિવાય બીજો કોઈ હેતુ નથી. વિષમ અને ભયંકર આ સંસારનું સ્વરૂપ જોઈ તેની નિવૃત્તિ વિષે અમને બોધ થયો. જે બોધ વડે જીવમાં શાંતિ આવી, સમાધિદશા થઈ, તે બોધ આ જગતમાં કોઈ અનંત પુણ્યજોગે જીવને પ્રાપ્ત થાય છે, એમ મહાત્માપુરુષો ફરી ફરી કહી ગયા છે. આ દુષમકાળને વિષે અંધકાર પ્રગટી બોધના માર્ગને આવરણ પ્રાપ્ત થયા જેવું થયું છે, તે કાળમાં અમને દેહજોગ બન્યો તે કોઈ રીતે ખેદ થાય છે, તથાપિ પરમાર્થથી તે ખેદ પણ સમાધાન રાખ્યા કર્યો છે; પણ તે દેહજોગમાં કોઈ કોઈ વખત કોઈ મુમુક્ષુ પ્રત્યે વખતે લોકમાર્ગનો પ્રતિકાર ફરી ફરી કહેવાનું થાય છે; જે જોગમાંનો જોગ તમારા અને શ્રી દેવકરણજી સંબંધમાં સહેજે બન્યો છે; પણ તેથી તમે અમારું કહેવું માન્ય કરો એવા આગ્રહ માટે કંઈ પણ નથી કહેવાનું થતું; માત્ર હિતકારી જાણી તે વાતનો આગ્રહ થયો હોય છે કે થાય છે, એટલો લક્ષ રહે તો સંગનું ફળ કોઈ રીતે થવું સંભવે છે.

જેમ બને તેમ જીવના પોતાના દોષ પ્રત્યે લક્ષ કરી બીજા જીવ પ્રત્યે નિર્દોષ દૃષ્ટિ રાખી વર્તવું અને વૈરાગ્ય ઉપશમનું જેમ આરાધન થાય તેમ કરવું એ પ્રથમ સ્મરણવા યોગ્ય વાત છે.''(૫૦૦)

મહાત્મા ગાંધીજી પ્રત્યે ડરબનના પત્રમાં શ્રીમદ્ લખે છે :—

*વિવેકજ્ઞાન*

'આત્મા છે', 'આત્મા નિત્ય છે', 'આત્મા કર્મનો કર્ત્તા છે', 'આત્મા કર્મનો ભોક્તા છે', 'તેથી તે નિવૃત્ત થઈ શકે છે', અને 'નિવૃત્ત થઈ શકવાનાં સાધન છે', એ છ કારણો જેને વિચારે કરીને સિદ્ધ થાય, તેને વિવેકજ્ઞાન અથવા સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ ગણવી એમ શ્રી જિને નિરૂપણ કર્યું છે, જે નિરૂપણ મુમુક્ષુ જીવે વિશેષ કરી અભ્યાસ કરવા યોગ્ય છે.

પૂર્વના કોઈ વિશેષ અભ્યાસબળથી એ છ કારણોનો વિચાર ઉત્પન્ન થાય છે; અથવા સત્સંગના આશ્રયથી તે વિચાર ઉત્પન્ન થવાનો યોગ બને છે.

*સ્વરૂપ-આવિર્ભાવ*

અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી. તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલ્યું આવે છે, કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મૂંઝાઈને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથિ છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણી વાર બન્યો છે, કેમકે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના, અલ્પ કાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના પરિણામમાં નિત્ય શાશ્વત સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઈ સ્વરૂપ આવિર્ભાવ થાય છે. એમાં પ્રથમથી ઉત્પન્ન થતા સંશય ધીરજથી અને વિચારથી શાંત થાય છે. અધીરજથી અથવા

આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે, અને અનિત્ય પદાર્થનો રાગ રહેવાથી તેના કારણે ફરી ફરી સંસાર-પરિભ્રમણનો યોગ રહ્યા કરે છે.

કંઈ પણ આત્મવિચાર કરવાની ઇચ્છા તમને વર્તે છે, એમ જાણી ઘણો સંતોષ થયો છે. તે સંતોષમાં મારો કંઈ સ્વાર્થ નથી. માત્ર તમે સમાધિને રસ્તે ચડવા ઇચ્છો છો તેથી સંસાર-ક્લેશથી નિવર્તવાનો તમને પ્રસંગ પ્રાપ્ત થશે. એવા પ્રકારનો સંભવ દેખી સ્વભાવે સંતોષ થાય છે.''(૫૭૦)

શ્રી લલ્લુજી ઉપરના 'છ પદ'ના પત્રમાં શ્રીમદ્ લખે છેઃ—

*સમ્યગ્દર્શન અને મોક્ષની પ્રાપ્તિ*

''અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજમાત્રમાં તે જાગૃત થઈ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ—પ્રત્યક્ષ-અત્યંતપ્રત્યક્ષ—અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ,

જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે; અને ભાવિકાળમાં પણ તેમ જ થશે...

*સત્પુરુષની નિષ્કારણ કરુણા*

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્ત્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો!

*સદ્ગુરુની ભક્તિથી સહેજે આત્મબોધ થાય*

જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!''(૪૯૩)

*વિચારદશા પામવાનું ઉત્કૃષ્ટ કારણ*

"જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે; અને તે વિચારને વૈરાગ્ય (ભોગ પ્રત્યે અનાસક્તિ) તથા ઉપશમ (કષાયાદિનું ઘણું જ મંદપણું, તે પ્રત્યે વિશેષ ખેદ) બે મુખ્ય આધાર છે, એમ જાણી તેનો નિરંતર લક્ષ રાખી તેવી પરિણતિ કરવી ઘટે.

સત્પુરુષના વચનના યથાર્થ ગ્રહણ વિના વિચાર ઘણું કરીને ઉદ્‌ભવ થતો નથી; અને સત્પુરુષના વચનનું યથાર્થ ગ્રહણ, સત્પુરુષની પ્રતીતિ એ કલ્યાણ થવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત હોવાથી તેમની 'અનન્ય આશ્રયભક્તિ' પરિણામ પામ્યેથી, થાય છે.....ખરેખરો મુમુક્ષુ હોય તેને સત્પુરુષની 'આશ્રયભક્તિ' અહંભાવાદિ છેદવાને માટે અને અલ્પકાળમાં વિચારદશા પરિણામ પામવાને માટે ઉત્કૃષ્ટ કારણરૂપ થાય છે."(૭૦૬)

"જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન, લાભ-અલાભ, હર્ષ-શોક, જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

*મહત્પુરુષોની દશા અને નિર્ભયતા*

દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બન્ને સમાન છે.

જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.

ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદાસર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.

જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.

જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી, તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય?

અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજ-અનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગ્રત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અક્લેશ સમાધિને પામે છે.''(૮૩૩)

''દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને

કૃતાર્થતા છે, કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો, જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષને આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે. જન્મજરામરણાદિને નાશ કરવાવાળું આત્મજ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મજરા-મરણાદિનો નાશ કરી શકે, કેમકે તે યથાસંભવ ઉપાય છે. સંયોગ સંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચયે છે, પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે, કે જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે....

*જ્ઞાનીપુરુષના આશ્રયે દેહ છૂટે એ સ્વરૂપસ્થિતિનું કારણ*

શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો.

હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગ-દ્વેષનો ક્ષય થાય.''(૬૯૨)

*રાગદ્વેષનો ક્ષય થવાનો ઉપાય*

''દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે, એમ સમજો. એ જ દૃષ્ટિ કર્ત્તવ્ય છે.

હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ? એ આદિ ખેદ નહીં કરતાં વીતરાગ પુરુષોનો ધર્મ જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદવૃત્તિ દૂર કરી આત્મા અસંગ-શુદ્ધ-ચૈતન્ય-સ્વરૂપ છે, એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી તે જ વૃત્તિનું બળ રાખવું, અને મંદ વૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું, તે અદ્ભુત ચરિત્ર પર દૃષ્ટિ પ્રેરીને વૃત્તિને અપ્રમત્ત કરવી, એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારકારક તથા કલ્યાણસ્વરૂપ છે.''(૮૪૩)

*વીતરાગ પુરુષોનો ધર્મ*

''વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

*સંસાર રોગનું ઔષધ*

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મ મરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ! નિવૃત્તિ થાઓ!!

હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા! જાગૃત થા!! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.''(૫૦૫)

''કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે, પણ તે કોઈક જીવને સમજાય છે.

*સર્વ દુઃખ ક્ષય કરવાનો ઉપાય*

મહત્ પુણ્યના યોગથી, વિશુદ્ધ મતિથી, તીવ્ર વૈરાગ્યથી અને સત્પુરુષના સમાગમથી તે ઉપાય સમજાવા યોગ્ય છે. તે સમજવાનો અવસર એકમાત્ર આ મનુષ્યદેહ છે. તે પણ અનિયત કાળના ભયથી ગૃહીત છે; ત્યાં પ્રમાદ થાય છે, એ ખેદ અને આશ્ચર્ય છે. ૐ''(૮૧૬)

*કેવો જીવ સત્ય પામે?*

''કોઈને અર્થે વિકલ્પ નહીં આણતાં અસંગપણું જ રાખશો. જેમ જેમ સત્પુરુષનાં વચન તેમને પ્રતીતિમાં આવશે, જેમ જેમ આજ્ઞાથી અસ્થિમિંજા રંગાશે, તેમ તેમ તે તે જીવ આત્મકલ્યાણને સુગમપણે પામશે, એમ નિઃસંદેહતા છે....

જે કોઈ સાચા અંતઃકરણે સત્પુરુષનાં વચનને ગ્રહણ કરશે તે સત્યને પામશે એમાં કંઈ સંશય નથી.''(૭૮૧)

*સત્પુરુષોનો સનાતન સંપ્રદાય*

''કોઈ પણ જીવ પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પણ પ્રાપ્ત થવાના કારણને પ્રાપ્ત થાય એમ નિષ્કારણ કરુણાશીલ એવા ઋષભાદિ તીર્થંકરોએ પણ કર્યું છે, કારણ કે સત્પુરુષોના સંપ્રદાયની સનાતન એવી કરુણાવસ્થા હોય છે કે, સમય માત્રના અનવકાશે આખો લોક આત્માવસ્થા પ્રત્યે હો, આત્મસ્વરૂપ પ્રત્યે હો; આત્મસમાધિ પ્રત્યે હો, અન્ય અવસ્થા પ્રત્યે ન હો, અન્ય સ્વરૂપ પ્રત્યે ન હો, અન્ય આધિ

પ્રત્યે ન હો; જે જ્ઞાનથી સ્વાત્મસ્થ પરિણામ હોય છે, તે જ્ઞાન સર્વ જીવો પ્રત્યે પ્રગટ હો, અનવકાશપણે સર્વ જીવ તે જ્ઞાન પ્રત્યે રુચિપણે હો, એવો જ જેનો કરુણાશીલ સહજ સ્વભાવ છે, તે સંપ્રદાય સનાતન સત્પુરુષોનો છે.'' (૪૩૦)

''ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો છતાં સિદ્ધિ થઈ નહીં. (૨-૪)

*સદ્‌વિચાર*

જો તું ત્યાગી હોય તો ત્વચા વગરની વનિતાનું સ્વરૂપ વિચારીને સંસાર ભણી દૃષ્ટિ કરજે. (૨-૮)

તું ગમે તે ધર્મ માનતો હોય હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે. (૨-૧૫)

શ્રીમંત હો તો પૈસાના ઉપયોગને વિચારજે. રળવાનું કારણ આજે શોધીને કહેજે. (૨-૨૩)

જો તું સમજણો બાલક હોય તો વિદ્યા ભણી અને આજ્ઞા ભણી દૃષ્ટિ કર. (૨-૨૬)

જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર. (૨-૨૭)

જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર. (૨-૨૮)

જો તું અમલમસ્ત હોય તો નેપોલિયન બોનાપાર્ટને બન્ને સ્થિતિથી સ્મરણ કર. (૨-૩૨)

પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર. (૨-૩૫)

અઘોર કર્મ કરવામાં આજે તારે પડવું હોય તો રાજપુત્ર હો તો પણ ભિક્ષાચરી માન્ય કરી આજના દિવસમાં પ્રવેશ કરજે. (૨-૩૬)

ધર્માચાર્ય હો તો તારા અનાચાર ભણી કટાક્ષદૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કરજે. (૨-૩૮)

દુરાચારી હો તો તારી આરોગ્યતા, ભય, પરતંત્રતા, સ્થિતિ અને સુખ એને વિચારી આજના દિવસમાં પ્રવેશ કરજે. (૨-૪૦)

દુઃખી હો તો (આજની) આજીવિકા જેટલી આશા રાખી આજના દિવસમાં પ્રવેશ કરજે. (૨-૪૧)

આહાર, વિહાર, નિહાર એ સંબંધીની તારી પ્રક્રિયા તપાસી આજના દિવસમાં પ્રવેશ કરજે. (૨-૪૪)

તું ગમે તે ધંધાર્થી હો, પરંતુ આજીવિકાર્થે અન્યાય-સંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરીશ નહીં. (૨-૪૬)

જુલમીને, કામીને, અનાડીને ઉત્તેજન આપતો હો તો અટકજે. (૨-૪૯)

ઓછામાં ઓછો પણ અર્ધ પ્રહર ધર્મકર્ત્તવ્ય અને વિદ્યા-સંપત્તિમાં ગ્રાહ્ય કરજે. (૨-૫૦)

જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે. (૨-૫૧)

સ્ત્રી, પુત્ર, કુટુંબ, લક્ષ્મી ઇત્યાદિ બધાં સુખ તારે ઘેર હોય

તોપણ એ સુખમાં ગૌણતાએ દુઃખ રહ્યું છે એમ ગણી આજના દિવસમાં પ્રવેશ કર.(૨-૫૨)

પવિત્રતાનું મૂળ સદાચાર છે. (૨-૫૩)

મન દોરંગી થઈ જતું જાળવવાને,-(૨-૫૪)

વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.(૨-૫૫)

કાયા મળમૂત્રનું અસ્તિત્વ છે, તે માટે 'હું આ શું અયોગ્ય પ્રયોજન કરી આનંદ માનું છું' એમ આજે વિચારજે.(૨-૫૬)

જો આજે દિવસે તને સૂવાનું મન થાય, તો તે વખતે ઈશ્વરભક્તિપરાયણ થજે, કે સત્-શાસ્ત્રનો લાભ લઈ લેજે.(૨-૫૯)

હું સમજું છું કે એમ થવું દુર્ઘટ છે, તો પણ અભ્યાસ સર્વનો ઉપાય છે.(૨-૬૦)

બહોળી લક્ષ્મી મળતાં છતાં આજે અન્યાયથી કોઈનો જીવ જતો હોય તો અટકજે.(૨-૬૪)

વખત અમૂલ્ય છે, એ વાત વિચારી આજના દિવસની ૨,૧૬,૦૦૦ વિપળનો ઉપયોગ કરજે.(૨-૬૫)

વાસ્તવિક સુખ માત્ર વિરાગમાં છે માટે જંજાળમોહિનીથી આજે અભ્યંતરમોહિની વધારીશ નહીં.(૨-૬૬)

અધિકારી હો તોપણ પ્રજાહિત ભૂલીશ નહીં, કારણ જેનું (રાજાનું) તું લૂણ ખાય છે, તે પણ પ્રજાના માનીતા નોકર છે. (૨-૭૦)

વ્યાવહારિક પ્રયોજનમાં પણ ઉપયોગપૂર્વક વિવેકી રહેવાની સત્પ્રતિજ્ઞા માની આજના દિવસમાં વર્તજે.(૨-૭૧)

જો આજે તારાથી કોઈ મહાન કામ થતું હોય તો તારા સર્વ સુખનો ભોગ પણ આપી દેજે.(૨-૭૪)

વ્યવહારનો નિયમ રાખજે અને નવરાશે સંસારની નિવૃત્તિ શોધજે.(૨-૮૦)

સત્પુરુષ વિદુરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય.(૨-૮૩)

જેમ બને તેમ આજના દિવસ સંબંધી, સ્વપત્ની સંબંધી પણ વિષયાસક્ત ઓછો રહેજે.(૨-૮૫)

આત્મિક અને શારીરિક શક્તિની દિવ્યતાનું તે મૂળ છે, એ જ્ઞાનીઓનું અનુભવસિદ્ધ વચન છે.(૨-૮૬)

ભલે તારી આજીવિકા જેટલું તું પ્રાપ્ત કરતો હો, પરંતુ નિરુપાધિમય હોય તો ઉપાધિમય પેલું રાજસુખ ઇચ્છી તારો આજનો દિવસ અપવિત્ર કરીશ નહીં.(૨-૯૭)

સત્‌શીલવાન સુખી છે. દુરાચારી દુઃખી છે. એ વાત જો માન્ય ન હોય તો અત્યારથી તમે લક્ષ રાખી તે વાત વિચારી જુઓ.(૨-૧૦૬)

આ સઘળાંનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.''(૨-૧૦૭)

[''પુષ્પમાળા'']

''વર્તનમાં બાલક થાઓ, સત્યમાં યુવાન થાઓ, જ્ઞાનમાં વૃદ્ધ થાઓ.(૨૧-૧૯)

મહાપુરુષનાં આચરણ જોવા કરતાં તેનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે.(૨૧-૧૫)

*મહાત્મા અને મોક્ષમાર્ગ*

મહાત્મા થવું હોય તો ઉપકાર-બુદ્ધિ રાખો; સત્પુરુષના સમાગમમાં રહો; આહાર, વિહારાદિમાં અલુબ્ધ અને નિયમિત રહો; સત્શાસ્ત્રનું મનન કરો; ઊંચી શ્રેણીમાં લક્ષ રાખો.(૨૧-૧૭)

એ એક્કે ન હોય તો સમજીને આનંદ રાખતાં શીખો.(૨૧-૧૮)

યથાર્થ વચન ગ્રહવામાં દંભ રાખશો નહીં કે આપનારનો ઉપકાર ઓળવશો નહીં.(૨૧-૨૯)

જ્ઞાનીઓ અંતરંગ ખેદ અને હર્ષથી રહિત હોય છે.(૨૧-૫૮)

જ્યાં સુધી તે તત્ત્વની પ્રાપ્તિ નહીં થાય ત્યાં સુધી મોક્ષની તાત્પર્યતા મળી નથી.(૨૧-૫૯)

સત્પુરુષના અંતઃકરણે આચર્યો કિંવા કહ્યો તે ધર્મ.(૨૧-૬૮)

એકનિષ્ઠાએ જ્ઞાનીની આજ્ઞા આરાધતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.(૨૧-૭૧)

માણસ પરમેશ્વર થાય છે એમ જ્ઞાનીઓ કહે છે.(૨૧-૭૯)

સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.(૨૧-૯૩)

આ કાળમાં આટલું વધ્યું :— ઝાઝા મત, ઝાઝા તત્ત્વજ્ઞાનીઓ, ઝાઝી માયા અને ઝાઝો પરિગ્રહવિશેષ.(૨૧-૯૫)

સત્પુરુષો કહેતા નથી, કરતા નથી; છતાં તેની સત્પુરુષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.''(૨૧-૧૨૨) [''વચનામૃત'']

''બાહ્યભાવે જગતમાં વર્તો અને અંતરંગમાં એકાંત શીતલીભૂત—નિર્લેપ રહો એ જ માન્યતા અને બોધના છે.''(૭૨)

“તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય.(૨૫-૧૧)

એક વાર જો સમાધિમરણ થયું તો સર્વ કાળનાં અસમાધિમરણ ટળશે.”(૨૫-૧૨)

“જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી, અને મનન તથા નિદિધ્યાસનાદિનો હેતુ થતો નથી, માટે મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે એમ સત્પુરુષોએ કહ્યું છે.(૨૦૦-૭)

શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.(૨૦૦-૧૨)

આ જ્ઞાનમાર્ગની શ્રેણી કહી, એ પામ્યા વિના બીજા માર્ગથી મોક્ષ નથી.(૨૦૦-૧૩)

એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે.”(૨૦૦-૧૪)

“માયાનો પ્રપંચ ક્ષણે ક્ષણે બાધકર્તા છે; તે પ્રપંચના તાપની નિવૃત્તિ કોઈ કલ્પદ્રુમની છાયા છે; અને કાં કેવળ દશા છે; તથાપિ કલ્પદ્રુમની છાયા પ્રશસ્ત છે; તે સિવાય એ તાપની નિવૃત્તિ નથી; અને એ કલ્પદ્રુમને વાસ્તવિક ઓળખવા જીવે જોગ્ય થવું પ્રશસ્ત છે. તે જોગ્ય થવામાં બાધકર્તા એવો આ માયાપ્રપંચ છે, જેનો પરિચય જેમ ઓછો હોય તેમ વર્ત્યા વિના જોગ્યતાનું આવરણ ભંગ થતું નથી; પગલે પગલે ભયવાળી અજ્ઞાન ભૂમિકામાં જીવ વગર વિચાર્યે કોટ્યવધિ યોજનો

*યોગ્ય વ્યવહાર*

ચાલ્યા કરે છે; ત્યાં જોગ્યતાનો અવકાશ ક્યાંથી હોય? આમ ન થાય તેટલા માટે થયેલાં કાર્યના ઉપદ્રવને જેમ શમાવાય તેમ શમાવી, સર્વ પ્રકારે નિવૃત્તિ (એ વિષેની) કરી યોગ્ય વ્યવહારમાં આવવાનું પ્રયત્ન કરવું ઉચિત છે. 'ન ચાલતાં' કરવો જોઈએ, અને તે પણ પ્રારબ્ધવશાત્ નિઃસ્પૃહ બુદ્ધિથી એવો જે વ્યવહાર તેને યોગ્ય વ્યવહાર માનજો.''(૨૩૨)

''શાસ્ત્રોને વિષે આ કાળને અનુક્રમે ક્ષીણપણા યોગ્ય કહ્યો છે; અને તે પ્રકારે અનુક્રમે થયા કરે છે. એ ક્ષીણપણું મુખ્ય કરીને પરમાર્થ સંબંધીનું કહ્યું છે. જે કાળમાં અત્યંત દુર્લભપણે પરમાર્થની પ્રાપ્તિ થાય તે કાળ દુષમ કહેવા યોગ્ય છે; જોકે સર્વ

*કાળદોષ*

કાળને વિષે પરમાર્થપ્રાપ્તિ જેનાથી થાય છે, એવા પુરુષોનો જોગ દુર્લભ જ છે, તથાપિ આવા કાળને વિષે તો અત્યંત દુર્લભ હોય છે. જીવોની પરમાર્થવૃત્તિ ક્ષીણપરિણામને પામતી જતી હોવાથી તે પ્રત્યે જ્ઞાનીપુરુષોના ઉપદેશનું બળ ઓછું થાય છે, અને તેથી પરંપરાએ તે ઉપદેશ પણ ક્ષીણપણાને પામે છે, એટલે પરમાર્થ માર્ગ અનુક્રમે વ્યવચ્છેદ થવા જોગ કાળ આવે છે.

આ કાળને વિષે અને તેમાં પણ હમણાં લગભગના સેંકડાથી મનુષ્યની પરમાર્થવૃત્તિ બહુ ક્ષીણપણાને પામી છે, અને એ વાત પ્રત્યક્ષ છે. સહજાનંદસ્વામીના વખત સુધી મનુષ્યોમાં જે સરળવૃત્તિ હતી, તે અને આજની સરળવૃત્તિ એમાં મોટો તફાવત થઈ ગયો છે. ત્યાં સુધી મનુષ્યોની વૃત્તિને વિષે કંઈ કંઈ આજ્ઞાંકિતપણું, પરમાર્થની ઇચ્છા, અને તે સંબંધી નિશ્ચયમાં દૃઢતા એ જેવાં હતાં તેવાં આજે નથી; તેથી તો આજે

ઘણું ક્ષીણપણું થયું છે, જોકે હજુ આ કાળમાં પરમાર્થવૃત્તિ કેવળ વ્યવચ્છેદપ્રાપ્ત થઈ નથી, તેમ સત્પુરુષરહિત ભૂમિ થઈ નથી, તોપણ કાળ તે કરતાં વધારે વિષમ છે, બહુ વિષમ છે, એમ જાણીએ છીએ.

*જ્ઞાનીની અનુકંપા*

આવું કાળનું સ્વરૂપ જોઈને મોટી અનુકંપા હૃદયને વિષે અખંડપણે વર્તે છે. જીવોને વિષે કોઈ પણ પ્રકારે અત્યંત દુઃખની નિવૃત્તિનો ઉપાય એવો જે સર્વોત્તમ પરમાર્થ, તે સંબંધી વૃત્તિ કંઈ પણ વર્ધમાનપણાને પ્રાપ્ત થાય, તો જ તેને સત્પુરુષનું ઓળખાણ થાય છે, નહીં તો થતું નથી. તે વૃત્તિ સજીવન થાય અને કોઈ પણ જીવોને—ઘણા જીવોને—પરમાર્થ સંબંધી જે માર્ગ તે પ્રાપ્ત થાય તેવી અનુકંપા અખંડપણે રહ્યા કરે છે; તથાપિ તેમ થવું બહુ દુર્લભ જાણીએ છીએ. અને તેનાં કારણો પણ ઉપર જણાવ્યાં છે.

જે પુરુષનું દુર્લભપણું ચોથા કાળને વિષે (સત્યયુગ વિષે) હતું તેવા પુરુષનો જોગ આ કાળમાં થાય એમ થયું છે, તથાપિ પરમાર્થ સંબંધી ચિંતા જીવોને અત્યંત ક્ષીણ થઈ ગઈ છે, એટલે તે પુરુષનું ઓળખાણ થવું અત્યંત વિકટ છે. તેમાં પણ જે ગૃહવાસાદિ પ્રસંગમાં તે પુરુષની સ્થિતિ છે, તે જોઈ જીવને પ્રતીતિ આવવી દુર્લભ છે, અત્યંત દુર્લભ છે, અને કદાપિ પ્રતીતિ આવી તો તેમનો જે પ્રારબ્ધપ્રકાર હાલ વર્તે છે, તે જોઈ નિશ્ચય રહેવો દુર્લભ છે, અને કદાપિ નિશ્ચય થાય તોપણ તેનો સત્સંગ રહેવો દુર્લભ છે, અને જે પરમાર્થનું મુખ્ય કારણ તે તો તે છે. તે આવી સ્થિતિમાં જોઈ ઉપર જણાવ્યા છે જે કારણો

તેને વધારે બળવાનપણે દેખીએ છીએ, અને એ વાત જોઈ ફરી ફરી અનુકંપા ઉત્પન્ન થાય છે.

*કલ્યાણનું કારણ*

'ઈશ્વરેચ્છા'થી જે કોઈ પણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ થવું સર્જિત હશે તે તો તેમ થશે, અને તે બીજેથી નહીં પણ <u>**અમથકી**</u>, એમ પણ અત્ર માનીએ છીએ.'' (૩૯૮)

*બોધનું ફળવું શાથી સંભવે ?*

''જે વ્યવસાયે કરી જીવને ભાવનિદ્રાનું ઘટવું ન થાય તે વ્યવસાય કોઈ પ્રારબ્ધયોગે કરવો પડતો હોય તો તે ફરી ફરી પાછા હઠીને, 'મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યા કરું છું' એવું ફરી ફરી વિચારીને અને 'જીવમાં ઢીલાપણાથી જ ઘણું કરી મને આ પ્રતિબંધ છે' એમ ફરી ફરી નિશ્ચય કરીને જેટલો બને તેટલો વ્યવસાય સંક્ષેપ કરતા જઈ પ્રવર્તવું થાય, તો બોધનું ફળવું થવું સંભવે છે.''(૪૯૯)

*યથાર્થ લેખન કે કથન*

''ત્રણ વર્ષની લગભગથી એવું વર્તાયા કરે છે, કે પરમાર્થ સંબંધી કે વ્યવહાર સંબંધી કંઈ પણ લખતાં કંટાળો આવી જાય છે; અને લખતાં લખતાં કલ્પિત જેવું લાગવાથી વારંવાર અપૂર્ણ છોડી દેવાનું થાય છે. પરમાર્થમાં ચિત્ત જે વખતે એકાગ્રવત્ હોય ત્યારે જો પરમાર્થ સંબંધી લખવાનું અથવા કહેવાનું બને તો તે યથાર્થ કહેવાય, પણ ચિત્ત અસ્થિરવત્ હોય, અને પરમાર્થ સંબંધી લખવાનું કે કહેવાનું કરવામાં આવે તો તે ઉદીરણા જેવું થાય, તેમ જ અંતર્વૃત્તિનો યથાતથ્ય તેમાં ઉપયોગ નહીં હોવાથી

તે આત્મબુદ્ધિથી લખ્યું કે કહ્યું નહીં હોવાથી કલ્પિતરૂપ કહેવાય; જેથી તથા તેવાં બીજાં કારણોથી પરમાર્થ સંબંધી લખવાનું તથા કહેવાનું ઘણું ઓછું થઈ ગયું છે......તોપણ કેટલાક પ્રસંગમાં વિશેષ સ્થિરતા રહે છે. વ્યવહાર સંબંધી કંઈ પણ લખતાં તે અસારભૂત અને સાક્ષાત્ ભ્રાંતિરૂપ લાગવાથી તે સંબંધી જે કંઈ લખવું કે કહેવું તે તુચ્છ છે, આત્માને વિકળતાનો હેતુ છે, અને જે કંઈ લખવું કહેવું છે તે ન કહ્યું હોય તોપણ ચાલી શકે એવું છે, માટે જ્યાં સુધી તેમ વર્તે ત્યાં સુધી તો જરૂર તેમ વર્તવું ઘટે છે; એમ જાણી ઘણી વ્યાવહારિક વાત લખવા, કરવા, કહેવાની ટેવ નીકળી ગઈ છે.''(૫૮૬)

*સત્સંગનો આશ્રય કર્તવ્ય છે*

''કોઈ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદજાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી.

અન્યપરિણામમાં જેટલી તાદાત્મ્યવૃત્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે.

જો કોઈ આત્મજોગ બને તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઈ રીતે ન થઈ શકે તેવું છે. પ્રાયે મનુષ્યદેહ વિના આત્મજોગ બનતો નથી એમ જાણી, અત્યંત નિશ્ચય કરી, આ જ દેહમાં આત્મજોગ ઉત્પન્ન કરવો ઘટે.

વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્યપરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે. અસત્સંગપ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ તેથી અનાદિકાળનો હીનસત્ત્વ થયો હોવાથી તેથી અવકાશ પ્રાપ્ત

કરવા અથવા તેની નિવૃત્તિ કરવા જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે તો કોઈ રીતે પુરુષાર્થયોગ્ય થઈ વિચારદશાને પામે.

*શાને જિન ત્યાગ કહે છે?*

જે પ્રકારે અનિત્યપણું, અસારપણું આ સંસારનું અત્યંતપણે ભાસે તે પ્રકારે કરી આત્મવિચાર ઉત્પન્ન થાય........ જે રાગદ્વેષાદિ પરિણામ અજ્ઞાન વિના સંભવતાં નથી, તે રાગદ્વેષાદિ પરિણામ છતાં જીવન્મુક્તપણું સર્વથા માનીને જીવન્મુક્ત દશાની જીવ આસાતના કરે છે, એમ વર્તે છે. સર્વથા રાગદ્વેષ પરિણામનું પરિક્ષીણપણું જ કર્ત્તવ્ય છે.

અત્યંત જ્ઞાન હોય ત્યાં અત્યંત ત્યાગ સંભવે છે. અત્યંત ત્યાગ પ્રગટ્યા વિના અત્યંત જ્ઞાન ન હોય એમ શ્રી તીર્થંકરે સ્વીકાર્યું છે.

આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્યઅધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન 'ત્યાગ' કહે છે. તે તાદાત્મ્યઅધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી, એમ છે, તોપણ આ જીવે અંતર્ત્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે.

નિત્ય છૂટવાનો વિચાર કરીએ છીએ અને જેમ તે કાર્ય તરત પતે તેમ જાપ જપીએ છીએ. જોકે એમ લાગે છે કે તે વિચાર અને જાપ હજી તથારૂપ નથી, શિથિલ છે; માટે અત્યંત વિચાર અને તે જાપને ઉગ્રપણે આરાધવાનો અલ્પકાળમાં યોગ કરવો ઘટે છે, એમ વર્ત્યા કરે છે.''(૫૬૯)

શ્રીમદ્‌નું ઉદાર નિષ્કારણ કરુણાશીલ હૃદય આ અવતરણો ઉપરથી વાચકને કે શ્રોતાને કંઈક અંશે સમજાશે; તેમજ જિજ્ઞાસુ જીવને સત્પુરુષોના સનાતન સંપ્રદાયની પ્રસાદી પ્રાપ્ત કરવાની, તે માર્ગે મદદ કરે તેવા મહાપુરુષની શોધ કરી આત્મકલ્યાણ કરવાની, અનાદિ ભૂલ ટાળવાની પ્રેરણા પણ પ્રાપ્ત થવા યોગ્ય છે.

કેટલીક પદ્યપ્રસાદીનાં અવતરણથી વિશેષ સ્પષ્ટીકરણ અને સદ્‌ભાવ સમજાશે એમ ગણી નીચે લખ્યાં છે :

*સંતાપનું કારણ અને તે ટાળવાનો ઉપાય*

**બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;**
**અથવા અસદ્‌ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.**
**પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુ યોગ;**
**વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.**
**નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;**
**નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.**

* (૧૫૪)

**૨ શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?**
**પોતે શું? ક્યાંથી છે આપ? એનો માગો શીઘ્ર જવાપ. ૧**

---

**૩ જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;**
**પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન. ૧**
**ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;**
**તેમ નહીં તો કંઈ સત્સંગ; તેમ નહીં તો કંઈ દુઃખરંગ. ૨**

* (૧૦૭)

*સમ્યક્‌જ્ઞાન*

**મૂળ મારગ સાંભળો જિનનો રે,**
**કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ૦**
**નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુઃખ. મૂળ૦ ૧**

કરી જોજો વચનની તુલના રે, જોજો શોધીને જિનસિદ્ધાંત, મૂળ૦
માત્ર કહેવું પરમારથહેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત. મૂળ૦ ૨

...... ..... .....

છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ, મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦ ૬

* (૭૧૫)

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪
પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫
એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

...... ..... .....

ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર. ૧૩૩

...... ..... .....

સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫

* (૭૧૮-આત્મસિદ્ધિ)

સદ્ગુરુના ઉપદેશથી, સમજે જિનનું રૂપ;
તો તે પામે નિજદશા, જિન છે આત્મસ્વરૂપ.

* (૭૧૮-આત્મસિદ્ધિ)

*તત્ત્વજ્ઞાનીનો મર્મ*

જિન સો હી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિનવચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ.
વ્યવહારસેં દેવ જિન, નિહચેસેં હૈ આપ;
એહિ બચનસેં સમજ લે, જિનપ્રવચનકી છાપ.

* (હાથનોંધ ૧/૧૪)

પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયે. ૮

* (૨૬૫)

*સાચો માર્ગ*

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.

* (હાથનોંધ ૧/૧૨)

પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭

* (૨૬૬)

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧
બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨

...... ..... .....

પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬

* (૨૫૮)

*અપૂર્વ અવસરની ભાવના*

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો? અપૂર્વ૦ ૧

...... ..... .....

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;

તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦ ૩

...... ..... .....

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦ ૮

...... ..... .....

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦ ૧૦

...... ..... .....

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવલજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦ ૧૪

...... ..... .....

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦ ૨૦

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦ ૨૧

*

(૭૩૮)

# અંતિમ કાવ્ય

રાજકોટ, ચૈત્ર સુદ ૯, ૧૯૫૭

ૐ

શ્રી જિન પરમાત્મને નમઃ

(૧) ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩
જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ. ૪
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫
ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્‌ગુરુ વડે, જિન દર્શન અનુયોગ. ૬
પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી[1] આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭
વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહિ આત્મથી,મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦
નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણયોગ નહિ ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧

---

૧. પાઠાન્તર -'ઉલ્લસી'

(૨) આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ. ૧

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર. ૨

× × ×

(૩) સુખધામ અનંત સુસંત ચહી;
દિન રાત્ર રહે તદ્ધ્યાનમહી;
પર શાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે.

(૯૫૪)

## ૨૬

# શ્રીમદ્‌ના સ્મારકો

શ્રીમદ્‌ની હયાતીમાં સં. ૧૯૫૬ના ભાદરવા માસમાં દુષ્કાળનો અંત આવ્યો અને નવો પાક થયો ત્યારે 'પરમશ્રુત પ્રભાવક મંડળ'ની યોજના સ્વહસ્તે થઈ હતી. ધર્મજીવન અને તત્ત્વવિચારક્ષેત્રમાં પણ દુષ્કાળ વર્તતો હતો, તેનો અંત આણવા પોતે ધર્મમૂર્તિરૂપે જીવીને દૃષ્ટાંત વડે અને અમૃત સમાન જીવંત બોધથી અનેક ભવ્ય આત્માઓના ઉદ્ધારનું નિમિત્ત બની આ દુષમકાળનું પૂર પાછું વાળવા પરાક્રમ દર્શાવ્યું હતું. 'પરમશ્રુત પ્રભાવક મંડળ'ની યોજના પગભર કરી એક વર્ષનું બાળક થતાં પહેલાં પિતાનો વિયોગ થાય તેમ તે કાર્ય અને આ ભવનો સંબંધ તેમણે આયુષ્ય પૂર્ણ થતાં છોડી દીધો. પરંતુ તેમના પ્રશંસક વર્ગ અને અન્ય ધર્મપ્રેમી પુરુષોના પોષણથી કલ્પવૃક્ષ સમાન એ સંસ્થા દ્વારા અનેક અપ્રસિદ્ધ પુસ્તકો, શ્વેતાંબર, દિગંબર આદિ સર્વ સંપ્રદાયના તત્ત્વવિચારકોને આ દુષમકાળ વિતાવવામાં પરમ ઉપયોગી અને અનન્ય આધારરૂપ પુસ્તકો પ્રસિદ્ધ થયાં. સ્વ૰ રેવાશંકરભાઈ જગજીવનદાસના મંત્રીપણા નીચે તે સંસ્થાએ અનેક ઉત્તમ પુસ્તકો દ્વારા જનસમાજમાં અલભ્ય પુસ્તકોના અભ્યાસની વૃદ્ધિ કરી છે અને તેવાં પુસ્તકો પ્રગટ કરનારી સંસ્થાઓ ઉત્પન્ન થવામાં પ્રેરણારૂપ બની છે.

પ્રથમ 'પરમશ્રુત પ્રભાવક મંડળ' દ્વારા પ્રસિદ્ધ થયેલા 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તકના સંગ્રાહક સ્વ૦ શ્રી અંબાલાલભાઈએ ઘણાખરા મુમુક્ષુઓ પાસેથી શ્રીમદ્‌ના પત્રો મંગાવી પુસ્તકાકારમાં તેને ઉતારી શ્રીમદ્‌ના સ્વહસ્તે ઘટતો ફેરફાર પણ કરાવી લીધો હતો. શ્રીમદ્‌ના નાના ભાઈ સ્વ૦ મનસુખભાઈ રવજીભાઈ તથા સ્વ૦ મનસુખભાઈ કિરતચંદ મહેતા આદિ વિદ્વાનમંડળની મદદથી તે પુસ્તકનું સંશોધનકાર્ય થયું હતું અને હાલ બીજી આવૃત્તિરૂપે 'પરમશ્રુત પ્રભાવક મંડળ' દ્વારા તે પ્રસિદ્ધ થયું છે; તે તો ચિરકાળ સુધી શ્રીમદ્‌નો પરિચય કરાવી ધર્મભાવની વર્ષા સદા વર્ષાવનાર મેઘમાળા જેવું ઉત્તમ સ્મારક છે.

શ્રી અંબાલાલભાઈ મુમુક્ષુજનોને ઉપયોગી પુસ્તકો મંગાવી રાખી શ્રીમદ્‌ની સૂચના પ્રમાણે જે પુસ્તક જેને વાંચવા યોગ્ય હોય તેને મોકલી આપતા. ખરીદવાની ઇચ્છા હોય તે કિંમત આપી રાખી લેતા, નહીં તો અભ્યાસ કરી પાછું મોકલતા. આ પ્રમાણે નાના પાયા ઉપર પણ સહેજે ઉત્પન્ન થયેલી જરૂરિયાત પૂરી પાડનાર પુસ્તકાલયની શરૂઆત થઈ ચૂકી હતી. તે સંસ્થાનું નામ 'શ્રી સુબોધ પાઠશાળા' રાખ્યું હતું. ત્યાં ખંભાત અને તેની આજુબાજુના મુમુક્ષુઓ આવી સદ્-ગ્રંથોનો અભ્યાસ કરતા, ભક્તિ કરતા, તથા સત્સંગનો લાભ મેળવતા. હાલ તે સંસ્થા તે જ મુખ્ય હેતુને અનુસરીને કામ કરી રહી છે; અને પુસ્તકાલય અને ભક્તિસ્થાન તરીકે સત્સંગના ધામરૂપ તે બની રહી છે.

શ્રીમદ્ ખંભાત પાસે વડવામાં નિવૃત્તિ નિમિત્તે ઘણી વખત

આવી રહેલા તે તીર્થસ્થળના સ્મરણાર્થે તથા સત્સંગ અર્થે એ એકાંત ઉત્તમ સ્થળ હોવાથી એક સુંદર મકાન તથા દેરાસરની અનુકૂળતા સહિત 'નિજાભ્યાસ મંડપ' નામ આપી સ્વ૦ શ્રી પોપટલાલભાઈ મહોકમચંદ અને તેમના પરિચિત શ્રીમદ્‌ના પ્રશંસકોએ એક સંસ્થા સ્થાપેલી છે, તે પણ સત્સંગનું સુંદર સ્થાન છે.

પાછળના થોડાં વર્ષોમાં શ્રીમદ્‌ના પરિચયમાં આવેલા પણ સત્શ્રદ્ધા અને ભક્તિથી રંગાયેલા અમદાવાદના સ્વ૦ પોપટલાલભાઈ શ્રીમદ્‌ના દેહોત્સર્ગ પછી મુનિશ્રી લલ્લુજી આદિના સમાગમમાં ઘણો વખત ચરોતરમાં નડિયાદ, ખંભાત વગેરે સ્થળોમાં રહેતા. તેવામાં એક કચ્છના વતની બ્રાહ્મણ કુળમાં જન્મેલા સ્થાનકવાસી સંપ્રદાયમાં જૈન દીક્ષા પામેલા પણ સત્‌ની શોધમાં શ્વેતાંબરોનો, દિગંબરોનો, વૈષ્ણવોનો અને અનેક વિદ્વાનોનો સમાગમ કરી રહેલા શ્રી રત્નરાજ સ્વામીએ શ્રીમદ્‌ની પ્રશંસા સાંભળી ત્યારે તેમને મળવા વિહાર કરી મારવાડથી ગુજરાતમાં આવ્યા. પરંતુ શ્રીમદ્‌ના અવસાનના સમાચાર સાંભળી ખેદ પામ્યા. શ્રીમદ્‌ના પરિચયમાં આવેલી વ્યક્તિઓની શોધ કરતાં શ્રીમદ્ લઘુરાજ (લલ્લુજી) સ્વામી તથા સ્વ૦ પોપટલાલભાઈનો સમાગમ તેમને થયો અને શ્રીમદ્‌નાં વચનોના અભ્યાસથી તથા બન્ને ભક્તાત્માઓના પરિચયથી તે પ્રજ્ઞાવંત સાધુના હૃદયને શાંતિ પ્રાપ્ત થઈ. તે શ્રીમદ્ લઘુરાજ સ્વામીના સંગમાં ઘણો વખત રહ્યા. પરંતુ શ્રીમદ્‌ના સ્મારક તરીકે આશ્રમ સ્થાપવાની ઇચ્છા થતાં તેમણે શ્રી સિદ્ધપુર પાસે

રાજપુર ગામની નજીક ‘શ્રી રાજમંદિર આશ્રમ’ નામ રાખી એક સંસ્થા સ્થાપી છે. ભક્તિ અને તત્ત્વજ્ઞાન ચર્ચા તથા સત્સંગનું તીર્થક્ષેત્ર તે સંસ્થા પણ બની રહી છે.

શ્રીમદ્ લઘુરાજ સ્વામી દક્ષિણમાં ખાનદેશ, પશ્ચિમમાં કાઠીયાવાડ અને ઉત્તરમાં મારવાડ સુધી વિહાર કરી આવેલા; પરંતુ મુખ્યત્વે ચરોતરમાં તે વિચરતા અને તેમના પ્રસંગમાં આવેલા ગૃહસ્થ તથા ત્યાગી વર્ગની કોઈ સ્થળમાં સ્થિરતા કરવાની સૂચના તેમજ આગ્રહ છતાં, જ્યાં સુધી પગમાં શક્તિ હોય ત્યાં સુધી વિહારની પદ્ધતિ ચાલુ રાખવાની દૃઢતા તેમણે રાખેલી. પરંતુ ઢીંચણમાં વાનું દરદ તથા હરસ વગેરે વ્યાધિઓ વધી જતાં અગાસ પાસેના સંદેશર ગામમાં ઘણા ભક્તજનોનો સમૂહ ભક્તિ નિમિત્તે એકત્ર થયેલ તેમના આગ્રહથી તેમણે કોઈ સ્થળ શ્રીમદ્‌ના સ્મારક તરીકે અને ભક્તિધામ તરીકે પસંદ કરી મકાન બને તો ત્યાં ઘણો વખત રહેવાનું સ્વીકાર્યું. સંદેશરના સ્વ૦ જીજીભાઈ કરીને ઉદાર ગૃહસ્થે જમીન આપી અને એક સારી રકમની ગૃહસ્થોએ ટીપ કરી; એ પ્રકારે ‘શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ’ની અગાસ સ્ટેશન પાસે સં. ૧૯૭૬ના કાર્તિક સુદ પૂનમે સ્થાપના થઈ.

શ્રી લઘુરાજ સ્વામીનું ચોમાસા સિવાયના વખતમાં ઘણી વખત ‘શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ’માં રહેવાનું બનતું; અને ચૌદ ચોમાસાં આશ્રમમાં થયેલાં. તેથી ઘણા આત્માર્થી સજ્જનોને સત્સંગ ભક્તિનો લાભ કાયમ મળવાનો સંભવ જણાયાથી, ધર્મશાળારૂપે કેટલીક ઓરડીઓ અને મકાનો બંધાયાં છે, વધતાં વધતાં એક નાનું ગોકુળીયું ગામ હોય તેવું આ આશ્રમ

બની ગયું છે. કાયમ સો દોઢસો માણસો રહે છે. શ્રીમદ્ રાજચંદ્રના વચનો અને તેમની પાસેથી શ્રવણ કરેલ બોધનું રહસ્ય શ્રી લઘુરાજ સ્વામીના સત્સંગે સાંભળી ઘણા ભવ્ય જીવો તત્ત્વજ્ઞાન-પ્રાપ્તિના પુરુષાર્થમાં પ્રવર્તે છે. કોઈ માસ બે માસ કે કોઈ કાયમ રહેનારા એવા અનેક ભક્તાત્માઓ ઉપરાંત આજુબાજુનાં ગામોમાંથી અનેક જિજ્ઞાસુ જીવો ત્યાં આવે છે અને સત્સંગ, સત્શાસ્ત્રના પરિચયથી જીવનસાફલ્યનું નિમિત્ત પામતા રહે છે. આ આશ્રમમાં મધ્યસ્થ વાતાવરણ હોવાથી શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, વૈષ્ણવાદિ અનેક કુળ સંપ્રદાયના પરંતુ આત્માને ઓળખવાની ભાવનાવાળા જિજ્ઞાસુ જીવો આવે છે અને રહે છે. શ્વેતાંબર તથા દિગંબર દેરાસરો પણ આશ્રમના ચોગાનમાં છે. સુંદર પુસ્તકાલય અને ઉત્તમ સત્સંગનો યોગ છે. શ્રીમદ્ રાજચંદ્રની આરસપાણ તથા ધાતુની ભવ્ય પ્રતિમાઓ તથા શ્રી ૐની સ્થાપના પણ છે. ધાર્મિક જીવનનો પરિચય કરાવે તેવું આ ઉત્તમ તીર્થ* બન્યું છે. ટૂંકામાં તપોવનનો નમૂનો છે.

સ્વ૦ પૂંજાભાઈ હીરાચંદજીની ઉદાર સખાવતથી અમદાવાદમાં મહાત્મા ગાંધીજી દ્વારા 'શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનભંડાર' પુરાતત્ત્વ મંદિરમાં સ્થાપવામાં આવ્યો હતો. હાલમાં પુરાતત્ત્વ મંદિર બંધ છે. પણ 'શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનભંડાર' ગુજરાત વિદ્યાપીઠ નિભાવે છે.

નાર, કાવિઠા, અમદાવાદ, ઉત્તરસંડા, વઢવાણ, ભાદરણ, સીમરડા, ખંભાત, બોરસદ, કલોલ, ધામણ (નવસારી પાસે), સુણાવ, વસો, સડોદરા, નરોડા, ઈડર, વવાણીયા, આહોર,

---

* વધુ વિગત માટે જુઓ - 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસનો સંક્ષિપ્ત પરિચય', જે આ પુસ્તકમાં અન્યત્ર આપેલ છે.

બેંગ્લોર, વડાલી, રાજકોટ આદિ સ્થળોએ 'શ્રીમદ્ રાજચંદ્ર મંદિર' રૂપે સત્સંગનાં ધામ છે, પણ તે તે સ્થળે રહેનાર મુમુક્ષુઓના જીવનને જ ઉપકારી હોવાથી માત્ર તેનાં નામ અહીં જણાવ્યાં છે. આજુબાજુના સ્થળોથી આવનાર જિજ્ઞાસુઓની જિજ્ઞાસા તૃપ્ત થાય અને ધાર્મિક જીવનની જાગૃતિ પ્રાપ્ત થાય તેવાં સ્થળો ઉપર ગણાવ્યાં છે.

શ્રીમદ્ રાજચંદ્ર લખે છે :–

''હું કોઈ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું. એ ભૂલશો નહીં.''(૩૭) એ લક્ષ રાખીને, ઉપરના આશ્રમોના આત્માર્થી જીવો એ મહાપુરુષે છયે દર્શનોનો અભ્યાસ કરી જે આત્મસ્વરૂપનો નિર્ણય કરી પોતાનું જીવન શુદ્ધ સહજાત્મસ્વરૂપ બનાવ્યું હતું, તે નિષ્પક્ષપાતી તત્ત્વનો અનુભવ કરવા પ્રયત્નશીલ છે. સનાતન જૈન એવું નામ આપવામાં આવે છે, ત્યાં પણ જૈન શબ્દનો વિશાળ અર્થ સર્વના લક્ષમાં હોય છે. જે મહાત્માઓ આત્મદર્શન પામ્યા છે અને આત્મહિતમાં વિઘ્ન કરનાર કારણોને જેમણે જીતી લીધાં છે તે જિન છે, શુદ્ધ આત્મા છે. અને આત્મધર્મ પ્રગટાવવા તે મહાપુરુષોના દર્શાવેલે માર્ગે ચાલે છે, તે જૈન કે આત્માર્થી મુમુક્ષુ જીવો છે. તે આત્મધર્મ અનાદિ કાળથી પ્રવર્તતો આવ્યો હોવાથી મોક્ષને માર્ગે જ્ઞાનીની આજ્ઞાએ પ્રવર્તતા સર્વ ભવ્ય જીવો સનાતન જૈન છે.

## ૨૭

# અંતિમ પ્રશસ્તિ

**“દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;**
**તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત.”**

“જ્યાં મતિની ગતિ નથી ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?”(૧૭૨) એ વાક્ય વિચારતાં સ્પષ્ટ સમજાય એવું છે કે જેનું અચિંત્ય માહાત્મ્ય છે એવા મહાપુરુષોનું માપ શબ્દથી કદી થઈ શકે નહીં. સૂર્ય સામે દૃષ્ટિ કરતાં આંખ અંજાઈ જાય છે; સર્વ વસ્તુઓને જોવામાં મદદ કરનાર પરમ પ્રકાશવંત એ પદાર્થ હોવા છતાં, ત્યાં દૃષ્ટિ ટકતી નથી એટલો એનો પ્રભાવ છે; તેમ આત્મસ્વરૂપમાં લીન થયેલા અલૌકિક પુરુષોનો અકથ્ય મહિમા કહેતાં ‘અપાર, અપાર, અપાર; અનંત, અનંત, અનંત’ એવા શબ્દો વડે વિચક્ષણ પુરુષોએ સમાપ્તિ કરી છે.

શ્રીમદે ‘અપૂર્વ અવસર’માં ગાયું છેઃ—

**“જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?”**

દેહ છતાં જેણે માન-અપમાન સમાન માન્યાં હતાં, એટલું જ નહીં પણ કીર્તિને કલંકરૂપ માની, “અજ્ઞાની થઈને વાસ

કરવાની ઇચ્છા બાંધી રાખી છે, તે એવી કે અપૂર્વ કાળે જ્ઞાન પ્રકાશતાં બાધ ન આવે''(૧૭૦) આમ જે ગુપ્ત રહેવામાં આનંદ માનતા, તે મહાપુરુષનું તેત્રીસ વર્ષનું ટૂંકું આયુષ્ય વીત્યા પછી પણ તેત્રીસ[૧] વર્ષ થઈ ગયાં; તે મહાપુરુષની પ્રશંસા આદિ સાથે તેમને પોતાને કંઈ લેવાદેવા નથી; તેમ આ લેખકને પણ તેમાં કોઈ પણ પ્રકારનો લૌકિક લાભ કે સંબંધ નથી. માત્ર મહાપુરુષો જગતના આધારરૂપ છે; પરમ ઉત્કૃષ્ટ સુખ પામ્યા છે; તે સુખની ઇચ્છાવાળા સજ્જનોના અવલંબનભૂત છે; સર્વ સુખના દાતા છે; તે પરમ સત્ય તરફ દૃષ્ટિ કરાવવા પૂરતો જ આ પ્રયાસ છે.

આત્મજ્ઞાની પુરુષોનો પ્રત્યક્ષ સમાગમે માત્ર એક શબ્દથી જે જીવનપલટો થાય છે તે આવા અનેક ગ્રંથોથી પણ થવા સંભવ નથી એમ પ્રતીતિ છતાં, આટલા બધા શબ્દોની સંકલના કરવામાં એક માત્ર સત્પુરુષની ભક્તિ કરવાની ભાવના જ હેતુરૂપ છે. ભક્તકવિ શ્રી માનતુંગાચાર્ય 'ભક્તામર'માં કહે છે :

''अल्पश्रुतं श्रुतवतां परिहासधाम,
त्वद्भक्तिरेव मुखरी कुरुते बलान्माम् ।
यत्कोकिलः किल मधौ मधुरं विरौति,
तच्चारुचूतकलिकानिकरैकहेतुः।।''

ભાવાર્થ : અલ્પ શ્રુતજ્ઞાન હોવા છતાં, મહાશ્રુતજ્ઞાનીઓ જેને હસી કાઢે એવી પામર દશા છતાં હે પ્રભુ! માત્ર તારી ભક્તિ મને પરાણે વાચાળ બનાવે છે; બીજી ઋતુમાં બોલતી જણાતી નથી તે કોયલ વસંત ઋતુમાં મનોહર ટૌ'કા કર્યા કરે છે

૧. તેંતાલીસ (વિ૰ સં૰ ૨૦૦૦)

તેનું કારણ ખરેખર સુંદર આંબાના મોરથી તે મત્ત બની ગઈ છે એ જ છે.

અંતમાં, સંત કેવા હોય એનું દર્શક ચિત્ર રજૂ કરતી શ્રીમદ્જીના જીવનનો સંદોહ રજૂ કરતી શ્રી અમિતગતિ આચાર્યના 'સુભાષિત રત્નસંદોહ'માંની એક ગાથા ટાંકી આ ગ્રંથ પૂર્ણ કરું છું.

चित्ताह्लादि व्यसनविमुखः शोकतापापनोदि
प्रज्ञोत्पादि श्रवणसुभगं न्यायमार्गानुयायि ।
तथ्यं पथ्यं व्यपगतमलं सार्थकं मुक्तबाधम्
यो निर्दोषं रचयति वचस्तं बुधाः संतमाहुः ।।४६१।।

ભાવાર્થ : વ્યસન રહિત જે પુરુષ, ચિત્તને આનંદ આપનાર, શોક-સંતાપને દૂર કરનાર, પ્રજ્ઞા પ્રગટાવનાર, કર્ણપ્રિય, ન્યાયમાર્ગને અનુસરનાર, સત્ય હિતકારી પ્રસાદયુક્ત અર્થગંભીર વિરોધરહિત અને નિર્દોષ વચનોની રચના કરે છે તેને બુધજનો સંત કહે છે.

એવા સંતને આપણા અગણિત વંદન હો !

સદ્ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પદ સેવાથી શુદ્ધ જ્ઞાન થશે,
અવર ઉપાસન કોટિ કરો પણ શ્રી હરિથી નહીં હેત થશે—(એ રાગ)

**નિત્ય નિરંજન અંતરજામી, રહો નિરંતર અંતરમાં,**
**સમતામાં રમતા રાજેશ્વર, દીઠા નહિ દેશાંતરમાં,**
**સમય સમય તુજ ચરણ શરણની છત્ર-છાંય ઉર છાયી રહો,**
**નિષ્કારણ કરુણાની કથની વચન વિષે ન સમાય, અહો !**

ॐ शांति : शांति : शांति :